# પ્રકરણ–૭

# 'રોમ સીતમાની વારતા' લોકમહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

- આદિવાસી રામકથાનું કંઠસ્થ પરંપરાનું ગ્રંથસ્વરૂપ
- ભીલી લોકમહાકાવ્ય રોમ સીતમાની વારતા એક સમીક્ષા
- ૧.ઈન્દ્ર અને ગૌતમઋષી
- ૨. ભગવાન અને શિવ
- ૩. દશરથ રાજા અને વાસુકિ નાગ રાજા
- ૪. કૈકેયી (કકા પદમણી)
- ૫. સીતા
- ૬. જનક રાજા
- ૭. શ્રવણકુમાર
- ૮. રામ–લક્ષ્મણ
- ૯. હજામ અને દશરથ રાજા
- ૧૦. રામ–સીતાનાં લગ્ન
- ૧૧. રામ–સીતા અને લક્ષ્મણ વનખંડમાં
- ૧૨. દસમો ગ્રહ
- ૧૩. રાવણ
- ૧૪. આવળ, 'ખાંટી નેંબો' અને ખિસકોલી
- ૧૫. હનુમાન
- ૧૬. સીતા લંકામાં
- ૧૭. ભંજની (હનુમાન પરલંકામાં)
- ૧૮. હનુમાન લંકામાં
- ૧૯. રામ–લક્ષ્મણ લંકામાં
- ૨૦. રાવણ અને લક્ષ્મણ
- ૨૧. રાવણ વધ (અહંકાર મરાયો)
- ૨૨. અંજની અને હનુમાન (અમર જયોત)
- ૨૪. કૌશલ્યા
- ૨૫. સીતા વનખંડમાં
- ૨૬. લવ–કુશ
- ૨૭. રામના ઘોડા
- ૨૮. રામ–લક્ષ્મણ વનખંડમાં
- ૨૯. સીતા રાજમહેલમાં
- ૩૦. રામ–લક્ષ્મણ જગ પ્રદક્ષિણાએ
- સંદર્ભ સૂચી

# પ્રકરણ–૭

# ‘રોમ સીતમાની વારતા’ લોકમહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

આદિવાસી લોકમહાકાવ્ય તરીકે ‘રોમ સીતામાની વારતા’ આટલી સમૃદ્ધ પરંપરાનું દસ્તાવેજીકરણ કરવામાં ડો. ભગવાન દાસ પટેલ, ગુજરાત અને ગુજરાતીમાં જ નહીં, કદાચ ભારત ભરમાં પણ પ્રથમ છે. ભગવાનદાસ પટેલની વર્ષોની અખૂટ ધીરજભરી વિદ્યાપ્રીતિને કારણે જ આવું ઐતિહાસિક પરિણામ એમણે સિદ્ધ કર્યુ છે. એ પણ કુદરતી સંકેત કે શુભચિંતન અને કર્તવ્યપણાનો પ્રતિસાદ છે. કે એમને આજના યુગમાં જ્યારે ગ્રામ અને આદિવાસી બધા જ જીવનમાંથી આધુનિકતાના આક્રમણને લીધે પરંપરાઓનું મુળતત્વમાંથી ઘણાં ફેરફારો જોવા મળે છે. ત્યારે પણ આવા સમર્થ કથકો–ગાયકો મળ્યા, એમનો સાથ–સહકાર જ નહીં પૂરો વિશ્વાસ અને પ્રેમ મળવાથી ડો. ભગવાનદાસ પટેલ ગુજરાતના ખેડબ્રહ્માના ભીલ આદિવાસી ઓની પૌરાણિક કથાઓના દસ્તાવેજી કરણ અને સભ્યાસભા ઈતિહાસનું સંશોધન– સંપાદન ફલસ્વરૂપ ઈ.સ. ૧૯૮૪ થી ૧૯૮૭ના ચાર વર્ષના ગાળામાં અરવલ્લીના ડુંગરી ભીલોમાં પ્રચલિત, ભજન, વારતા – રામકથાની કંઠસ્થ પરંપરાનું લગભગ ૩૦૦ કેસેટોમાં ધ્વનિમુદ્રણ કરેલું; તેનું ગ્રંથસ્થ સ્વરૂપે ‘રોમ સીતમાની વારતા’ નામે ઈ.સ. ૧૯૯૫ માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા બહુમૂલ્ય પ્રકરણ થયું છે.

ભારતીય ઉપમહાદ્વીપમાં રામકથાનો વિકાસ અને વિસ્તાર અસામાન્ય રૂપે થયેલો જોવા મળે છે. ભારતની જ વાત કરીએ તો લગભગ ઈ.સ. પૂર્વે બીજી–ત્રીજી સદીમાં વાલ્મીકિએ રામાયણને લિખિત સ્વરૂપે આવ્યું એ પહેલાં ભીલ, સંથાલ વગેરે અનેક આદિવાસી જાતિઓમાંય રામાયણ વિષયક વિશિષ્ટ કંઠસ્થ પરંપરાઓ પ્રચલિત હોવાના પુરાવાઓ મળે છે.

ગ્રંથસ્થ અને કંઠસ્થ પ્રાપ્ય રામકથાઓનો તુલનાત્મક અભ્યાસ ઘણો રસપ્રદ બની રહે તેમ છે પરંતુ, અહીં એ બધું શકય ન હોવાથી ડો. ભગવાનદાસ પટેલ ‘રોમ સીતમાની વારતા’ ના કેટલાંક પાત્રોને કેન્દ્રમાં રાખી, કેટલાક કથાનકનું મૂલ્યાંકન કરીએ તો પણ એની

વિશિષ્ટતાનો અંદાજ સહેજ મળી રહેશે.

## આદિવાસી રામકથાનું કંઠસ્થ પરંપરાનું ગ્રંથસ્વરૂપ :

સતયુગમાં વૈકુંઠનાથ અને શિવજી પૃથ્વીના યોગક્ષેમ (કુશળ) જોવા નીકળ્યા છે ત્યારે શિવજીને થાય છે કે લાવ ભગવાનના સતની પરીક્ષા કરું, શિવજી એકાંતમાં જઈ ગધેડાનું રૂપ લઈ, ભગવાન પાસે આવી, પૂછડું પટપટાવતા, ચાર પગ પહોળા કરી રસ્તો રોકે છે. એકાંત અને ગધેડાનું રૂપ જોઈ, ભગવાન ગધેડાને 'વરવા' (સંભોગવા) લાગે છે. લિંગમાંથી વીર્ય ખલતા શિવજી પોતાની કળા ખુલ્લી પાડે છે. ખલેલું વીર્ય પાતાળમાં પહોંચી વાસુકિનાગના બગીચાના કમળમાં પડે છે.

એક દિવસ પાતાળના નાગરાજ વાસુકિની માનીતી રાણી કકા પદમણી (કૈકેયી) પેલું કમળ સૂંઘે છે ને સગર્ભા બને છે. પતિની ગેરહાજરીમાં કકા પોતાના ગોઠિયા (પ્રેમી) બાંડિયા નાગ સાથે બગીચામાં પ્રણયલીલા કરતી, વાસુકિના ધરમભાઈ રાજા દશરથ ને જોઈ જાય છે. અપરાધભાવ અનુભવતી રાણી કકા આ વાતને અવળો વળ આપી, વાસુકિ આવતાં દશરથને બદનામ કરવા, દશરથ દ્વારા કકા ઉપર બળાત્કાર પ્રયત્નનો આરોપ મૂકે છે. ન્યાયપંચના પાંચ પાંચ આકરાં પારખાંમાં દશરથ રાજા નિર્દોષ સાબિત થતાં, વાસુકિ કકાનો ત્યાગ કરી, દશરથ ને સોંપી દે છે બંને અયોધ્યા જવા રવાના થાય છે.

રસ્તે જતાં, દશરથ રાણી કકાને પૂછતાં ચેતવે છે કે તારા પેટમાં કોઈનો ગર્ભ તો નથી ને ? પાતાળમાં જાનવર ખોટાં અયોધ્યા જોખમ ઊભું કરે કકા ચોખવટ કરે છે કે મારા પેટમાં ગર્ભ તો છે પણ એ વાસુકિ કે બાંડિયા નાગનો નથી. સાત મહિના પહેલા મેં પાતાળમાં એક કમળ સૂંઘેલું ત્યારથી સગર્ભા છું. રાજાના કહેવાથી કકા સુવર્ણ કટારથી પેટ ચીરી ગર્ભ (ઘડામાં) મૂકી દઈ, ઘડાનું મોં બાંધી, તપ તપતા સાત ઋષિઓને ઘડો સોંપી દે છે. ત્યાંથી એ ઘડો, રાવણના સરદારો દાણ રૂપે આંચકી જાય છે. રાવણને ત્યાં ઘડામાં જીવનો સંચાર તથાં ઘડો ધ્રુજવા લાગે છે. નવ માસ ને નવ દિવસે રાવણ કચેરી ભરી, કચેરી વચ્ચે ઘડો ખોલતાં, આખી પૃથ્વીના રૂપ જેવી સુંદર કુંવરીને જોઈ, નિઃસંતાન રાવણ ખુશ થઈ, કુંવરીનું લાલનપાલન કરે છે. ૧૬૦ જોશીઓ બોલાવી ભવિષ્ય જોવડાવતાં ખબર પડે છે કે આ માનેલી દીકરી સાથે ઘરવાસો લેવાયો છે. ગુસ્સે થઈ પારણાં સાથે જ એ કુંવરીને ગંગામાં વહાવી દે છે,

જે ગંગાસ્નાને આવે લા નિઃસંતાન જનકના હાથમાં આવે છે. જનકે ઘેર લઈ જઈ કુંવરીને હાથે 'સીતા' લેખ હોવાથી, સીતા નામ પાડયું.

કૈકેયી દ્વારા બાર વર્ષનો વનવાસ અપાયેલ રામ–લક્ષ્મણ એક દિવસ વનવાસને ચોથે વર્ષે, શિકાર કરતા, જનકના ખેતરે આવી ઊંઘી ગયા ને ત્યાં પોતાનાં ધનુષ્યબાણ ભૂલી ગયા, એ શોધવા આવ્યા ને નજીકના નગરમાં વાજા વાગના સાંભળ્યાં બંને ભાઈઓ સીતાસ્વયંવરમાં આવેલા બીજાઓથી દૂર વાજાં સાંભળ્યા ઉકરડે બેઠા, ત્યાં હાથી આવી રાજાને સીતાસ્વયંવરની વરમાળા પહેરાવી ગયો. પણ આવા બાવાને સીતાના વર તરીકે પસંદ કરનાર હાથીને જનકે ગાંડો ગણી, એ જ કામ હાથણીને સોંપ્યુ. હાથણી પણ ઉકરડે આવી રામના ગળે જ વરમાળા પહેરાવી જાય છે. ત્યારે બધેથી વિરોધ થતાં ત્રીજી શરત, સીતાએ જનકના ખેતરમાંથી અજાણ્યે ખેંચી આવેલાં ધનુષ્યને ઉતકવાની મુકાઈ. રાજા ને પાર પાડતા સીતાનેય થાય છે કે કરમમાં કોદરા લખાયા હોયતો ઘઉં કયાંથી મળે ? લગ્નોત્સવ પછી સીતાએ કન્યાવિદાયમાં જનક પાસેથી જૂઈ, જાસૂદ, કેતકી, મોગરાનાં બી લીધાં. જનકે જાનને રોટલા ખવડાવી વિદાય કરી.

વનખંડમાંથી આવેલી જાન સાથે સીતા સીધી વનખંડમાં જાય છે. ત્યાં સીતા લક્ષ્મણને કહે છે કે દિયર તારા ભાઈને સમજાય કે માળા ફેરવવાનું છોડી, વનફળ લઈ આવે. વનફળ લઈ પરત થયેલા રામ, સીતા અને લક્ષ્મણને નાગ સૂતેલા જોઈ, ગુસ્સે થઈ લક્ષ્મણને મારવાં જાય છે ત્યાં સીતા જાગી જઈ, રામને કહે છે કે તું એક હાથે તાળી પાડ, એક લાકડી આગ પાડ. રામ એ અશકય જણાવતાં સીતાએ ચોખવટ કરી કે એ જેમ અશકય છે તેમ એક શરીરથી કંઈ ન થાય એમ ભાઈ બહેન થાકનાં માર્યા ઊંઘી ગયેલાં ને ઓઢેલ સાગનાં પાત ઉડી ગયાં, એમાં અમારો કોઈ દોષ નથી.

રામે નહીં; લક્ષ્મણે રાવણનો વધ કર્યા પછી ત્રણે અયોધ્યા ગયાં ત્યારે સીતા કૌશલ્યાને પગે પડવા જતાં, કૌશલ્યા મોં ફેરવી લઈ, "રાંડ તું ભૂંડા કુળની છે. તારે રાવણ સાથે જવું હતું માટે જ લક્ષ્મણ મહેણાં મારી રામ પાછળ મોકલ્યો તો ને ?" સીતાથી એ ન સંભળાળત જવાબ વાળે છે તમે શા માટે ખોટી વાતો ઊભી કરી મને ઠણકારો છો ? તમે કયાં દેવું કરીને દીકરો પરણાવ્યો છે ? મારા બાયે તો બાવા સાથે મને વળાવી હતી, ને ઊલટી તું મને દબડાવે છે !

કૌશલ્યા વધુ વંકાતાં બોલે છે મને વિધવા જાણીને તું મહેણાં મારે છે ? ને રામને આદેશ આપે છે કે દીકરા, તું મારા પેટનો હોય તો તારી વહુને પાછી વનમાં મૂકી આવ. હું તને

અયોધ્યાનું રાજ આપું છું. આવું પટપટ બોલનારી રાંડ આપણા ઘર નજીક પણ ના જોઈએ. વનમાં મારી નાંખી એની આંખો કાઢી લાવશે ત્યારે મારુ મન ઠરશે.

છેવટે લક્ષ્મણ સીતાને વનમાં મૂકી આવીને, સીતાની આંખોને બદલે હરણની આંખો લાવી, કૌશલ્યાને આપે છે ; જેને મસળી પલંગને પાયે દબાવે છે. ત્યારે જ કૌશલ્ય ઠંડી પડે છે. લવકુશના માધ્યમે રામસીતાને મેળાપ થતાં; રામ માનાં સજુગનાં વચનો માટે માફી માંગે છે ને દૂધ જેવી ચોખ્ખી સીતા ને અયોધ્યા લાવે છે. પસ્તાવો થતા કૌશલ્યા સીતાને લલો–પતો કરે છે. અને સાવધાની પૂર્વક સંભાળ લે છે.

હનુમાનનું કથાનક જોઈએ તો, શિવજીને ગધેડાના રૂપમાં ભગવાનને ફસાવી ખુલ્લા પાડેલા તેથી એ બદલો લેવા ભગવાન, જેના રૂપ આગળ સૂર્ય પણ ઝાંખો લાગે એવી નારી નું રૂપ લે છે. કદલીવનના એકાંતમાં એ રૂપરૂપના અંબાર જેવી સ્ત્રીને જોઈ, શિવજી ભૂંડા જીવના થઈ, પેલી સ્ત્રીને સંભોગવા લાગતાં, વીર્યસ્ત્રાવ થતાં જ, ભગવાને કળા ખુલ્લી કરી, ત્યારે એ વીર્યને ગમે ત્યાં પડવા ન દેતાં, એને ધારણ કરેલા યોગ્ય ગૌતમ ઋષિની દીકરી અંજનીના કાનમાં રેડી દીધું. અંજનીના પેટમાં જોખમ ઊભું થતાં, તેણે વિચાર્યુ કે નખ્ખોદ જેને ભગવાનનું એ કાનમાં કંઈક ઘાલી ગયો છે.

નવ માસ ને નવ દિવસે પેટમાં પેલો ગર્ભ બહાર આવવા અંજનીએ રસ્તો પૂછતાં,પેટ, મોં, અને નાક દ્વારા બહાર આવવાનું કહેવાતાં, ખચકાટ સાથે ગર્ભસ્થ શિવપુત્ર હનુમાન માતાને કહે છે. અત્યારે સતયુગમાં તો વાંધો નથી ; પણ કળિયુગમાં લોકો, હું પેટેથી જન્મીશ તો સામાન્ય માણસ ગણી કાઢશે. મોંએથી નીકળીશ તો ઊલટીમાંથી જન્મેલો ગણશે અને નાકમાંથી નીકળીશ તો માએ છીંકી કાઢેલો ગણશે. છેવટે શિવપુત્ર હનુમાન માં અંજનીની ખોપરી ફાડીને પ્રગટયા મોટા થઈ જંગલના રાજા બન્યા, પરણ્યા, પણ હનુમાનની પરણેતરને બીજો વાંદરો ભગાડી જતાં, તે ઝાડ પરથી ઝટપટ ઉતરી, રડતાં રડતાં, રામલક્ષ્મણની પ્રદક્ષિણા કરી કહે છે કે મામા, હું માતાના પેટે એકલો હોવાથી જંગલનાં જાનવર મને ગમતા નથી. બીજો વાંદરો મારી પરણેતર ને હરી ગયો છે. હું સામનો કરવા જાઉં છું તો મને એકલો જાણી મારી નાંખવા તૂટી પડે છે. પત્નીના હરણની વાત આવતાં રામની આંખો પણ ચૂવા (આંસુ) સારવા લાગી. હનુમાનને કહયું કે ભાણેજ, આપણે સમદુઃખિયા છીએ. લક્ષ્મણે બંનેને ધીરજ આપી ત્યારે હનુમાને શરત મૂકી કે મામા, તમે મારી ભીડ ભાંગો, હું તમારી ભીડ ભાંગીશ.

રામે યુકિતપૂર્વકની લડાઈમાં હનુમાનની વાંદરી છોડાવી, ભાણિયાને સોંપાતાં હનુમાન મામીની વહારે લંકા ઉપડે છે. લાંબો સમુદ્ર એક કુદકે પાર થવો અશકય હોવાથી, સમુદ્ર ઉપર અધવચ્ચે રામે છોડેલા તીર ઉપર વિશ્રામ કરતાં હનુમાનને વીર્ય સ્ત્રાવ થાય છે જે માછલી ગળી જતાં જળયોધ્ધો જન્મે છે. ને લંકાથી પરત થવા બંધાતા સેતુને તોડી નાખે છે. ત્યારે એ પિતા–પુત્ર–હનુમાન અને જળયોધ્ધા વચ્ચે સીધુ યુધ્ધ, સમાધાન અને પ્રત્યક્ષ ઓળખ ઊભાં થાય છે.

લંકા પહોંચી લક્ષ્મણ માને છે કે રામ તો ઋષિ જેવા છે. તેનાથી રામ મરાય તેમ નથી તે સમયે લક્ષ્મણ મંદોદરી નું રૂપમાં જઈ, ખુદ રાવણ પાસેથી જ તેના મૃત્યુનું રહસ્ય જાણી લઈ, બાર વર્ષના બ્રહ્મચર્યના પ્રતાપે લક્ષ્મણ સૂર્યના રથમાં ભમરારૂપે રહેલો રાવણનો જીવ, ખરા મધ્યાહ્‌ને વીંધી, બાર ઘાણીના ઉકળતા તેલમાં તળી, મૂર્તિમંત અહંકારને હણે છે. ત્યારે ભમરાના રૂપમાંથી જે તેજ લિસોટો નીકળ્યો તેમાંથી લક્ષ્મણની આંખોમાં રતન ઝંખવાઈ ગયાં ને મૂર્છિત થઈ ઢળી પડયા.

લક્ષ્મણ મુર્છા વાળવા અને આંખોના રતનનું તેજ પાછું લાવવા કોઈ બીડું ઝડપતું નથી તે સમયે અંજની હનુમાનને કહે છે, પુત્ર ! ઊઠ મામા લક્ષ્મણને સૂર્યના બાણ વાગ્યાં છે. તે મેરસુમેરા પર્વત પરથી અમરજ્યોત લાવવાનું બીડું ઝડપ. હનુમાન મુંઝાતા મા અંજનીમાં પોતાના ધાવણ રહેલી શકિતનો પરચો બતાવતાં અંજનીએ કાંચળી છાતીએ ચડાવી, પોતાનું પયોધર દબાવી, પર્વતો ઉપર દૂધની ધાર મારી તો પર્વતો કાંણા થઈને ઓગળવા માંડયા. હનુમાનને ખાતરી કરાવતાં પ્રોત્સાહિત કર્યો કે પુત્ર તુ આ જ દૂધ પીને મોટો થયો છે ને નમાલી વાતો કરે છે ! ઊઠ, દોડ હનુમાને અમરજયોત આણી. લક્ષ્મણની મૂર્છા તથા આંખોના રતન પાછાં વાળ્યાં.

દશરથના મૃત્યુનું કથાનક પણ વિશિષ્ટ છે. શ્રવણના મોતનું નિમિત બનેલા દશરથને, ખુદ શ્રવણ શાપે છે કે હવે હું તારી સાથે લોઢાથી કે લાકડાથી લડી શકું તેમ નથી. મારાં મા–બાપ આંખે આંધળાં ને પગે લંગડા છે. તરસે તેમનો જીવ જાય છે. તારાથી પાણી પવાય તો તેમને પા, નહીંતર આ તીરથી જ તારુ મોત નક્કી છે. પાણી પાવા આવેલા દશરથને શ્રવણનાં મા–બાપ તરફથી શાપ મળે છે કે જા તારું એ તીરથી જ મોત થશે.

શ્રવણનાં અગ્નિસંસ્કાર કરી, શાપથી બચવા, દશરથ પેલું તીર દરિયાના ખરબચડા પથ્થર પર ઘસી ભૂકી દરિયામાં વહાવી દે છે પણ ઘસાઈને અત્યંત પાતળું પડી ગયેલું ચળકતું તીર, દરિયાના પાણીમાં છટકી જતાં, મોટું માછલું ગળી જાય છે. માછીમાર મારફતે એ તીર લુહાર પાસે પહોંચે છે. લુહાર તેની નરણી બનાવી હજામને વેચે છે. હજામ એ જ નરણીથી દશરથના નખ કાપતાં આંગળી કપાઈ જાય છે. જે લોહી બંધ થતું જ નથી. રાજાની વેદના ઓછી કરવા લોહી જરતી આંગળી કકા પદમણી–કૈકેયી પોતાના મોંમા મહિનાસો સુધી રાખી મૂકી છે. પણ એક દિવસ એને થયું હું એકલી જ કેમ મરુ ? જંગલ જવાનું બહાનું કાઢી લોહી જરથી આંગળી કૌશલ્યાના મોંમા મૂકી, કકા શૌચ કરવા ગઈ. પાછી ફરી ત્યારે દશરથ મૃત્યુ પામેલાં જોતાં, બીજી બે રાણીઓ ઉપર આરોપ મૂકયો કે તમે જ રાજાને ખાઈ ગઈ.

આમ ‘રોમ સીતમાની વારતા’ એક સુદીર્ઘ પરંપરાની નીપજ રૂપ આદિવાસી લોકરામાયણ તેના કથાનક, પાત્રાંકન વગેરેમાં વિશિષ્ટ પ્રકારનું સ્વરૂપ છે.

## *ભીલી લોકમહાકાવ્ય રોમ સીતમાની વારતા એક સમીક્ષા :*

ઉતર ગુજરાતના ખેડબ્રર્ભા તાલુકામાં તથા દાંતા તાલુકામાં અરવલ્લીની ગિરિમાળા–ઓમાં વસતી આદિવાસી પ્રજા નો હજારો વર્ષ જૂનો ઈતિહાસ છે. આ પ્રજામાં જોવા મળતી સાહિત્ય અને કળા પ્રત્યેકની અભિરુચિ આશ્ચર્ય પ્રેરે તેવી છે. અનેક ગીતો, આખ્યાનો, મહાકાવ્યો આ પ્રજાએ કંઠપરંમાં જાળવી રાખેલ છે. પરંતુ આધુનિક જમાનાના સ્પર્શથી અને કહેવાના વિકારથી આ કંઠ–પરંપરા દ્વારા જળવાયેલી અણમોલ સરસ્વતી લુપ્ત થવામાં છે. આવા સમયમાં જે કંઈ જાળવી શકાય તે જાળવી લેવાના સંકલ્પ સાથે ડો. ભગવાનદાસ પટેલે – જેઓ ખેડબ્રહ્માની શાળામાં હિન્દીના શિક્ષક છે. – એકલા હાથે પ્રયાસ આરભ્યો. આ પ્રદેશમાં લગભગ બે દાયકાથી પણ વધુ સમયથી કામ કરીને અને માહિતીદાતાઓને શોધીને અમૂલ્ય સાહિત્ય વારસાને ઓડિયો–વિડીયો કેસેટમાં સંગ્રહી લીધું છે. આ કેસેટોના આધારે હજારો વર્ષથી કંઠોપકંઠ જાળવવાનું સાહિત્ય લિપિબધ્ધ થઈ શકયું છે. અને “રોમ સીતમાની વારતા”, “ભીલોનું ભારથ” જેવા ગ્રંથો ઉપલબ્ધ થયા છે. આ લેખમાં ડો. ભગવાનદાસ પટેલ દ્વારા સંપાદિત “રોમ સીતમાની વારતા” ને આધારે ભીલી રામકથામાં પરિચય આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

ભીલ સમાજનો જીવનક્રમ ઋતુચક્ર સાથે અભિન્નપણે જોડાયેલ છે. પ્રકૃતિના સાનિધ્યમાં વસતી આ પ્રજા પ્રકૃતિ સાથે એકરૂપ થઈને જીવે છે. ભીલ સમાજમાં ઋતુચક્રો પ્રમાણે ઉત્સવો અનુષ્ઠાનો જોડાયેલો છે અને આ ઉત્સવો – અનુષ્ઠાનો અનિવાર્ય પણે હોય છે જ. એટલે આ પર્વો, કથાઓ આ પ્રજાના જીવનમાં અંગરૂપ છે. અન્ય સમાજ માટે આ કથાઓ કે ગીતો કળાસ્વરૂપો હશે પરંતુ આદિવાસી પ્રજા માટેનો એમનું જીવન છે. એમના જીવનમાંથી આ ઉત્સવો, કથાઓ અને ગીતો કાઢી લઈએ તો જીવન જ ન રહે ! આ કથાઓ કોઈ ધાર્મિક કે સામાજિક પ્રસંગે કથકો દ્વારા દર્શકો અને શ્રોતાઓની સહાયથી કહેવામાં આવે છે. ઘૂળાના પાટના અનુષ્ઠાન સમયે ગદ્ય અને પદ્ય બંને સ્વરૂપે ''ભજન–વારના'' કહેવામાં આવે છે અને એના વિશેનું ભજન હોય તેને આ વારના સાથે જોડવામાં આવે છે, જેમકે ''હરસન રાજાની વારતા'', ''પાંડવ–કૌવરની વાર્તા'', ''રોમ સીતમાની વારતા'' વગેરે. આ ભજનવાર્તાઓ લોકસમુદાય વચ્ચે ધાર્મિક અનુષ્ઠાનો કે સામાજિક પ્રસંગે કહેવાય છે સાથે લોકવાદ્યો, નૃત્ય પણ જોડાયેલા હોય છે. મુખ્ય સાધુ કથાગાન કરે છે અને તેની સાથે કથા ગાવામાં અને કથા કહેવામાં સહાય કરનારા 'હોંકારિયા' એટલે કે કથાની સાથે સાથ આપનારા પણ હોય છે.

''રોમ સીતમાની વારતા'' મૂળ ગ્રંથ કથાનું ગદ્ય રૂપાંતર છે. આ ગ્રંથ મુખ્યત્વે ચાર પ્રકરણોમાં વહેંચાયેલો છે. પ્રથમ પ્રકરણમાં ભીલી રામકથાનો સંદર્ભ આપવામાં આવ્યો છે. જે સ્થળે કથા ધ્વનિ મુદ્રિત કરી તે સ્થળનો ભૌગોલિક અને ઐતિહાસિક સંદર્ભ, ભજન વારતાના મુખ્ય સાધ, મુખ્ય હોંકારિયા, તથા બાણિયાનો નામ, અટક, વય સાથેનો પરિચય આપવામાં આવ્યો છે. અને ત્રીજા પ્રકરણમાં ભીલી રામકથાનો મૂળ પાઠ આપવામાં આવ્યો છે. ચોથા પ્રકરણમાં 'રોમ સીતમાની વારતા' ના ગાનનો સમય તેની સાથે સંકળાયેલ ધાર્મિક અનુષ્ઠાન અને વિધિવિધાનની રસપ્રદ વિગતો આપવામાં આવી છે. ભારતના અન્ય આદિવાસીઓની રામકથા સાથેનું સાંખ્ય વૈપમ્ય અનેક સંદર્ભો આપીને તપાસવામાં આવેલ છે.

ભારતીય લોકમાનસમાં મુખ્યત્વે વાલ્મીકિ અને તુલસીકૃત રામકથાનો પ્રભાવ વિશેષ રહેલો છે. પરંતુ અહીં એજ કથા તદ્દન ભિન્ન (જુદી) રીતે કહેવાય છે. આ કથાના કુલ ત્રીસ પ્રકરણમાં વહેંતાયેલ છે, જે આગળની પ્રસ્તાવના મા રજૂ કરેલ છે. હવે પ્રકરણ મુજબ કહેવાની કથાની સમીક્ષા આ મુજબ કરવામાં આવેલ છે.

## ૧.ઈન્દ્ર અને ગૌતમઋષી :

હોંકારા દેનાર નું કુશળ રહેજે અને કરોડ દિવાળી સુધી રાજ કરજે. વારતા વાંચીએ છીએ સતિયાંની અને ભરી સભા સાંભળે છે.

સત્યઋષિ (સતરુખી) ના બે ચેલા ગૌતમઋષિ (ગૌતમરુખી) અને ઈન્દ્ર, બાર બાર વરસથી ગુરુની ધુણીની સેવા કરતા હતા.

બાર વરસે જ્યારે સતગુરૂ તપસ્યામાંથી જાગ્યા ત્યારે રાખમાંથી અહલ્યારાણી (હલિયાદે રાણી) સત્યની રાણી ઉત્પન્ન કરી અને ગૌતમઋષિ ને આપી. આથી ઈન્દ્રના મનમાં ઈર્ષા જાગી અને ક્રોધ ઉત્પન્ન થયો. તેના મનમાં અહલ્યાને ભોગવાની ઈચ્છા થાય છે. તે વિચારે છે, અહલ્યા ઘણી જ સુંદર નારી છે ! ‘‘અહલ્યા રૂપથી કામાતુર થયેલો ઈન્દ્ર ચંદ્રને બોલાવીને કહે છે’’ ચંદ્ર ગૌતમ ઘણો જ અભિમાની ઋષિ છે. આપણે તેનું સત લેવા જવું છે. તું કૂકડો થઈને બોલ જે....સવાર થયું છે. એમ સમજીને ગૌતમ ગંગાસ્નાન કરવા જશે ત્યારે હું તેની ઘૂણીએ પ્રવેશ કરીશ.

આ રીતે કૌતુક રચીને અડધી રાતે (મધ્યરાત્રી) તે ઈન્દ્ર અને ચંદ્ર ગૌતમના આશ્રમમાં આવે છે. ચંદ્ર કૂકડાનું રૂપ લે છે અને ઘૂણીની પાસે આવીને બોલે છે. પ્રાતઃકાળ થવાની તૈયારી છે એમ સમજીને ગૌતમ ધોતિયું અને ‘તલક’ પછેડો લઈને ગંગાસ્નાન કરવા માટે બહાર નીકળે છે. આ સમયે ઈન્દ્ર આશ્રમમાં દાખલ થાય છે.

અહલ્યા (હલિયાદે) ભમર ઢોલીયે ઘોર નીદ્રામાં પડેલી છે. જેવો ઈન્દ્ર ઢોલીયા પાસે આવે છે કે તરત જ અહલ્યા જાગે છે અને કહે છે કે, ‘‘મધ્યરાત્રિ થઈ છે અને મારા ઢોલયે કોણ આવ્યું ?’’ ઈન્દ્ર કહે છે, ‘‘તને તું હું ઘણાં સમયથી શોધતો હતો પણ તું મળતી નહોતી.’’ નર અને નારી એકાંતમાં મળે એટલે લાડ પ્રેમ કરે. હવે કોણ ગણે ગૌતમના ભાર ! બહાર બારણે ચંદ્ર ચોકીએ બેઠો છે અને બંને ઢોલિયામાં પ્રણયરસ (રસભોગ) માણે છે.

મધ્યરાત્રી થઈ છે; ગૌતમઋષિ મારગે મારગે ગંગાકિનારે આવે છે. ઋષિ અર્ધાવસ્ત્ર (આડા ઓરવટ) પહેરીને શરીર ઉપરનાં વસ્ત્રો ઉતારે છે. મેલાં વસ્ત્રો ગંગામાં નાખે છે કે તરત જ ગંગા બોલે છે; ‘‘અડધી રાત થઈ છે અને મારા સુતેલા જળને કોણ જગાડે છે ? અત્યારે કોણ પાપી મારી નિદ્રા ઉડાડે છે ?’’ ગૌતમ કહે છે, ‘‘રોજ નાહવા આવતો હતો તે જ સમયે આવ્યો

છું.'' ગંગા કહે છે, ''તું રોજ આવતો ત્યારે તારાં વસ્ત્ર ભીંજવીને સૂકવવા માટે ઉંચે આકાશમાં નાખતો હતો તેમ અત્યારે નાખ. દરરોજ તો તું જેવા વસ્ત્રો ભીંજવીને આકાશમાં નાખતો ત્યારે સુકાઈને નીચે આવતાં હતાં પણ અત્યારે નહી આવે.'' ગૌતમ ભીંજવેલા વસ્ત્રો આકાર તરફ નાખે છે પણ લીલો લોચો થઈને નીચે આવે છે. વિચારમાં પડેલા ગૌતમને ગંગા કહે છે. ''તારા ઘરમાં તો ચોર દાખલ થયા છે. તારી સાથે કપટ રચાયું છે– તું જટ જટ જા.'' ગૌતમઋષિને ગંગાની વાત સાચી લાગે છે. તે ખભે 'તલક' પછેડો નાખી અને ઉતાવળા પડે ધોતીયું હાથમાં લઈ ખોળો વાળીને દોડતા–દોડતા ઘરે આવે છે. ઘરનો ઘરવાળો ઘરે આવી જાય પછી બીજાનું શું ચાલે ? તે બારણે આગળ ઊભા રહેલા ચંદ્રને જુએ છે. ગૌતમને આવેલા જોઈને ભયનો માર્યો ચંદ્ર દોડતા જાય છે. પણ ગૌતમ તેની છાતીમાં લીલો પછેડો ઝપટે છે અને તેનામાં કાયમનું કાળુ કલંક રહી જાય છે. ઝડપથી ઘરમાં પ્રવેશ કરે છે તો અહલ્યા ઢોલિયામાં ઈન્દ્ર નજરે પડે છે. ગૌતમને રીસના 'મોર' ચડે છે. અણધાર્યો આવેલા ગૌતમને જોઈને ઈન્દ્ર ઢોલિયામાંથી તુરત જ (સફાળે) ઉભો થાય છે. આવેશમાં આવેલો ગૌતમ ઈન્દ્રને પડકારે છે. પાડા પાડા લડવા લાગ્યા છે અને ઝાડોનો 'ખો' નીકળવા લાગ્યો છે. બંને લડતાં લડતાં પવનની સાથે સ્વર્ગે ચડવા લાગ્યા છે. ગૌતમ એક 'કટકો' કરીને ઈન્દ્રને મારી મચડીને નીચે ફેંકે છે. ઈન્દ્ર પર્વતની ખીણમાં જઈને પડે છે. તેનાં હાડકાં ભાંગી જાય છે. ભયનો માર્યો તે ઊંડો ને ઊંડો ઊતરવા લાગ્યો છે. જમીનમાં ઊંડે ઊતરતા ઈન્દ્રને ગૌતમ અગનપછેડો ઝાપટે છે. તેની બધી ઈન્દ્રિયો બળી જાય છે. તે કાળો પડી જાય છે. જ્યાં ઈન્દ્ર પડયો છે ત્યાં તેની આગળની ઈંદ્રી (ગુપ્તાંગ) દૂજે છે.

આ તરફ ઈન્દ્રની ગેરહાજરીથી બાર બાર વરસ સુધી ઘરની ઉપર દુકાળ પડયો છે. નીર પાતાળમાં ચાલ્યા ગયાં છે. વાડે વહેલો રહ્યો નથી. વાટે પાણીનો રેલો રહયો નથી. કોઠારમાંથી અનાજ ખૂટી ગયાં છે. સ્ત્રીઓએ બાળકોને છોડી દીધાં છે. ધરતીએ અમી છોડી દીધી છે. 'મનખા અવતાર' અન્ન અને પાણી વિના મરવા પડયો છે અને દેવો 'ઓમ્' વિના મરવા પડયા છે. ઈન્દ્રે કરેલા કુકર્મ આડે આવ્યાં છે. વૈકુંઠમાં ભગવાન વિચારે છે, ''ઘણાં દુઃખો વેઠીને ધરતી રચાવી હતી. હવે આ પૃથ્વી નાશ પામે તો સારું નહીં થાય.'' આમ વિચારી ભગવાન ઈન્દ્રને શોધવા માટે પૃથ્વી ઉપર આવે છે. ચાર ખંડ ધરતી ફરે છે. ''ઈન્દ્ર તો મરી ગયો કે કોઈએ મારી નાખ્યો તેની જ ખબર પડતી નથી.'' છેવટે થાકીને ઈન્દ્રની બાર ખંડમાં ભગવાન શોધ કરવા માટે નીકળે છે.

ભગવાન વૈકુંઠપુરીમાંથી ઈન્દ્રને શોધવા માટે પૃથ્વી ઉપર આવ્યા છે તેની ખબર ગૌતમ ઋષિને થાય છે. આથી તે જંગલના એક હરણને 'બૂસકારીને' ઊભું રાખે છે. હવે તે પર્વતની ખીણ પાસે આવે છે. ઈન્દ્ર ખીણની જમીનમાં ઊંડે ઉતરી ગયો છે. તેની આગળની ઈન્દ્રી દૂજે છે. જેના કારણે આજુબાજુ લીલું ઘાસ ઊગી નીકળ્યું છે, અને ડોકિયો બરુ હિલોળા લે છે. ગૌતમ ઈન્દ્રને ખીણમાંથી બહાર કાઢે છે. રીસે ભરાયેલો ગૌતમ તેને બરાબર આગળી ગુંછળુ વાળીને હરણના એક શિંગડામાં પૂરી દે છે અને હરણના ચાર પગ ફેરવીને તેને મુકત કરે છે, તેનાથી વિરુદ્ધ દિશાનું સૂચન કરતાં પગલાં પડે છે. હરણનાં પગલાંની દિશામાં હરણને શોધતા ભગવાન ગયા છે. તેનાથી સવળી દિશામાં જાય છે. ભગવાનને હરણ કે તેના શિંગડામાં રહેલો ઈન્દ્ર મળતો નથી. ઈન્દ્ર નહીં મળવાને કારણે દુઃખી થયેલા ભગવાન વિચારે છે, ''ઘણી મુસીબતે આ પૃથ્વીની વાડી બનાવી હતી. ઈન્દ્ર વિના સર્જેલી વાડી મરી જાય છે. તેને શોધવા આ આખી પૃથ્વી ભટકીને થાકયો પણ મળતો નથી. ખરેખર તે કયાં ગયો હશે ?'' ભગવાન થાકીને ઈન્દ્રને શોધતા શોધતા એક ગામમાં આવે છે. ગામમાં એક સ્ત્રીને ઈન્દ્રના સમાચાર પૂછે છે સ્ત્રી કહે છે, ''મારી એક પાડોશી ડોસી આવા કાળમાં પણ રોજ વનમાંથી લીલું ઘાસ લઈને આવે છે.''

ડોસીની વાતથી દોરવાયેલા ભગવાન વનના મારગે જવા લાગે છે. મારગમાં ડોસી લીલા ઘાસનો ભારો માથે મૂકીને આવતી નજરે પડે છે. ડોસીના માથે લીલોકાચ ડોડિયો બરુ પવનમાં 'ખલ્લાટા' મારે છે. ''માજી, તમે આ ભયંકર (ડમરું) દુકાળમાં પણ લીલું ઘાસ કયાંથી લઈને આવ્યાં?'' ડોશી આવેશમાં આવીને કહે છે, ''ભાઈ, તું આવ્યો તેની વાટે જા. તારે મને પૂછવાનું શું કામ છે ?'' ''હું ચાર ખંડ પૃથ્વી ઉપર ફર્યો. દુષ્કાળના કારણે પૃથ્વી ઉપર મોટાં મોટાં ઝાડ સુકાઈ ગયાં છે. તો પછી આવા કસમયે તમને આ લીલું ઘાસ કયાંથી મળ્યું ? બાઈ, તું સાચું બોલ.'' ડોશી તેમને જવાબ આપ્યા વિના ચાલવા લાગે છે, ''બાઈ, તું કહે તે હું તન આપું પણ તું એ તો કહે કે આ લીલું ઘાસ કયાંથી લાવી ?'' ભગવાન ડોશીના ઘેર જાય છે. અને જુએ છે તો ઘરમાં બધી ડોશીઓ 'ઠાલી' છે. તે કોઠીઓમાં 'સત' નો હાથ નાખે છે અને ડોશીની કોઠીઓ કોદરા, બાજરી અને ઘઉંથી ઊભરાવા લાગે છે. અનાજ જોઈને ખુશ થયેલી ડોશી લીલું ઘાસ બનાવા હસતી રમતી ભગવાનને લઈને જંગલમાં આવે છે. તે જંગલમાં જયાંથી ઘાસ લઈને આવતી હતી તે જગા બતાવે છે. જે સ્થાને ઈન્દ્રની આગળની ઈન્દ્રી દૂજતી હતી, તે સ્થાને પાણી

ભરાયું હતું અને લીલું ઘાસ કિલ્લોલ (ખલ્લાટા) કરતું હતું. ડોશી ઘેર જાય છે. ભગવાન લીલા ઘાસની આજુબાજુ ઈન્દ્રની તપાસ આદરે છે, પણ ઈન્દ્ર મળતો નથી.

ખીણની આજુબાજુ ઈન્દ્રને શોધીને થાકેલા ભગવાન પૃથ્વી ઉપરથી માટી લે છે; માટીમાંથી 'સત' નો એક રામ કાચબો બનાવે છે અને જીવ મૂકે છે. કાચબાને કહેછે, ''રામ કાચબા, હું તને આ વનનું રાજ આપું છું; તું ગમે તે રીતે ઈન્દ્રને શોધી કાઢ.'' રામ કાચબો લીલા ઘાસની આજુબાજુ ઈન્દ્રની શોધી આદરે છે. કાચબો જુએ છે તો હરણ જયારે પાણી પીવા લાગે છે ત્યારે હરણનું શરીર થરથર કાંપવા લાગે છે. હરણનું માથું ફરવા લાગે છે. આથી હરણ ત્યાંથી ભાગે છે. કાચબો વિચારે છે, ''માનો ન માનો પણ ઈન્દ્ર આ હરણની પાસે જ છે.'' બીજા દિવસે જયારે હરણ પાણી પીવા માટે આવે છે ત્યારે કાચબો ભગવાનને કહે છે, ''ભગવાન, માનો કે ન માનો પણ ઈન્દ્ર આ હરણના માથામાં જ છે ! તમે આવતા હરણના પગ જુઓ. પગ પણ અવળા છે. જેથી તે જાય છે તેનાથી વિરુધ્ધ દિશામાં તેનાં પગલા પડે હરણ પાણી પીવા જાય છે કે તરત તેનું શરીર થર થર ધ્રુજવા લાગે છે. તેના માથામાં એક મોટો 'ધધમાટો' (અવાજ) થાય છે. હરણનું માથું ફાટવા લાગે છે જેથી હરણ પાસે જ જવું પડશે. આ તેનું જ કામ છે. તે જ ઈન્દ્રને મુકત કરી શકશે.''

ભગવાન મારગે મારગે ગૌતમઋષિની ઘૂણીએ આવવા લાગે છે. ગૌતમ દૂરથી આવતા ભગવાનને જુએ છે. આગળ જઈને ભગવાનને 'હાથ મેળાવો' કરે છે, અને ઘણા માન સાથે આશ્રમમાં લાવે છે. ગૌતમ ભમર ઢોલિયો ઢાળીને ઉપર 'હીરખ નળાઈયો' પાથરે છે. ભગવાનને ઘણા હેતથી ઢોલિયા ઉપર બેસાડે છે. બંને વાતે ચડે છે. ભગવાન ગૌતમને કહે છે, ''ગૌતમ તું મને ઈન્દ્રના સમાચાર આપ.'' ''તમે તો છિનાળવા (વ્યભિચારી) ની વાતો જવા દો ! તે પાપીની વાતો મારા આગળ કરશો નહીં,'' ભગવાન તેને સમજાવતાં કહે છે, ''તું ભૂતના નામે પીપળો શા માટે બાળે છે લ્યા ? આ પૃથ્વી મેં કેટલાં દુ:ખો વેઠીને રચી છે અને તારી રીસના કારણે પૃથ્વીનો નાશ થઈ રહયો છે. 'મનખા અવતાર' અન્ન અને પાણી વિના મરવા પડીયો છે. દેવો હોમ વિના મરે છે. ઈન્દ્ર સિવાય આ પૃથ્વીને ભીંજવવાની કોઈની શકિત નથી. ઈન્દ્રની ભૂલના બદલામાં માગે તે દાવો આપું. તું માગે તો પૃથ્વીનું રાજ આપું. પણ તું ગમે તે ભોગે ઈન્દ્રને મુકત કર. છેવટે ભગવાન ગૌતમને જેમ તેમ કરીને મનાવે છે. ગૌતમ સાથે પૃથ્વીનો ચોથો ભાગ નકકી કરીને કહે છે, ''ગૌતમ, જમીન માના ઉપર ઈન્દ્ર વરસશે અને

અનાજ પાકશે ત્યારે પૃથ્વીલોકનાં માણસો અનાજના ખળી માં તારા નામનું એક શ્રીફળ વધેરશે અને પાકેલા અનાજમાંથી તને ચોથો ભાગ આપશે.'' ભગવાન અહલ્યા (હલ્યાદે, ઋષિપત્ની) નો દાવો નકકી કરીને ગૌતમ સાથે પર્વતોમાં આવે છે. ગૌતમ હરણને શોધી કાઢે છે. હરણનું શિંગડું ચીરે છે. અને અંદર ભરાયેલા ઈન્દ્રને મુકત કરે છે. ભગવાન ઈન્દ્ર અને ગૌતમ વચ્ચે મેળ કરાવે છે. બંને સતિયા વચ્ચે સમાધાન થાય છે. આશ્રમ તરફ જતા ગૌતમને ભગવાન કહે છે, '' આ વાતને તું આ વનરાતમાં ગોડી ઘાલજે !

આ તરફ વર્ષો સુધી હરણનાં શિંગડામાં પુરાઈ રહેલો ઈન્દ્ર ગૂંછળું થઈને પડેલો છે. ભૂખે તો તેનો જીવ જઈ રહયો છે. ભગવાન વિચારે છે, ''ગમે તેમ કરીને ઈન્દ્રને બેઠો તો કરવો જ પડે. નહીં તો પાણીના અભાવે આ પૃથ્વીના કરોડ જીવનો નાશ થશે. તેને ગમે તે ભોગે નવજીવન આપવું પડશે.'' હવે ભગવાન કળા વરતે છે. ઈન્દ્રે બચાવવા ત્રણ ભવનનો નાથ જોગીનો વેશ લે છે હાથમાં માટીનું ઠીબ લે છે, અને આ કાળ વખતમાં , પૃથ્વી ઉપર ભીખ માગવા નીકળે છે. આંગણે આવેલા તેને જોઈને સ્ત્રીઓ મહેણાં મારે છે, ''તું તો ઝોવી – ઝંડો લઈને નીકળી પડયો છે. પણ કાળ પડયો છે. તે તેને નથી દેખાતો ? ઘરમાં છોકરાં ભૂખનાં માર્યા ચૂલામાં પડે છે. અમે તને ભીક્ષા કયાંથી આપીએ ?''

ભિક્ષા ન મળવાના કારણે થાકેલા ભગવાન ચમારવાસ માં આવે છે. એક ચમાર સ્ત્રીને હમણાં જ પ્રસૂતિ થઈ છે. તેના આંગણે આવીને ભિક્ષાની ટહેલ નાખે છે. ચમાર કહે છે, ''મારી સ્ત્રીને હજી હમણાં જ પ્રસૂતિ થઈ છે. તેના માટે નો ખાવાનું અનાજ નથી. તને કયાંથી ભીખ આપું ?'' તેના ઘરની સ્ત્રી ઘણી જ ચતુર છે. જોગીની વાત સાંભળીને પોતાના પતિને કહે છે, ''ભરથાર, મારા ભાગનું ખાણું જોગીને આપ આપણે તો વાણિયા – વેપારી પાસેથી ઉધાર લાવીને પણ પેટ ભરશું પણ આ બિચારા જોગીને કોણ આપશે ?'' ચમારની સંમતિ ન હોવા છતાં તે ઉભી થાય છે. પોતાના ભાગનું માંસ અને લોટની રાબ જોગીને ભિક્ષામાં આપે છે. સ્ત્રી ઉપર ગુસ્સે થયેલો તેનો ધણી કહે છે, ''રાંડ ! તારાથી મજૂરી તો થતી નથી અને હવે સૂતી સૂતી શું ખાઈશ ?'' સ્ત્રી કહે છે, ''ભરથાર ! તું ચિંતા શા માટે કરે છે ? મારા ભગવાન મને અનાજ પૂરશે અને હું ખાઈશ.'' વૈકુંઠનો નાથ ઘરમાં આવે છે. તેની ખાલી કોઠીમાં હાથ નાખે છે. અને ઘઉં – બાજરીથી કોઠી ઉભરાવા માંડે છે.

ભગવાન ચમાર સ્ત્રીએ આપેલી માંસ અને લોટની રાબની ભિક્ષા લઈને મારગે મારગે પર્વતની ખીણ પાસે આવે છે. ઈન્દ્ર ભમર સલાટ (શિલા) ઉપર સૂતેલો છે. ઈન્દ્રને હાથથી પકડીને બેઠો કરે છે અને તેને ભોજન આપતાં કહે છે, ''નાશ માટે ચાર ખંડ ધરતી ફરીને ભોજન લાવ્યો છું. થોડો જોશવર થઈને આ ભોજન આરોગી લે.'' ભગવાન તમે મારા માટે કેટ – કેટલું દુઃખ વેઠયું છે ? હવે હું તમારા પહેલાં ખાઉં તો જગતમાં ખોટું કામ થાય. માટે તમે પહેલાં જમો પછી હું ખાઈશ.'' ભગવાન વિચારમાં પડે છે ? કે મારે નજરે જોઈલી આ માંસ – માટી કઈ રીતે આરોગવી ? ઈન્દ્રના આગ્રહના કારણે તે વિવશ બની જાય છે. અને ભગવાન બે કોળિયા અનાજ આરોગે છે. આ પછી ઈન્દ્ર આ બધી રાબ ખાઈ જાય છે. ધીમે ધીમે ઈન્દ્ર નવજીવન મેળવવા લાગે છે.

ધવળાલોક (પૃથ્વીલોક) માંથી ભગવાન જવાની તૈયારી કરે છે. જતાં જતાં પૂછે છે, ''હે ઈન્દ્ર ! હવે તું આ પૃથ્વી પર કેટલા દિવસો વરસવાના છો ?'' ઈન્દ્ર કહે છે, ''હજી હમણાં જ ખાધું છે. થોડો કાઠો (જોરદાર) થવા દો. પછી પૂરે પૂરી તૈયારી સાથે પૃથ્વી માથે ચડું છું.'' ભગવાન વૈકુંઠની વાટે જવા લાગ્યા છે. વાદળોમાં ઝીણી ઝીણી વાજો થવા લાગી છે. અને ઈન્દ્ર ગાજીને જરમર જરમર વરસવા લાગ્યા છે. વૈકુંઠમાં જતા ભગવાન ભીંજવા લાગ્યા છે. જતાં જતાં વિચારે છે, ''ઈન્દ્રે મને પણ ભીંજવ્યા વિના નહીં છોડયો ! વિવાહને કોણ ભૂંડો કહે ?'' ઈન્દ્ર પૃથ્વી ઉપર મન મુકીને વરસ્યો અને પૃથ્વીનો પ્રણય (પરલે) થતો રહી ગયો ભીંજાયેલા ભગવાન શિવની ધૂણીએ આવે છે. શિવજીને સમાચાર આપતા કહે છે, ''પૃથ્વી માથે ઈન્દ્ર પ્રસન્ન થયો છે. તેના પ્રતાપે સુકાયેલા ઠૂંઠે પણ ગૂગળ ફૂટે છે ! ઈન્દ્રના મુખે અમી છે.'' પૃથ્વીના લોકો વરસાદ વરસાવાના લીધે ધરતીમાં બીજ વાવવા લાગ્યા છે.

## ૨. ભગવાન અને શિવ :

વૈકુઠપુરીમાં બિરાજેલા ભગવાન વિચાર કરે છે, ''પૃથ્વી ઉપર મેઘ (ઈન્દ્ર) વરસે ઘણા દિવસ થઈ ગયા. પૃથ્વી ઉપર રૂડું (કામ) કરાવીને આવ્યો હતો. ત્યાંથી આવ્યે ઘણા દિવસ થઈ ગયા. હવે તો પૃથ્વીની ખબર લેવા જવું પડે.'' આમ વિચારીને ભગવાન પગમાં ચાખડી પહેરે છે. હાથમાં કમળ લાકડી લે છે અને 'ઘરમર ઘરમર' વૈકુંઠમાંથી ઊતરે છે. કૈલાસપુરીમાં શિવની ધૂણીએ આવવા લાગે છે. લાંબી નજરથી શિવ ભગવાન ને આવતા જુએ છે, ''આજ તો

વૈકુંઠમાંથી ભગવાન આવી રહયા છે. પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની હશે, માટે તે આવતા લાગે છે.'' શિવજીના બંને નિંતબો ઉપર ચાર ચાર આંગળ ભભૂત (રાખ) ચડી છે. કાનમાં સુધરીઓએ માળા ઘાલ્યા છે. પલાંઠી ફાડીને દાભ (ગર્ભ) બહાર નીકળ્યા છે. છાતીમાં જવારા ઉગ્યા છે. ભગવાનને નજીક આવતા જોઈને શિવજી ઉભા થાય છે. અને આગળ જઈને 'હાથ મેળાવો' કરે છે. ઘણા માન સાથે ઘૂણી પાસે લાવીને તેમને આસન આપે છે. હવે બંને વાતે ચડે છે. ભગવાન કહે છે, ''શિવ, ઘણી મુસીબતો વેઠીને આ પૃથ્વી બનાવી છે અને ઘણા પ્રયત્ને (વરખે) ગૌતમને મનાવીને મેઘ (ઈન્દ્ર) વરસાવ્યો છે. પૃથ્વી જોયે ઘણા દિવસ થઈ ગયા. પૃથ્વી ઉપર કોણ સુખી છે ? કોણ દુઃખી છે? સુખી લોકોની સોડમ (સુંગધ) લઈએ અને દુઃખી લોકોનું દુઃખ ભાંગી ને પાછા આવીએ છીએ. ચાલ, આપણે પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવીએ.'' ભગવાન અને શિવ બંને સુખદુઃખની વાતો કરે છે અને પૃથ્વી ઉપર આવવાની તૈયારી કરે છે.

બંને ફરતા ફરતા પૃથ્વી ઉપર આવે છે. તેઓ જુએ છે તો કણબીના દીકરે પૃથ્વી ઉપર અનાજ વાવ્યું છે. પૃથ્વીની વાડી લીલી કાચ થઈ ગઈ છે. બંને કણબી વનમાં ફરે છે. કાળી પાંખોની કોયલો બોલે છે. 'કૂરવાં (એક ઘટાદાર જંગલી વૃક્ષ) ફૂલ્યા છે. ફૂલો ઉપર ભમરા ગૂંજે છે. વરસાદનાં જીવડાં બોલે છે. પૃથ્વી ઘણી જ સુંદર લાગે છે. ભગવાન શિવ ને કહે છે ''ઈન્દ્રના મુખે અમી છે; તેથી તે સમગ્ર પૃથ્વીને લીલી કરે છે.'' બંને આનંદિત થઈને કદળીવનમાં વિહાર કરે છે.

ફરતાં ફરતાં શિવ વિચાર કરે છે, ''હું તો આ જંગલ ઝાડીનો ધણી છું. આ બાર ખંડ ધરતીનો ધણી તો ભગવાન છે. તે જ ઘણાંને ભાંગે છે અને ઘણાંને બનાવે છે પણ તેનામાં 'સત્' કેટલું છે તે મારે જોવું છે !'' આમ વિચારીને શિવ ભગવાનને કહે છે, ''મારે જરા બહાર જવાની ઈચ્છા થઈ છે. હું બહાર જઈને થોડીવારમાં આવું છું.'' શિવ આડી વાટે થઈને આગળ આવે છે. હવે તે કળા વરતે છે. શિવ ગધેડીનું રૂપ લઈને ભગવાન જે મારગે આવી રહયા છે તેમની આગળ આવી ચાર પગ થઈને ઊભી રહે છે. ભગવાન નજીક આવે છે તેમ ગધેડી પીઠ બનાવીને ઊભી રહે છે અને પૂછડું હલાવે છે. ભગવાન વિચારે છે, ''ઘણી જ રૂપાળી ગધેડી છે ! વળી તે વનમાં એકલી જ છે !'' હવે ગધેડી પૂછડું હલાવીને તેમને આમંત્રી પાછળના પગ પહોળા કરીને તેમની નજીક આવીને ઊભી રહે છે. ભગવાન ચારે દિશામાં જુએ છે. તેમને કોઈ

દેખાતું નથી. ફરીને વિચારે છે, ''અહીં તો રૂપાળી ગધેડી સિવાય કોઈ દેખાતું નથી. શિવ પણ દેખાતો નથી. પાછળ રહી ગયા લાગે છે. જેવું લિંગ (ઈન્દ્રી) માંથી વીર્ય 'ખલે' (છૂટે) છે કે તરત જ શિવ કળા વરતીને ઊભા થાય છે. ભગવાનનું વીર્ય ધરતી ઉપર પડે છે. શિવ ભગવાનને કહે છે, ''હે કરોડ પૃથ્વીના નાથજી આ કરોડ જીવસૃષ્ટિને તું જ બનાવે છે, અને તું જ ભાંગે છે. તેં શું કર્યુ ? ધરતીમાના માર્ગ આપે છે. આથી ભગવાનનું વીર્ય પાતાળમાં જાય છે. પાતાળમાં 'પેયાંણ' (પાતાળનો નાગરાજ, વાસુકિ) નાગનો બાગ ખીલ્યો છે. રૂડાં કમળના ફૂલ ખીલ્યાં છે. આ કમળમાંથી એક પૂર્ણ વિકસિત કમળમાં ભગવાનનું વીર્ય પ્રવેશે છે.

શિવે લીધેલા પારખાને કારણે ભગવાન 'ઊતરે નૂરે' અને 'ઝાલિયે પેટે' થયા છે. બંને આગળ આગળ કદળી વનમાં આગળ વધે છે. ભગવાન વિચારે છે, ''શિવ તમે મારું સત લીધું છે. પણ તમે પણ હવે જોઈ લ્યો ! હું પણ જોઊં આપ કેટલા સતિયા છો ? તે વાતો કરતાં કરતાં શિવજીને કહે છે, ''હું જરા બહાર જઈને આવું છું. આપ આગળ ચાલતા થાઓ. તે આગળ રસ્તા પર આડા માર્ગમાં ચાલીને ભગવાન શિવની પાસે આવે છે. અને રસ્તો રોકે છે. ભગાવન આ કળા વરતીને નારીનું રૂપ લે છે. તે નારીનું રૂપ જોઈને સૂર્ય પણ ઝાંખો પડી જાય. શિવનો કદળીવનમાં એકલી સ્ત્રીને જુએ છે. વિચારે છે, ''ઓહો, શું રૂપ છે ! દીવાની સગ જેવું નાક ! દાડમના બીજ જેવા દાંત, નારિયેળ જેવું માથું અને પેટ પાતાળના નાગ જેવું (રેશમી) છે.'' શિવ આજુ–બાજુ ચો તરફ જોવા લાગે છે. તે વિચારે છે ભગવાન અહીંથી ઘણાં દૂર લાગે છે. મારા ઘરની સ્ત્રી જેવી જ આ નારી છે. ''વનમાં એકલી સ્ત્રી જોઈને શિવ તેના તરફ આકર્ષાય છે અને તે આ રૂપાળી નારીને વરે છે. શિવજીની લિંગમાંથી વીર્ય ખલે છે અને ભગવાન કળા વરતીને ત્યાં પ્રગટ થાય છે, શિવ આપ કહેતા હતા કે હું ઘણો પાપી છું ! તમે પણ મારા જેવા જ ભલા જ નીકળ્યા ને ? શિવજીના ખોબામાં વીર્ય છે અને બંને કદળીવનમાં મારગે મારગે જાય છે. શિવજી બે હથેળીના ખોબાનું વીર્ય એક હથેળીમાં કરે છે. આ સમયે થોડુંક વીર્ય એક ઝાખરામાં પડે છે. આ વીર્યમાંથી એક સફેદ સસલો ઉત્પન્ન થાય છે. સસલો કહે છે ભગવાન તમે મારું નામ પાડતા જાવ અને મને આ જગતમાં જીવન જીવવા માટે મુકતા જાવ. માથે હાથ મુકીને આશીર્વાદ આપતાં કહે છે, તારું નામ સસલો દાણવ તું આ જંગલનું રાજ્ય કરજે.'' આગળ જતા તલનું એક ખેતર આવે છે. તે એક હાથ તલના છોડને લૂછે છે ''કરકરા'' તલ રેશમ જેવા

સુંવાળા બની જાય છે.

કુદળીવનમાં ચાલતાં ચાલતાં શિવ મારગની વચ્ચે ઊભાં રહી જઈને ભગવાનને કહે છે આપણે બંને એ ખરેખર કરવા જેવી કરી તમારું વીર્ય તો પાતાળમાં ગયું પણ મારું વીર્ય તો મારા હાથમાં છે. હવે આને કઈ રીતે ઠેકાણે પાડી એ ?'' ભગવાન કહે છે, ‘‘આ તો શિવજીનું વીર્ય છે ખરા ધણીનું વીર્ય છે. તેને ગમે ત્યાં નખાય નહી. નહીં તો આપણે સતિયા સત ચૂકીએ. આપણે તેનું યોગ્ય ઠેકાણું શોધવું જ પડશે.'' ભગવાનના મનમાં વિચાર આવે છે અને શિવને કહે છે, ‘‘ગૌતમઋષિ (ગોતમરખી) ની દીકરી અંજની (ઓઝણી) છે. તે કાળમીંઠ શિલાઓમાં છુપાઈને રહે છે. નથી તો પુરુષનું મુખ જોતી કે નથી તો સૂર્યનો પ્રકાશ જોતી. આનું ‘સત' આપણે ચૂકવીએ. શિવનું વીર્ય ઝીલવા માટે તે જ યોગ્ય સ્ત્રી છે. આપણે બંને ત્યાં જઈએ.

શિવ અને ભગવાન વનખંડમાં મારગે મારગે કાળમીંઢ શિલાઓ પાસે આવે છે. ભગવાન એક શિલા પાસે આવે છે અને કાન માંડે છે. ઝીણી ઝીણી ‘ઘોર' વાગી રહી છે. અંજની ભર નિદ્રામાં પડે છે અને ભગવાન અંજનીને સાદ પાડીને બોલાવે છે, ‘‘હે અંજની ! તું જો સૂતી હોય તો બેઠી થા અને જાગતી હોય તો બહાર આવ ! ભગવાનના સાદથી અંજનીની ઊંઘ ઊઠે, આળસ મરડીને બેઠી થાય છે. પથ્થરમાં રહીને ગુસ્સામાં બોલે છે, ‘‘મને કસયમે જગાડવાવાળો કોણ છે ? ભગવાન ધીમે રહીને બોલે છે,'' બાઈ, અમે સ્વયં તારે આંગણે આવ્યા છીએ ! તું ગુરુ વિનાની (નુગરી) છે. તમે ચેલી બનાવવા માટે આવ્યા છીએ.'' અંજની કહે છે તમે ચેલી બનાવવા આવ્યાં તો ભલે આવ્યા પણ હું કોઈ પુરુષનું મુખ જોતી નથી. કુંવારા કલંક ચડશે એવા વિધાતાએ મારા લેખ લખ્યા છે. આથી વર્ષોથી હું આ શિલામાં છૂપાઈને રહું છું. મેં નિશ્ચય કર્યો છે કે હું પુરુષનું મુખ જોઈશ નહી, સૂર્યના દર્શન કરીશ નહી, પછી મને કંઈ રીતે કલંક લાગશે ? હવે આપ જ કહો હું કઈ રીતે મુખ બતાવુ, ભગવાન અંજનીને કહે છે કે હું વૈકુંઠમાંથી તને શિષ્યા બનાવવા જ આવ્યો છું. સમજાવવા પ્રયત્ન કરે છે. પણ અંજની ના કહે છે, ત્યારે ભગવાન કહે છે અમારે ચેલી બનાવવા તારા કાનમાં ફૂંકવુ તો પડશે જ. જો તું મુખ બહાર કાઢી શકતી ન હોય તો કાન બહાર કાઢ. અમે ગુરુમંત્ર બોલીને તારા કાનમાં ફૂંક મારીએ.'' ભગવાન શિવને કહે છે, ‘‘શિવ હવે ઝડપ કરી, વાસની પોલી ભૂંગળીમાં વીર્ય ભરી અંજની જેવું શિલા બહાર મુખ કાઢે છે કે તરત જ તેના કાનમાં ભૂંગળી વડે શિવનું વીર્ય બત્રીસ કોઠામાં પ્રવેશે છે અને આખા શરીરમાં ફરવા લાગે છે. આમ ભગવાન અને શિવ કુંવારી

અંજનીને કલંક લગાડીને પાછા વળે છે.

સમય જતાં સતી અંજનીના પેટમાં જોખમ ઊભું થાય છે. તેના શરીરમાં ફેરફાર થવાના કારણે ખાવા–પીવાનું ગમતું નથી હવે તે ખાટલામાં ઈસે અને ‘ઉપળે’ આળોટવા લાગી છે તેને સૂતાં કે બેસતાં ‘જંપ’ થતો નથી અને તે મનમાં વિચારે છે અને કહે છે “નાખ્ખોદ જજો ભગવાનનું ! તે કંઈક મારા કાનમાં ઘાલીને ગયો છે !” તે વિચારે છે કે હવે દુઃખી થવાથી શું થાય. પૃથ્વીનો નાથ ખોટું તો નહીં કરે પણ મારા કરમનો દોષ. મારા ભાગ્યમાં એવું લખ્યું હશે. લેખમાં મેખ મારનાર કોઈ નથી. મારા એવા લેખ હશે, તેથી તો તેઓ આવી મળ્યા પણ હવે મારા પેટમાં ‘વખ’ ઊભું થયું છે.

સતી અંજનીને એક પછી એક માસ પસાર થવા લાગ્યા છે. તેનો પગ હવે ભારે થવા લાગ્યો છે. પેટ ઊંચું આવવા લાગ્યું છે. અંજનીને નવ માસ અને નવ દિવસ થયા છે. તેના પેટમાં પુત્ર (પુતર) પાકયો તે કહે છે ‘માતા’ હું તારા પેટમાં પુત્ર રૂપે થયો છું. મને બહાર આવવાનો રસ્તો બતાવ. નહીતર આ ઘડીયે માથામાંથી બહાર આવું છું.” અંજની વિચારે છે, “વિધાતાએ મારા કેવા લેખ લખ્યા હશે ! તે પેટમાં મોટો થઈ રહેલ પુત્રને કહે છે ! હે પુત્ર તું પેટમાં નીપજ્યો તો ભલે; ઘણો ખુશી રહીશ. હવે તું મારા ઉદર (ગુહયેન્દ્રિય) વાટે બહાર આવ.” હનુમાન માતા સાથે વાત કરતા કહે છે, “માતા, હું ઉદર વાટે બહાર નીકળું તેની ના નથી પણ આજ તો ‘સતયુગ’ છે અને કાલ કળિયુગ આવશે. કળિયુગના લોકો મારા વિશે કહેશે કે સામાન્ય મનુષ્યોની માફક હનુમાન પણ ઉદર વાટે બહાર આવ્યો હતો. માટે ઉદર વાટે બહાર આવવા ઈચ્છતો નથી.” તો પછી મારા મુખ વાટે બહાર આવ. “તો લોકો કહેશે કે હનુમાનને ઊલટી કરીને બહાર કાઢયો હતો, ના ! ના ! હું મુખ વાટે બહાર નહી આવું !” સતી કહે છે, “મારા નાકને બે દ્વાર છે; તું નાક વાટે બહાર આવ. હે જાયા ! મને મારી નાખ નહી ! મને ‘હીળી હીળી પીરો’ આવે છે, અને મારો જીવ જાય છે, “માતા હું નાક વાટે બહાર આવીશ જગતના લોકો કહેશે કે અંજનીએ છીંકી નાખ્યો હતો. માતા, થોડા સમય માટે મનને મજબૂત કર. હું માથામાંથી બહાર આવું છું, માતા, તું મારા માટે મનને ખારું (કડવું) કરીશ નહી !”

હવે હનુમાન યોદ્ધો માથાનું ટાલકું (ખોપરી) કાણું કરીને બહાર આવે છે. અસહ્ય વેદનાના કારણે માતા લાકડું થઈને એક બાજું પણ પડે છે. થોડો સમય પસાર થાય છે અને માતા અંજની ધીમે ધીમે ચેતનવંતી થાય છે. તે પુત્રની નાળ (ઓર) વાઢે છે. તેને નવડાવીને

ખોળામાં લે છે. સતી વૈકુંઠના નાથનું સ્મરણ કરતા કહે છે, ‘‘હે ત્રણ ભવનના નાથ ! તમે આ પુત્ર મને આપ્યો અને મેં લીધો ! હવે આ વનમાં બાળકને પોઢાડવાનો છે.’’ ભગવાન અંજનીનું સ્મરણ સાંભળે છે. વૈકુંઠના નાથના આદેશથી પવનના ઘરનું પારણું આવે છે. પારણે માતા હીરની દોરી બાંધે છે. અંજની શિલાઓ વચ્ચે હનુમાનને હીંચોળે છે. હનુમાન અંજનીને કહે છે, ‘‘માતા, મને ધવડાવીને મોટો કર. હું મોટો થઈને જંગલનું રાજ કરુ. માણસ જેવા માણસ. છતાં હનુમાનને ભગવાને પૂંછડું આપ્યું છે. તે એક ઝાડ પરથી બીજા ઉપર ચડે છે. સમય પસાર થતા શિવનો આ દીકરો જંગલના રાજા બને છે.

## ૩. દશરથ રાજા અને વાસુકિ નાગ રાજા :

અયોધ્યા (જોધિયા) નગરીમાં દશરથ રાજા રાજ કરે છે. પાતાળમાં વાસુકિ (પેયાંણ) રાજા રાજ કરે છે. દશરથ રાજા અને વાસુકિ (વાસંગ) રાજા ધર્મના ભાઈ (એક બીજાને ધોતિયા પહેરાવીને બનેલા ભાઈ) બન્યા છે. દશરથ રાજા જયારે પાતાળમાં વાસુકિને મળવા માટે આવે છે ત્યારે બે હાથે તાળી પાડે છે. અને પાતાળ લોકમાં સૂર્યના જેવું અજવાળું થાય છે.

એક દિવસનો ‘સમાજોગ’ આવ્યો અને ‘સમાજોગ’ નો ‘મહાજોગ’ આવ્યો સૂર્ય ઊગી રહયો છે અને દશરથ રાજા પગથિયે પગથિયે પાતાળમાં ઊતરી રહયો છે. પાતાળમાં આવ્યા પછી તે બે હાથે તાળી પાડે છે. પાતાળ લોકમાં સૂર્યના જેવો પ્રકાશ થાય છે. અજવાળું આવવાને કારણે કૈકેયી (કકા પદમણી) જાગે છે અને ઢોલિયામાંથી બેઠી થાય છે. વાસુકિની માનીતી રાણી કૈકેયી (કકા પદમણી) કહે છે, ‘‘દાસીઓ મારી વાત સાંભળો. દશરથ રાજા મારગે મારગે પાતાળમાં આવી રહો છે અને પાતાળમાં પ્રકાર થવા લાગ્યો છે. વાસુકિ રાજા ઘરે નથી. આથી આપણે રાજાનું સ્વાગત કરવું પડશે મને ધરમના કેશર લૂગડાં આવ્યાં છે. આપણે ઝીલણીએ તળાવે નાહીને પાછાં આવીએ.’’ રાણી થાળીમાં ગોળ અને લોટ લે છે અને દાસીઓના સમૂહમાં મારગે મારગે ઝીણલિયે તળાવ આવે છે. રાણી શરીર પરના કપડાં ઊતારે છે. હાર–ચીર નીચે મૂકે છે. થાળીમાં ગલ અને લોટ લઈને તળાવની પાળે કીડીઓમાં ‘નૂગરા’ (દર) ચારે છે. તેણી ઝાડના થડ પાસે દાસીઓ દ્વારા કયારા કરાવીને ઘઉં અને જવના જવારા નાખે છે હવે રાણી આડા ‘ઓળવટ’ (અર્ધાવસ્ત્ર) પહેરીને દાસીઓ સાથે તળાવમાં નાહવા પડે છે. તે ‘હીરકલીયા દાવ’ (ચકલીઓની માફક પાણીમાં રમવાની એક રમત) ખેલે છે. ‘કકા પદમણી’ અને દાસીઓ

નાહી ધોઈને બહાર આવે છે, ''તમે ઝટ કરો, રાણી સીળૈયો શણગાર સજે છે. પદમ નાગણી દાસીઓને કહે છે. દશરથ રાજા આપણા મહેલની નજીક આવી રહયો છે. આપણે તેના સ્વાગતની તૈયારીઓ કરવી પડશે.'' વાતોના 'રમઝોરા' ઊડે છે અને બધી સમૂહમાં ચાલવા માંડે છે મારગમા ફૂલોની વાડી આવે છે. રાણી કહે છે, ''ચાલો આપણે બાગમાં થઈને જઈએ. રાજાના સ્વાગત માટે થોડાં ફૂલો લેતાં જઈએ. ફૂલોની સોડમ લીધે ઘણો સમય થયો છે. માટે થોડી ફૂલોની સોડમ પણ લેતા આવીએ.'' તેઓ વાડીમાં આવે છે. પાતાળપેટી નાર ! જોતાં જ વાળ ઊભા થાય ! રાણી ખીલેલા ફૂલોની સોડમ લે છે. આ સમયે એક પૂર્ણ વિકસિત કમળ રાણીની નજરે પડે છે. તે આ કમળ પાસે આવે છે અને ભગવાનના શરીરમાંથી બહાર આવેલા હીરાવાળું (વીર્યવાળું) ફૂલ તોડે છે. ઘણું જ રૂપાળું ફૂલ ! કૈકેયી આ સુંદર અને પૂર્ણ વિકસિત કમળને નાક પાસે લઈ જઈને ધીમે ધીમે સોડમ લે છે. આ પછી નાકને કમળમાં રાખીને જોરથી પવન (વૈઈરો) ખેચેં છે. ફૂલમાંનો ભગવાનનો હીરો (વીર્ય) સુંઘવાની સાથે રાણીના પેટમાં જાય છે અને બત્રીસ કોઠામાં રમવા લાગે છે. રાણી થોડાં ફૂલ વીણે છે અને દાસીઓ સાથે 'ઘરમર ઘરમર' વાદળ મહેલ ચડે છે. ખજૂરિયાવાળા દીવા લે છે અને દાસીઓને કહે છે., ''ચાલો બાઈઓ, આપણે દશરથ રાજાના સામૈયે જઈએ. રાજા ઘેર નથી તે ઘેર હોત તો ઘણે આગળ જઈને રાજાને આવકાર આપત.''

કૈકેયી દાસીઓના સમૂહમાં વાદળમહેલ ઉતરે છે અને આગળ જઈને ખજૂરિયા દીવાથી દશરથ રાજાને વધાવે છે. આ પછી પ્રદક્ષિણા કરીને ઘણાં માન સાથે વાદળમહેલમાં લઈ આવે છે. રાજા માટે 'કાબરી–પટોરી' જાજમો પાથરવામાં આવે છે. રાજાને ઘણાં માન સાથે જાજમોના માથે વિરાજિત કરવામાં આવે છે. રાજા 'પેયાંણ' ના સમાચાર પૂછે છે, ''ભાભી, તમે એ તો કહો કે મારો ભાઈ કયાં ગયો છે ? આજે તેના વિના કચેરી સૂની સૂની લાગે છે.'' ''તમારા ભાઈ તો બહારગામ ગયા છે. તેઓ કાલે પાછા આવશે.'' તેણી દાસીઓને કહે છે, ''તમે રાજાને ક્ષેમકશળ બેસાડો ; વાડીમાં જઈને રાજા માટે ફળ લઈને પાછી આવું છું.'' રાણી મારગે મારગે વાડીમાં ફળ લઈને આવે છે. રાણીનો પોતાનો ગોઠીયો (પ્રેમી) બાંડિયો નાગ વાડીમાં રાહ જોતો ઉભો જ છે. રાણી તેની પાસે આવે છે કે તરત જ રાણી સાથે વાતે ચડે છે. તેઓ ઊભાં ઊભાં વાતો કરે છે અને મજા કરે છે.

'કાબરી–પટોરી' જાજમો ઉપર એકલો બેઠેલો રાજા વિચારે છે, ''પુરુષ વિનાની એકલી

સ્ત્રીઓ વચ્ચે કોણ બેસે !'' તે જાજમો ઉપરથી ઊભો થાય છે અને 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરે છે. મારગે મારગે બગીચામાં આવે છે. રસ્તેથી બગીચામાં આવતા દશરથને રાણી અને બાંડિયો નાગ ત્યાં નીચે બેસી જાય છે અને બગીચામાં સંતાવા લાગે છે. રાણી વિચારે છે, ''જગતમાં ખોટું કામ આવ્યું. દશરથ અને વાસુકિ અમારો જીવ અવશ્ય લેશે જ. આવી પરિસ્થિતિમાં મારે આ ફંદામાંથી કઈ રીતે બચવું ?'' દશરથ રાજાની નજર પ્રેમચેષ્ટા કરતાં રાણી અને બાંડિયા નાગ ઉપર પડે છે અને તે તરત જ મુખ ફેરવી લે છે. તે સવળું મુખ કરીને મારગે મારગે જવા લાગે છે.

રાજાના ગયા પછી કૈકેયી મનમાં વાત ગોઠવતી મહેલ નજીક આવે છે. તે વિચારે છે, ''જેવો રાજા ઘેર આવે કે તરત જ એમ કહેવું કે, તમે ઘેર જ હોતા અને દશરથ રાજા મારે બાધે આવ્યો હતો. (સોત્રે અતો).'' આમ રાણી અને બાંડિયો નાગ યુકિત વિચારી રહ્યા હતા.

દશરથ રાજાના ગયા પછી રાણી રડતી જાય છે અને 'હળવળિયા' ખાઈને પડતી પડતી ધીમે ધીમે વાદળ મહેલ તરફ આવવા લાગુ છે. તે 'ટહેંકા' કરે છે. અને પગથિયાં ચડે છે. દાસીઓ વિચારે છે કે ''આજે રાણીને કંઈક થયું લાગે છે.'' દોડતી દોડતી રાણી પાસે આવે છે અને સમાચાર પૂછે છે. ''રાણીબા, તમને આ શું થઈ ગયું છે, કે જેથી આમ 'હળવળિયા' ખાતાં ખાતાં આવો છો ? તમે શા માટે 'કણસો છો ?'' રાણી દાસીઓને ધીમે ધીમે વાત કરતાં કહે છે, ''બાઈઓ, એ વાત જવા દો ! એ વાત કહેવાથી મને રીસ ચડે છે ! તમારો બાપુ જે અને તે માણસોની ભલાઈ કરે છે. તેણે 'સેનાળવા' (વ્યભિચારી) ભાઈ કયાં છે. મારી 'પૂંઠ' (પીઠ) નાકે છે. રાજા ઘેર નથી તે વાત જાણીને મને પહેલાં વાડીમાં જવા દીધી. પછી તમારી વચ્ચેથી ઉભો થઈને દશરથ રાજા મારી પાછળ પાછળ આવ્યો. ભૂંડા જીવના રંડવાએ મને તેની સાથે સમાગમ (સોંટવાનું) કરવાનું કહેવા લાગ્યો. મેં ના પાડી. આણી તેણે મને આલિંગનમાં લીધી. હું ના પાડતી રહી અને તે મારા ઉપર પડયો. મને કૂટી નાખી, અને વાડીમાંથી ચાલતો થયો. હું તમને શું કહું ? મારા ઉપર કેટકેટલો માર પડયો છે ?'' હવે તે જોરથી કણસવા લાગી છે. દાસીઓ અંદર અંદર આશ્ચર્યથી વાતો કરતી કહે છે, ''રાણીબાની વાત લાગે તો સાચી છે. જાજમો ઉપરથી એકાએક ઊભો થઈને દશરથ રાજા વાડી બાજુએ જ નીકળ્યો ઉપર 'હીરક તળાઈયો' પાથરે છે. તેઓ રાણીને ઘણા માન સાથે ભમર ઢોલિયે સુવાડે છે. રાણી ભમર

ઢોલિયે સોડ તાણીને સૂવે છે.

બહારગામથી આવી રહેલો વાસુકિ રાજા 'ધરમર ધરમર' વાદળમહેલ ચડે છે. મહેલમાં આવીને દાસીઓ પાસેથી માનીતી રાણી 'કકા પદમણી' ના સમાચાર લેતાં પૂછે છે, "રાણી દેખાતા નથી. શું તેઓ બાગમાં ફૂલ લેવા ગયાં છે ?" દાસીઓ કહે, "બાપુ તમે દઈને ભમર ઢોલિયે આવો રાણીનો જીવ જાય છે ! રાજા પૂછે છે, તમે એ તો કહો કે રાણીને એવું તો શું થયું છે ?" એ તો રાણીબા જાતે જ કહેશે !' 'પેયાંણ' રાજા રાણીના ભમર ઢોલિયે આવે છે. રાણી સેજમાં સોડ તાણીને સૂતી છે. રાજા રાણીના ઢોલીયે બેસીને સમાચાર પૂછે છે, "રાણી, મારી ગેરહાજરીમાં તમને એવાં તે શાં દુઃખ પડયાં છે કે તમે આમ ઢોલિયે સોડ તાણીને સૂતાં છો ? દુઃખથી કણસતી રાણી કહે છે, "રાજા, આગળ કશું પૂછતો નહીં. પેલું દશરથિયું, તેં જેને ધર્મનો ભાઈ કર્યો છે ! તે આપણા ઘેર આવતો ગેરહાજરીમાં કચેરીમાં આવ્યો હતો. ઘણાં માન સાથે જાજમો ઉપર બેસાડીને તેના માટે ફળ લેવા માટે ગઈ. મને વાડીમાં આગળ જવા દઈને મારી પાછળ પૂંઠો (પીઠ) તાકતો તાકતો વાડીમાં આવ્યો. આવા ભૂંડા જીવનો પાપિયો ભાઈ ચે કયાંથી બનાવ્યો છે! મને સમાગમ (સોંટવાનું) કરવાનું કહીને મારી સાથે આવ્યો. હું તેને ના પાડતી રહી છતાં તે મારા ઉપર પડયો અને મને કૂટી નાખીને વાડીમાંથી ચાલતો થયો. હવે તો મને બોલવાની કે ચાલવાની પણ હાલત રહી નથી." રાણીની વાતથી આગ આગ થયેલો રાજા વિચારે છે, દશરથિયા, હવે જો આ મરદના ખેલ તું હવે ફરીને પાતાળમાં આવ તો ખરો ! તને જીવનો જવા દે એ બીજા. ધર્મનો ભાઈ થઈને મારી માનીતી રાણીના બાથે કેમ આવ્યો 'લ્યા?' રાજાને કૈકેયીની વાતથી ચેન પડતું નથી. તે જેમ તેમ કરીને 'અજ્જર વજ્જર' રાત કાઢે છે.

પૃથ્વી ઉપર સોનાનાં કિરણોવાળો સૂર્ય ઉગવાની તૈયારી કરે છે. સહસ્ત્ર (સેસ) કિરણોનો સ્વામી સૂર્ય બહાર આવે છે. આખી પૃથ્વી ઉપર અજવાળું થાય છે. દશરથ રાજા સેજમાંથી ઊઠે છે. અને દાતણ કરીને સૂર્યને વંદન કરે છે. તાંબાવટીએ પાણી ગરમ કરીને કૌશલ્યા રાણી રાજાને નવડાવે છે. રાણી કહે છે, " રાજા, તમારા માટે બત્રીસ–તેત્રીસ પ્રકારના ભોજન કર્યા છે. તમે જમવા પધારો. કૌશલ્યા રાણી રાજાને દેવગરો થાળ પીરસે છે. રાજા જમીને સંતૃપ્ત થઈ ઊભો થાય છે. દશરથ રાજા સોળૈયો શણગાર સજે છે. શરીરને સુંદર લાગે તેવાં વસ્ત્રો પહેરે છે, અને તે પાતાળમાં જવાની તૈયારી કરે છે, તૈયાર થયેલા રાજાને કૌશલ્યા

રાણી પ્રશ્ન કરે છે, ‘‘રાજા તમે કયાં જવાની તૈયારી કરી ?’’ ‘‘હું મારા ધર્મભાઈને મળવા માટે પાતાળમાં જાઉં છું. કાલે ગયો હતો પરંતુ વાસુકિ રાજા ઘેર ન હતો. આથી આજે ફરી મળીને પાછો આવું છું.’’ તમે રોજ રોજ પાતાળમાં જાઓ છો, પણ બધાં માણસો આપણા જેવા સરખાં નહીં હોય. કોઈ અવળી પણ વાત કરે !’’ રાજા કહે છે, ‘‘રાણી, વાસુકિ તો મા જણ્યો જ ભાઈ છે ! બંને એકજ થાળીમાં જમીએ છીએ !’’ રાજા રાણીનું કહયું માનતો નથી. અને પાતાળમાં જવાની ઉતાવળ કરે છે. તે પગે નાગફણી મોજણી પહેરે છે. હાથમાં રૂપાની છડી લે છે. માથે સોનાનો ‘સકોરો’ (મુગટ) મૂકે છે, અને ધરમર ધરમર વાદળમહેલ ઉતરે છે.

રાજા માણેકચોકમાં થઈને પાતાળપ્રદેશના મારગે આવે છે. પગથિયાં ઉતરીને પાતાળમાં પ્રવેશે છે. દશરથ બે હાથે તાળી પાડે છે અને સૂર્ય ઊગ્યો હોય તેમ આખા પાતાળ પ્રદેશમાં પ્રકાશ થાય છે. વાસુકિ રાજા સિપાહીઓને કહે છે, ‘‘જગતમાં ખોટું કામ થયું. સિપાહીઓ તમે મારી વાત સાંભળો. તમે આગળ જઈને એ પાપીને કહો કે તે અહીં ના આવે મારે તેનું મુખ નથી જોવું. મારે સામે મોઢે તેને કંઈ કહેવું પડશે. આવતો જ પાછો વાળો. મારી કચેરીમાં તેનું કામ નથી.’’ સ્વામીને કહેતા લાગી વાર અને એકને કહેતાં પંદર સિપાહીઓ છૂટયા. તેઓ વાદળ મહેલ ઊતરે છે. અને મેહલના પગથિયાં ચડવાની તૈયારી કરતા રાજાને સામા જઈને મળે છે. રાજાની પ્રદક્ષિણા કરીને ઊભા રહી બે હાથ જોડીને કહે છે, સ્વામી, તમે અમારી વાત સાંભળો. આજે જગતમાં ખોટું કામ આવ્યું છે. અમારાથી નથી તો કહેવાતું કે નથી તો સહેવાતું. તમે રાજા છો અમે તમને શું કહીએ ?’’ રાજા કહે છે, ‘‘સિપાહીઓ, તમારે આટલે દૂર સુધી મારું સામૈયું કરવા માટે આવવાની શી જરૂર પડી ?’’ સિપાહીઓ કહે છે, ‘‘રાજા, તમને વાસુકિ રાજાએ કચેરીમાં આવવાનું ના કહયું છે.’’ દશરથ રાજા ધીમે ધીમે સમાચાર પૂછે છે. ‘‘સૈનિકો, તમને કોણે મોકલ્યા છે અને તમે આવ્યા છો ?’’ મારાથી એવો કયો ગુનો થયો છે ?’’ ‘‘અમને તો અમારા સ્વામીએ મોકલ્યા છે અને અમે આવ્યા છીએ. તમારા ધર્મભાઈ ‘પેયાંણ’ રાજાએ જ કચેરીમાં આવવાની ના પાડી છે.’’ સૌનિકો આગળ કહે છે, ‘‘તમે જાણો અને વાસુકિ રાજા જાણે. અમે તો અમારા રાજાએ કહેલી અને અમારા કાને સાંભળેલી આજ્ઞા તમને કહી સંભળાવી. તે કહે છે, સૌનિકો, તમારો કાઢેલો તો પાછો નહીં વળું. હું તો રાજાની કચેરીમાં આવવાનો જ. તેના મુખેથી સમાચાર સાંભળીશ કે મને કયા કારણે પાતાળમાંથી બહાર કાઢે છે.’’

સૌનિકો રાજા સામે જોઈ રહે છે અને તે ‘ધરમર ધરમર’ મહેલના પગથિયાં ચડે છે. વાસુકિની કચેરીના રસ્તે આવતાં દશરથ રાજા વિચારે છે, “સદાય તો કેટલે દૂર સુધી રાજા મને મળવા માટે આવતો અને હાથ મિલાવી ઘણા માન સાથે કચેરીમાં લઈ જતો. ઘણાં હેતથી તેની સભામાં ઊંચું મસ્તક રાખીને જમીન સાથે જોઈ રહયો છે.” દશરથ રાજા કલમ કચેરીમાં જેવો આવે છે કે વાસુકિ રાજા અવળો ફરે છે. દશરથ રાજા વિચારે છે, “મારો ધર્મનો ભાઈ કયા કારણે મારા ઉપર રિસાયો હશે ? મેં તેનો એવો તો શું ગુન્હો કર્યો હશે ?” વાસુકિ રાજા સૌનિકોને સંબોધીને કહે છે “તમારે આને મારી છાતી ઉપર ન હોતો લાવવો જોઈતો. તમે આ વેરીને કહો કે તે અહીંથી ચાલ્યો જાય.” દશરથ કચેરીમાં ઊભો ઊભો વાસુકિને પ્રશ્ન કરે છે. “ભાઈ મેં તારા ઘરનો કયોં ગુનો કર્યો છે ? મારા કરેલા ગુનાનું નું નામ ધર.” વાસુકિ કહે છે, “હું આ આંગણે આવેલાને નથી મારતો. આટલી વાતથી જ સમજી જા, અને મારી નજરેથી ચાલ્યો જા.” દશરથ કહે છે, “રાજા એ તો કહે કે મારા વિશે તારે શું અવળું પડયું છે ? તને મારા કયાં કાર્ય વિષે વહેમ પડયો છે ?” “હવે તું આગળ બોલતો નહીં. આપણે એકબીજાને ઘણા વહાલા હતા પણ અત્યારે તો મારા પેટમાં કટારિયો રમે છે. હું ઘેર ન હતો એ જાણીને મારી રાણીની (પૂંઠ) પીઠ કેમ તાકી” અલ્યા ? તેં તો મારી માનીતી રાણીના હાડકાં ભાગી નાખ્યાં છે ! આમ વાસુકિની વાત સાંભળી દશરથને કાલનો કૈકેયી અને બાંડિયા નાગનો પ્રેમપ્રસંગ યાદ આવે છે, પણ તે અત્યારે આ વાતને મનમાં ગળી જાય છે. તે કહે છે, “ભાઈ તારી અને મારી વચ્ચે વાતોનો વિવાદ નથી કરવો. કોણ ખરો અને કોણ ખોટો એ વાતો કરવાથી નકકી થશે નહીં. આપણે ભગવાનના નામના સાચ–જૂઠના ‘ધીજ’ કરાવીએ. તું મોરી–મકવાણા, ડોડીયા–ચૌહાણને પંચ તરીકે બોલાવ. “વાસુકિ રાજા દશરથની વાતને માન્ય રાખે છે. બંને રાજા ભગવાન અને પંચોને સાક્ષી તરીકે રાખી ‘ધીજ’ કરવાનું નકકી કરે છે, અને કૈકેયીને ‘ધીજ’ ના સમાચાર આપે છે.

વાસુકિ રાજા પંચોને બોલાવે છે. પંચો રાજા અને રાણીને લઈને વૃક્ષની નીચે આવે છે. પંચો દશરથ રાજાને કહે છે, “તારા માથે આ લીલું વૃક્ષ છે. જો તું જૂઠું બાલીશ તો તને આ વૃક્ષ ફૂટી નીકળશે ! તું સાચું જ બોલજે.” દશરથ રાજા કહે છે, “પંચો, તમે જ ભગવાન છો ! તમારા મોઢે ન્યાય. તમારાથી જ મરવાનું છે અને તમારાથી જ તરવાનું છે. વાસુકિ રાજા દ્વારા મારા ઉપર ખોટો વહેમ ધરવામાં આવ્યો છે. ‘પેયાંણ’ ની રાણીએ મારા ઉપર જૂઠો આક્ષેપ મૂકયો છે.

પંચો, જો હું જૂઠું બોલતો હોઉ તો મને લીલું તરણું ફૂટી નીકળે !'' પંચો કકા પદમણી પાસે આવે છે. અને કહે છે, ''રાણી, તારા માથે લીલું તરણું છે. જૂઠું બોલીશ તો ભગવાન ફૂટી નીકળશે ! માથે ભગવાન રાખીને બોલ જે અને ભગવાનનો ડર રાખજે !'' રાણી મનમાં વિચારે છે, ''આજે ઘી અને પાણીનું મૂલ્ય થઈ ગયું. દશરથ ઉપર મેં જૂઠો આક્ષેપ મૂકયો છે. કરવા ગઈ સવળું થઈ ગયું અવળું.'' પંચો આગળ રાણીની જીભ ઊપડતી નથી અને તે બોલી પણ શકતી નથી. પંચો વિચારે છે, ''દોષ તો આ રાણીમાં લાગે છે. રાણીએ બે ધર્મભાઈઓ વચ્ચે વિના કારણે વિખવાદ ઘાલ્યો લાગે છે.''

બધા પંચો વાસુકિ રાજા પાસે આવે છે. અને તેને કહે છે, ''રાજા, તમારે માથે રામ છે, મને તારા માથે પણ રામ છે ! અમે આવતા રવિવારે ધીજ કરાવીએ છીએ. જો દશરથ રાજા નિર્દોષ નીકળે તો તારે દશરથ રાજાને 'હૂઝકો' (દાવો) આપવો પડશે !'' રાજા પંચોની વાત માન્ય રાખે છે અને પંચો આવતા રવિવારે 'ધીજ' કરવાનું નકકી કરે છે.

દશરથ રાજા પાતાળમાંથી મારગે મારગે જોધ્યાનગરી (અયોધ્યાનગરી) માં આવે છે અને ધીજ માટે જરૂરી નાળિયેર, કોરું ધોતિયું, પાંચ હાથ લાંબી ચાદર વગેરે વસ્તુઓ એકઠી કરે છે. આ પછી રાજા ઉપર જે દોષારોપણ થયું છે, તેનાં સારા–જૂઠનાં પારખાં માટે આ રવિવારે પાતાળ અને પૃથ્વીની સરહદ ઉપર 'ધીજ' કરવાના છે, તેના સમાચાર આપતો 'જણ' (દૂત) અયોધ્યાનગરીમાં ફરે છે.

દશરથ રાજા 'ધીજ' માટે પાતાળની સરહદે જવાની તૈયારી કરે છે. જતાં જતાં રાણીઓને કહે છે, ''રાણીઓ, મારા ગયા પછી તેડલા મહેમાન પણ આવશે અને ખોટા મહેમાન પણ આવશે. આંગણે આવે તેને ખાવા વાળજો. આપણા ઘરની આબરૂ પ્રમાણે થોડીક તકલીફ લેજો.'' રાજાની વાત સાંભળીને કૌશલ્યા રાણી મુખ મચકોડે છે, અને કહે છે, ''રાજા, તે દિવસે તને પાતાળમાં જવાનું ના કહયું હતું પણ તેં મારી વાત માની નહીં. મેં કહયું હતું કે દરરોજ પાતાળમાં જવાથી કંઈ જોખમ ઊભું થશે. ત્યારે તો તું કહેતો હતો કે વાસુકિ તો મારો મા જણ્યો ભાઈ છે. તો પછી આજે આ નાળિયેર અને આ ચાદર અને ધીજ ની બધી વસ્તુઓ શા માટે લઈને ઉપડિયો છે?'' કૌશલ્યા રાણીનાં મહેણાં સાંભળીને રાજા કહે છે, ''રાણી, મને ખોટું લાગે એવું બોલીશ નહી. થોડા સમયમાં જ ચોખ્ખો થઈને પાછો આવું છું.'' રાજા પંચો અને

અયોધ્યા નગરીના કેટલાક માણસો સાથે પાતાળપુરી બાજુ જવાની તૈયારી કરે છે. તેઓ અયોધ્યાના ગાંદરેથી જતાં પહેલાં શુકન જુએ છે. રસ્તામાં જતાં જ જમણી બાજુએ ચીબરી બોલે છે. અને ડાબી બાજુએ દેવચકલી (દેવોલ) બોલે છે. પંચો રાજાને કહે છે, 'રાજા, ભગવાન ના ઘેર, ઘીના નિર્મળ દીવા બળે છે ! શુકન ઘણા જ સારા થાય છે. તું હદયથી શુધ્ધ રહે જે. તને તારીને પાછો લઈને આવીએ છીએ.

શનિવારની રાતે ખુલ્લા ખેતરમાં ડેરા તાણવામાં આવે છે. આગલી 'અંગારું' અને પાછલી 'પસારું' રાત જાય છે. વૃક્ષે પક્ષીઓ બોલવા લાગ્યાં છે. સોનાનો સૂર્ય ઊગવાની તૈયારી કરે છે. પંચો રાજાને કહે છે. "રાજા ઢીલ કરવાથી મોડું થશે. સૂર્યના ઊગતાં કિરણોમાં જ 'ધીજ' કરવાના છે. તમે ગંગામાં સ્નાન કરવા જવાની તૈયારી કરો." પંચો રાજાને ગંગા નદીમાં સ્નાન કરવા લઈ જાઈ છે. સ્નાન કરાવ્યા પછી પંચો બંને દેશના લોકો વચ્ચે ધીજની વિધિ કરાવવાનો આરંભ કરે છે. આ માટે પંચો ધમણ ધમાવીને એક સ્તંભ તપાવે છે. તેઓ દશરથ રાજાને માથા ઉપર હાથ મુકીને કહે છે, "રાજા, સાચો હોય તો તરી આવજે; જૂઠો હોય તો તારા કરમનો દોષ !" દશરથ રાજા ધીરે ધીરે બળતા સ્તંભ પાસે આવે છે. સ્તંભ ઉપર કીડીઓ ફરતી જુએ છે. કીડીઓના કારણે સ્વસ્થ થયેલો રાજા ધખધખતા સ્તંભને બથમાં લઈ ભેટે છે. એકઠો થયેલો માનવસમુહ આ દશ્ય એકચિતે જોઈ રહે છે. પણ વાસુકિ રાજા આ ધીજ ને સ્વીકારતો નથી !' તે કહે છે, "ઢોલને બરાબર તપાવો. આગથી તપેલા ઢોલને આરપર દશરથ રાજા પસાર થાય તો જ હું માનું કે તે નિર્દોષ છે."

પંચો અગ્નિમાં ઢોલ મૂકીને ધમણને ધમાવવા લાગ્યા છે. ઢોલની આરપાર દશરથ રાજાને બધી બાજુથી અગ્નિની જવાળાઓ નિકળવા લાગે છે. ઢોલની વચ્ચે તો નરદમ આગ બળે છે. આવા સખત રીતે ગરમ થયેલા ઢોલમાંથી દશરથ રાજાને નીકળવાનો આદેશ આપતા પંચો ખંચાય છે. તેઓ વિચારે છે કે, "આગ બની ગયેલા ઢોલમાંથી પસાર થવાની સાથે જ દશરથ રાજા બળીને ભસ્મ થઈ જશે." રાજા ધીમે ધીમે ઢોલની નજીક આવે છે. ઢોલની આજુબાજુ 'સોનવર' અગ્નિ સળગે છે. માનવ સમુદાય આ દૃશ્ય જોઈ રહયો છે. રાજા ભગવાનનું સ્મરણ કરીને ઢોલમાં માથું નાખે છે. ધીમે ધીમે તે ઢોલની આરપાર (સામે શેઢે) નીકળી જાય છે. દશરથ રાજા કહે છે, "હવે કંઈ બાકી રહે છે ?" પેયાંણ હું હજી માનવા તૈયાર

નથી. હજી તો તેની નિર્દોષતા પણ મને શંકા છે. તેને ગોળામાં ઘાલીને ચૂલા ઉપર મૂકો. ગોળા ઉપર ઢાંકણ ઢાંકીને નીચે અગ્નિ સળગાવો. આ પછી તે બળે નહીં તો હું માનું કે નિર્દોષ છે.'' દશરથ રાજા પેયાંણ ને કહે છે, ''આપણે બંને તો એક જ થાળીમાં જમતા હતા ! તું આવા પારખા ન લેતો ન ચાલે ?'' વાસુકિ રાજા કહે છે, ''તેં મારી પત્ની વિશે ભૂંડું કેમ ધાર્યું ?'' પંચો વાસુકિ રાજાના આદેશ પ્રમાણે મોટા પથ્થર મૂકીને ચુલો બનાવે છે. તેના ઉપર એક મોટો ગોળો ગોઠવે છે. દશરથ રાજા પઠારત વાવીને ગોળામાં બેસે છે. અને પંચો ગોળાના મુખ ઉપર ઢાંકણ ઢાંકે છે. આ ગોળાની આજુબાજુ 'સોનાવર' અગ્નિ ગોઠવે છે. જોતજોતમાં તો ગોળો જ્વાળાઓથી ઢંકાઈ જાય છે. એકાએક સખત તપેલો ગોળો ફૂટે છે. અને લોકસમૂદાય જુએ છે તો દશરથ રાજા લોકોના સમુદાય વચ્ચે અગ્નિજાળમાં પદ્માસન વાળીને બેઠેલા જોવા મળે છે. હવે રાજા ધીમે ધીમે ઊભો થાય છે અને આગમાંથી બહાર આવે છે. આ સમયે એકઠો થયેલો લોકસમુદાય અને પંતો આશ્ચર્યચકિત થઈ જાય છે. પંચો બોલી ઉઠે છે. ''સાયબો (ભગવાન) સાચો છે, અને તું પણ સાચો છે. તારામાં જરા પણ વળ (મલિનતા – કપટની આંટી ) નથી.''

વાસુકિનાગ કહે છે, ''હજી તો મને દશરથની સચ્ચાઈ ઉપર શંકા છે. હવે તમે જળના ધીજ કરો તો જ હું માનું !'' રાજાના કથનથી બધા જ પંચો ઉભા રહી જાય છે, અને કહે છે તારે આ રાજાને મારી નાખવો હોય તો સીધેસીધો મારી નાખ પણ દશરથ રાજાનું પારખું થઈ ગયું છે. તે નિર્દોષ છે, અને સાચો છે.'' વાસુકિ વિચારે છે. ''પંચોની વાત તદ્દન સાચી છે. બધો જ દોષ મારી રાણીનો છે. દશરથના ઘેર તો ઘીના દીવા બળે છે. મારા જ ઘેર તેલના બળે છે એ તો દર્પણ જોઈ લીધું. ડાઘ તો મારા મુખ ઉપર છે ! ભાઈ, તું મારા દિલમાં પણ સાચો છે. હવે કયાંય કશુંય શોધવા જવાનું નથી. મેં મારા ધર્મભાઈ ઉપર ખોટું કામ થયું. તે પંચોને કહે છે, ''ચાલો આપણે બધા પાતાળપુરીમાં જઈએ.'' પંચો કહે છે, ''ચાલો આપણે બધા પાતાળપુરીમાં જઈએ.'' પંચો કહે છે. વાંક તો બધો મારી રાણીનો છે. જગતમાં ખોટું કામ થયું. તે પંચોને કહે છે, ''ચાલો આપણે બધા પાતાળપુરીમાં જઈએ.'' મારી રાણીનું નસીબ ફૂટયું. તેણીએ નિર્દોષ પર જૂઠો આક્ષેપ કર્યો છે ! તેં વિના કારણે નિર્દોષ એવા દશરથ રાજા ઉપર દોષારોપણ કર્યુ. આવા સંજોગોમાં તારા અને મારા સંબંધો છૂટયાં. આ રહયા દશરથ રાજા, હવેથી એજ તારો ભરથાર !'' વાસુકિ રાજા એક વખતની પોતાની વહાલી રાણી કૈકેયીને પંચોને

સોંપે છે, અને પંચોને ઘણા માનથી ધોતિયાં ઓઢાડે છે, પંચો દશરથ રાજાને શિખામણ આપીને કૈકેયીને સોંપે છે. રાજા રાણીનો સ્વીકાર કરે છે. અને પંચો સાથે સાથે હાથ મેળાવો કરીને દરેક પંચને 'ધીજ'નો સવા રૂપિયો આપે છે. રાજા બધાને રામ રામ કરીને પાતાળપુરીમાંથી વિદાય લે છે.પાતાળ પુરી અને અયોધ્યાનગરમાં 'રોમારાઝ' (રામરાજ્ય) અને 'ખેમાકહોર' (ક્ષેમકુહળ) થાય છે.

## ૪. કૈકેયી (કકા પદમણી) :

રાજા અને રાણી અયોધ્યાનગરી તરફ આવે છે. મારગે મારગે આવતાં દશરથ રાજા વિચારે છે, "તે દિવસ વાડીમાં બાંડિયા નાગને આ રાણી વાતે વળી હતી. નાગનો ગર્ભ જો આ રાણીના પેટમાં હશે તો મારા દેશમાં 'ગજબ' થશે. જો આમ થાયતો મારા દેશમાં મારી જરા પણ આબરું રહેશે નહી," રાજા 'કકા પદમણી' ને કહે છે, "રાણી, કાલે તો તું પેયાંણની રાણી હતી અને આજે મારી રાણી થઈ. તે જેવું કર્યુ તેવું પામી. પણ તારા પેટમાં કોઈનો ગર્ભ હોય અને તેનું બાળક જન્મે તો અયોધ્યાપુરીમાં 'ગજબ' થઈ જાય. માટે તું સાચે સાચું બોલ જે, નહીં તો વળી કાલે ફરીને જોખમ ઊભું થશે !" રાણી એકાએક ઊભી રહી જાય છે. અને વિચારે છે, " કાલે મારે પતિ પાતાળનો પેયાંણ રાજા હતો. આજે પૃથ્વીનો દશરથ રાજા મારો પતિ છે. આજથી મારાં ગામ અને ગોંદરા બદલાઈ રહયાં છે. આજ વિચારીને દશરથને કહે છે, રાજા, મારા પેટમાં બીજ તો છે ! પણ નથી તો એ બીજ પેયાંણ રાજાનું કે નથી તો બાંડિયાનાગનું. પણ એક દિવસ વાડીનું કમળ સૂંઘ્યું હતું તે દિવસથી મારા પેટમાં કંઈક છે ખરું. મને છ–સાત માસ થયા છે." રાજા ઊભો રહી રાણીને વાત કરે છે. "રાણી તારા પેટમાં ગર્ભરૂપે જે હોય તેને બહાર કાઢ. પાતાળનાં જાનવર ઘણાં જ ખોટાં ! તેને જોઈને પૃથ્વીનાં મારા માનવી ડરી જશે." રાણી ભગવાનનું સ્મરણ કરે છે,"હે ત્રણ ભવનના નાથ! મારી વાત સાંભળ. મારા પેટમાં કોઈ પુરુષનો ગર્ભ નથી, ફૂલનો ગર્ભ છે. આ પણ તું જ આપનારો છે. મારા કર્મમાં લખેલું ફૂલ મને મળ્યું પણ આજે તેનું ઠેકાણું કરવાનો સમય આવ્યો છે." રાણીની 'ઓરાદ' ની વૈકુંઠપુરીમાં ખબર પડે છે. ભગવાન પૃથ્વીના ઉપર એક 'સોવન' કટારો મોકલે છે. જે રાણીના પગ આગળ આવીને પડે છે. કૈકેયી પગ પાસે પડેલો સોવન કટારો હાથમાં લે છે, અને પેટ ચીરીને ગર્ભ બહાર કાઢે છે. આ ગર્ભને ચૂંદડીના છેડે બાંધે છે. કુંભારના ઘેર જાય છે અને તેના આંગણે ઊભી

રહીને કહે છે, "કુંભારિયા વીરા ! હું અને બંને ભાઈ–બહેન હું તને ધર્મનો ભાઈ કરું છું. મારે લાંબા મારગે ચાલવાનું છે. રસ્તામાં તરસ લાગે ત્યારે પાણી પીવા માટે 'કાશીનો' એક ઘડો આપ." રાણી ઘડો લઈને વનમાં આવે છે. ચૂંદડીના છેડેથી ગર્ભને છોડી સાચવીને ઘડામાં મૂકે છે, અને તેનું મુખ બાંધે છે. રાણી હાથમાં ઘડો લઈને મારગે મારગે લાંબી ફાળે અને છોટે ડગલે આવે છે. રસ્તામાં ઘૂણી ઘાલીને તપ કરતા સાત ઋષિ (સપ્તર્ષિ) રાણીની નજરે પડે છે. તેણી આ ઋષિ પાસે આવીને ઊભી રહે છે, અને ઋષિને કહે છે, ઋષિ, તમે મારી વાત સાંભળો. હું તમને મારો ઘડો સોંપું છું. તમે આ ઘડાની સંભાળ રાખજો. ઋષિ કહે છે, "બાઈ, તેં આ ઘડામાં શું ભર્યુ છે ?" રાણી કહે છે, "ઋષિ, બીજી વાત પૂછયા વિના તમે આ ઘડાને આજથી ચાર મહિને ખોલજો !" આમ કહીને રાણી ઘડો ઋષિઓને સોંપીને દશરથ રાજા પાસે આવે છે. દશરથ રાજા અને કૈકેયી અયોધ્યા તરફ મારગે મારગે આવે છે.

## ૫. સીતા :

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજાગ' નો માજોગ આવ્યાં. રાવણ રાજા લંકાગઢનું રાજ કરે છે. રાજા કચેરી ભરીને બેઠો છે. રાવણ રાજા સરદારોને આજ્ઞા કરે છે, "આપણા રાજ્યની સોભમાં જે કોઈ પણ માણસ કર આપ્યા વિનાનો રહેવો જોઈએ નહીં." ભાગ્યવાનની જીભ બોલે અને અભાગીના પગ તૂટે. એક સિપાહીને કહેતાંની સાથે તો પંદર સિપાહી છૂટે છે. પંદરને કહેતા પચીસ સરદારો રાજ્યની સીમામાં જે કોઈ વસે છે તે સૌને કર વસૂલ કરવા લાગે છે. તેઓ કર વસૂલ કરતા કરતા આ રાજયની જમીન ઉપર બેસીને તપ કરતા હતા તે સાત ઋષિ પાસે આવે છે. તેઓ ઋષિ પાસે રાવણના રાજયની જમીન ઉપર બેસવાનો અને તપ કરવાનો કર માગે છે. યોગી કહે "સરદારો, અમે તો ઋષિ છીએ. શરીર ઉપર આ ચોળેલી રાખ સિવાય અમારી પાસે શું હોય ? અમે તો રોજ ઘૂણીમાંથી રાખ લઈને ચોળીએ છીઅ અને આ જમીન ઉપર તપ કરવા બેસીએ છીએ. અમે યોગી તમને શું આપીએ ?" ઋષિઓનો ઉતર સાંભળીને સૈનિકો ઝડપથી કચેરીએ આવે છે. અને રાવણ રાજાને કહે છે, "રાજા, અમે આપણી ઉપર વસે છે તે સૌ લોકોનો કર લઈને આવ્યા છીએ, પણ આપણા રાજયની સીમામાં સાત ઋષિ ઘૂણી ધખાવીને તપ કરવા બેઠા છે. ઘૂણીની રાખ સિવાય તેમની પાસે કંઈ નથી. તેમની પાસેથી કર લીધા વગર પાછા આવ્યા છીએ." રાવણ કહે છે,

"સરદારો, ઋષિ પણ આપણી જમીન પર સૂવે છે. બેસે છે અને તપ કરે છે તેમણે પણ કાયદા પ્રમાણે આપણી જમીનનો કર લાગે. આથી તેમની પાસે જે વસ્તુ હોય તે રાખ હોય તો રાખ પણ લઈને પાછા આવો." મોટા સ્વામીની આજ્ઞા થઈ.

ભાગ્યવાનના બોલ અને અભાગીના ભાગે ભાગ. બધા સરદારો દોડતા દોડતા લાંબી ફાળે છોટે ડગલે જોગિયોની ઘૂણીએ આવે છે, અને ધમકાવીને કહે છે, "યોગી તમે અહીં કોને પૂછીને બેઠા છો ? આ કોની જમીન છે તે તમે જાણો છો ? આ પૃથ્વી રાવણ રાજાની છે. તમે લંકાગઢની જમીન ઉપર બેઠા છો તેથી દાણ તો આપવું જ પડશે !" સૈનિકોની ધમકીથી ગભરાયેલા ઋષિ હાથ જોડીને કહેવા લાગ્યા છે. "અમે તમને જાણ્યા પણ નથી અને ઓળખ્યા પણ નથી. અમે તો જોગી છીએ; સૂની જમીન જોઈને તપ કરવા બેઠા છીએ. તમને દાણમાં આપવા જેવું તો અમારી પાસે તો શું હોય પણ એક સતીએ ઘડો સાચવવા આપ્યો છે. આ ઘડો અમે તમને આપીએ છીએ." ઋષિ સિપાહીઓને ઘડો આપીને કહે છે. "સરદારો, આ ઘડો અમે તમને સોંપીએ છીએ. આ ઘડાનું બાંધેલું મુખ અત્યારે ખોલતા નહીં. ચાર માસ પૂરા થાય પછી ખોલજો." સિપાહીઓ જોગીએ આપેલો ઘડો લઈને કચેરીમાં આવે છે, અને રાવણને ઘડો આપતાં કહે છે, "આ ઘડો જોગીએ આપ્યો છે." રાવણ પૂછે છે. "આ ઘડામાં શું ભર્યુ છે ?" સરદારો કહે છે, "એ તો અમને કહયું નથી. તેઓ એ તો એટલું જ કહયું છે કે ઘડાનું બાંધેલું મુખ ચાર માસે ખોલજો." સૈનિકોની વાત માન્ય રાખીને રાવણ રાજા જોગીએ આપેલા ઘડાને વાદળમહેલના ભમર આળિયામાં મૂકે છે, અને વિચારે છે, " આ તો ઋષિની વસ્તુ છે. આ ઘડામાંથી શું વસ્તુ પાકીને પૃથ્વી બહાર આવે છે એ તો જોઉ !" દિવસ રાત પસાર થાય છે. બંધ ઘડામાં રાત દિવસ ફૂલ જેવી કુંવરી રમે છે અને ઘડો ધ્રુજવા લાગ્યો છે. દિવસો ગણાતાં માસ થાય છે. ચાર માસ અહિં પૂરા થાય છે. રાવણ રાજા કચેરીમાં આવે છે. કુતૂહલને વશ થયેલો રાજા મહેલના ભ્રમર આળિયામાં મૂકેલો ઘડો મંગાવે છે. કચેરી વચ્ચે મૂકેલા ઘડાને વંદન કરે છે. અને વિચારે છે, "આ તો ઋષિનો આપેલો ઘડો છે ન જાણે ઘડામાં શું હશે ?" રાજા ધીમે ધીમે ઘડા ઉપરનું વસ્ત્ર છોડે છે અને જુએ છે તો ઘડામાં પૂરી પૃથ્વીનું રૂપ ભર્યુ છે. ઘડમાં ફૂલ જેવડી કુંવરી નજરે પડે છે. રાવણ આશ્ચર્ય પામે છે અને નિઃસંતાન રાજા કુંવરીને જોઈને આનંદિત થાય છે. તે વિચારે છે,"ઘણી રાણીઓ હતી છતાં આજ દિન સુધી દીકરી કે દીકરો જોવા મળ્યાં નથી. પણ આજે સામે ચાલીને આ દીકરી મારે ઘેર આવી છે." કુંવરી રાવણના

વિચારો પર હસતી વિચારે છે, “તે નવગગ્રહ તો તારા ઢોલિયાના પાયે બાંધ્યા છે.” પણ દસમોગ્રહ ટળી ગયો છે. આ ગ્રહે આજે તારા ઘેર જન્મ લીધો છે.” દીકરી જોઈને ઘણો જ હર્ષિત થયેલો રાવણ જાતે જ ઊંધું નગારું સીધું કરે છે, અને તેના ઉપર રમી રમીને અમર ગેડી મારે છે. નગારાના અવાજથી મહેલોના કાંગરા ધ્રુજવા લાગ્યા છે. અને રાણીઓ વિચારે છે, “આવું નગારું વાગતાં તો આ જગતમાં આજ દિન સુધી આંભળ્યું નથી ! આજે આપણી કચેરીમાં આવું નગારું કેમ વાગે છે ?”

ગઢના લોકો કાન માંડીને નગારાનો અવાજ સાંભળે છે, અને વિચારે છે, “રંગ રાવળે (રાજ મહેલે) આજે નગરજનોને આનંદ કરવાનું નગારું વાગે છે.” હોળી રમવાના અને ‘સોડમ’ લેવાના જે લોકો રસિયા છે તેઓ આનંદિત થતા કટકટાવીને કમર બાંધે છે અને વાદળમહેલ તરફ આવવા લાગે છે.

રાવણ રાજા સરદારોને કહે છે, “સરદારો વિલંબ કરે મોડું થાય છે. હવે ઢીલ થઈ ચાલે. કાબરીપટોરી જાજમો પાથરો આપણા મહેલ તરફ આખું નગર આવી રહયું છે. મહેલનો આખો માણેક ચોક ભરાઈ જશે.” તે આગળ કહે છે, “વાણિયાલોકોને મારો સંદેશો આપી આપણા રાજમહેલના આંગણામાં ખાંડની દુકાન મંડાવો. આજે તો આનંદનો દિવસ છે. જે લોકો આપણી કચેરીની જાજમો ઉપર બેસે તેમને જાશરૂ ખાંડ વહેંચો. મીઠાઈ વહેંચતી વખતે એટલો ખ્યાલ રાખજો કે નબળું કે સબળું કોઈ પણ જન બાકી રહી ન જાય. ગઢમાંથી કોઈ પણ જન નિસાસા નાખી ન જવું જોઈએ નહીં. આપણા ઘેર ફૂલવંતી કુંવરીનો જન્મ થયો છે.” લંકાગઢમાં કુંવરીનો જન્મ ટાણે જાજમો ઉપર હાટેબજારે અને શેરીએ મસરૂખાંડ, ખારેક, ખોપરાં (ટોપરા) અને માળવીઓ ગોળ વહેંચાઈ રહયો છે. રાજમહેલના આંગણે નટ ખેલ કરે છે. બધે આનંદ થઈ રહયો છે.

કુંવરીને જોઈને આનંદિત થયેલી રાણીઓ ફૂલકુંવરીને સોનાના પારણામાં પોઢાડે છે, અને સોનાના વીંજણાથી વાયરો ઢોળે છે. તેઓ હીરની દોરી ખેંચીને ઝીણી ‘ઘુમરીઓ’ ઘાલે છે. લંકાગઢમાં ઘણું રૂડું થયું છે. રાજા સરદારોને આદેશ આપતાં કહે છે, “ભણેલા જોશીને તેડી સાવો. આપણી કુંવરીનું નામ પાડયું છે. કુંવરીનો કયાં નક્ષત્રમાં જન્મ થયો છે, તે તો જાણીએ !” રાજાના આદેશથી સરદારોને આદેશ આપતાં કહે છે. કે બધા દોડતા થઈ ગયા છે.

ઝડપથી ચાલવાના કારણે તેઓનાં કપડાંનો પાલવ વાત કરે છે. અને પગની પાની હોંકારો દે છે. તેઓ જોશીના આંગણે આવીને ઊભા રહે છે. અને બહારથી બૂમ પાડે છે, "હે ભણેલા દેવતા ! તું જાગતો હોય તો બહાર આવ." જોશી વાદળ મહેલની અગાશીમાં આવે છે, અને સરદારોને પૂછે છે, "સરદારો, તમે કંઈ બાજુથી આવો છો અને કંઈ બાજુ જાઓ છો ? તમારે અહીં આવવાનું કયું પ્રયોજન છે ?" સરદારો કહે છે, "અમે તો રાજાની માફક આજ્ઞા થઈ અને તમારે આંગણે આવ્યા છીએ. રાજા તમને ટીપણું લઈને બોલાવે છે." જોશી ચાર જુગનું ટીપણું લે છે. પગમાં ચાખડીઓ પહેરે છે. હાથમાં કમળલાકડી લે છે, અને 'ઘરમર ઘરમર' વાદળ મહેલ ઊતરે છે. સરદારો મારગે મારગે માન સહિત ભણેલા દેવતાને લઈને આવે છે. બધા માણેકચોકમાં આવે છે. રાવણ લાંબી નજરે ભણેલા દેવતાને જુએ છે અને સિંહાસનેથી ઊભો થઈને તેને માન સહિત લેવા સામે જાય છે. બ્રહ્મદેવતાની પ્રદક્ષિણા કરી પાયે લાગે છે અને આગળ કચેરીમાં લઈ આવે છે.

આ રીતે રાવણ રાજા કુંવરીનું નામ પાડવા અને તેનું નસીબ જોવા એકસો અને સાઈઠ જોશીને એકઠા કરે છે. બધા જોશી લંકાગઢની કચેરીમાં લીલી પીળી જાજમો ઉપર બેઠા છે. સોનાના સિંહાસન ઊપર બેઠેલો રાવણ તેઓને સંબોધીને કહે છે, "હે, જોશીઓ ! મારા ઘેર પુત્રીનો જન્મ થયો છે. આપણે તેનું નામ પાડવાનું છે. તે કયા નક્ષત્રમાં જન્મી છે ? હવે તમે મન મૂકીને તેનું નસીબ જુઓ." એકસોને સાઈઠ ભણેલા દેવતા 'ચાર જુગ'નું ટીપણું બહાર કાઢે છે અને પાનાં ફેરવી ફેરવીને રાવણની કન્યાનું કહે છે,"રાજા, આ કન્યાનું નામ સીતા આવે છે." આ પછી જોશી વિસ્તારથી સીતાનું ભવિષ્ય જોવા લાગ્યા છે. ટીપણું જોતાં જોતાં બધા જ જોશી નકારમાં માથું ધુણાવવા લાગ્યા છે. જોશીઓનું નકારાત્મક વલણ જોઈને રાજા તેઓને પૂછે છે, "જોશી, આમ તમે બધા એક સાથે માથાં કેમ ધુણાવો છો ? મારી આ ફૂલકુંવરી કયા નક્ષત્રમાં જન્મી છે તે તમારે ધ્યાનથી જોવાનું છે. તમે બધા એકચિતે બરાબર ધ્યાન રાખીને ટીપણું જુઓ. એ વાતનો ખ્યાલ રાખજો આ કચેરીમાં તમારા પગે ચાલીને આવ્યા હતા પણ હવે અહીંથી મારા પગે જવાનું છે !" જોશી કહે છે, "તમે લંકાગઢના મોટા રાજા છો એ વાત અમે જાણીએ છીએ. પણ અમે તમને સાચી વાત કહીએ તો તમને ખોટું લાગે. આથી અમે બધા મનમાં ને મનમાં હિજરાઈ છીએ. કુંવરી નો જન્મ તો સાચે જ ખરાબ નક્ષત્રમાં થયો છે. તેના ભવિષ્ય વિશે અમે

જાણના હોવા છતાં કહી શકતા નથી. રાવણ કહે છે, ''જોશી, તેનું જેવું ભવિષ્ય જોવા મળે તેવું જ ભાખો !'' ''રાજા તારે અમને મારી નાખવા હોય તો મારી નાખજે. અમે તો ભગવાનના ઘરનું સાચું ટીપણું વાંચીએ છીએ. અમારા જોયા પ્રમાણે તો આ કુંવરી સાથે તારો ઘરવાસો લખ્યો છે. આ તારી પુત્રી તારી પત્ની થશે ! હે રાજા, ભગવાને આવા અવળા લેખ કેમ લખ્યા હશ. ?'' જોશીની વાત સાંભળીને તેમના ઉપર ગુસ્સે થયેલા સરદારોને સંબોધીને રાજા કહે છે, ''સરદારો, ભણેલા દેવતાઓને મારીશું તો જગતમાં ખોટું કામ થશે. તેમનો શો દોષ ? આપણા કરમના દોષ ! મારી દીકરી મારી વેરણ થઈને આવી ! ભગવાને ખોટા નક્ષત્રમાં જન્મ આપ્યો. હવે આને ગંગામાં પધરાવો. તેને મગર–માછલાં ખાઈ જશે. આથી તે જીવતી રહેશે નહીં અને મારી સાથે ઘરવાસો થશે પણ નહીં.'' હવે તે જીવતી રહેશે નહીં. હવે તે આદેશ આપતાં કહે છે, ''સિપાહીઓ, તમે વાદળ મહેલમાંથી સીતાને પારણા સાથે નીરે ઉતારો અને ગંગામાં પધરાવો.'' રાવણનો આદેશ થતાંની સાથે નીચે પંદર સિપાહીઓ સાથે દોડે છે. તેઓ વાદળમહેલમાં આવે છે અને રાણીઓને જોશીએ કન્યાના ભાખેલા ભવિષ્યની વાત કહે છે. આ પછી તેઓ રાજાના આદેશની વાત કરે છે. સિપાહીઓની વાતો સાંભળીને રાણીઓ મહેલની દીવાલે માથાં પછાડી પછાડીને રડે છે, અને ભગવાનને શાપ બોલે છે, ''ભગવાન તારું મૂળ જજો ! દીકરી આપી પણ પૂરે હાથ નહીં આપી.'' સિપાહીઓ સીતાનું પારણું વાદળમહેલમાંથી નીચે ઉતારવા લાગ્યા છે. હાથમાંથી સોનાનો વીંજણો નાખી દઈને દરવાજા સુધી સીતાને જોવા આવેલી દાસીઓ રડવા લાગી છે. સિપાહીઓ સીતાનું પારણું શેરી બજારે લાવે છે અને હાટમાં ઊભા વાણિયા રડવા લાગ્યા છે.

સિપાહીઓ લાંબી ફાળે અને છોટે ડગલે ગંગા ઘાટ આવે છે, અને પારણું નીચે મૂકે છે. તેઓ પારણમાં જુએ છે. બાળકી તો અડધી પૃથ્વીનું રૂપ છે. તેના રૂપને જોઈને સૂર્ય પણ ઝાંખો પડે છે. ફૂલ જેવી કુંવરીને ગંગામાં પધરાવતાં જીવ ચાલતો નથી. સૈનિકો વિચારે છે કે, ''મોટા માણસોને શાની દયા ? પણ આપણે કેમ કરીને મન મજબૂત કરીએ ? આવા ફૂલને કેમ કરીને ગંગામાં પધરાવીએ ? કુંવરીને બંધ પેટી જેવા પારણામાંથી બહાર કાઢીને ગંગામાં પધરાવીશું તો મગર માછલાં ખાઈ જશે અને પાપ લાગશે. કિનારા ઉપર મૂકીને ચાલ્યા જઈશું તો જંગલી જાનવરો ખાઈ જશે. આથી પણ આપણે પાપના ભાગીદાર તો બનશું જ જતાંની સાથે રાવણ

રાજા કુંવારીના સમાચાર પૂછશે ત્યારે આપણે શું જવાબ આપીશું ?'' આ પછી બધા સિપાહી ચારે બાજુથી વિચારીને એક મત થઈને નકકી કરતાં કહે છે, '' આપણે આ કુંવારીને પારણા સમેત જ ગંગામાં પધરાવીએ. તેણી બંધ પારણામાં હશે તો મગર–માછલા ખાઈ શકશે નહીં.'' હવે સૈનિકો બાળકીને સંબંધીને બોલે છે, ''ફૂલકુંવરી ! જગત ઉપર જીવની રહે તો ઘર માંડજે ! મગર–માછલાં ખાઈ ગયાં તો 'નટવર ગડ ઝોઆર' !'' તેઓ પારણાની પ્રદક્ષિણા કરીને સીતાને વંદે છે. દુઃખી થતા પારણા સમેત ગંગામાં વહેતી મૂકે છે, અને તરત પાછા વળી જાય છે. ગંગામાં પવનની લહેરો આવે છે. કુંવારી તો ગીતો ગાય છે અને વહેતી વહેતી ગંગાના પ્રવાહમાં જઈ રહી છે.

## ૬. જનક રાજા :

એક દિવસનો 'સમાજોગ' આવ્યો છે અને 'સમાજોગ' નો મહાજોગ આવ્યો છે. જનક રાજા અને કરમો ધોબી ગંગામાં નાહવા માટે આવે છે. ધોબી રાજાનાં કપડાં ધુવે છે અને જનકરાજા લાંબી નજરે જુએ તો દૂર ગંગામાં જળકૂકડી જેવડું તરતું તરતું આવી રહયું છે. રાજા ધોબીને કહે છે, ''ધોબી, ગંગામાં તરતું તરતું કંઈક આવી રહયું છે,'' ઊંધું ઘાલીને કપડાં ધોતો ધોબી કહે છે, ''રાજા, ગંગા–જમનામાં જળના જીવ તો ઘણા ફરે ! કોઈ જળનો જીવ પાણીમાં ફરતો હશે !'' થોડી વાર થાય છે અને ઉંધા માથે કપડાં ધોઈને થાકેલો ધોબી ગંગાના પ્રવાહ ને લાંબી નજરે જુએ છે તો પાણીના પ્રવાહમાં પારણું તણાતું આવે છે. પારણાને જોઈને લલચાયેલો ધોબી જનક રાજાને કહે છે, ''રાજા, તમે માનો તો એક વાત કરું. પાણી ઉપર તણાઈને આવે છે તે પારણું મારું. આ પારણામાં હું આખા નગરનાં કપડાં ભરીશ.'' રાજા કહે છે.''પારણાંમાં મે હોય તે મારું !'' કારમો ધોબી ગંગાને પડીને વહેતા પ્રવાહમાંથી પારણાંને પકડીને જાળવીને કિનારા ઉપર લઈ આવે છે. જનક રાજા દોડીને પારણા પાસે આવે છે. બંને પારણમાં પૃથ્વીનું રૂપ ભર્યુ છે. માથું તો પાણીવાળા (પણસિયું) નાળિયેર જેવું છે તો પારણામાં પૃથ્વીનું રૂપ ભર્યુ છે. અને આંખે ભમરા 'લુમબ્યા' છે કંકુ રંગના હોઠ છે. નાક દીવાની રાગ જેવું છે. નયન ખાંડાની ધાર જેવાં છે. મુખ પૂનમના ચંદ્ર જેવું છે. કન્યા તો અડધી પૃથ્વીનું રૂપ જેવું છે. જનક રાજા એક પગે ઊભા રહીને ભગવાનને વંદે છે અને કહે છે, ''ભગવાન આખી જીદંગી શોધ્યું પણ બાળક જોવા પામ્યો નથી ! પણ આજે આ દીકરી ગંગાના તીર ઉપરથી મળી આવી.

ભગવાન આપી તો, પૂરા હાથે આપજે ! રાજા, કુંવરીના જમણા હાથે લેખ જુએ છે તો 'સીતા' નામ નજરે પડે છે. આનંદથી અધીરો થયેલો રાજા ધોબીને કહે છે, ''વીરા, હવે ઢીલ કરે તો મોડું થાય છે. તું વાદળમહેલમાં જા, અને રાણીઓને ખબર આપ કે તેઓ વાજમી વહેલમાં બેસી હાથમાં દેવગરો થાળ લઈને કુંવરીને વધાવવા ગંગાના ઘાટ ઊપર આવે. કચેરીમાં જઈને સરદારોને કહે કે, તેઓ ઊંધા નગરા સીધાં કરી નગારે ડંકા પાડે. જેથી નગરીના લોકોને ખબર પડે કે આપણા આંગણે સારો અવસર આવ્યો છે. આથી નગરજનો પણ રાણીઓ સાથે કુંવરીનું સામૈયું કરવા ગંગાઘાટે આવે.''

મોટા ધણિયાંના બોલ અને અભાગીના લાગ્યા ભોગ. રાજાના કહેવાની સાથે કરમો ધોબી લાંબી ફાળે અને છોટે ડગલે મારગે મારગે માણેકચોકમાં આવે છે. તે 'ઘરમર ઘરમર' વાદળમહેલ ચડે છે અને રાણીઓને રાજાના સમાચાર આપતાં કહે છે, ''માતા, ગંગામાતાએ આપણને કુંવરી આપી છે ! રાજા બાળકીને લઈને ગંગામાતાના ઘાટ બેઠા છે. તમે કન્યાને વધાવવાની તૈયારી કરો.'' રાણીઓને સમાચાર આપીને ધોબી મહેલમાંથી ઝડપથી કચેરીમાં જાય છે. અને સરદારોને રાજાનો સંદેશો આપતા કહે છે, ''સરદારો, તમે ઊંધા નગારાં સીધાં કરો અને નગારચી પાસે ડંકા પડાવો. જેથી નગરજનો જાણે કે રાજાના આંગણે શુભ અવસર આવ્યો છે. આપણા રાજા સંતાનવાળા થયા છે. આપણે બધાએ કુંવરીને વધાવવા ગંગાઘાટ જવાનું છે.

સરદારોના આદેશથી નગારચી ઊંધાં કરે છે અને નગારે અમર ગેડી રોળવે છે. રાજમહેલના કાંગરા ધ્રુજવા લાગે છે અને નગરના લોકોને ખબર પડે છે કે રાજમહેલમાં કંઈક શુભ અવસર આવ્યો છે. હર્ષઘેલાં થઈને બધાં નગરજનો વાદળમહેલ તરફ આવે છે. વહેલિયો સોને–રૂપેથી મઢેલી ઉજળી વહેલ રાણગારે છે. રાણીઓ દેવગરા થાળમાં કંકુ અને ચોખા લઈ ખજૂરિયાળા દીવા મૂકે છે. તેઓ વહેલમાંથી નીકળે છે અને તરત જ તોપનાં નિશાન પડે છે. ઢોલ નગારા અને તુરાઈ વાગે છે. વાજમી મહેલ નગરજનો સાથે ગંગાઘાટ તરફ જઈ રહી છે. 'ધૂંધળી' રેતી ઊડે છે અને રેતીના કારણે ડુંગરે 'બાળુફણી (રેતીના વાદળ) જામી છે. માનવસમુદાય ગંગાઘાટ આવી પહોંચે છે. અને રાજા કુંવરી લઈને ઊભો થાય છે. રાણીઓ કુંવરીના કપાળમાં કંકુનું તિલક કરી ખજૂરી યાળા દીવાથી કુંવરી અને રાજાને વધાવે છે.

રાણીઓ ભગવાન ને અરજ કરતા કહે છે, “હે ભગવાન ! કુંવરી આપી તો ભલે આપી તેને કુશળ રાખજે. અમે તો આ જીવનમાં પહેલું જ બાળક જોયું છે.”

રાણીઓ રાજા પાસેથી કુંવરીને લે છે અને વાજમી મહેલમાં બેસે છે વહેલિયો વીરો ‘આળ’ (લાકડીના અગ્રભાગે જડેલી લોઢાની તીક્ષ્ણ અણી) દે છે, અને બળદો ઊડવા લાગે છે. પાછળ પાછળ ધૂળ ઊડે છે અને સુકાયેલા પાંદડાં વંટોળની માફક આકાશમાં ચડે છે. રાજા અને રાણી કુંવરી લઈને વાદળમહેલના આંગણે આવે છે. રાણીઓ મહેલમાંથી નીચે ઊતરેછે અને હાથમાં  દેવગરો થાળ લે છે. થાળમાંથી કંકુ અને ચોખી લઈને પહેલું તિલક બળદને કરે છે; બીજું તિલક વહેલને કરે છે ; ત્રીજું તિલક વહેલિયાને કરે છે. છેલ્લે સીતાને તિલક કરીને તેને ‘રૂવેલ’ બાળોતિયામાં લે છે અને સોનાની થાળીમાં મૂકીને ‘ઘરમર ઘરમર’ વાદળમહેલ ચડે છે. માણેકચોકમાં તૂરી તાં તો તોડે છે; નટ – તરગાળા ખેલ કરે છે ઊપર ખાંડ વહેંચાય છે. હાટે અને બજારે ખારેક અને ટોપરું વહેંચાય છે. વૃધ્ધ નગરજનો રાજાની વિદાય લઈને જતાં જતાં શિષામણ આપતાં કહે છે, “રાજા, ઘણી મોટી ઉંમરે ભગવાને તને કુંવરી આપી છે. તું તેને સાચવજે કુશળ રાખજે.”

જનકરાજાની વડી રાણી ભગવાનને અરજ કરતાં કહે છે, “ભગવાન કુંવરી તો હજી ઘણી નાની છે. તેને દૂધ વિના કઈ રીતે મોટી કરીએ ? રાણીની પ્રાર્થના સાથે જ તેના સ્તનોમાંથી દૂધની ધારા છૂટયા લાગી છે અને રાણી કુંવરીને ડાબાં–જમણાં સ્તનો ધવડાવવા લાગી છે. રાણીનું દૂધ પીને દિવસ રાત મોટી થવા લાગી છે.

## ૭. શ્રવણકુમાર :

શ્રવણકુમાર પત્નીને કહે છે, “મારા માતા–પિતા આંધળાં થયાં છે ; તું તેઓની સેવા કર.” પત્ની કહે છે,” તારા–પિતાને મારી નાખ. નહીંતર ઊંડા કૂવામાં નાખ પણ હું સેવા તો નહીં જ કરું ! શ્રવણને પત્નીનાં વચન કડવા લાગે છે. તે કહે છે, “તું સેવા નહીં કરે તો હું કરીશ.”

શ્રવણ મારગે મારગે વાણિયાના હાટે જાય છે, અને હાટમાંથી લીલું પીળું કાપડ ખરી દે છે ; ત્યાંથી દરજીને ઘેર જઈને ઝીળી સિવડાવે છે. ઝોળી ઉપર મા–બાપ મંડાવે છે.

ઝોળી લઈને મારગે મારગે પાછો આવે છે. એક ઝોળીમાં માતા અને બીજીમાં પિતાને

બેસાડે છે. સાથે ઘડો અને ખોરાક લે છે. જતાં જતાં પત્નીને કહે છે,‘‘તારા જેવી તો એકસોને સાઈઠ લાવી શકું છું. પણ માતાપિતાને કયાંથી લાવી શકું ?

શ્રવણ માતાપિતાને ખભે ઊંચકીને એક વનમાંથી બીજા વનમાં જાય છે. ફરતો ફરતો કદળીવનમાં આવે છે. કદળીવનમાં આવતાં આવતાં માતાપિતા તરસ્યાં થયા છે. આંખે આંધળાં અને પગે લંગડાં માતાપિતાને ઝાડની છાયા નીચે ઉતારી સમુદ્રે જળ લેવા જાય છે. શ્રવણ ઘડો લઈને જળ ભરવા સમુદ્રકિનારે આવે છે. પક્ષીએ ચાંચ પણ બોળી જ હોય એવું નિર્મળ જળ ભરેલું છે. વધુ નિર્મળ જળ લેવા પાણીને ડહોળવા ભાગે છે.

સમુદ્રના જળની ચોકી દશરથ રાજા કરી રહયો છે. દૂરથી દશરથ કાન સરવા કરીને સાંભળે છે. પાણી ડહોળવાનો અવાજ તેના કાજે પડે છે. તે વિચારે છે, ‘‘કોઈ જંગલી જાનવર જળ પીવા આવ્યું લાગે છે. તેણે આ નિમજાળ નીર વટલાવ્યું લાગે છે. દશરથ રાજા ધનુષ્ય પર તીરનું સંધાન કરે છે. અને અવાજની દિશામાં બાણ છોડે છે. શ્રવણને બાણ લાગે છે. અને રામનું નામ લેતાં લેતાં જમીન પર ઢવી પડે છે. દશરથ વિચારે છે, ‘‘બાણ વાગતાંની સાથે મારા પુત્રનું નામ કોણે લીધું ? કોઈ નજીકનો સ્નેહી–સંબંધી લાગે છે. તે દોડતો સમુદ્રકિનારે આવે છે. દૂરથી તેને મનુષ્યના દર્શન થાય છે અને ધ્રાસકો પડે છે. નજીક આવી ને જુએ છે તો શ્રવણકુંવર નજરે પડે છે. તીર તેની આરપાર નીકળી ગયું છે. તે ભો ભો વિચારે છે, ‘‘જેમ જીભથી છૂટેલા બોલ પાછા વળતા નથી તેમ પણછમાંથી છૂંટેલું તીર પણ કયારેય પાછું વળતું નથી !’’

શ્રવણનો જીવ જાય છે અને પાછો આવે છે. તે દશરથ ને કહે છે, ‘‘તે તારું કર્યુ હવે તારી સાથે લોઢાથી કે લાકડાથી લડી શકવાનો નથી. મારાં માતાપિતા આંખે આંધળા અને પગે લંગડા છે. ઘરની પત્નીના કડવા બોલે વનમાં આવ્યો અને માતાપિતા પહેલાં હું મોક્ષ પામું છું. જેવા વિધાતા ના લેખ ! તેઓ આંખે દેખી શકતાં નથી અને પગે ચાલી શકતાં નથી. તેઓ વનમાં કયાં જશે ? તેઓનો તરસે જીવ જાય છે. તું પાઈ શકે તો પાણી પા. નહીંતર આ તીરથી જ તારું મરણ નકકી છે !

શ્રવણના પ્રાણ છુટે છે અને દશરથ પાણીનો ઘડો ભરીને વૃક્ષની છાયાએ આવવા લાગે છે. પગરવ સંભળાય છે અને શ્રવણનાં માતાપિતા કાનને સરવા કરે છે. તેઓ કહે છે, ‘‘કોઈ જંગલી જાનવર આવે છે કે પછી માણસનો પગરવ સંભળાય છે ?’’ દશરથ તેઓની પાસે

આવીને કહે છે, "મા–બાપ જાનવર તો નથી, તમારો દીકરો છું ! પાણી લઈને આવ્યું છું." તેઓ દશરથની બોલાશ ઓળખે છે. અને આવેશમાં આવીને કહે છે, "તું કોને માતાપિતા કહે છે ? તું કોણ પાપી છે ?" દશરથ વિચારે છે, "હવે હાથ તો રાશ ઘસવાથી વઢાઈ ગયા છે ! બંને વૃધ્ધ આંખે આંધળાં અને પગે લંગડા છે. તેઓને સાચી વાત કહેવી જ પડશે." દશરથ કહે છે, "મારી ભૂલ થઈ છે. અવાજની દિશામાં બાણ છોડયું અને તમારો દીકરો મુકિત પામ્યો છે!" દશરથના વેણથી શ્રવણનાં માતાપિતા વિલાપ કરવા લાગ્યાં છે. તેઓ દશરથને કહે છે, " અમને ઝોળીમાં બેસાડી એક ગામથી બીજે ગામ અને એક શહેરથી બીજે શહેર ફરી યાત્રા કરાવતો હતો. તે અમને વનની વચ્ચે મૂકયાં ! હવે કોણ અમને ખાવાનું આપશે અને પાણી પાશે. અમે કયાંયનાંય નહીં રહયા. જા, તારું પણ તે તીરથી જ મૃત્યુ થશે !"

ભગવાનને વારતા રાખવાની હશે. તેઓ ભગવાનનું સ્મરણ કરે છે અને વૈકુંઠપુરીમાં ભગવાનને ખબર પડે છે. આકાશ માર્ગેથી અમર પાલખી આવે છે, અને બંને પાલખીમાં બેસીને આકાશમાર્ગે  ડી જાય છે.

ઘી પાણીનું મૂલ્ય થઈ ગયું. દુ:ખી  હૃદયે દશરથ શ્રવણના શબ પાસે આવે છે. ચંદનના લાકડાની ચિતા ગોઠવે છે અને શ્રવણને ચિતા ઉપર સુવાડે છે. તે આગ દે છે અને સતયુગની વારતા કળયુગમાં આગળ ચાલે છે.

દશરથ રાજા દરિયા કિનારે આવે છે, અને શ્રવણને લાગેલું તીર હાથમાં લે છે. તે વિચારે છે, "શાપના કારણે આ તીરથી મારું મરણ થશે." એકાએક તેના મનમાં વિચાર ઝલકે છે અને રાડાને ભાગીને લોઢાના તીરને અલગ કરે છે. તે વિચારે છે, "આ તીર રહેશે તો જ મારું મૃત્યુ થશે ને ?" દરિયાકિનારે આવેલી ખરબચડી શિલા પર બેસે છે, અને દરિયાનું પાણી નાખી તીરને ઘસવા લાગે છે. રાજા તીરને ઘસનો જાય છે અને જોતો જાય છે. ઘસી ઘસીને તીર ને ' આંગતિયા' (સ્ત્રીના કાનનું પાતળું ચપટું આભૂષણ) જેવું પાતળું બનાવી નાખે છે. લોઢાની ભૂકીને પાણીની છાલક મારી દરિયામાં નાખે છે.

દશરથ રાજા તીરને હરરોજ થોડું થોડું ઘસે છે. ભગવાનને વારતા રાખવી હશે. જેથી ઘસાઈને ચપટું થઈ ગયેલું તીર ઘસતાં ઘસતાં રાજા દશરથના હાથમાંથી છટકી જાય છે. અન દરિયાના જળમાં રમવા લાગે છે. એક મોટું માછલું દૂરથી ચળકનું આ તીર જુએ છે અને દોડતું

આવીને ગળી જાય છે.

દશરથ રાજા કિનારે બેઠો બેઠો વિચારે છે, ''હવે તો તીરનો પાતળો ટુકડો કાદવમાં ખૂંપી જશે અને કટાઈ જશે. હું મોતની ઘાતમાંથી મુકત થયો છું ! શ્રવણ અને તેના માતા–પિતાના બોલ અવશ્ય ખોટા પડયા !'' મોતના વિચારોમાંથી મુકત થયેલો દશરથ આનંદ પામે છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહાજોગ ' આવ્યો. માછીમારો નાવ અને જાળ તૈયાર કરે છે. માછલાંને પકડવા જતાં પહેલાં શિકારના દેવ 'આયરા' નું સ્મરણ કરે છે, ''આ પછી નાવ લઈને સમુદ્રકિનારે આવે છે. નાવ સમુદ્રમાં તરતી મૂકે છે અને પાણીમાં જાળા નાખે છે. ભગવાનને વારતા રાખવી હશે તે બીજા માછલાંની સાથે તીર ગળી ગયું હતું તે માછલું પણ જાળમાં ફસાય છે. માછલાં ભરેલી જાળ સમુદ્રકિનારે મોટી શિલા ઉપર ઠાલવે છે. ઘણાં માછલાં જોઈને હરખાતા તેઓ ઘસી–ઘસીને સાફ કરે છે અને સૌથી મોટા માછલાને અસ્તારાથી ચીરે છે. પેટ ચીરીને અંદર જુએ છે તો તીરનો ટુકડો નજરે પડે છે. તેઓ વિચારે છે, ''આ તો લોઢું છે અને તેને લઈને લુહારના ઘેર જઈશું. તેનું આપણા કામનું કોઈ સાધન બનાવીશું. આપણા ઊપયોગી કોઈ સાધન નહીં બને તો લુહારને વેચી દઈશું.''

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહાજોગ' આવ્યો. માછીમાર લાલુ લુહારના ઘરે જાય છે અને તીરનો ટુકડા બનાવીને કહે છે, ''લાલુ, આનો અસ્તરો બનાવી આપ.'' ગજવેલનું તીર જોઈને લાલુનુ મન બગડે છે, '' આનો તો અસ્તરો નહીં ઘડી શકાય. આ તો ઘણું ઓછું લોઢું છે. તમારે વેચાતું આપવું હોય તો હું તમને પૂરના પૈસા આપું.'' માછીમાર એકબીજાની સામે જુએ છે અને વિચારે છે, ''આપણે કયાં આ લોઢાના પૈસા આપ્યા છે ? વેચી મારીને પૈસા વહેંચી લઈએ.'' લાલુ નરદમ ગજવેલ પારખીને પચ્ચીસ રૂપિયા આપીને તીર ખરીદે છે.

તીર વેચીને માછીમાર ઘેર આવે છે. અને લાલુ લુહાર કોઢમાં કોલસા નાખી ધમણ ચલાવે છે. તપાવેલા તાજા અંગારામાં તીર નાખીને સાણસીથી તીર કાઢી એરણ પર મૂકી ઘણથી કૂટી કૂટીને નરણીઓ બનાવે છે. નરણીએ બનાવતાં વિચારે છે, ''પાંચપચીસ રૂપિયા તો ગયા પણ આ નરણીઓના બે ગણા પૈસા આવશે.''

સતજુગની વારતા છે. હજામ મારગે મારગે લાલુ લુહારના ઘેર આવેછે. તે લાલુને કહે

છે. ‘‘તારે નરણીઓ ઘડેલી હોય તો મને આપ. નહીં તો બીજા લુહારના ઘેર જાઉં.’’ કાઈં જ ઘડી છે ; તૈયાર જ છે. તારે જોઈએ એટલી લઈ જા.’’ હજામ પચીસ રૂપિયા આપી નરણી ખરીદે છે.

## ૮. રામ–લક્ષ્મણ :

અયોધ્યાનગરીમાં દશરથ રાજાને રામ અને લક્ષ્મણ પુત્રો છે. બંને ભાઈઓ કકા પદમણી (કૈકેયી) માતાએ બાર વરસનો વનવાસ આપ્યો છે. બંને ભાઈ હાથમાં તીર અને ધનુષ્ય લે છે; અને નગરીના ગોંદરે આવે છે. વનમાં જતાં જતાં તેઓ નગરીને વંદે છે, ‘‘હે અમારી અયોધ્યા નગરી ! જીવતા રહીશું તો પાછા આવીશું, નહીં તો ‘નરવર ગડ ઝોઆર’! કુશળ રહેજો અમાર વાદળ મહેલ, કુશળ રહેજો માતા અને અપરમાતાઓ (માસીઓ) ! કરમમાં હોય એ તો ભોગવવું જ પડે !’’ બંને ભાઈ મારગે મારગે આગળ વધે છે અને અયોધ્યાનગરીનાં ગાંદરાં અને સીમ પાછળ મૂકે છે. અને વનની વાટે આવે છે. બંને ભાઈ વનખંડ મૂકીને કદળીવનમાં આવે છે.

દીવસ અસ્તાચળે (ડાબા ડુંગરે) જાય છે ; સૂડા સૂવા માટે જાય છે ; કદળીવનમાં રાત પડે છે. મધ્યરાત્રી થઈ છે. ડાકણસાકણની વેળા થઈ છે અને ભૂત કાકડે રમે છે. વનને વાડ કોણ કરે ! બંને ભાઈને સૂતે ઊંઘ આવતી નથી.તેઓ વિચારે છે, ‘રોજ તો માતાના ખોળામાં આખો આળોઠતા હતા અને દિવસમાં ત્રણ વખત ખાતા હતા. આજે તો એક વખત પણ ખાવું મળ્યું નથી ! બંને ભાઈને સૂતે નિદ્રા આવતી નથી અને બેઠે (ઝપ) ચેન પડતું નથી. ચાલવાથી લ્હાવો પૂરો થતો નથી. બંને ભાઈને આંખે નિદ્રા આવતી નથી, અને ખુલ્લી આંખે ‘અઝઝર વઝઝર’ રાત કાઢે છે. ઝાડે વનના પક્ષી બોલવા લાગ્યાં છે અને પૃથ્વીનો સ્વામી સૂર્ય બહાર આવી રહયો છે. બંને ફરીને ઊભા થાય છે. ચેઓ એક વન છોડીને બીજા વનમાં જાય છે. સાબર અને સૂવર જોતા જોતા એક ડુંગર ચડે છે અને વીજા ડુંગરે તરે છે. રામ અને લક્ષ્મણ એક માસ વનખંડમાં ચાલવા અને ફરવામાં પસાર કરે છે. વનમાં સૂએ છે અને વનફળ ખાય છે. વનમાં બંને ભાઈ સાબર અને સૂવરની પાછળ પડે છે અને તેઓને ઘેરી ઘેરીને મારે છે. આમને આમ ચાર વરસ પસાર થાય છે.

ભગવાનને વારતા રાખવી હશે તેથી તો બંને ભાઈઓ મારગે મારગે જનક રાજાના

દેશમાં આવે છે. રામ અને લક્ષ્મણ ફરતા ફરતા જનક રાજાના ખેતરમાં આવે છે. ભરબોપર થયા છે. થાક લાગ્યો છે અને બંને ભાઈ શેઢા ઊપરના વૃક્ષની છાયામાં બેસે છે. વૃક્ષની શીતળ (હીળી) છાયા છે. પવનની ઝીણી ઝીણી લેહરો આવે છે. ઘણે દૂરથી આવ્યા હોવાને કારણે બંને થાકયાપાકયા ઊંઘી જાય છે. દિવસ નમે છે અને નિદ્રા તૂટે છે. રામ અને લક્ષ્મણ ઝટપર ઊભા થાય છે. તીર અને ધનુષ્યને ભૂલીને ચાલવા માંડે છે. આવજો દિવાળી ઢૂકડી...

સતજુગની વારતા છે. જનક રાજાને દીકરી તો છે પણ દીકરો નથી રાજાને જમીનજાયગનો પાર નથી. તે સોળ–પચ્ચીસ ખેડૂત રાખે છે. રાત પડે છે અને સવારના કામ માટે રાજા ખેડૂઓને આદેર આપતા કહે છે, ‘‘વહેલી સવારે ઊભા થજો. બળદને ઘાસ પૂળો કરજો અને કાલે આખુ ખેતર ખેડને પાછા આવજો.

બધા ખેડુ વહેલી સવારે ઊભા થાય છે. બળદોને ઘાસપૂળો કરે છે. સોહામણો સૂરજ ઊગે છે. ખેડૂ બળદોને તાણી તાણીને બહાર કાઢે છે. કાંધમાં ધૂંસરી નાખે છે. ધૂંસરીને હળ હળ ચડાવે છે. હાથમાં ‘પરોણા’ (લાકડી) લે છે. દરેક ખેડુ પાણી પીથા હાથમાં ઠંડા પાણીનો ઘડો લે છે. બાર ખેડુ બાર જોડી બળદો લાંબા મારગે હાંકે છે. ખેડુ મારગે મારગે ખેતરમાં આવે છે. હળ ઉતારીને નડાવે (જોડે) છે. ખેતરમાં આડા અને અવળા ચાસ ખેંચે છે. ખેતરમાં ધૂળ ઊડે છે. અને ચાસે ચાસે ખેતર ખેડાય છે. જગતમાં વારતા રહેવાની હશે.

ખેડુ ખેતર ખેડતા રામ અને લક્ષ્મણનું ધનુષ્ય પડયું છે ત્યાં આવવા લાગ્યા છે. સૌથી આગળ જે ખેડુ છે તેને આ ધનુષ્ય નડવા લાગે છે. હળ ઊભું રાખી ધનુષ્યને ઊંચકીને શેઢા ઊપર મુકવા જાય છે. બે હાથે ધનુષ્ય ઊંચકવાનો પ્રયત્ન કરે છે, પણ તે સહજ પણ ‘હેંહરતું’ (હલતું) નથી. આ પછી બધા ખેડુ પ્રયત્ન કરી કરીને પરસેવે રેબઝેલ થઈ ગયા છે. થાકીને એક ખેડુ કહે છે, ‘‘અલ્યા, બારજોડી બળદ લાવો અને બાર રાશો.’’ આ ધનુષ્યને બાંધીને બારજોડી બળદો જોડવામાં આવે છે. બળદોને ‘પરોણા’ ની ‘આળ’ થી બધા ખેડુ એકસાથે હાંકે છે. ધનુષ્ય તો સહેજ પણ હલતું નથી, પણ બધી રાશો તૂટી જાય છે. ખેડુઓ માટે આતો નવાઈ જેવી વાત થઈ. તેઓ રાશો વિના હળને કઈ રીતે હાંકે ? બળદોની ધૂંસરીઓ નીચે મૂકે છે. અને બળદોને છૂટા કરીન ખેતરમાં ઘાસ ચારે છે. બપોર થયા છે. ભૂખ લાગી છે અને ખેડૂ લાંબી નજરે નગર ભણી જુએ છે કે, કોઈ ભાત લઈને આવે છે ?

વાદળમહેલમાં સીતા માતાને કહે છે, ‘‘માતા, દિવસ સવાપહોર ચડયો છે. બાર ખેડૂ

ખેતર ખેડવા ગયા છે. તેઓ ભૂખે મરતા હશે. લાવ, આજે તો હું ભાત આપવા માટે ખેતરે જાઊં. ભાત આપીને હમણાં જ પાછી આવું છું.'' માતા સીતાને કહે છે, ''દીકરી આપણે તો મોટા લોક ! લાજનો ઢગલો ! આપણે ભાત આપવા જઈએ તો નગરીનાં લોકો નિંદા કરે. તારે જવાની જરૂર નથી. ભાત માટે ઘણા નોકર ચાકર છે.'' સીતા કહે છે, ''માતા, હવે તો હું નાની નથી ભાત આપવા જાઊં એવળી થઈ છું. ચિંતા કરીશ નહીં. હું હમણાં જ ભાત આપીને પાછી આવું છું મને ભાત આપવા જવાની અભિલાષા જાગી છે !''

ભગવાનને વારતા રાખવી છે. સીતા એક વાટકીમાં રોટલો મસળીને તેમાં ગોળ અને ઘી ભેગાં કરીને ચૂતાં ચૂરમાં કરે છે. પાશેરી (૧૦૦ ગ્રામ ઘી સમાઈ શકે એવડું માટીનું નાની કુલડી જેવુ પાત્ર) માં ઘી લે છે. ખેડુઓ ખાઈ રહે પછી પાણી પીવા માટે એક નાની લોટીમાં પાણી લે છે. સીતા 'ધરમર ધરમર' વાદળમહેલમાં ઊતરે છે. અને વગડાના મારગે ખેતરમાં આવવા લાગે છે. ઊંચે ચાલે તો સ્વર્ગે જાય છે અને નીચે આવે તો પાતાળમાં પ્રવેશે છે. વન વગડામાં આખી પૃથ્વીનું રૂપ ચાલ્યું આવે છે. કુંવરીનું પેટ તો પાતાળના નાગ જેવું છે. માથું પાણીવાળા નાળિયેર જેવું છે. મુખ પૂનમનો ચંદ્ર, નયન ખાંડાની ધાર, કંકુ રંગના હોઠ, નાક દીવાની રાગ અને આંખે ભમરા 'લૂમ્બ્યા' છે. વાંસો આલુની 'ભાજ' (બે પર્વતો મળે અને ઊભી ખીણ જેવો ભાગ બને તેને ભાજ કહે છે) હાથ વડની વડવાઈઓ જેવા અને પગ દેવળના સ્તંભ જેવા છે. કુંવરી ચાલેછે અને 'તેંમરી' (ચાલવાની ઝડપથી થતો અવાજ) વાગે છે. સીતા તો માથે ભાત મૂકી એક હાથમાં પાણીની લોટી પકડી અને બીજા હાથે રૂમાલ ઘુમાવી રમતી ને કૂદતી ઊભા વગડે આવી રહી છે. મારગમાં આછાં આછાં ઝાડે અને ઝરણા આવે છે. વનનાં સોહમણાં (હોથમણાં) પક્ષી બોલે છે. મોર ટહુકે છે. સીતા વિચારે છે, ''ઘરમાં બેસી રહેવાથી કંઈ જોવા નહીં મળે. આજે ભાત લઈને આવી તો આ સોહામણુ વન જોવા મળ્યું. વનમાં 'કલરવ' કરતા પક્ષીઓના ટોળા જોવે છે. અને ઊર આનંદથી હીલોળા લે છે.

સીતા મારગે મારગે ખેતર તરફ આવે છે. ખેડુ લાંબી નજરે જુએ છે તો રાજાની કુંવરી આવતી જણાય છે. નવાઈ પામેલા ખેડુ અંદરોઅંદર વાતો કરતા કહેછે, ''ઓહો ! આજ તો રાજાની કુંવરી ખેતરમાં આવે છે ને ! આજે વાદળમહેલમાંથી કઈ રીતે ફૂલકુંવરી બહાર આવી હશે ? વળી એક લોટીમાં તો પાણી છે અને પાશેરીમાં થોડુંક ઘી છે. માથે નાનું સરખું ભાતનું બચકું છે. આ તો રમતી અને ખેલતી આવી રહી છે.''

સીતા ખેડુ પાસે આવે છે. માથા ઊપરનું ભાન નીચે મૂકે છે. ખેડૂઓને કહે છે, ''તમને ભૂખ નથી લાગી ? ખાખરે (કેસૂડાંનાં વૃક્ષ) જાઓ અને પાન તોડીને મોટાં મોટાં પતરાળાં બનાવો. આજે તો 'ચૂતાં ચૂરમાં' બનાવીને લાવી છું.'' સીતાનું ભાન જોઈને રીસે ભરાયેલાં ખેડુ ઊભા થાય છે, અને જતાં જતાં વાતો કરતા કહે છે, ''આપણામાંથી એક જણ પણ ધરાઈને ખાય એટલું તો લાવી નથી અને'ચૂતાં ચૂરમાં' ની વાત કરે છે ! હવે જુઓ તો ખરા ! કેમ કરીને બધાને જમાડે છે ?'' રીસે ભરાયેલા ખેડૂ ખાખરાના ઝાડ પાસે આવીને ખાખરાંનાં પાન લઈને મોટાં મોટાં પતરાળાં બનાવે છે અને બધા ખેડુ સીતા પાસે આવીને એક પંકિતમાં જમવા બેસી જાય છે.

સીતા વાટકીમાં ચૂરમું લે છે અને ખોબો ભરી ભરીને ચૂરમું વહેંચવા લાગે છે. ખેડુઓનાં મોટાં મોટાં પતરાળાં ભરાઈને ઢોળવા લાગે છે. પાશેરીમાંનું ઘી નીરે છે અને ચૂરમું ઘી થી તરબોળ બની જાય છે. ખેડુઓને ચૂરમું પીરસતાં પીરસતાં પાસે પડેલા ધનુષ્યનો એક છેડો સીતાની ચૂંદડીના પાલવે ભરાઈ જાય છે. તેણી જેમ જેમ ખેડુઓને પીરસતી આગળ વધે છે તેમ તેમ ધનુષ્ય તેની પાછળ ઢસડાય છે. ખેડુ ખાતા ખાતા વાતો કરે છે, ''આપણે તો ખાતાં ખાતાં થાકી ગયા પણ વાટકીમાંથી ચૂરમું ખૂટતું નથી અને પાશેરીમાંથી ઘી પણ ખૂટતું નથી.'' ખેડુ ચૂરમું ખાઈને ધરાઈ ગયા છે. સીતા લોટીના પાણીથી બધાને હાથ ધોવડાવીને પાણી પાય છે. છતાં લોટીમાંથી પાણી ખૂટતું નથી. સીતા બધાને ખવડાવી પીવડાવીને ઘર તરફ ચાલવા લાગે છે. અને ચુંદડીના છેડે ભરાઈ ગયેલું ધનુષ્ય પણ તેની પાછળ પાછળ ઢસડાતું જવા લાગે છે. ખેડુ ઘર તરફ જતી સીતાને જોઈ રહે છે, અને અંદર અંદર વાતો કરે છે, ''અલ્યા, આપણે બાર ખેડુ થાકયા ; બાર બળદો જોર કરી કરીને થાકયા ; બાર રાશો તૂટી ગઈ પણ ધનુષ્ય સહેજ પણ હલ્યું નહીં ! આતો રાજાની કુંવરી છે કે પછી ડાકણ કે જોગણ છે ? ધનુષ્ય તો ચૂંદડીના પાલવે ભરાઈને નગર તરફ જવા લાગ્યું ને ! રાજા આવી દીકરી કયાંથી લાવ્યો છે ? આતો બધું 'ઉજોર' કરવા આવી લાગે છે !''

સીતા ખેડુઓનું ભાત આપીને નગરી નજીક આવે છે. તે શેરીએ થઈને માણેકચોકમાં આવે છે અને પાલવના છેડેથી કાઢીને ધનુષ્ય માણેકચોકમાં મૂકે છે. તેણી 'ધરમર ધરમર' વાદળમહેલ ચડે છે.

## ૯. હજામ અને દશરથ રાજા

હજામ પોતાના ઘેર આવે છે. જગતમાં વાત રેહવાની હશે. હજામ અસ્તરો, કાતર અને નરણી લે છે. મારગે મારગે દશરથ રાજા વાદળમહેલમાં આવે છે. હજામને જોઈને રાજા કહે છે, "તું ન આવ્યો હોય તો હું આવવાનો હતો. દાઢી વધી ગઈ છે." "સ્વામી, વિલંબ કરવાથી મોડું થાય છે. તમે મારી સામે બેસો." દાઢીના વાળ મોટા થયા છે. હજામ દાઢી કરે છે. દાઢી કરતાં તેની નજર રાજાના નખ પર પડે છે. નખ ઘણા વધી ગયા છે. દાઢી કરીને તે કોથળીમાંણી નરણી બહાર કાઢે છે. હજામ કહે છે, "સ્વામી, જેવી ખરીદી તેવી નવી જ નરણી લઈને આવ્યો છું. નખ કાપતાં ખબર પણ ન પડે એવી છે." નવી નરણીથી રાજાના નખ કાપવા લાગ્યો છે. ભગવાનને વારતા રાખવી હશે. નખ કાપતાં રાજાના જમણા હાથની આંગળી કપાય છે. લોહીની ધાર વહેવા લાગી છે. લોહી બંધ થતું નથી, અને હજામના માથા પર માર પડવા લાગ્યો છે પણ આખરે તો લખેલા વિધાતાના લેખ આગળ આવ્યા.

રાજાના હાથે પાટો બાંધવામાં આવ્યો છે. રાજાને ચાલતાં ફરતાં ચેન પડતું નથી. સૂતાંબેસતાં ઊંઘ આવતી નથી. ખાવા પીવાનું હરામ થઈ ગયું છે. દશરથ રાજા રાણીઓને કહે છે, "રાણીઓ, આજુબાજુ ઊભી રહી ચામરથી પવન ઢોળો. મારી વેદના હળવી થાય." રાજા પાણીમાં હાથ નાખે છે છતાં આંગળીએ ઠંડક વળતી નથી રાજા કૈકેયી (કકા પદમણી) ને કહે છે, "હવે તો મને ચેન પડતું નથી. મારી આ આંગળી તારા મોઢામાં રાખ." સુમિત્રા અને કૌશલ્યા રાજાને ચામર ઢોળે છે અને કૈકેયી (કકા પદમણી) રાજાની આંગળી મોઢામાં નાખે છે.

દિવસો ગણાતાં માસ જાય છે. રાજાનો જીવ આવે છે અને જાય છે. કૈકેયી સુમિત્રા–કૌશલ્યાને કહે છે, "આપણે એક પતિની ત્રણ પત્નીઓ, આપણા ત્રણનો આ સ્વામી છે. તો પછી હું એકલી જ કેમ મરું ? મારે જંગલ ફરવા જવું છે. કૌશલ્યા ઘડી એક રાજાની આંગળી તારા મોઢામાં રાખ." પોતાના મુખમાં રહેલી દશરથની આંગળી કૌશલ્યના મુખમાં મૂકી કૈકી ઝાડે ફરવા જાય છે.

નબળા વૃક્ષ પર જ પહેલો ઘા થાય. કૈકેયી રાણી જંગલ જાય છે અને દશરથ રાજા મુકિત પામે છે. બંને રાણીએ રાજા ઉપર પડીને વિલાપ કરે છે. કૈકેયી આવે છે અને જુએ છે તો રાજાના પ્રાણ ચાલ્યા ગયા છે. ત્રણે શોક વચ્ચે ઝઘડો જામે છે. કૈકેયી કહે છે, "મેં ઘણા દિવસ

અને ઘણા માસ મુખમાં આંગળી રાખીને રાજાની એવા કરી. મારી પાસે તો રાજા મર્યો નહીં અને હું થોડાક સમય માટે બહાર ગઈ એટલામાં તો રાજા કેમ મૃત્યુ પામ્યો ? તેમ જ રાજાને ખાઈ ગઈ છ !'' આમ ત્રણે રાણીઓ વચ્ચે વિવાદનો સેતુ રચાય છે.

શ્રવણના માતાપિતાના શાપને કારણે રાજા દશરથ મૃત્યુ પામ્યો. વિધાતાન લેખ પૂરા થયા અને ત્રણ રાણીઓને વિધવા બનાવી રાજા મોક્ષ પામ્યા.

દશરથને ચાર પુત્રો છે ; રામ, લક્ષ્મણ, ભરત અને શત્રધ્ન. મનુષ્યના દેખતાં કર્મ કુહાડો મારતુ નથી. રાજા દશરથનું કરમ સામે આવ્યું.

## ૧૦. રામ–સીતાનાં લગ્ન

સીતાને ઝાડે ઝાડે 'જોવન' જાય છે. તે સ્નાન કરતી (રજસ્વલા) થાય છે અને ભરજુવાનીમાં આવે છે. તે માણેકચોક વાળે છે. અને ધનુષ્ય ચૂંદડીના છેડે ભરાય છે. રાજા અને રાણી આ દૃશય જુએ છે અને રાજમહેલમાં બેઠાં બેઠાં વાતો કરે છે, ''બાર ખેડુ ખેતરેથી આવીને કહેતા હતા કે બાર જોડી બળદ જોર કરીને થાકયા છતાં તસુ જેટલું ખસવું નહીં તે ખેતર વચ્ચે પડેલું ધનુષ્ય સીતાની ચૂંદડીના છેડે ભરાઈ છેક રાજમહેલના માણેકશોક સુધી ઢસાઈને આવ્યું ત્યારે જ તેને ખબર પડી. હવે આવી જોશવર આપણી કન્યા માટે વર કયાંથી શોધવો ?'' રાણી કહે છે, ''દીકરી ભરજુવાનીમાં આવી છે. હવે તેને વર જોઈએ જ. નહીં તો આપણને કુંવારીનું કલંક લાગે.''

રાજા હાથમાં ખડિયા અને કલમ લે છે. દેશ પરદેશના રાજાઓને સ્વયંવરનું આમંત્રણ આપવા માટે કોરા કાગળ લે છે. કાગળમાં પહેલા લખે છે, 'લાડમિયા ઝોઆર' પાછળ કન્યાના સૌદર્યનું વર્ણન કરીને સીતાના સ્વયંવરનું આમંત્રણ આપે છે. દેશ અને પરદેશમાં સીતાના સ્વયંવરના આમંત્રણના કાગળ પહોંચે છે. જે રાજાને આપત્ર મળે છે તે રાજા કન્યાન રૂપનું વાંચીને (આનંદથી) છાતી કૂટે છે અને સ્વયંવરમાં જવાની તૈયારી કરે છે.

આ સતજુગની વારતા કહેવાય છે, અને ભરી સભા સાંભળે છે. એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહોજોગ' આવ્યો રામ લક્ષ્મણને કહે છે, ''આપણે વનમાં ચાલ્યા છીએ, ફરીએ છીએ. પણ આપણે સૂવર અને સાબર કઈ રીતે મારીએ ! ધનુષ્ય તો પેલા વનખંડમાં (જતાં સૂત હતા ત્યાં જ) ભૂલીને આવ્યા છીએ. ચાલ, આપણે 'મનખા

અવતારનું મુખ જોયુ નથી. આજે તો આપણે આ પ્રસંગને જોતા જઈએ.'' રામ કહે છે, ''ભાઈ, નસીબે એકલા મૂકયા તો હવે આપણે એકલા જ રહેવું છે. હવે સારા પ્રસંગ વાગી રહયાં છે. આપણે આમે આમ બહાર વનખંડમાં કેટલા દિવસ ભટકયા કરીશું ? ચાલ ભાઈ, આપણે નગરીના એકાદ ખૂણે એકાન્તમાં બેસીને જોઈશું.''

દેશ–પરદેશથી હાથીઓને અંબાડીઓ ઉપર બેસીને રાજા, જનક રાજાની નગરી તરફ સીતાના સ્વયંવરમાં ભાગ લેવા માટે આવી રહયા છે. 'ધૂંધળી' રેતી ઊડે છે અને કેટલાક રાજા ઘોડેસવાર થઈને આવી રહયા છે. જનક રાજાએ નગરની ચારે બાજુએ ચોકિયાતો મૂકયા છે અને તેમને ખાસ આદેશ આપ્યો છે કે, ''આપણા નગરની વાટે જતું કોઈ પણ માણસ ભૂખ્યું જવું જોઈએ નહીં, વટેમાર્ગુ પણ આપણા શુભ પ્રસંગમાં ભાગ લે.'' મારગે જતા રામ ને લક્ષ્મણ ઉપર ચોકિયાતની નજર પડે છે. અને તેઓ તેમને નગર તરફ વળવાનો રસ્તો બતાવતા કહે છે, ''આજે તો જનક રાજાની દીકરીનો સ્વયંવર છે. મહેલમાં મોટો મહોત્સવ છે. આ નગરની વાટેથી આવતા જતા દરેક વટેમાર્ગુને રાજમહેલમાં જમવાનું આમંત્રણ છે. માટે તમે પણ ચાલો.'' રામ લક્ષ્મણને કહે છે, ''હું તને ના કહેતો હતો પણ તું માનતો ન હતો. હવે શું થાય છે તે તું જોઈલે !'' સિપાહીઓ બંનને રાજમહેલ પાસે લાવે છે.

જનક રાજાની કચેરીમાં રાજસભા ભરાઈ છે. રાજા, રાજામાં રાજા છે. ! અને હાથી, હાથીમાં હાથી છે. ઘોડાઓનાં પાર નથી. બેસવાની જગ્યા નથી દેશ–પરદેશથી મોટા મોટા અને ભારે ભારે રાજા આવ્યા છે. રાજા કહે છે, ''ચાલ, આપણે આ બધાથી દૂર જઈને બેસીએ.'' બંને ભાઈ ઉકરડા ઉપર જઈને બેસે છે.

જનક રાજા સરદારોને કહે છે, ''સરદારો, તમે મારી વાત સાંભળો. તમે ગણેશને શણગારો. આપણે કુંવરીને યોગ્ય વર શોધવો છે. હાથી તો ગણપતિ છે. તે ફૂલોની માળા જેના ગળામાં નાખે તેને આપણી કુંવરી વરે.'' રાજાનો આદેશ થતાં સરદારો હાથીને સોના અને રૂપાનાં આભૂષણોથી શણગારે છે. હાથી સોના અને રૂપાના અલંકારથી ઊજળો લાગે છે. અને તેના શરીર ઉપરની ની સૂંઢમાં ફૂલોની માળા આપે છે. હાથી દેશ પરદેશથી સ્વયંવરમાં ભાગ લેવા માટે આવેલા રાજાઓની સામસામી હાર વચ્ચેથી પસાર થાય છે. દસ માથાં અને વીસ હાથવાળા રાવણ પાસે હાથી વરમાળા લઈને આવે છે, ત્યારે પોતાનું માથું હાથી સામે આગળ ધરે છે. હાથી તો તે તરફ લમણો પણ વાળ્યો વિના આગળ જ ચાલ્યો જાય છે. હારમાં બેઠેલા

રાજા પાસે હાથી વરમાળા લઈને લાંબી નજરે જુએ છે તો દૂર ઉકરડા ઉપર બે ૠષિ બાળકો બેઠેલા દૃષ્ટિમાં આવે છે. હાથી જડપથી આવીને સૌથી ખોટા બાળક રામના ગળામાં વરમાળા પહેરાવે છે. બધા રાજા આશન ઉપરથી ઊભા થઈ જાય છે અને જનક રાજાને કહે છે, "આ હાથી તો ગાંડો થયો લાગે છે. સીતા જેવી સુલક્ષણા નારી ૠષિ બાળકને ન દેવાય." હવે જનક રાજા સૈનિકોને હાથણીને શણગારવાનો આદેશ આપે છે. સૈનિકો હાથણીને સોના અને રૂપાનાં આભૂષણોથી શણગારે છે અને તેની સૂંઢમાં ફૂલોની માળા આપીને રામસભામાં લાવે છે. હાથણી રાજાની બે હાર વચ્ચેથી પસાર થાય છે. ઘણા બધા રાજા પોતાનું માથું તેની સામે ધરે છે પણ હાથણી તેમની તરફ જોતી જ નથી હવે તે ઉકરડા ઉપર રાજા અને લક્ષ્મણ દ્રષ્ટિમાં આવે છે. તે ઝડપથી ચાલીને રામ પાસે આવે છે અને રામના ગળામાં વરમાળા પહેરાવે છે. બધા રાજા આસન ઉપરથી ઊભા થઈ જાય છે. અને ફરીથી ફરીને હાથણીનો વિરોધ કરતાં કહે છે, "આ હાથણી પણ ગાંડી થઈ લાગે છે. આ પણ બાવાના બાળકને વરમાળા પહેરાવીને આવે !" જનક રાજા વિચારે છે, "મારી દીકરી જેના ભાગ્યમાં લખેલી હશે તેને જ મળશે." જનક રાજા તેઓને માણેકચોકમાં પડેલું ધનુષ્ય બતાવતાં કહે છે, "જેને ખેંચવામાં બાર જોડી બળદ થાકી પડયા અને બાર રાશો તૂટી ગઈ તે ધનુષ્ય સીતાની ચૂંદડીના છોડે ભરાઈને ખેતરમાંથી ઢસડાતું ઢસડાતું અહીં માણેકચોક સુધી આવ્યું ત્યારે જ તેણીને ખબર પડી ! જે રાજા આ ધનુષ્યનુ ઊંચકે તેને મારી પુત્રી પરણાવું."

રાવણ જેવો રાજા આવેશમાં આવીને પોતાની છાતીમાં મુકકા મારે છે અને વિચારે છે કે, "જનક રાજાએ તેમાં શી મોટી વાત કરી ?" એક પછી એક રાજા માણેકચોકમાં આવે છે. દરેક રાજા એક હાથે ધનુષ્ય ઉપાડવાનો પ્રયત્ન કરે છે. એક હાથે ધનુષ્ય ઊંતકાતું નથી ત્યારે બે હાથે ધનુષ્ય ઊંચકવા માટે જોર અજમાવે છે. ધનુષ્ય  જરાપણ ઊંચુ થતું નથી. અંતે થાકી હારીને પોતાના આસને આવીને બેસી જાય છે. આમ એક પછી એક રાજા થાકવા લાગ્યા છે. છેવટે દસ માથાં અને વીસ હાથવાળો  રાવણ રાજા ઉભો થાય છે અને ધીમે ધીમે ચાલીને ધનુષ્ય પાસે આવે છે. પોતાના વીસ હાથથી ધનુષ્ય પકડે છે અને એક જ ઝટકે તેને ઊંચકવાનો પ્રયત્ન કરે છે. ધનુષ્ય થોડુંક ઊંચુ થાય છે અને બધી આંગળીઓને ફૂંકતો ફૂંકતો પડેલા મુખે (મોટે મોટે) આવીને પોતાના આસને બેસી જાય છે. સભામાં બેઠેલા રાજા રામને ઉદ્દેશીને કટાક્ષમાં હસતા હસતા કહે છે, "હાથી અને હાથણીએ જેના ગળામાં માળા પહેરાવી છે તેને તો બોલાવો !"

જનક રાજાનો આદેશ થતાં સૈનિકો રામ અને લક્ષ્મણને સભામાં બોલાવી લાવે છે. રામ ધીમે ધીમે ચાલીને પોતાના જ ધનુષ્યને પણછ ચડાવે છે અને એક હાથે તીર ચઢાવે છે અને કહે છે, “મારામાં કાણું પાડીશ તો (જગતનું) સારું નહીં થાય.” હવે રામ ધરતીમાતા સામે તીરનું નિશાન લે છે. ધરતી ભયથી ચીસ પાડી ઊઠે છે અને કહે છે, “હે રામ, મારું પેટ ફાડીશ નહીં ! રામનું પરાક્રમ જોઈને આખી સભા આશ્ચર્યથી હર્ષિત થઈ જાય છે અને આનંદના આવેશમાં તાળીઓ પાડે છે. રાવણ રાજા મૂછો મરડે છે અને વિચારે છે કે, “અત્યારે તો જગતમાં વઢાઈ ગયો છું (નાક કપાયું છે) પણ ભવિષ્યમાં આ સ્ત્રી દ્વારા મારા ચૂલામાં આગ બળાવું તો જ મારું નામ રાવણ !” સ્વયંવર પૂરો થાય છે અને દેશ–પરદેશથી આવેલા રાજા રાજસભામાં આસનો છોડી દે છે અને આવ્યા હતા તે મારગે પાછા જવા લાગે છે.

જનક રાજા રામને કહે છે, “હે જમાઈ, કુંવારીના નસીબમાં જે લખ્યો હતો તે મળ્યો ! તું મારે ફૂલ ભારોભાર ! હવે તું તારા નગરમાં જા. આવતા માસની સુદ એકમે પીઠીએ બેસ જે. પૂનમે તારા લગ્ન લેવાશે. પણ તને બુધવાર કે શનિવારે દીકરી નહીં દઉં. તું રવિવારે કે સોમવારે વહેલો વહેલો જાન લઈને આવજે.” જનક રાજાનાં વચન સાંભળી રામજી ધીમે રહીને કહે છે, “હે સગા, તમે મારી વાત સાંભળો. હું તો વનનો રાજા છું અને વનખંડ જ મારુ નગર છે !”

રામ અને લક્ષ્મણ મારગે મારગે વનખંડમાં આવે છે અને રામ લક્ષ્મણને કહે છે, “આપણું તો કોઈ ઘર કે બાર નથી અને કોને મનમાં લઈ જઈએ ?” બંને ભાઈ વાતો કરતા કરતા વૃક્ષની છાયામાં આવે છે અને વિચારે કરીને સૌથી પહેલાં વૈકુંઠપુરીમાં કંકોત્રી લખવાનો આરંભ કરતાં કહે છે, “હે ભગવાન, તે વનવાસ આપ્યો અને વનમાં પત્ની પણ તે જ આપી ! હવે મને પરણાવવા માટે પણ તું જ આવજે.” બીજી કંકોત્રી આંબાવાડીમાં દૂધિયે દેવળે નવલાખ દેવઓને લખે છે કે , “હીરું, રાંપું, ખાંડી, ખાપરી, ટૂટીટાવરી, અંબાવ, નવલાખ બહેનો – કંકોત્રી મળતાંની સાથે જ વનખંડમાં વહેલી આવજો. વનખંડમાં વિવાહ રચાવવાનો છે; વનમાં હું એકલો છું ; બધાં પરણાવીને પાછાં જજો.” ધુવડદાણવને માદળ અને બીજા વાજિંત્રો લઈને આવવા માટે કંકોત્રી લખવામાં આવે છે કે, “હું વનખંડનો રાજા છું અને મારા લગ્નમાં વાજિંત્રોની ખોટ પડવી જોઈએ નહીં.”

કંકોત્રી મળતાંની સાથે જ આંબાવાડીમાં નવલાખ દેવીઓ “સોળૈયો” શણગાર સજવા

લાગી છે. કમરે 'મેઘડાંઘોર' નો ચણિયો અને 'નારી ગુઝણનું ફેટિયું' પહેરે છે. છાતીએ કાંચળી પહેરે છે; ગળે હાંસળી અને નાકે નથણી ઘાલે છે. આંખે કાજળ ઘાલે છે અને આછો સાળુ ઓઢે છે. લલાખ દેવીઓ સોળૈયો શણગાર સજીને વનખંડની વાટે આવવા લાગી છે. પૂર્વ દેશના પવન વાય છે અને દેવીઓ યૌવનના ભારથી ભાગીને ટૂકડા થાય છે. ઊંચે ચાલે છે તો સ્વર્ગે જાય છે અને નીચે આવે છે તો પાતાળમાં પ્રવેશે છે. તેઓના રૂપને જોઈને સૂર્ય ઝાંખો થાય છે. રામને પરણાવવા વૈકુંઠમાંથી ભગવાન આવે છે, તો પાતાળમાંથી વાસુકિ (વાસંગ) નાગ જાનમાં જવા આવે છે. કંકોત્રી મળતાં જ ઘુવડ દાણવ આવે છે અને નવસો નગારાં સાથે લાવે છે. જાનમાં જવા શણગાર સજીને આવેલા દેવોને મળવા રામ અને લક્ષ્મણ સામે જાય છે અને પ્રદક્ષિણા કરીને બધાંને પાયે લાગે છે. વનમાં કોઈ ઘર નથી કે બાર નથી. વૃક્ષો નીચે બધા મહેમાનો માટે ડેરા તાણ્યા છે.

સીતા અને સખીઓ મરવાનાં ઉઢાણાં માથે મૂકી તાંબાનાં બેડાં ઉપર મૂકે છે; 'ધરમર ધરમર' વાદળ મહેલ ઊતરે છે. યુવતીઓના આગળના પાલવ વાત કરે છે અને પગની પાની હોંકારા ભણે છે. તેઓ નદીએ આવીને પાણી ભરે છે. ઝટપટ તાંબાંનાં બેડા મૂકીને મારગે મારગે આવે છે. સખીઓ સીતા સાથે સાથે વાતો કરે છે. એક સખી કહે છે, "બાઈ, તે દિવસે ભરી સભામાં તારો વર જોયો. બાઈ, તને તો કંઈ વર મળ્યો છે ? તેના હાથે આપેલાં બોર પણ નહીં ખવાય તેવો છે. પહેરવાને પૂરાં કપડાં ન હોતાં અને શરીર ઉપર તો વેંત રાખ ચોંટી હતી. સારો જ બાવો છે બાવો ! અને તારું શરીર જો, અડધું પૃથ્વીનું રૂપ ! આવા બાવા જેવા વરને તે શા માટે પસંદ કર્યો ?" સખીઓની વાતો સાંભળીને સીતા કહે છે, "કર્મમાં જે લખ્યો હતો તે મળ્યો ! કર્મમાં કોદળા લખ્યા હોય પછી ઘઉં કયાંથી મળે ? સીતાની વાત સાંભળીને બીજી સખી કહે છે, "હું તો આવા વરને કોઈ ઉપાયે નહીં પરણું ! તું અમારી વાત માને આજ સાંજે તો પીઠીએ બેસાડશે !" સીતા મનમાં વિચારે છે, "એક નરની નારી એજ બરોબર !" ને દાસીઓને કહેછે, "તમે મને અવળી વાટે શા માટે ચડાવો છો ? અવળી વાટે તો મને પગમાં કાંટા વાગશે !" એટલામાં તો રાજમહેલ નજીક આવે છે અને સીતા તથા સખીઓ 'ધરમર ધરમર' વાદળમહેલ ચડે છે. તેઓ તાંબાના બેડાં પાણિયારે મૂકે છે.

દિવસ અસ્તાચળે (ડાબા ડુંગરે) જાય છે અને નગરીમાં સીતાને પીઠી બેસાડવા માટે

'નૂતર' (નોતરું)ના ચોખા ફરવા લાગ્યા છે. જેમ જેમ 'નૂતર' મળે છે તેમ તેમ કાકા અને ભાઈ વાદળમહેલમાં આવવા લાગે છે. જુવાનોને કુંવરીની પીઠીનું આમંત્રણ મળે છે. યુવતીઓ સોળૈયો શણગાર સજીને આવી રહી છે. પૂર્વ દેશના પવન વાય છે અને યુવતીઓ યૌવનના ભારથી ભાગીને ટુકડા થાય છે. તેઓ ઊંચે ચાલે છે તો સ્વર્ગે જાય છે. અને નીચે આવે છે તો પાતાળમાં જાય છે. વાદળમહેલમાં કાકી અને ભાભીઓ આંબાનાં પાન મંગાવે છે સાંબેલે આંબાના પાન અને કાચા સૂતરના દોરા બાંધે છે અને કંકુના ચાંલ્લા કરે છે. તેઓ ગાતી ગાતી ખાંડણિયામા ચોખા નાખીને 'ધમકે ધમકે' ચોખા ખાંડે છે.

સીતાના વિવાહની વાત આવી છે. યુવતીઓ ગીતો ગાય છે અને તાંબાકુંડોઓ પાણી ગરમ કરે છે. ગીતો ગાતી ગાતી સીતાને સ્નાન કરાવે છે અને ગીતા ગાતી ગાતી ગણેશ નૂતરવા લઈ જાય છે. ગણેશ નૂતરીને ગોતરેજ (ગોત્રદેવ) પાસે લાવે છે અને કન્યાને લીલુ નાળિયેર આપી ચારે દિશામાં નમન કરાવીને ગોતરેજ બેસાડે છે. તેના મુખ પર જુવાન ભેંશ (ઝોટી)નું ઘી ચોપડે છે અને કાકીઓ અને ભાભીઓ હળદરથી પીઠી ચોળે છે. યુવતીઓ વર્તુળ રચીને (બાલર બોતી)ગીતો ગાય છે. જુવાનો 'જાનવીયો' ઢોલ વગાડે છે અને યુવતીઓ ઢોલના તાલે તાલે નાચે છે.

વનમાં ધમકે ધમકો ઊડે છે. લીલા વાંસનો માંડવો રોપવામાં આવ્યો છે. દેવીઓ માંડવાનાં ગીતો ગાય છે અને ધુવડ દાણવ ઢોલ વગાડે છે. દેવદેવીઓ સાથે ચમની જાન જવાની તૈયારીઓ થઈ રહી છે. 'બાવનસી રૂપાંનો ઘણી' રામ ખભે તલવાર મૂકે છે. અડધી પૃથ્વીનું રૂપ જાન લઈને નગરી તરફ આવી રહયા છે. દેવદેવીઓના ચાલવાથી વંટોળ ઊઠે છે. અને સુકાયેલા પાન આકાર તરફ ચડવા લાગ્યાં છે. કન્યાનો પિતા જનક રાજા વિચારે છે, ''અહીં આવ્યા હતા ત્યારે તો બે ભાઈ જ હતા.પણ એતો જોઉં કે જાનમાં કેટલા માણસો લઈને આવે છે ?'' આમ વિચારી જનક રાજા મહેલની અગાસી ઉપર ચડીને જાનને જોવા લાગે છે. જાન આવવાના કારણે ઊડતી ધૂળથી ડુંગરો ઉપર વાદળ જામ્યાં છે, અને જાનના 'ધમકા' ના કારણે ઊડતા વંડોળથી આકાશમાં સુકાયેલાં પાન નજીક આવી ચઢવા લાગ્યાં છે. જાન ચાલવાથી ધરતી ધ્રૂજે છે. જાન નજીક ને નજીક આવી રહી છે અને મહેલના ઉંબર ગાજી રહયા છે.

દેવદેવીઓની જાન સાથે '(વીદ)' વરરાજા આવી રહયા છે અને તેમના રૂપને જોઈને

સૂર્ય ઝાંખો થાય છે. યુવતીઓ 'વીદ' રામને જોઈ જોઈને મરે છે, અને દોડતી વાદળમહેલમાં પાછી જાય છે. તેઓ સીતાને સમાચાર આપે છે, વરતો વળવો છે પણ આતો ઘણો જ સુંદર છે. તું તો ન માને પણ વરતો અડધી પૃથ્વીનું રૂપ છે !'' જાન જોવામાં ખોવાયેલો જનક રાજા ઝટપટ નીચે ઉતરે છે અને રાણીઓને જાન આવવાના સમાચાર આપતો કહે છે, ''સ્વયંવરમાં ધનુષ્યભંગ વખતે જોયેલા બે ઋષિ બાળકોને જોઈને તમે તો કહેતી હતી કે આ તો રંડાઈ ગયું, પણ તેમની જાનમાં તો દેવીદેવતાઓ છે. કરોડ ઉપર તો ધજાઓ છે. આ તો કોઈ મોટી નગરીનો રાજા લાગે છે. તમે જટ વરરાજાને પોંખવાની તૈયારી કરો.''

જનકરાજા વડલા પીપળાની છાયામાં ખાટલા અને ગોંદડા પાથરીને માન સાથે જાનનો ઉતારો આપે છે. 'તોરણ સબાવવા' નો વખત થાય છે. 'વીદ' રાજા તોરણ આવે છે કે તરત જ કન્યા અને વરપક્ષની જાનવણો સામસામી ગીતો દ્વારા એકબીજાને તૂટી પડે છે.

સીતાની માતા સોળૈયો શણગાર સજીને વર પોંખવાની તૈયારી કરે છે. સોનાની થાળીમાં કંકુ અને ચોખા લે છે અને ખજુરિવાળા દીવા કરે છે. જેવી વેચાણ વરરાજાને પોંખવા નજીક આવે છે કે તરત જ વરપક્ષની જાનવણો સીતાની માતાને 'ધાબર–ધીબી', કાંટિયા દાંતાની, 'ઊખળા દૂંટાની' વગેરે ઉપમા આપીને ફટાણાંથી નવાજ છે. વેવાણ વરના કપાળમાં તિલક અને ચોખા ચોડીને પોંખે છે. 'તોરણ–સબાવવા'ની, હાર પીસરિયાંની અને જાન પોંખવાની વિધિ પુરી થયા પછી વરરાજાની લગ્નમંડપમાં પધરામણી થાય છે. મંડપમાં ચોરી ચિતરવામાં આવે છે અને તલ અને જવનો હોમ કરવામાં આવે છે. ચોરીમાં સીતાની પધરામણી કરવામાં આવે છે. લગ્નની ખાસ પ્રકારની વિધિ પુરી થયા પછી મંગળ ફેરાની શરૂઆત કરવામાં આવે છે. પાંચમાં ફેરા સમયે સીતા રડતી રડતી ઊભી રહે છે અને 'સવરી'નું 'દાણ' (કન્યાદાન) માગતાં પિતાને કહે છે, ''અમારે બીજું તો કંઈ લેવું નથી પણ વનખંડમાં 'હરિયો' બાગ સજાવવા માટે 'ઝીસી' (જુઈ) 'ઝવલી' (જાસુદ), રાય–ઢુઢણિયા કનકી (કેતકી), 'કેવરા', મોગરાંના બીજ આપો. ''પિતા જનક સીતાને કન્યાદાનમાં ફુલછોડનાં બીજ આપે છે અને સીતા કન્યાદાનને સ્વીકારી પાંચમો ફેરો પૂરો કરે છે. છેલ્લે જાનૈયા માંડવે નાચીને વરરાજા સાથે વડલાપીપળાની છાયામાં ઉતારે આવે છે. કન્યાપક્ષવાળાંને રોટલા વહેંચવામાં આવે છે અને બધાં સમૂહ ભોજન કરે છે. કન્યાપક્ષનો લાગો પૂરો થાય છે. અને વરપક્ષવાળા 'વીદ' સાથે લાડીને ઘરમાંથી બહાર

કાઢવા માટે આવે છે.

સીતા બાળપણની સખીઓ અને માતાપિતાને યાદ કરીને આંસુ સારે છે. વર અને કન્યાને ચારે દિશામાં પાયે લગાડે છે. કન્યાને લઈને વર જાય છે અને કન્યા પક્ષની માંડવણો રસ્તો રોકીને ઊભી રહે છે. તેઓ વરરાજાને કહે છે, ''આ બાજુ જશો તો 'તોલરી' (હાલ્લી) એ ભાગ અને આ બાજુ જશો તો ચાટવે ભાગ.''વરરાજા માંડવણોને નાળિયેર આપે છે અને તેઓ વરરાજાનો મારગ મોકળો કરે છે. કન્યાને લઈને જતા વરરાજાને કન્યાપક્ષની સ્ત્રીઓ ગીત દ્વારા કહે છે, ''રૂપાળી લાડી બાવાઓ સાથે જઈ રહી છે.'' સાસરે જતી સીતાને માતા–પિતા શિખામણ આપે છે. કન્યા પક્ષવાળા મહેમાનોને વળાવે છે અને જાન સીતાને લઈને વનખંડની વાટે આવે છે. હવે બધા દેવલ રામને શિખામણ આપે છે. તેઓ ભગવાન રામને કહે છે, ''તું શાંતિથી ધીમે ધીમે જજે અને સીતાને કુશળ રાખજે.'' નવલાખ દેવીઓ સીતાને મળીને આંબાવાડીમાં જવા લાગે છે.

## ૧૧. રામ–સીતા અને લક્ષ્મણ વનખંડમાં

રામ–સીતા અને લક્ષ્મણ મારગે મારગે વનખંડમાં આવવા લાગે છે. તેઓ તલના ખેતરમાંથી પસાર થાય છે. સીતાની પગે ઝાંઝર વાગી રહયુ છે આ ઝાંઝરમાં તલનું એક ડાળખું ભરાય છે. સીતા અંધારામાં તલનું ડાળું લઈને તલની સીંગો ફોલે છે. ભૂખ લાગવાના કારણે રામથી છાના તલ ખાય છે. સીતાના હાથમાં ચાડી ખાતો એક કાળો તલ રહી જાય છે.

રામ–સીતા અને લક્ષ્મણ ભૂખ્યાં તરસ્યાં મારગે મારગે વનખંડમાં આગળ વધે છે. સીતા લક્ષ્મણને કહે છે, ''દિયર, હું રાજમહેલની રહેનારી ! કોઈ દિવસ આટલું બધું ચાલી નથી. હવે આપણા વાદળમહેલ કેટલે દૂર છે ? લક્ષ્મણ કહે છે, ''ભાભી આપણે તો હવે આવી જ પહોંચ્યા છીએ.'' ત્રણે જણ મારગે મારગે જવા લાગે છે. તેઓ એક વનખંડ મૂકી બીજા વનખંડમાં પ્રવેશે છે. ભૂખ તરસ અને ચાલવાના કારણે થાકેલી સીતા લક્ષ્મણને કહે છે, ''હું ઘરમાં જ ફરતી હતી પણ આ વનમાં ભૂખથી પેટમાં 'કુર વેંતરા' પડયા છે. હજી આપણું ઘર કેટલે દૂર છે ? હું તો બરાબર થાકી ગઈ છું. ''લક્ષ્મણ ફરીને સીતાને ભોળવતાં કહે છે ''ભાભી, આવી જ રહયાં છીએ. પેલો વનખંડ દેખાય ત્યાં જ આપણા ઘરબાર છે હવે તો નજીકમાં જ છીએ. ''ચતુર સીતા મનમાં રાજી થાય છે અને વિચારે છે, ''મોટાં મોટાં વૃક્ષો તો નજીકમાં જ દેખાય છે. ત્યાં જ

અમારુ ઘર હશે !'' ફરીને સીતા–રામ અને લક્ષ્મણ મારગે મારગે આગળ વધે છે. ઘણું ચાલ્યાં છતાં સીતાને કયાંય પણ ઘર નજરે પડતું નથી. ચારે બાજુ જોઈને લક્ષ્મણ પ્રશ્ન કરે છે, ''દિયર, મને વારંવાર શા માટે ભોળવે છે. થાકીથી મારા તો પગ પણ ફરી ગયા છે. હજી આપણું ઘર કેટલું દૂ રહયું ?'' હવે લક્ષ્મણ કહે છે, ''ભાભી, ઊનાળામાં જ આપણું ઘર છે ? કયાં ગયું આપણું ઘર ?'' હવે લક્ષ્મણ કહે છે, ''ભાભી, ઊનાળામાં ભેંશ ભાદરવાને યાદ કરે તો શું વળે ? ઉનાળો પૂરો થતાં તો ભેંશ મરવા પડે. ભાભી અમારે તો વનમાં સૂવા 'સાથરો' નથી, અને ખાવા ખાખરો પણ નથી. અમે તો 'નબળા' આદમી છીએ, પણ, પેલું પપૈયાવન દેખાય છે ત્યાં જ આપણે રહેવાનું સ્થળ છે. હવે આવી પહોંચ્યાં જ જાણ ! ત્રણે જણ ચાલતાં ચાલતાં પપૈયાવનમાં આવવા લાગે છે. ઊંચા ઊંચા સાગ ધ્રુવના તારે અડયા છે. બાજુમાં જ ધૂણી ધખાવેલી છે. રામ પોતાની ધૂણી પાસે આવે છે અને ધૂણીએ બેસે સે. ચતુર સીતા લક્ષ્મણને કહે છે, ''દિયર, તારો ભાઈ તો વળી કોઈ ઋષિની ધૂણિયે જઈને બેઠો.'' લક્ષ્મણ કહે છે, ''ભાભી આ ધૂણિયો આપણી જ છે. આવામાં જ આપણે બેસવું પડશે. એ ધૂણિયો છે એ જ આપણાં ઘર !'' સીતાને હવે ધ્રાસકો પડે છે. તરસે તેનો 'હર હર જીવ રો' જાય છે. તે વિચારે છે, ''આ વનમાં કયાંથી શું કાઢીને ખાવું ? કયા કૂવે પાણી ભરવું ? કયાં ઘરમાં રહેવું ?'' લક્ષ્મણને પૂછે છે, ''દિયર પીવાનું પાણી કયાં છે ?'' લક્ષ્મણ કહે છે, ''ભાભી, તરસ લાગે છે ત્યારે અમે તો સામેની દિશામાં ચાલવા માંડિએ છીએ. સવારથી ચાલીએ છીએ ત્યારે છેક બપોરે પહોંચીએ છીએ. પાણી તો અહીંથી ઘણે દૂર છે ; સામેના ડુંગરની પાછળ સીતાનો તરસે અને ભૂખે જીવ જાય છે. તે વિચારે છે, ''ભલે ભગવાન ! નસીબ કરે તે કોઈ ન કરે. જેવા લખનારીના (વિધાતા) લેખ ! ભલે ભગવાન તે બાવાઓનો સાથ કરી આપ્યો ! હવે તો અમારા વનમાં ડેરા.'' ચતુર સીતા ઊભી ઊભી લક્ષ્મણને પૂછે છે, ''દિયર કયાં છે આપણા વાદળમહેલો ?'' ભાભી, અમે તો ધૂણી ધખાવીને વનમાં રહીએ છીએ, અને હરિનું નામ લઈએ છીએ. વનખંડમાં વળી વાદળમહેલ શાના ?'' દિયર, તમે જોગી બન્યા અને હું જોગણ બની એ વાત તો સાચી. એ તો તમારે ચાલતું હતું, પણ હવે તમારે ઘેર ગૃહિણી આવી હવે તમારમા ઘર વિના નહીં ચાલે. ઘર હોય પછી ઘરવખરી પણ જોઈએ. આ ઘરસંસારના સાનની વાત તું તારા ભાઈને સમજાવ. તમે એકલા હતા ત્યારે સારું લાગતું ત્યાં સૂતા હતા અને જે મળતું હતું એ ખાતા હતા, પણ હવે તો

આછુંપાતળું પણ ઘર જોઈએ. અલ્યા દિયરિયા તારો ભાઈ તો થાંભલો થઈને જ ઊભો રહયો છે ! જા તેને જઈને વાત કર. આમ ઊભા ઊભા તો 'જલમ' જશે નહીં અને 'ભગતિ' પણ થશે નહીં.''

વનખંડમાં દિયર અને ભાભી મઢી બનાવે છે. સીતા ભગવાનના નામની ધૂણી રચે છે. હવે સીતા અને લક્ષ્મણ સાગપાન ઓઢોને સુએ છે સતિયાંની આંખે નિદ્રા આવી છે. અને બંને ઝીણી–ઝીણી નિદ્રા લે છે. બંને ભરનિદ્રામાં પોઢયાં છે. પૂર્વ દિશાનો પવન વાય છે અને શરીર ઉપરથી સાગનાં પાત ઊડી જાય છે. ઘસઘસાટ ઊંઘે છે અને રામ વનફળ લઈને મારગે મારગે આવે છે. રામ ભાભી અને દીયરને નજીક નજીક ખૂલ્લા સુતેલાં જુએ છે અને વહેમના કારણે મનમાં દુઃખ અનુભવે છે આથી આવેશમાં આવીને લક્ષ્મણને મારવાની તૈયારી કરે છે. રામન ચાલવાના કારણે સીતાની નિદ્રા તૂટે છે અને જલકીને બેઠી થાય છે. હવે રામ વધુ ગુસ્સે થાય છે અને લક્ષ્મણ ઉપર ધસી આવે છે. ચતુર સીતા રામને કહે છે, ''હે ઘરના ભરથાર ! તું કોના ઉપર ગુસ્સે થઈને આવ્યો છે ? રામ કહે છે, ''બોલી એટલું જ રહેવા દે જે. હવે આગળ બોલતી નહીં. દૂર ઊભો રહીને હું જોઈ રહયો છું. તમે બંને ખૂલ્લા જ સૂતાં હતાં. તમારો શો વિશ્વાસ ?'' ચતુર સીતા વિચારે છે કે, ''જો હું ભાર દઈને મારી વાતને સમજાવીશ તો તે મારી વાત માનશે નહીં માટે મારે તેને જ્ઞાનથી જ સમજાવવો પડશે.'' આમ વિચારીને રામને કહે છે, ''તારે તારા ભાઈને મારવો હોય તો ભલે માર, પણ તે પહેલાં તું મારી વાત સાંભળ. તું એક હાથે તાળી નહીં પડે એક લાકડે આગ નહીં પડે, તેમ એક શરીરથી કંઈ નહીં થાય ? તું મનમાં ગણતરી ગણ કે ભાઈ વિના વેર પણ વળે નહીં જયારે તું તો તારા સગા ભાઈને જ મારવા માટે તૂટયો છે. અમે બંને ભાઈબહેનને શ્રમિત થવાને લીધે આંખે ઊંઘ આવી આથી સાગ પાન ઓઢીને સૂઈ ગયા. અમે ઘસઘસાટ ઊંઘતા હતાં અને પૂર્વ દેશનો પવન વાયો તેના કારણે અમારાં શરીર ઉપરથી પાન ઊડી ગયાં. તેમાં અમારો શો દોષ ?'' સીતા રામને આગળ કહે છે, ''હવે તું આવી નકામી વાતો રહેવા દે અને આ વનમાં નાનો સરખો એક કૂવો બનાવીએ. આપણા કૂવાનું જ પાણી પીએ અને ઘરના કૂવે જ સ્નાન કરીએ. નકામી વાતો કરે કામનો પાર નહીં આવે. આ વનમાં નવાં નવાં કામ કરીએ.''

રામ વનખંડમાં શ્રીફળ વધેરે છે અને હાથમાં કોદાળી લઈને કૂવો ખોદવા લાગે છે. લક્ષ્મણ કૂવામાંથી ટોપલાં ભરે છે અને સીતા ભરેલાં ટોપલા માથે લઈને કૂવાની બહાર ઠાલવે

છે ધીમે ધીમે કૂવામાં આછાં આછાં નિર્મળ નીર આવવા લાગ્યાં છે. રામ લીલાં નાળિયેર વધેરીને પાણી વધાવે છે. સીતા રામને કહે છે, નાનો સરખો કૂવો તો ગોડયો પણ હવે નાનો સરખો 'હરિયો' (લીલો) બાગ બનાવીએ.''

વનમાં વાલમો સુથાર આવે છે. તે 'રૂપાવરનો રેંટ' અને 'સોનાવર' ની માળા બનાવે છે. 'તાંબાવર'ના ઘડુલા રેંટને જોડવામાં આવે છે. રામ રેંટ ચલાવે છે અને લક્ષ્મણ 'પાણત' (પાણી સિંચવું) કરે છે. વાડીમાં પાણી આવવા લાગ્યું છે. સીતા કયારા કરે છે અને કયારામાં પિતાએ દહેજમાં આપેલાં બીજ રોપે છે. ચતુર સીતા જોઈ જોઈને એક કયારામાં ચંપાના બીજ રોપે છે. તો વળી બીજા કયારામાં મરવા રોપે છે તો વળી ત્રીજામાં મોગરાનાં બીજ રોપે છે. સીતા રંગરંગના ફૂલછોડ અને વૃક્ષો વાડીમાં રોપે છે અને કયારાને પાણી સિંચે છે. બીજા દિવસે સવારે સીતા ઘડામાં મૂકી રાખેલું શીતળ પાણી સિંચે છે. બીજને ધીમે ધીમે અંકુર ફૂટવા લાગ્યા છે અને ફૂલછોડ મોટા થવા લાગ્યા છે. વૃક્ષો કમરથી માથા સુધી આવવા લાગ્યાં છે, અને તેઓને નવાં પાન, ડાળીઓ અને ફૂલ આવવા લાગ્યાં છે. હવે બાગમાં જૂઈ, જાસુદ, મરવામોગરા, રાય, ઢુઢણિયા, કેતકી અને કેવડા અને ચંપા ફૂલ્યા છે. વાડીમાં રંગરંગનાં અને ઘાટઘાટનાં ફૂલ ખીલ્યાં છે. હરિયા બાગમાં કાળી પાંખોની કોયલો બોલે છે. ફૂલો ઊપર ગુંજે છે અને વૃક્ષો ઉપર લીલા મોર ટહુકાર કરે છે. એક વૃક્ષથી બીજા વૃક્ષે લીલી પાંખોના સૂડા ઊડે છે. સાચા ચંદનનાં ઝાડ ફૂલ્યાં છે અને ફૂલોની સુંગધ ચોતરફ ફેલાઈ છે. સીતા બાગની આજુબાજુ ફરે છે. સોહામણો બાગ જોઈને તેને ખાધાપીધા વિના પગ ભૂખ મટી જાય છે. રંગબેરંગી ફૂલોની સોડમ લે છે.

## ૧૨. દસમો ગ્રહ :

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો મહાજોગ આવ્યો. રાવણે નવગ્રહો તો ઢોલિયાના પાયે બાંધ્યા છે. દસમો ગ્રહ છૂટો રહી ગયો છે, જે બધે ફરતો ફરે છે. રાવણ તેને શોધી રહ્યો છે. તે વિચારે છે, ''મારા રાજમાં કોણ દુ:ખી છે અને કોણ વૈરાગી છે ? મારા રાજમાં રડવાવાળું કોણ ?'' આમ વિચારીને તે 'ધરમર ધરમર' વાદળ મહેલ ઉતરી નીચે માણેકચોકમાં આવે છે. રાવણ દસમાં ગ્રહને પૂછે છે, ''આ કવેળાનું રડવાવાળું કોણ છે ? તને કોઈએ આંખ કાઢી હોય તો આંખ ફોડું, ગાળ બોલ્યો હોય તો ભ ખેંચું તું કયાં દુ:ખે રડે છે ? તું કોણ છે ?'' હવે દસમો ગ્રહ રહતો રડતો છાનો રહે છે અને ધીમે રહીને કહે છે ''હું તારો બાપ

થાઉં છું.'' રાવણ કહે છે, ''મારા બાપને મરે તો ઘણા દિવસ થઈ ગયા. આજે કયાંથી જાગ્યો ? અને જો તું મારો બાપ હોય તો કયા દુઃખે રડે છે ? તારાં દુઃખની વાત કર. હું લંકાગઢનું રાજ કરુ છું. મારે માથાં દસ અને વીસ હાથ છે. હું આ જગતમાં કોઈને ગણતો નથી. તો પછી મારા બાપને એવું કયું દુઃખ પડયું ?'' દસમો ગ્રહ ધીમે રહીને કહે છે, ''પુત્ર, બહુ બોલીશ નહીં, તેં તો મારું લંકાગઢનું રાજ લજવ્યું ! મારે પેટ પુતર પાકયો એના કરતાં તો પથરો પાકયો હોય તો સારું, ધણીની પૂછેલી પત્નીને ભીખારી બાવા લઈ ગયા !'' રાવણ વિચારે છે, ''ઓ હો ! હો ! હો ! સીતાવાળી વાત આવી.'' રાવણ તે વાતના અનુસંધાને કહે છે, ''હે બાપુ ! એ વાત જવા દો. ધનુષ્ય ઊંચુ કરવા જતાં મારી વીસેવીસ આંગળીઓ કપાઈ ગઈ, જયારે રામે ટચલી આંગળીએ ધનુષ્ય ઊંચકયું.''

દસમો ગ્રહ આગળ કહે છે, ''તું બહાર નીકળીને જોતો ખરો ? લોકો મહેણાં મારે છે કે, મર્દની પત્નીને ઋષિએ રાખી.'' દસમો ગ્રહ રાવણને ચડાવતા કહે છે, ''દીકરા રામ ઋષિનો ઘણો જ બહાદુર છે. તું એને કશું જ નહીં કરી શકે દીકરા, તેનો નાનો ભાઈ પણ મોટો યોધ્ધો છે. એ વાત પણ સાચી છે કે તને તે અવશ્ય મારી નાખે !'' આવેશમાં આવેલો રાવણ ગ્રહને કહે છે, ''હે પિતાજી ! નવગ્રહ તો મેં મારા પલંગના પાયે બાંધ્યા છે. દસમો ગ્રહ વનવન ભટકતો ફરે છે. પછી એવા ઋષિના કોણ ભાર ગણે ? હું ધારું તો દસમો ગ્રહ રાવણને બરાબર ચડાવતાં કહે છે, ''હું તારા કહેવા માત્રથી તો નહીં માનું તારે દસ માથા અને વીસ હાથ છે. પણ તું તેણીને હરી લાવે તો જ હું માનું કે તું મારો વીર પુત્ર છે !'' રાવણ કહે છે, ''મેં તમને મારા વિશે ઘણું કહયું, પણ હવે સીતાને હરી લાવ્યા વિના નહીં છોડું.'' દસમો ગ્રહ છેલ્લી વાત કરતા કહે છે, ''તું તેને સાચે જ હરી લાવવાનો હોય તો મને સતવચન આપે તો જ હું માનું. ''રાવણ રાજા દસમા ગ્રહને આ પૃથ્વીના માથે સતવચન આપતાં કહે છે, ''અમર વાચા, બ્રહ્મવાચા, વાતાચૂકું તો ઊભો સુકાઈને થાંભલા થઈ જાઉં !'' રાવણ કહે છે, ''બાપુ તમે પણ મારી સાથે ચાલો તમારા ભટકતા આત્માને મારા મહેલના એક ખૂણે બેસાડીને.'' રાવણ રાજા સાથે દસમો ગ્રહ પણ 'ધરમર ધરમર' વાદળમહેલનાં પગથિયાં ચડે છે. મહેલમાં આવ્યા પછી પલંગમાં પડયો પડયો રાવણ સીતાને હરી લાવવાના વિચારે ચડે છે.

રાવણ વિચારે છે, ''લોકો મહેણાં મારે એ મારા માટે જગતમાં સારું ન ગણાય. સીતા સૂની પડે તો જ મારો ઘાટ આવે. સીતા સાથે લક્ષ્મણ યોદ્ધો હશે તો હું સીતાને કયારેય હરી

શકીશ નહીં. સીતાથી લક્ષ્મણને દૂર લઈ જવા માટે મારે તેમનો હરિયો બાગ ભેળવવો પડશે.'' આમ વિચારીને રાવણ બે મુખવાળો સતનો મૃગનો ઘણો જ ફૂટડો છે. તે સોને રંગ્યો અને રૂપે રળિયામણો છે. શરીર ઉપર રૂડી ભાન પડેલી છે. એક મુખથી જુએ છે અને બીજા મુખ દ્વારા ખાય છે. હવે તે સોના વર્ણના મૃગને આદેશ આપતાં કહે છે, ''મૃગ, વન ખંડમાં પેલા બે ઋષિની વાડીમાં જા અને તેમનો લીલો બાગ ભેળી નાખ દિવસે તું પર્વતોમાં સંતાઈ રહેજે અને રાતે બાગમાં ઊતરી આવજે ચંપા–કેવડા, મરવા–મોગરાને ઊખેડી ઊખેડીને મૂળ આસમાન તરફ કરજે અને ડાળાં પાતાળ તરફ તું ચેતન રહીને એક મુખે દુશ્મનને જોતો રહે જે અને બીજા મુખે બાગ ભેળીને ફળ ખાતો રહે જે.'' રાવણના આદેશથી બે મુખવાળો મૃગ લાંબી ફાળે અને છોટે ડગલે મારગે મારગે વનખંડની વાટે આવે છે. લંકા પૂઠણ મૂકી પરલંકામાં આવે છે. હવે તે એક સીમ પાછળ મૂકે છે અને બીજી સીમમાં આવે છે, ચાર પગે ચાલતો તે વનખંડની વાટે આવે છે.

દિવસ અસ્તાચળે (ડાલા ડુંગરે) ગયો છે. સૂડા સૂવા માટે માળે ગયા છે. મૃગ ધીમે ધીમે પર્વતો ઉતરવા લાગે છે. તે મારગે મારગે વનખંડમાં આવે છે. તેને સુંદર લીલો બગીચો નજરે પડે છે. ડાકણ–શાકણની વેળા થઈ છે. ભૂત કાકડે રમે છે. મઢીમાં સતિયાંને નિદ્રા આવે છે. દબાતા પગે મૃગ સીતાની વાડીમાં પ્રવેશે છે. મરવા–મોગરા, જૂઈ–જાસુદ અને ચંપા–કેવડા ફૂલ્યા છે. સાવ સોહામણું લાગે છે. તે લપાતો છુપાતો વૃક્ષો પાસે આવે છે. એક મુખે જોતો અને બીજા મુખે વૃક્ષો પાસે આવે છે. વેરી મૃગને રીસ ચડે છે. વૃક્ષોનાં મૂળ આસમાનમાં કરે છે. અને ડાળાં પાતાળ તરફ જગાએ જગાએ બખોલો કરવા લાગ્યો છે. અને અડધો બાગ ઉજ્જડ કરી નાખ્યો છે. સવાર થતાંની સાથે તો તે દબાતા પગે પર્વતો ઉપર ચાલ્યો જાય છે. અને તેણીની આંખો આંસુથી ઊભરાય છે. સીતા વિચારે છે, ''ઘણી મુસીબતે બાગ બનાવ્યો હતો. વેરીએ ઊંધે માથે ચંપા અને કેવડા કરી નાખ્યા છે. હવે હું મન કેવી રીતે વાળું ?'' તે મારગે મારગે મઢીએ આવે છે અને આંગણામાંથી જ મહેણાં મારવા લાગે છે. સીતા કહે છે, ''બાપડા'' બે મરદ છો પણ ઘરમાંથી બહાર જ નીકળતા નથી ને ! સાંજે સૂતા છો ; સવારમાં સૂઓ છો અને કવેળાએ જાગો છો. વેરીએ રણ બનાવી દીધું છે. કેટલે 'વરખે' વાડી બનાવી હતી. હવે હું કેવી રીતે મન વાળું ?'' સીતા રામને કડવાં વેણ બોલવા લાગી છે. રામને સીતાનાં વચનોથી રીસ ચડે છે. તે હાથમાં બાર મણનું ધનુષ્ય અને તેર મણનું તીર લે છે. વાડી તરફ જતાં પહેલાં લક્ષ્મણને

શિખામણ દે છે, ''ભાઈ, તું ઘેર રહેજે. અહીં જ હાજર રહેજે. નહીં તો આ વનખંડમાં સીતાને એકલી જોઈ કોઈ હરી જશે. હું વાડીમાં જાઉં છું. હવે તો મૃગને મારીને જ પાછો આવીશ. મૃગે આપણો હરિયાળો બાગ ઉજ્જડ કર્યો છે. પણ તેની ખાલનો સીતાને કમખો (કાંચળી) સિવડાવીશ ત્યારે જ મારુ મન વળશે !'' પત્નીના બોલ ખરા (કડવા) લાગ્યા છે એવા રામ રીસને લીધે કાળામેશ થતા વાડીમાં આવે છે. તે દોઢીનો દરવાજો પાછળ મૂકીને વાડીમાં આવે છે. લાંબી નજરે જુએ છે તો ફુલઝાડનાં મૂળ ઊંધે માથે કર્યા છે.ખેદાન મેદાન થયેલી વાડી જોવાની રામની છાતી ચાલતી નથી હવે તેમને પગની પાનીથી રીસ ચડે છે. ત્યાંથી ચોંટીએ જઈ ભડાકો થાય છે. રામ વિચારે છે, ''મૃગ, હવે આ વીરનો ખેલ જો ! તું વાડીમાં આવ્યો હતો તારા પગે પણ હવે પાછા જવાનું છે મારા પગે !'' રામ મૃગને મારવા માટે જમીનામાં ખાડો ખોદીને 'ઓદી' ઘાલે છે.

દિવસ અસ્તાચળે (ડાબા ડુંગરે) જાય છે. સૂડા સૂવા માટે માળે જાય છે મધ્યરાત્રી થવા આવી છે. ભૂત કાકડે રમે છે. મૃગ પર્વત પરથી ઊતરીને દબાતા પગે વાડીમાં આવે છે. એક મુખે વેરી ને જુએ છે અને બીજા મુખથી બાકી રહેલાં વૃક્ષો ઉખેડવા લાગ્યો છે. રામ ગુસ્સામાં થરથર કાંપવા લાગ્યા છે અને બાર મણના ધનુષ્ય પર તેર મણનું તીર ચડાવે છે. શરીરનું બધું જ બળ એકઠું કરીને તાકીને તીર છોડે છે. તીર 'મરઘા' નો ગાલ વીંધે છે અને 'મરઘો' ચીસ પાડતો લક્ષ્મણનું નામ લે છે. સીતાના કાને ચીસનો અવાજ પડે છે. તે વિચારે છે, ''રામ મુસીબતમાં આવ્યા લાગે છે.'' સૂતેલા લક્ષ્મણને કહે છે, ''દિયર, તને સૂતાંની સાથે ઊંઘ કેમ આવી ? તારો ભાઈ મુસીબતમાં ફસાયેલો છે, દિયર તેણે વાડીમાંથી કારમી ચીસ પાડી છે. તું જટ જટ તેની મદદે જા. જગતમાં મોટું કામ આવ્યું.'' લક્ષ્મણ કહે છે, 'ભાભી, મને ભાઈએ તેની પાછળ આવવાની ના પાડી છે. હું વાડીમાં જાઉં અને મઢીમાં એકલી જોઈને તેને કોઈ હરી જાય એવો ભય છે. માટે વાડીમાં જવું એ હિતાવર નથી.'' લક્ષ્મણની આનાકાનાથી આવેશમાં આવેલી સીતા કહે છે, ''દિયર તે મનમાં ભૂંડું ધાર્યુ. તારે તો એમ છે કે ભાઈ મરશે તો મને ભાભી મળશે !'' લક્ષ્મણને ભાભીના બોલ કડવા લાગે છે. તે આળસ મરડીને બેઠો થાય છે. મઢીના આંગણમાં આવીને લક્ષ્મણ રેખા (આગિયાકારી) બાંધે છે અને બોલે છે, ''આ રેખા ઓળંગશે તે બળીને રાખ થઈ જશે.'' લક્ષ્મણ રેખા બાંધીને ચાલ્યો જાય છે.

## ૧૩. રાવણ :

લંકાગઢમાં રાવણ રાજા વાણિયાના ઘેરથી ભગવું કપડું લાવે છે. અને દરજીના ઘરે જાય છે. દરજીને કહે છે, "વીરા, તું માગે એટલું દામ આપીશ. મારે 'જોળી જંડો' સિવડાવવો છે." સદ્ભાગીના બોલ અને અભાગિયાના લાગે ભોગ. રાવણના આદેશથી દરજી 'જોળી–જંડો' સીવે છે. 'ઝોળી–ઝંડો' ઉપર માંડે છે, મા અને બાપ. બીજું માંડે છે, 'લવતા' મોર. આખી જોળી ઉપર માંડે છે લંકાગઢ. હવે દરજી જોળી–જંડો લઈને મારગે મારગે કંસારાના ઘેર આવે છે, અને તેની પાસેથી ભમ્મર ઘૂઘરા લે છે. હાથમાં ખાલી ખપ્પર લે છે. કેડ સુધી જટા વધારે છે. પગે 'કમણ' ઘૂઘરા લે છે. એક હાથમાં મોરલી અને બીજા હાથમાં ડાકલું લે છે.

લંકાગઢનો રાવણ રાજા જોગીનો વેશ જોઈને મારગે મારગે આવવા લાગે છે. તે લંકાગઢ પાછળ મૂકે છે અને મારગે મારગે વનખંડમાં આવે છે ઝડપથી આવી રહયો છે. અને તેની આવવાની ઝડપના કારણે 'તેંમરી' વાગી રહી છે. તે નાચતો નાચતો સીતાની મઢી નજીક આવી રહયો છે. અને સીતા સૂતી સૂતી કાન માંડીને સાંભળી રહી છે. અને તેની આવવાની જડપના કારણે 'તેંમરી' વાગી રહી છે. તે નાચતો નાચતો સીતાની મઢી નજીક આવી રહયો છે. અને સીતા સૂતી સૂતી કાન માંડીને સાંભળી રહી છે. રાવણ જોગી મઢીના જાંપે આવીને નાચી રહયો છે, અને સીતા બેઠી થઈને જોગીને જોવા લાગી છે. તે વિચારે છે, "મને એકલી જાણીને કોઈ ભૂત (વેહ) થયો લાગે છે." રાવણ નાચતો નાચતો આંગણ નજીક આવવા લાગ્યો છે અને સીતા ભૂતના ભયના કારણે ખૂણે ખૂણે લપાવા લાગી છે. જોગી મીઠી મોરલી અને ડાકલું વગાડીને રમત માંડે છે. તે ગાય છે અને સીતાને મીઠું લાગે છે. રાવણ મોરલીમાં મીઠાં મીઠાં ગીતો ગાવા લાગ્યો છે અને સીતા મઢીના દ્વારો આવીને જોવા લાગી છે. જોળી ઉપર માંડેલા મોર ટહુકો (લવી) રહયા છે અને સીતા રાવણના નૃત્યને જોવામાં મગ્ન બનવા લાગી છે. સીતાને ગાન, સંગીત અને નૃત્ય ઘણું જ પ્રિય (હાઉ) લાગે છે. હવે રાવણ નાચતો નાચતો ઊભો રહે છે અને સીતાને કહે છે, "હે માતા ! મને ભિક્ષા આપો. અમે તો ઘણા ઘરના મહેમાન છીએ. એક જ ઘેર આટલું બધું રોકાશું તો ભિક્ષા કયારે ભેગી કરી શકશું ?" સીતા કહે છે, "વીરા, હું તને કેવી રીતુ ભિક્ષા આપું ? બારણાનથી આગળ તો લક્ષ્મણે રામનું નામ લઈને રેખા બાંધી છે. રેખા ઓળંગતા જ બળીને ભસ્મ થઈ જવાય !" રાવણ કહે છે, "માતા રામના નહાવાનો પાટલો છે

તેને રેખા ઉપર મૂકીને પાટલા ઉપર પગ મૂકી ભિક્ષા આપો.'' હવે સીતા રામના નહાવાનો પાટલો મઢીમાંથી લાવીને લક્ષ્મણ રેખા ઉપર મૂકે છે અને રાવણ એટલે હાથ નાખીને સીતાને ઊંચકે છે. સીતાને વિમાનમાં બેસાડે છે અને બંને 'સ્વાર્ગાપવનાં'માં આવે છે. સ્વર્ગની વાટે વિમાન લંકા તરફ જવા લાગ્યું છે. હવે તો આવજો દિવાળી વહેલી...

લક્ષ્મણ મારગે મારગે વાડીમાં આવે છે. તે લાંબી નજરે જુએ છે તો રામ મૃગ મારીને તેની 'સોનેરંગી' (સોનવર્ણી) ખાલ પાડી રહયા છે. રામ, લક્ષ્મણને જોઈને તેની સામે આવે છે અને સીતાના સમાચાર પૂછે છે, ''તારી ભાભીને કોને ભળાવીને આવ્યો છે ? તેને સૂની મૂકીને અહીં શા માટે આવ્યો ?'' લક્ષ્મણ કહે છે, ''હું અહીં આવતો નહોતો તો ભાભી મહેંણાં મારતી હતી મને ખોટું લાગ્યું એટલે આવ્યો છું. ભાભીએ કોઈની ચીસ સાંભળી. આથી તેણીને થયું કે તમે મુશ્કેલીમાં છો જેથી મને વાડીમાં મોકલ્યો છે.'' રામ કહે છે, ''પણ મારે મઢી છોડવી જોઈતી નહોતી.'' લક્ષ્મણ કહે છે, ''મેં તો અહીં આવવાની ચોખ્ખી ના પાડી હતી પણ ભાભી આવેશમાં આવીને બોલી કે દિયર, તેં તારા મનમાં ભૂંડું વિચાર્યુ છે. તારા ભાઈની વહારે જતો નથી. તેણીના આવા અવળા વહેણ સહન ન થવાના કારણે અહીં આવ્યો છું.'' બંને ભાઈ મરેલા મૃગની પાસે આવે છે. તેઓ મરેલા મૃગની ખાલ પાડે છે. બંને મરેલો મૃગ અને ખાલ લઈને નાખી દે છે. અધીરા બનેલા રામ આંગણામાંથી સીતાને શોધતા શોધતા ચોપાડમાં જાય છે. પણ ત્યાં સીતા મળતી નથી. આથી તેઓ મઢીમાં આવે છે. મઢીનો ખૂણે ખૂણો શોધી વળે છે. પણ સીતા એકેય ખૂણાંમાંથી મળતી નથી. તેઓ વિચારે છે, ''જરૂર સીતાને રાવણ જ હરી ગયો હોવો જોઈએ.'' રામ લક્ષ્મણને કહે છે, ''હું તને મઢીએ સીતાની રક્ષા કરવા મૂકીને ગયો હતો અને તું મારી પાછળ પાછળ આવ્યો. કોઈ અહીં આવીને સીતાને જરૂર હરી ગયો લાગે છે. તેઓ વિલાપ કરતા છાતી કૂટે છે. રામ વિચારે છે, ''જગતમાં આવી પડતી નહીં મળે, સીતા ચતુર નારી, ઘણાં ગુણ વાળી હતી.'' લક્ષ્મણ રામને કહે છે, ''ભાઈ ધીરજ ધર, તને બીજી પત્ની પરણાવીશું અને તેનું નામ સીતા રાખીશું !'' રામ કહે છે, ''લક્ષ્મણ, તું ઘણા લક્ષણવાળો છે અને આવું કેમ બોલે છે ? બીજી સ્ત્રીને સુલક્ષણા કહેવાથી શું થશે ? વાડીએ વાડીએ ચંદન વૃક્ષો નહિં મળે. બધા તળાવે કમળ નહીં હોય ; તેમ ઘેર ઘેર ચતુર નારી નહીં મળે ભાઈ ! સીતા વિનાના મને ચાલવાથી જપ (ચેન) થતો નથી અને રાતે ઊંઘ આવતી નથી.'' રામ સીતાને યાદ કરીને

આંસુ સારે છે, તે વિચારે છે, “અષાઢી વાવણી, પહેલો દીકરો અને પહેલી પત્ની જ સુખ આપે. બીજી પત્ની કરીએ તો ફાટયા ઉપર પીંગડા જેવું થાય.” રામ યોદ્ધાને રાતે ઊંઘ આવતી નથી. સીતાની યાદમાં તે સ્વપ્નમાંથી જલકીને જાગી જાય છે અને હૈયામાં સીતાને શોધે છે. અવાર થાય છે અને સૂર્ય ઊગે છે. તે લક્ષ્મણને કહે છે, “ચાલ ભાઈ, આપણે તેને શોધવા માટે જઈએ. રામ સીતાના પગલાં શોધે છે. પણ તેમને કયાંય પગલાં મળતાં નથી. તેઓ નીચે બેસીને સીતાનાં પગલા શોધે છે, પણ કયાંય પગલાં મળતાં નથી.

રામ અને લક્ષ્મણ હાથમાં ધનુષ્ય અને બાણ લઈને સીતા ની શોધ કરતા કરતા વનખંડમાં આગળ વધે છે. આગળ જતાં સીતાનું સતનું પગલું નજરે પડે છે. રામજી સીતાનું કંકુનું પગલું જએ છે અને તેની પાસે દોડી જાય છે. તેઓ ચરણ ચિહ્નને તેની પાસે બેસી જાય છે અને તેને જોઈને વિલાપ કરતા આંસુ સારે છે. લક્ષ્મણ પણ ભાભીનું ચરણચિહ્ન ઓળખે છે અને તેનું હૈયું ભરાઈ આવે છે.

## ૧૪. આવળ, ‘ખાંટી નેંબો’ અને ખિસકોલી :

રામ ભારે હૃદયે લક્ષ્મણ સાથે ‘પપૈયાવનમાં’ આવે છે. સરસ મજાની વનરાય છે. ઊંચા ઊંચા સાગ આકાશે ચડયા છે. રસ્તાની બાજુમાં આવળ ફૂલોથી લચી પડી છે.

આવળનાં ‘જોવન’ જાય છે ભરયૌવનમાં આવેલી આવળને રામ પૂછે છે, “હે બાઈ સીતાને અહીંથી જતી દેખી છે ?” રામના પ્રશ્નથી આવેશમાં આવેલી આવળ કહે છે, “હું ભરયૌવનમાં આવી છું ! ક્ષણે ક્ષણે મારું યૌવના જાય છે. તમે મને શા માટે અવળું બોલવો છો ? તમે કયાં ગયા હતા ?” રામ આવળના ઉતરથી વિચારે છે, “આવળે સીતાને જ જોઈ હોય તો કંઈ નહીં પણ તેને સીધું તો બોલવું હતું ?” રામ તેને શાપ આપતાં કહે છે, “જા તારું લગ્ન નહીં થયા ! તને વર પરણવા આવશે ત્યારે તારું શરીર કરમાઈ જશે. જેથી વર પરણ્યા વિનાપાછો જશે. તું જન્મ કુંવારી રહીશ. તારું સદા સ્થાન ચમારનો કુંડ રહેશે અને તારાથી તેઓ ચામડાં પકવશે.

સીતાના સાચા સમાચાર નહીં મળવાને કારણે દુ:ખી થયેલા રામ અને લક્ષ્મણ ‘પપૈયાવન’ માં આગળ વધે છે. રસ્તામાં ખાટી નેંબો’ મળે છે. રામ તેને સમાચાર પૂછે છે, “ભાઈ, તે અહીંથી સીતાને જતાં જોઈ છે ?” ‘ખાટી નેંબો’ (ચોમાસામાં થતી એક વેલ કે જેનાં

પાન ખાટાં હોય છે.) કહે છે, ''તમે બે પુરુષો હતા, તમે બંને શું કરવા ગયા હતા કે જેથી તમારી પત્ની ચાલી ગઈ ! હું યૌવનમાં આવ્યો છું અને મારે પરણવાનો સમય જાય છે. તમે આવ્યા તેની વાટે જાઓ.'' ખાટી નેંબોએ યોગ્ય ઉતર આપ્યે ન હોવાના કારણે આવેશમાં આવેલા રામ તેને શાપ બોલે છેપ ''તારીસાથે પરણનાર કન્યા ભરયૌવનમાં આવશે ને તારા પગ ઢીલા થઈ જશે. તું અમર કુંવાર રહીશ.

સીતાની શોધ કરતા કરતા બંને ભાઈ કદળીવનમાં આવે છે. રૂડા સાલ વૃક્ષો ઊભાં છે. મહુડાના વૃક્ષો ઉપર મહુડાં બેઠા છે. ખિસકોલી બાઈ મહુડાં વીણવા માટે આવ્યાં છે. કદળીવનમાં રામ આગળ ચાલે છે અને લક્ષ્મણ પાછળ પાછળ ચાલે છે. ભૂખે અને તરસે બંનેનો જીવ થાય છે. મહુડાના વૃક્ષ પર મહુડાં વીણતાં ખિસકોલી બાઈ લાંબી નજરે રામ અને લક્ષ્મણને આવતા જુએ છે. અને પૂંછડી ઊંચી કરીને આનંદ પામતી કહે છે, ''આજે તો મારા બંને મામા આવે છે.'' ખિસકોલી બાઈ ઝપ્પટ મહુડાં ઉપરથી નીચે ઉતરે છે. મામાને સામે જઈને મળે છે અને બંને મામાની પ્રદક્ષિણા કરીને પાયે લાગે છે. બંને મામાને આગળ કરીને મહુડાં પાસે લાવે છે અને મહુડાની શીતળ છાયામાં બેસાડે છે. ખિસકોલીબાઈ વિચારે કરે છે, ''મારા મામા તો બહુ જ દૂરથી આવે છે આથી ભૂખ્યા થયા હશે.'' તે રામ અને લક્ષ્મણને કહે છે, ''મામા, તમે ક્ષેમકુશળ બેસો હું તમારા માટે ખાવાની વ્યવસ્થા કરું છું. ખાઈએ તેનાથી સેવા !'' આમ વિચારીને ખિસકોલી મહુડાં ઉપર ચડે છે અને ઉપરથી મહુડાં વીણીને રામ અને લક્ષ્મણ જયાં બેઠા છે ત્યાં નાખે છે. મહુડા ઉપરથી જ તે કહે છે, ''મામા, તમે ફૂંકી ફૂંકીને ખાજા. નહીં તો બળશો.'' સતિયા ખિસકોલીબાઈએ નાખેલાં વનફૂલ હેતથી ખાય છે. બંને મહુડાં ખાઈને ધરાઈ ગયા છે. લક્ષ્મણ મામો કહે છે, ''બાઈ, હવે તું નીચે આવ. અમે ધરાઈ ગયા છીએ.'' ખિસકોલીબાઈ તો મહુડાં ઉપરથી નીચે આવે છે અને બંને મામા સાથે વાતે ચડે છે. તે રામને કહે છે, ''મામા, તમે સદા જેવા આનંદી નથી લાગવા !'' રામની આંખોમાંથી બોર જેવડાં આંસુ પડે છે.'' લક્ષ્મણ કહે છે, ''બાઈ, તારી મામીને કોઈ હરી ગયું છે. અમે ઘણા જ દુઃખી છીએ.'' ખિસકોલી સીતાના સમાચાર આપતાં કહે છે, ''કાલે કોઈ સ્ત્રીને ઉડણપાવડી ઉપર બેસાડીને લંકાનો રાવણ આકાશમાર્ગે જતો મેં જોયો હતો. હા, પણ તમે મામા ધીરજ ધરો. આપણી મામી કયાંય નહીં જાય. મને વિશ્વાસ છે.'' તેની વાતોથી રાતા પામેલા રામ ખિસકોલીના શરીર ઉપર હાથ ફેરવે છે. તેના શરીર ઉપર રામની આંગળિયોના સાવ સોનાના

લીટા પડે છે. ખિસકોલીનું શરીર સોનાનું બની જાય છે, તે પોતાનું શરીર જોવા લાગી છે. શરીર ઉપર સોનું ચળકે છે. આ સોનું જોઈને ખિસકોલી રામને કહે છે, ‘‘મામા, તમે મારી વાત સાંભળો. આજે તો સતયુગ છે. કાલે મનુષ્ય અવતાર આવશે ત્યારે ભીલનાં છોકરાં સોનું લેવાની લાલચે મને જીવતી નહીં મૂકે !’’ રામ ખિસકોલીની વાત ઉપર વિચાર કરીને તેના શરીર ઉપરથી સોનું લઈ લે છે. આજે પણ ખિસકોલીના શરીર ઉપર રામની આંગળીઓના નિશાન દેખાય છે. આમ રામ–લક્ષ્મણ બંને ભાઈ પોતાના મનની વાત કરીને ત્યારબાદ આગળ વધતા આનંદ અનુભવે છે.

### ૧૫. હનુમાન :

વહેળાના કિનારે લીલા ઝાડ ઉપર ચડીને હનુમાન આંસુ સારી રહયો છે. બીજા ‘યરિયા’ વાનરોએ તેની પત્ની જૂંટવી લીધી છે અને અંજનીપુત્ર આંખો બંધ કરીને ચોધાર આંસુએ રડી રહયો છે. આંસુની ધારાએ નીચે સુકાયેલા વહેળામાં પડે છે અને આંસુનું ખાબોચિયું ભરાયું છે. રામ અને લક્ષ્મણ મારગે મારગે આવે છે. રામજીને તરસ લાગી છે. રામ લક્ષ્મણને કહે છે, ‘‘ભાઈ, મને તરસ લાગી છે. મારા માટે પાણી લઈ આવ.’’ લક્ષ્મણને કહે છે, લક્ષ્મણ રામને રસ્તામાં બેસાડીને પોતાના મોટા ભાઈ માટે પાણી શોધવા જાય છે. અને તેની નજર વહેળાના કિનારા પર પડે છે. અને સર્કમણ ખાખરાનોપડયો બનાવી તેમાં પાણી ભરીને રામ માટે લાવે છે. રામને પાણી જોતા જ ખ્યાલ આવે છે કે પાણી નથી આતો કોઈક આંસુ છે. આ પાણી કોઈ દુ:ખીના છે. તું મારી સાથે બાર વરસ રહયો અને જમીનમાં પથારી કરી સુતા તો પણ તું આંસુને પારખી ન શકયો ? લક્ષ્મણ બચાવ કરતા રામને કહે છે હું એક મોટા વહેળાના ખાબેચિયામાંથી પાણી લાવ્યો છું. તમે સીતાની શોધતા કારણે ગાંડો થઈ ગયો છે એટલે તને પાણી ની ખબર પડતી નથી બંને ભાઈ વચ્ચે સંવાદ રચાય છે. છતા કાનથી સાંભળેલી વાત કોઈ નહીં માને પણ તું મારી સાથે ચાલ. રામ–લક્ષ્મણ સાથે જાય છે વહેળાનું પાણી બનાવે છે. રામ જુએ છે પછી માથું ઊંચું કરીને વૃક્ષ ઉપર જુએ છે. રામને ભાણેજ હનુમાન નજરે પડે છે. હનુમાનની આંખો બંધ છે અને આંખોમાંથી જે આંસુની ધારા વછૂટી છે તેના કારણે નીચે ખાબોચિયું ભરાયું છે લક્ષ્મણને નજીક બોલાવે છે, અને કહે છે ; ‘તું આ વૃક્ષ ઉપર જો.’ લક્ષ્મણ આ દ્રશ્ય જોતા વિચારે છે હું કેટલા લક્ષણોવાળો હોવા છતા હનુમાનને ઓળખી ન શકયો આજે ખરેખર ભૂલ થઈ.

રામ–લક્ષ્મણ હનુમાનને દુઃખનું કારણ પૂછે છે હનુમાન માતા અંજનીના પેટ એકલો છે હવે ભાઈ વિના કોણ ભીડ ભાંગે !'' રામ હુનમાનને કહે છે, ''ભાણેજ, તું દુઃખી ન થતો તારી ભીડ અમે ભોગીશું, પણ તું એતો કહે કે, કયાં દુઃખે આંસુ સારે છે ? હનુમાન આંખ ખોલીને જુએ છે મામા રામ અને મામા લક્ષ્મણને નજરે જુએ છે તે જટપટ વૃક્ષ નીચે આવે છે અને રડતા રડતા રામ–લક્ષ્મણની પ્રદક્ષિણા કરીને પાયે લાગે છે અને તેના દુઃખી વાત કરે છે, ''મામા'' હું માતાના પેટ એકલો હોવાથી જંગલના જાનવર મને ગણતા નથી. બીજા વાનરાએ મારી પત્ની હરી લીધી છે. આવો સંજોગોમાં હું તેમની સામે થવા જાવ છું તો મને એકલો જાણી મારી નાખવાની ધમકી આપે છે.

સ્ત્રી હરણની વાત આવી રામની આંખમાં આંસુ આવી ગયા. રામ કહે છે, ''ભાણેજ, તારી મામી સીતાને હું કયારેય સૂની મુકતો ન હતો. બંને ભાઈ વાડીએ ગયા અને મઢીમાં એકલી જોઈને રાવણ તેને હરી ગયો છે.'' બંને સમદુઃખિયા ભેગા થઈ વિલાપ કરાવા લાગ્યા છે. લક્ષ્મણ બંનેને ધીરજ આપે છે. હનુમાન શાંત થઈને કહે છે, ''મામા, તમે મારી ભીડ ભાંગો, હું તમારી ભીડ ભાગીશ. રામ કહે છે કંઈ રીતે, કઈ યોજના કરીશું કે વાનરોના ટોળાં અહીં આવે, હનુમાન કહે છે હું ઝાડ ઉપર ચડીને પોરસ કરીસ કે તરત જ બધા વાનરો મને એકલો જાણીને મારા પર તૂટી પડશે.'' રામ અને લક્ષ્મણ ઝાડની ડાળીઓની મોટી મજબૂત લાકડીઓ લઈને સંતાઈ જાય છે. હનુમાન એક ઝાડ પર ચડીને પોરસ કરીને 'હૂફા હફ' કરવા લાગ્યો છે. દૂર વૃક્ષો ઉપર રહેલો 'યરિયો' વાનરો વિચારે છે, 'એકલો તો છે ને વળી પોરસે ચડયો છે. અને આપણા સામે ભારત (યુદ્ધ) માંડયું છે. આમ વિચારીને 'યરિયો' સરખી જોડીના વાનરોને યાદ દઈને બોલાવે છે. હનુમાન સાથે યુદ્ધે ચડવા વાનરાનાં ટોળા પૂંછડાં ઉંચા કરીને આવવા લાગે છે. હનુમાન બધા ટોળાને આવવા દઈને લડાઈ કરવા માટે દોડતો નીચે આવે છે. હવે હાથમાં લાંબી લાકડીઓ લઈને એક બાજુથી લક્ષ્મણ દોડી આવે છે. બીજી બાજુથી રામ દોડી આવે છે. બંને ભાઈઓ આવેલા વાનરોને કુટવા લાગે છે. આ બાજુ આવેતો રામ મારે અને બીજી બાજુ આવે તો લક્ષ્મણ અને સામેની બાજુએથી હનુમાન ઝુડે છે. વનમાં વાનરોઓને માથે 'ઠોર' ઊડે છે. બધા જ વાનરો સરખા હોવાને કારણે હનુમાનને પણ એક બે લાકડી વાગે છે. હનુમાન રાડો પાડે છે કે 'મામા' તમે પણ કૂટવા લાગ્યા છો. રામજી કહે છે, ''હનુમાન તું દોડતો યુધ્ધ

મેદાનમાંથી બહાર જા તારા મોઢા ઉપર અને હાથ–પગે નિશાની કરી આવ. બધા જ વાનરો સરખા હોવાથી અમે તને ઓળખી શકતા નથી. હનુમાન વિચારે છે વનની બધી જ વનરાઈ લીલી છે, શેના વડે મારુ મોઢું કાળું કરુ ને નિશાની કરું ! રામ ધનુષ્ય ઉપર તીરનું સંધાન કરીને છોડે છે. અગ્નિ પ્રગટે છે અને ટીમરાનું ઝાડ સળગે છે. હનુમાન ટીમરાના ઝાડ તે ફરીને ટોળામાં આવે છે અને વાનરાઓને 'ભૂહુ ભૂહુ' કૂટવા લાગે છે. મારા ખાઈને થાકી ગયેલા વાનરો હનુમાનને તેના વાનરીને છોડીન ઊંચા પૂંછડા કરીને પર્વતો પર ચડી જાય છે. સતિયા હનુમાનને કહે છે, ''એ...ભાણિયા ...! લે આ તારી વાનરી. અહીં કોઈ જગાએ મઢી છે કે ? હવે અમે સીતાની વહારે જઈએ.'' હનુમાન આપણે સૌથી પહેલા લાવ. લશ્કર મેળવીએ અને બધા સાથે જ લંકામાં જઈએ.'' તેઓ લંકામાં જવા માટે લાવ–લશ્કર એકઠું કરે છે, રામ, લક્ષ્મણ અને હનુમાન મોટા લશ્કર સાથે લંકા તરફ જવા લાગે છે. તેઓ એક ખંડ મૂકીને બીજા ખંડમાં થઈને દરિયા કિનારે આવે છે. લંકાની આડે વિશાળ દરિયો જોઈને બધા 'ડગમગ' ઊભા રહી જાય છે. ચો તરફ જળ ને જળ જ ભરેલું છે. લંકા વચ્ચે ઊંડો સમુદ્ર ભરેલો છે. કઈ દિશામાં લંકા છે તેની ખબર પડતી નથી. બધે જળુકાર જ દેખાય છે. હનુમાન રામને કહે છે, ''હું સૌથી પહેલો એકલો જઈને લંકા જો આવુ ત્યારબાદ લશ્કર લઈને સાથે જઈએ.

રામ કહે છે, ''ઘણો જ લાંબો અને ઊંડો સમુદ્ર છે. તું એક કૂદકે સામે કિનારે જઈ શકીશ નહીં. અહીથી પોરસ કરીને છલાંગ માર અને હું તારી પાછળ તીર છોડું છું. જયાં તીર સ્થિર થાય ત્યાં ઘડી એક ઊભો રહીને વિરામ કરજે'' રામ બાર મણના ધનુષ સમુદ્ર ઉપર તેર મણના તીરનું સંધાન કરે છે. હનુમાન ઘણું જ પોરસ કરીને સમુદ્ર ઉપર કૂદે છે, અને સડસડાટ જળ ઉપર આગળ વધે છે. હનુમાન સમુદ્રની વચ્ચે આવવા લાગે છે. અને રામને લાગે છે કે હવે હનુમાન થાકવાની તૈયારીમાં છે. રામ શરીરનું બધું જ બળ એકઠું કરીને પણછ ઉપર તીર ખેંચીને છોડે છે. તીર સમુદ્ર પર સડસડાટ આગળ વધે છે અને સમુદ્રી અધવચ્ચે સ્થિર થાય છે. હનુમાન તીરની નજીક આવે છે. અને તેની ઈન્દ્રી ખલે છે, વીર્ય સમુદ્રમાં પડે છે. સમુદ્રમાં પડેલું વીર્ય માછલી ગળી જાય છે, અને તેનો જળવો યુધ્ધો (મકરધ્વજ) જન્મે છે. હનુમાન તીરના ફણા ઉપર ઘડીક વિરામ લઈને ફરીને પોરસ કરીને છલંગ મારે છે. લંકા તો પાછળ રહી જાય છે. અને તે પરલંકામાં જઈને પડે છે.

## ૧૬. સીતા લંકામાં :

રાવણે સીતાને 'ઊડણપાવરી' માં ઊંચકી લીધી અને બંને ''સ્વાંગાપવનાં'' માં આવે છે. પાંખે પર્વતો ઊડે છે અને મારગે મારગે લંકા તરફ જાય છે. બાર દિવસ વિમાન ચાલે છે અને ઊંડા ભરેલા સમુદ્રને મારગે રાવણ સીતાને લઈને લંકામાં આવે છે. વિમાન 'ઘૂમર' લઈને માણેકચોકમાં ઉતરે છે. રાવણ અને સીતા 'ઊકણપાવરી'માંથી બહાર આવે છે. રાણ સીતાને કહે છે, ''રાણી, આપણા સરસ મજાના વાદળમહેલ છે. તને રાજમહેલમાં સારુ લાગશે.'' રાવણના વચનો ઉપર ધ્યાન નહીં આપતી સીતા મનમાં આંસુ સારે છે અને વિચારે છે, ''વનખંડમાં મારો રામ શું કરતો હશે ?'' તે હૃદયમાં રામનું નામ લે છે. રાવણને કહે છે, ''રાવણ, બાર દિવસ વિમાન ચાલ્યું. આખો દરિયો ઓળગ્યો હવે તો હું વનખંડમાં જઈ શકવાની નથી. હું તારી રાણી, તું મારો રાજા ! પણ મારા પિતાએ પરણાવી તે દિવસથી વનખંડમાં રહી છું. રાજમહેલમાં પણ મને વાડી જ ગમે. હું તો ફૂલોની સોડમ વિના રહી શકતી જ નથી. બાગમાં લીલી પાંખોના સૂડા ઊડે ; મોરિયા લવે ; અને કાળી પાંખોના ભમરા ગુંજે. આવા બાગમાં જ મને તો સોહામણું લાગે વાદળમહેલમાં તો હું પરણ્યા પછી રહી જ નથી. મને અત્યારે તો વાડી વિના ફાવે જ નહીં. માટે મને સવા મહિનો 'હરિયા' બાગમાં મૂક. પછી હું જાતે જ રાજમહેલમાં આવીશ.'' રાવણ વિચારે છે, ''હું તેણીને ઘણે દૂરથી લંકાગઢમાં લઈ આવ્યો છું. હવે તો કયાં જવાની છે ? આજે નહીં તો કાલે તે મારી જ રાણી બનશે. આ વાત બિલકુલ સાચી.'' હવે દસ માથા અને વીસહાથ વાળો રાવણ સરદારોને સાદ પાડે છે અને 'વાજમી' વહેલ તેડાવે છે. 'વહેલ' આવે છે. અને વહેલમાં બેસાડીને સીતાને વાડીમાં લાવે છે. સીતા ચંપાની છાયામાં આવે છે. સીતા બાગને જુએ છે. રૂડો હરિયો બાગ ખીલ્યા છે. કેતકી, કેવડા, મરવા, મોગરા, જૂઈ–જાસુદ–વાડીના છોડ ફૂલથી લચી પડયા છે. સીતા બાગને જોઈને વિચારે છે, ''ખાધા પીધા વિના બેસી રહીએ એવો સોહામણો બાગ છે. સીતા ચંપાની છાયામાં બેસીને વિચારે છે રાવણ ઘણો જ શકિતશાળી યોદ્ધો છે. કોઈ દિવસ તેનું મન ચૂક કરી બેસે તો અત્યાર સુધીની મારી પતિભકિત પાણીમાં જાય. માટે રાવણથી બચવા માટે કંઈક તો કરવું પડશે.'' આમ વિચારી સીતા આજુબાજુથી પથ્થરો એકઠા કરે છે. અને ઊભી રહી દુંટી સુધી પથ્થરો ગોઠવે છે. શીલ બચાવવા સીતા અડધા શરીર સુધી પથ્થરોમાં સમાય છે. તે હાથમાં રામના

નામની માળા લે છે. તેને રામની યાદ આવે છે. અને રામને યાદ કરીને મનમાં રડે છે. સીતા વિચારો છે, 'રામ પણ મને યાદ કરીને રડી રડીને મરતા હશે.'' તેને દિયર લક્ષ્મણની યાદ આવે છે. મારો લાડમિયો દિયર પણ વનમાં રહી ગયો. સીતાની પોતાની મઢી કૂવો અને વાડીની યાદ આવે છે અને તે ચોધાર આંસુએ રડવા લાગે છે. તેણી પોતાને દોષ દેતી વિચારે છે, ''હાય રે હાય મે પાટલો મૂકીને ભિક્ષા ન આપી હોય તો આટલે દૂર સુધી આવવ્યું શીદને પડત ! પણ થયું તે થયું મારો રામ અને જરૂર છોડાવશે જ. તે ગમે તે રહીને અહીં લંકા સુધી આવશે તેવ શ્રધ્ધાએ સીતાએ રામને પામવા માટે વ્રત લીધું હતું.

## ૧૭. ભંજની (હનુમાન પરલંકામાં) :

હનુમાન પાછળ ફરીને લાંબી નજરે જુએ છે અને વિચારે છે ઓહો ! લંકા તો પાછળ રહી ગઈ અને હું તો આગળ નીકળી ગયો. તે થોડીવાર વિચારે છે પરલંકામાં મારી માસી ભંજની રહે છે ત્યાં જાઉ અને માસીને મળી આવું ઘણે દૂરથી આવ્યો છું ભૂખ્યો થયો છું માસને ઘેર જમીને લંકા વિષેની વાત પણ જાણી જાઉં. તે જયાં જઈ રહયો છે. ત્યાં તેની માસી ભંજની પાણી ભરવા માટે સામે આવી રહી છે માસી સામે જ ચાલી આવતી હનુમાનને જુએ છે. અને વિચારમાં પડે છે કે મારી બહેનનો દીકરો હનુમાના આવી રહયો છે ને ! તે અહીં કેવી રીતે આવ્યો હશે ? ઓ બાપા ! આવડો મોટો દરિયો પેણે કંઈ રીતે ઓળગ્યો હશે ? તેણે પરલંકાની વાટ કઈ રીતે શોધી હશે ! હવે તેણી આગળ ચાલીને હનુમાનને મળવા જાય છે. ભંજની સહર્ષ તેને ભેટે છે હનુમાનને આગળ કરી પોતાને ઘેર લાવે છે. ભમર ઢોલિયો ઢાળે છે અને કાબરી–પટોરી હીરખિયો પાથરે છે. ઘણા જ માન સાથે માસી ભાણિયાને ઢોલિયાના અગ્ર ભાગે બેસાડે છે. અને માસી ભાણેજ વાતે ચડે છે. પરલંકામાં આવવાનું કારણ પૂછે છે 'અચાનક માસીની યાદ કેમ આવી ? તું તો ઘણો મોટો થઈ ગયો છે ને ? પણ તને વેરી વાળી વાટ કોણે બતાવી ?' હનુમાન કહે છે, મારો મામો રાજા–લક્ષ્મણ વરમાં રહેતા હતા એક દિવસ બંને વાડીએ ગયા અને આ તરફ રાવણ આવ્યો. સીતા મામીને એકલી જોઈને હરી ગયો. હું મામીની વહારે આવ્યો છું.'' માસી કહે છે, ''રામ–લક્ષ્મણ તો મારા જ ભાઈ છે. આ કામ તો યોધ્ધાઓનું છે તું શા માટે મરી જવા માટે આવ્યો છે ? રાવણને તારી જાણ થશે તો પૂરે પૂરો તને મારી નાખશે દીકરા ! માસીના બોલ સાંભળતાની સાથે હનુમાનને પગથી પાની થી માંડી માથાસુધી

(નખશિખ) રીસ ચડે છે. ત્યાંથી માથાની ચોંટીએ જઈ ભડાકો થાય છે. હનુમાન ભંજનીને કહે છે 'માસી' આવી નબળી વાતો મને કરીશ નહીં, રાવણ તો મારા માથાની જૂ છે જૂ !'' દીકરા રાવણને તે જોયો નથી. તેને દસ માથાં અને વીસ હાથ છે ! તે દસ મોઢે બોલે છે અને એકસાથે વીસ હાથે લડે છે બોલ દીકરા તું એને શું કરી શકીશ ?'' હનુમાન કહે છે, ''માસી રાવણના પરાક્રમની વાતો હવે જવા દે.'' ભંજની કહે છે ''દીકરા, તું મારી એકની એ બહેનનું એકનું એક સંતાન છે. તું રામની વાતોથી ભોળવાઈને અહીં આવ્યો છે.'' ''માસી કાલ સવારે લંકામાં શું બને છે તે તું સાંભળજે. હું અત્યારે તો ઘણે જ દૂરથી આવું છું ; ભૂખ્યો થયો છું ઘરમાં કંઈ ખાવાનું હોય તો મને આપ.'' ભંજની ભાણિયાને કહે છે, ''અહીં બેસ દીકરા, મારે પાણિયારે નિર્મળ નીર ખૂટયાં છે. સરઝા વાવે પાણી ભરીને આવું છું. પછી તને રાંધીને જમાડું છું.'' સરઝા વાવે પાણી જતાં માસી વિચારે છે, ''ભાણિયો ઘણો જ અળવીતરો છે. તે સ્થિર બેસી રહેશે નહીં. અહીં પણ કંઈને કંઈ પરાક્રમ કરશે જ !'' આમ વિચારીને ભંજની હનુમાનના પગે કાચા સુતરનો દોરો બાંધે છે. ત્યાર પછી મરવાની ઉઠાણી માથે મૂકી ઉપર માટીનો ઘડો મૂકે છે અને ધરમર ધરમર વાદળમહેલ ઉતરે છે.

હનુમાનને માસીના મહેલે બેઠે બેઠે ચેન પડતું નથી. તે વિચારે છે, ''માસી રે માસી કેવી છે ! મારા પગે કાચો દોરો બાંધી ગઈ. માસીએ મને કેવો ગણ્યો ? આખો દરિયો ઓળંગતા લંકા તો પાછળ રહી ગઈ અને છેક પરલંકામાં પડયો તો પણ ભાણિયા ને ઓળખી શકી નહીં. હવે હું વળી એના કાચા દોરાથી બંધાઈને અહીં જ બેસી રહીશ !'' માસી દેખાતી બંધ થઈ છે અને હનુમાન આળસ મરડીને ઊભો થાય છે. પોરસ કરીને કૂદે છે. તે સ્વર્ગે પહોંચે છે પગે બાંધેલો દોરો તો તૂટયો જ નથી. તે ફરીને પૃથ્વી ઉપર આવે છે. નીચે પાતાળમાં જાય છે. પણ માસીનો બાંધેલો દોરો તો સાથે ને સાથે જ છે. અંતે હારી થાકીને હનુમાન પાતાળમાં બેસી પડે છે.

માસી પાતાળ વાવમાં પાણીનાં બેઠા માથે મૂકીને મારગે મારગે ઘેર આવે છે. બેડા ઉતારીને પાણિયારે મૂકે છે. હવે ભંજની ભૂખ્યા થયેલા ભાણિયાને મહેલમાં શોધે છે. પણ હનુમાન કયાંય દેખાતો નથી. આખો મહેલ હનુમાનને બોલાવવા માટે સાદ દે છે. પાતાળમાં બેઠો બેઠો હનુમાન પ્રતિસાદ દે છે. અને માસી સાથે વાતો કરે છે. હનુમાન કહે છે, ''હું તો પાતાળમાં બેઠો છું. અહીં બેસી તારો દોરો તપાસી જોતો હતો. માસી તમારો દોરો તો ઘણો જ મજબૂત છે !'' હસતી હસતી ભંજની હનુમાનને પાતાળમાંથી બહાર કાઢે છે. ભંજની હનુમાનને

પલંગના અગ્રસ્થાને બેસાડતાં કહે છે, ‘‘તું ઘડી એક બેસ ; મારા માટે ભોજન બનાવું છું.’’ માસી હનુમાન માટે બત્રીસ–તેત્રીસ પ્રકારનાં ભોજન બનાવે છે. સોનગરા થાળમાં ભોજન કાઢે છે. અને હનુમાનને પાણી આપતાં કહે છે, ‘‘ભાણિયા, ભાવતાં ભોજન જમી લે. ઘણો દૂર નવખંડમાંથી આવ્યો છે.’’ હનુમાન ઝટપટ ભોજન કરે છે અને જમીને ઊભો થાય છે. તે જવાની તૈયારી કરતાં કહે છે, ‘માસી, ઘણા માન સાથે આ પરલંકામાં બેસ. મારે મામીની શોધ માટે લંકામાં જવું છે.’’ માસી તેને ફરીને સમજાવતાં કહે છે, ‘‘ભાણિયા, હજી તને ચેતવું છું કે તું લંકા જાય તો ભલે જા. રાવણનું રાજય ઘણું આકરું છે.’’ હનુમાન ભંજનીનું કહયું માનતો નથી. તે કહે છે, ‘‘માસી મુકત કરી દે. વિલંબ કરવાથી મોડું થાય છે.’’ ભાણિયાનો મકકમ નિર્ધાર જાણીને માસી હનુમાનને પગે બાંધેલો દોરો છોડીને મુકત કરે છે અને લંકા તરફ જતા હનુમાનને આર્શીવાદ આપતાં કહે છે, ‘‘તું લંકાની વાટે ક્ષેમકુશળ જજે.’’

## ૧૮. હનુમાન લંકામાં :

હનુમાન મારગે મારગે લંકાની વાટે જાય છે અને લંકાગઢમાં પ્રવેશે છે. લંકાગઢમાં સીતાની શોધ આદરે છે. સૌથી પહેલાં તે રાવણના વાદળમહેલની નજીક આવીને ઊભો રહે છે. અને વિચારે છે, ‘‘મારી મામી આ મહેલના કોઈ ખૂણામાં ‘ગણગોર’ થઈને બેસી હશે.’’ હવે તે આ મહેલની તપાસ આદરે છે. મહેલનો ખૂણે ખૂણો, અગાસી અગાસી અને બારીબારી જોઈ વળે છે પણ કોઈ સ્થાને તેને સીતા દેખાતી નથી. હનુમાન વિચારમાં પડી જાય છે, ‘‘રાવણે સીતાને કયા સ્થાને સંતાડી હશે ?’’ હનુમાન સીતાની શોધ માટે એક મહેલથી બીજા મેહલથી ત્રીજા મહેલે ભટકી ભટકીને થાકે છે પણ તેને કયાંય સીતાની ભાળ મળતી નથી. અંતે હનુમાન વિચારે છે, ‘‘સીતા તો ઘણી જ ચતુર હતી. કદાચ રાવણના મહેલમાં જઈ પણ ન હોય.’’ તે મહેલનું સ્થાન છોડીને મારગે મારગે વાડીમાં આવે છે. રૂડો હરિયો બાગ ફૂલ્યો છે. મરવા–મોગરા–ચંપા–કેવડા મહેંકે છે. હનુમાન બાગમાં સ્થળે સ્થળે શોધે છે. પણ સીતા મળતી નથી. હવે તે સીતાને શોધવા એક ઊંચા વૃક્ષ પર ચડે છે અને ચારે બાજુ જુએ છે. પણ સીતા કયાંય દેખાતી નથી. હનુમાન એક ઝાડથી બીજું ઝાડ ઠેકતો અને ઊંચે ને ઊંચે વૃક્ષો ઉપર ફરતો ફરતો એક મોટા ચંપાના વૃક્ષ ઉપર આવે છે. ઉપર ચંપો ફૂલોની લચી પડયો છે અને નીચે સીતા નાભિ સુધી પથ્થર ગોઠવને હાથમાં માળા લઈને રામને રામ રટતી આંખો ઢાળીને

બેઠી છે. હનુમાન સીતાને જુએ છે અને ઘણો જ હર્ષિત થાય છે. તે થોડિક ક્ષણો સીતાનું ભક્તિરૂપ જુએ છે. અને ધીમે ધીમે રહીને તેના ખોળામાં રામે આપેલી મુદ્રિકા (મુદરખા) નાખે છે. સીતા વિચારે છે, ‘‘ખોળામાં ચંપાનું ફૂલ પડયું લાગે છે.’’ આમ વિચારીને તે આંખો ખોલીને જુએ છે તો ઘણે દૂર વનખંડમાં રહી ગયા. તેમની મુદ્રિકા અહીં કયાંથી ?’’ સીતા માથું ઊંચું કરીને જએ છે તો ચોપાતા ઝાડ ઉપર હનુમાન [1]ષ્ટિમાં આવે છે. સીતાને જોઈને હનુમાન નીચે આવે છે. સીતા હનુમાનને પૂછે છે, ‘‘ ભાણેજ તને આ વીંટી કયાંથી મળી ?’’ ‘‘મામી, હું તને શોધવા માટે આવ્યો છું.’’ ‘‘દીકરા તું આવ્યો પણ તારો મામો શું કરે છે તેની વાત કર.’’ મામો તો તારી યાદમાં એક ઝાડથી બીજે ઝાડ દોડતો રડી રડીને ઝાડ જ થઈ ગયો છે ! અને તું છે તે અહીં લંકા સુધી આવી પહોંચી છે.’’ હનુમાનના બોલથી સીતાને રામની યાદ તીવ્રતાથી આવે છે અને તેણીની આંખમાંથી આંસુની ધારાઓ વછૂટે છે. તેણી કહે છે, ‘‘તું જો તો ખરો, અહીં મારી કેવી દશા થઈ છે ! મારા રામને માટે મારું સત જાળવવા હું નાભિ સુધી પથ્થરમાં સમાઈ છું, પણ દીકરા, એટલું કહે કે તું આટલે દૂર લંકામાં દરિયો ઓળંગીને કઈ રીતે આવ્યો ? હનુમાન કહે છે, ‘‘રામ અને તારા માટે સમુદ્ર થેકીને અહીં સુધી આવી પહોંચ્યો છું.’’ સીતા કહે છે, ‘‘ભાણેજ ધીમે ધીમે બોલ રાવણ જાણશે તો તને પૂરો મારશે. સીતાનાં વેણ સાંભળીને હનુમાનન રીસ ચડે છે અને માથાની ચોંટીમાં પહોંચીને ભડાકો થાય છે. ક્રોધમાં તેના શરીરના વાળ ઊભા થઈ જાય છે. તે સીતાને કહે છે, ‘‘રાવણને વળી કોણ ગણે છે ? રાવણ તો મારા માથાની જૂ છે ! પણ મામી, અત્યારે બીજી વાત જવા દે. મને ઘણી જ ભૂખ લાગી છે. ઠંડુ કે ગરમ જે કંઈ ખાવાનું હોય તે મને આપ. સીતા કહે છે, ‘‘દીકરા, મારી સામે તો જો ? આ વાડીમાં હું તને વનફળ સિવાય કશું જ નથી. હનુમાન કહે છે, ‘‘મામી, ચાલ ત્યારે હું વાડીમાં જઈને વનફળ ખાઈ આવું.’’ સીતાની આજ્ઞા લઈને હનુમાન ફળતા બાગમાં આવે છે. ખાટાં અને કાચા ફળ તોડી નાખે છે અને પાકાં ફળ ખાય છે. ફળોથી સંતોષ થયેલો હનુમાન કેળાં અને રામફળનાં ઝાડ ઉપાડી ઉપાડીને ફેંકવા લાગે છે. ઉપાડેલા બધાં વૃક્ષો મૂળ આસમાન તરફ કરે છે. અને થડ તથા ડાળીઓને પાતાળ તરફ કરે છે. આખો બાગ ઊજાડીને મેદાન કરી નાખે છે. બગીચાની મધ્યમાં એક ચંપાનું વૃક્ષ ઊભું રહેવા દે છે. અને થડમાં એક બખોલ ખોદે છે. તે બખોલમાં દાખલ થઈને મુખ બહાર રાખે છે અને ચંપાની છાયામાં વાનરની માફક બોલવા લાગે છે.

પીળિયા પ્રભાત થયાં છે રાવણના રાજયો માળી અને માળણ ફૂલ વીણવાની તૈયારી કરે છે. માળણ ઊઢાણી માથે મૂકીને ઉપર સોનાની છાલ મૂકે છે. માળી ફૂલ પાડવા માટે હાથમાં રૂપાનો અંકાડો લે છે. બંને મારગે મારગે વાડીમાં આવે છે. વાડીના દ્વારે આવીને જુએ છે તો આખી વાડી ઉજ્જડ બની ગઈ છે અને ચંપાની છાયામાં હનુમાન દાંત કાઢે છે (અટહાસ્ય કરે છે.) માળી અને માળણ વિચારે છે, ''બાપા ! વળી આ કયું જનાવર આવ્યું છે ?'' બીકના કારણે માળણના માથેથી સોનાની છાબ પડી જાય છે. તેઓ દોડતાં દોડતાં નીચે પડે છે. ઊભાં થાય છે. અને પાછળ જોતાં જોતાં દોડે છે. માળણ અને માળી જડપથી 'ધરમર ધરમર' પગથિયાં ચડીને કચેરીમાં આવે છે. તેઓ રાવણની સામે જોઈને નીચે પડે છે અને આળોટી આળીટીને રડે છે. રાવણ પૂછે છે, ''તમે કેમ રડો છો ! રડવાનું કારણ તો કહો ?'' તે આશ્વાસન આપતાં કહે છે, ' 'તમે રડવાનું છોડીને શું બન્યું છે તેની વાત કરો.'' માળણ કહે છે, ''સદાય તો ફૂલની માળા પહેરતા હતા પણ હવેથી આકડાંના ફૂલની માળા પહેરજો.'' માળી અને માળણ રાવણ સામે જોઈને ઊભાં ઊભાં જૂરે છે.

વાદળમહેલમાં સોનાના ખાટહિંડોળે બેઠી બેઠી મંદોદરી (મડોવરી) માળણ અને રાવણની વાત સાંભળે છે તે તરત જ વાદળમહેલમાંથી કચેરીમાં આવે છે. તેણીના આવવાથી માળી અને માળણને થોડી ધીરજ બંધાય છે. આથી તેઓ આગળ વાત કરે છે, ''ગજબ થઈ ગયો ! હરિયા બાગને તો કોઈકે ઉજ્જડ ખેતર કરી નાખ્યું છે.'' માળણ અને માળીની વાત સાંભળીને મંદોદરી કહે છે, ''તારા મહેલમાં હું રાણી જેવી રાણી તો હતી. અને વળી તું બીજા લઈ આવ્યો. કાલનો કોઈ યોદ્ધો આવ્યો છે. તેણે તો આખો હરિયો બાગ ભેળી નાખ્યો છે. તે આપણા બધા મહેલ ફરી ફરીને જોતો હતો. તેને જોઈને હું એટલી બધી તો ડરી ગઈ કે આપણા મહેલનાં કમાડ જ બંધ કરી દીધા.'' મંદોદરી આગળ મહેણાં મારતી કહે છે, ''તું તો નવી લાડીએ આવશે છે પણ કાલે તો આખો દરિયો કૂદીને રામનું જાનવર આવ્યું છે. તે લંકામાં દરેક સ્થળે ફરીને કોઈકને શોધતું હતું. મને તો જોરાવર યોદ્ધો લાગે છે. હું તો તેને જોવા માત્રથી ડરી ગઈ હતી.

હવે રાવણ સૈનિકોને આદેશ આપતાં કહે છે, ''સરદારો તમે હરિયા બાગને ચોતરફથી ઘેરી લો.'' રાવણના આદેશથી સરદારો હાથમાં ઢાલ–તલવાર અને તીર–કામઠાં લઈને હરિયા બાગને અવળીતવળી 'વેંટ' પાડીને ઘેરી લે છે. તેઓ જેમ જેમ નજીક આવે છે તેમતેમ હનુમાન

પોતાના પૂછડાનો વીંટો રાવણના વાદળમહેલ જેવડો મોટો થાય છે તે તેના ઊપર હનુમાન વિરાજે છે હનુમાનનું આ વિરાટરૂપ જોઈને રાવણ વિચારમાં પડી જાય છે. તે વિચારે છે, ‘‘આ વાનરને મારવો સહેલો નથી જ. આ માટે સાતમા પાતાળમાં સૂતેલા કુંપખાંન (કુંભકર્ણ) અને ‘ભભીખાંન’ (વિભિષણ) ને જગાડવા પડશે. તેઓ જ ખાંડાના એક એક ઝટકે આ વાનરના ટુકડા કરી શકશે. હવે તે સૈનિકોને આદેશ આપતા તેઓને જટજટ સાતમાં પાતાળમાં મોકલે છે અને તેઓ સાતમાં પાતાળ જતા રાવણના ભાઈઓને સંદેશો આપે છે. બંને ભાઈ ઢાલ અને ‘વીજીહાણ’ ખાંડા તૈયાર કરે છે. અને લંકામાં આવે છે. ઊંચે બેઠેલા હનુમાન વિચારે છે ‘‘આ બંને ભાઈ આવ્યા છે, કેવા પરાક્રમ કરે છે તે જોઉં !’’ હનુમાન બંને વચ્ચે ચાર પગે થઈને ઊભો રહે છે. બંને ભાઈ વિચારે છે આપણા બંનેને જોઈને આ વાનર તરત જ નીચે આવ્યો એ પણ આપણા બંનેનો સામનો કરવાની તૈયારી કરતો લાગે છે.’’ આમ વિચારી બંને સાવધ (સજાક) થાય છે અને હનુમાનની સામસામે ઊભા રહે છે. હનુમાન પોતાની ગરદન લાંબી કરીને તેની સામે ધરે છે અને સમનું સ્મરણ કરતાં મનમાં કહે છે. વનખંડનું રાજ કરવાવાળા રામ મારી મદદે આવજે ! હું હમણાં જ આખી લંકા કૂટી બાળીને તારી પાસે આવું છું. હવે કુભકર્ણ અને વિભિષણ હનુમાનની ગરદન પર ‘વીજળાહણ ખાંડાના સામસામા ઝાટકા કરે છે. મહા મુસીબતે હનુમાનની ગરદનના અઢી વાળ કપાઈને નીચે પડે છે. હવે બંને ભાઈઓ ‘ વીજળાહણ’ ખાંડાં જમીન ઉપર નાખીને સામસામે બેસીને રડવા લાગે છે. હનુમાન તેમનાથી અવળી દિશામાં ફરીને પોક મુકે છે. થોડે દૂર લાવ–લશ્કર ત્રણને રડતા જોઈને આશ્ચર્યમાં ફુલે છે. થોડા સમયબાદ ત્રણે રડતા બંધ થાય છે. અને એકબીજાને રડવાનું કારણ પૂછે છે હનુમાન ધીરે રહીને પૂછે છે ‘‘તમે બંને તો મને કાપી નાખવા આવ્યા હતા, અને તમે કેમ રડો છે ? કુંભકર્ણ કહે છે ‘‘વાનર, અત્યાર સુધી તારા જેવા તો ‘વીજળાહણ ખાંડા’ થી અનેકને ઝટકાવી નાખ્યા. બારબાર વર્ષના પાડાના તો એક જ ઝાટકે ચારપગ જુદા કરતા. પણ આજે આખી લંકાના લોક જુએ છે, કે અમારા બંનેના વાર ખાલી ગયા અમે તને કશું કરી ન શકયા નહીં. પછી રડીએ નહીં તો શું કરીએ ? પણ તારે રડવાનું શું પ્રયોજન છે ! હું વનનો રાજા ! ઘણાં વર્ષોથી વનનું રાજ કરતો હતો. મારો કોઈ વાળ વાંકો કરી શકતું ન હતું. પણ મારા આટલા વાળ ખેરવનારા જીવનમાં મારા માટે પહેલાજ છો ? આટલા બધા જોરાવર છો તે તો આજે મેં તમને

પહેલા જ જોયા. પછી હું રડું નહીં તો શું કરુ ?''

કુંભકર્ણ અને ભભીખાંનની અસહાય પરિસ્થિતિ જોઈને રાવણ તેમની પાસે આવે છે. હનુમાન રાવણને કહે છે, ''રાવણ, તું મારી વાત સાંભળ તે જોયું કે હું કોઈનો માર્યો મરતો નથી. પણ હું કંઈ રીતે મરું તેની વાત માંડીને કહું તે તું કાન દઈને સાંભળ હું તીર–તલવાર કે 'વીજળીહણ' ખાંડા એક સાથે પંદર જેટલા પ્રહારથી પણ નહીં મરું પણ જો તારે મારવો હોય તો બાર નામના ગોદડા, બાર ઘાણીનું તેલ મંગાવ, ગોદડા મારા પૂંછડા બાંધીને તેના ઉપર તેલ રેડાવ. પછી ધીરજ ધરીને મારું પૂછડું સળગાવ પૂછડે આગ લાગશે અને હું આગમાં ખાણ થઈ જઈશ. નહીંતર તું ગમે તેવા પ્રયાસ કરીશ તો પણ મને કોઈ ફરક પડશે નહીં. રાવણ વિચારે છે, ''દુઃખે તેને પીડા થાય. સુગંધ (સુખ) હોય તેને તો ઘણી ઊંઘ આવે. આ એક વાનરે જ મારો આખો હરિયો બાગ ઉજ્જડ કરી નાખ્યો. ''રાવણને હનુમાનની વાત સાચી લાગી. રાવણે સૈનિકોને બાર ગામના ગોદરાં, તંબોળી અને ઘાંચી બાર ઘાણીનું તેલ લઈને હાજર થાય છે. લંકાના બધા લોકોને સાદ દઈને બોલાવે છે. નગારા પર ડાંડી પડે છે. નગરીના લોકો હનુમાનને જોવા ઉમટી પડે છે. લંકા અને પરલંકાનાં લોકો પણ આવે છે. રાવણનો આદેશ થાય છે. હનુમાનના પૂછડે ગોદરાં બાંધવામાં આવે છે. અને તેલ રેડીને આગ પ્રજવવા લાગે છે. પૂંછડે આગની જવાળા નીકળતા લાગે છે. હનુમાન લોકો પર પૂંછડાની ઝાપટ મારે છે, અને લંકા–પરલંકા સળગીને ખાખ થાય છે. હનુમાન એક મંદોદરીનો મહેલ બાળતો નથી. આખી લંકા ભડકે બળી રહી છે. અને હનુમાન પૂંછડૂં હોલવવા માટે દરિયા તરફ દોટ મૂકે છે. હનુમાન દરિયાને કહે છે, ''હે સમુદ્ર મને મારું આગનું સળગતું પૂંછડૂં હોલવવા દે ! સમુદ્ર કહે છે, હનુમાન, મને બાળીશ નો જગતમાં ખોટું થશે. મારામાં કેટલા બધા જીવ છે ? બધા જીવ બળીને ખાખ થઈ જશે.'' અને જગત ઉપર હાહાકાર મચી જશે. આથી જગત ઉપર હાહાકાર મચી જશે અને પાપ પણ વધી જશે.'' હવે પૂછડેથી દાજતો હનુમાન પોરસ કરીને સમુદ્રમાં પડે છે અને પૂંછડું હોલાવી નાખે છે. આથી સમુદ્રમાં આગ ઊઠે છે. અને દરિયાના માછલા કાળાં થડી જાય છે. હનુમાન જયારે લંકા જવા નીકળ્યો હતો ત્યારે માતા અંજનીએ તેને આદેશ આપ્યો હતો કે, લંકા બાળે તો ભલે બાળે પણ તું પીઠ ફેરવીને બળતી લંકાને જોતો નહીં. હનુમાન માતાનો આદેશ ભૂલી જાય છે. અને કેટલી લંકા બળી છે તે જોવા પીઠ ફેરવે છે. હનુમાનની નજર અગ્નિની જવાળા ઉપર પડે છે અને આગ સોનામાં બદલવા લાગે છે. હનુમાનની દ્રષ્ટિ

પડવાથી બનેલી લંકા સોનાની થઈ જાય છે.

હનુમાથ સમુદ્રની પાળ ઉતર ઊભોઊભો વિચાર કરે છે, "હવે હું મામાને લઈને લંકામાં આવું છું. લંકામાં રાવણ એકલો જ વધ્યો છે. તે એકલો શું કરી શકશે." હનુમાન વનખંડમાં જવા માટે સમુદ્રની પાળ ઉપરથી પોરસ કરીને છલાંગ મારે છે અને અધવચ્ચે રહેલા રામના તીર ઉપર પડે છે. તીરના ફણા ઉપર થોડોક આરામ કરીને પોરસ કરીને કૂદે છે અને સમુદ્રના સામે કિનારે જઈને પડે છે. હનુમાન જમીન પર પડે છે ત્યારે આવવાના 'જોશના' કારણે 'ધમરી' (સુસવાટા) વાગે છે.

સમુદ્ર કિનારે રામને ચેત પડતું નથી. તેમને સૂતે નિદ્રા આવતી નથી. બેસવાથી 'ઝપ' (ચેન) પડતો નથી. તેમને પોતાનું દુઃખ નથી કહેવાતું કે નથી સહેવાતું. તેઓ આતુરતાથી સમુદ્ર પરથી આવતા હનુમાનની રાહ જુએ છે એટલા ધુમરી ઉડતી રામને દેખાય છે. હનુમાન આવે છે. આતુર બનીને રામ હનુમાનને લંકાના સમાચાર પૂછે છે. 'ભાણેજ, લંકામાં શું કરીને આવ્યો માંડીને વાત કર, હનુમાન કહે છે, "માસા ધીરજદાર હું લંકાને બળતી જોઈને આવ્યો છું. ઘરથાળે આકડા વાચીને આવ્યો છું. લંકાગઢની મધ્યમાં તો કાળો ખીજડો વાવીને આવ્યો છું. લંકાને ભસ્મીભૂત કરીને રણમેદાન બનાવીને આવ્યો છું. આ તરફ આવતા અડધો દરિયો બાળીને આવ્યો છું. પણ મામી લંકામાં કુશળ છે. "રાજા ઘણા આતુર થઈને પૂછે છે, "તારી મામીની વાત માંડીને જલદીથી કહે." મામી તો ઘણી જ દુઃખી છે. વાડીમાં ચંપાની છાયામાં બેઠી છે. માળા ફેરવે છે, અને તારું નામ લે છે, તને તો એક ક્ષણ પણ ભૂલતી નથી. નાભિ સુધી પથ્થર ગોઠવીને રાવણની વાડીમાં બેઠી બેઠી તપ કરે છે. રામ કહે છે, "હનુમાન તું એ વાત કરે કે, આપણે લંકામાં કઈ રીતે જઈ શકીએ ?"

## ૧૯. રામ–લક્ષ્મણ લંકામાં :

રામ પોતાના લાવ–લશ્કર સાથે લંકામાં જવાની ઈચ્છા પ્રગટ કરે છે કે તરત જ વૈકુંઠપુરીમાંથી એક ઘણો જ મોટો દડો નીચે પૃથ્વી ઉપર સમુદ્રના કિનારે ઉતરે છે. દડા ઉપર રામ હનુમાન કહે છે, "આખરે તારણહાર તો રામ જ છે. આ જગતામાં અમારી વાત રહેજો." હવે વૈકુંઠપુરીથી આવેલો દડો સમુદ્રના જળમાં સડસડાટ જવા લાગ્યો છે. બધા આનંદિત થઈને રામનું નામ પોકારે છે. અને રામનું દળ લંકાના દરિયા કિનારે આવીને ઊતરે છે. રામ અને

લક્ષ્મણ પોતાના દળની વ્યવસ્થા લંકાગઢના ગાંદરે કરે છે. લંકાના સીમાણમાં ભાવ–લશ્કર ડેરા તાણે છે અને રાવણને મારવાની જાતજાતની યોજનાઓ ઘડે છે.

એક દિવસનો સમજોગ આવ્યો અને સમાજોગનનો મહાજોગ આવ્યો. દિવસો પસાર થાય છે. પણ રાવપને મારવાની યોજના પૂરી થઈ નથી. બત્રીસ–તેત્રીસ લક્ષણો લક્ષ્મણ રાવણને મારવાનો ઘાટ પોતાના મનમાં ઘડે છે. તે વિચારે છે, ‘‘લંકાની સીમમાં બેસી રહેવાથી કઈ બની શકશે નહીં. વેરીને મારવા માટે કંઈક તો ઉપાય કરવો પડશે જ.

પીળિયા પ્રભાત થયાં છે. સુહાવનો (હોયમણો) સૂરજ ઊગ્યો છે. લક્ષ્મણ લંકાગઢના દ્વારથી ધોલીને સમુદ્ર તરફ આવતો જુએ છે. ધોલી સમુદ્ર કિનારે જાય છે અને પોટલું છોડીને રાવણની સ્ત્રીઓનાં કપડાં ધોવા લાગે છે. લક્ષ્મણ લાંબી ફાળે અને છાંટે પગલે સમુદ્ર કિનારે આવે છે. તે મંદોદરીનાં કીમતી કપડાં ઓળખે છે અને તેના મનમાં રાવણને મારવાનો એક વિચાર ઝબકે છે. હવે તે ધીમે ધીમે ધોબીની સાથે વાત કરવાનો પ્રયત્ન કરતાં પ્રશ્ન કરે છે, ‘‘ધોબી, આ કોના કપડાં ધૂએ છે ?’’ રાવણનો ધોબી લક્ષ્મણના પ્રશ્નથી ક્રોધે ભરાય છે, અને કહે છે ‘‘વટેમાર્ગુ, જે વાટેથી આવ્યો હોય તે વાટે પાછો જા, હું મારું કામ કરી રહયો છું. તારે સમાચાર પૂછીને વળી શું કામ છે ?’’ લક્ષ્મણ ધોબીના ક્રોધમાં કહેવાયેલાં વેણ ઉપર વિચાર કરે છે, ‘‘આ પરાયો દેશ છે અને પારકી ભૂમિ છે. પરાયા દેશનાં પારકાં લોકોને રીજવવા છે, પણ તેની જેમ આવેશમાં આવીશ તો મારું કામ થઈ શકશે નહીં.’’ લક્ષ્મણ ધોબીના વેણથી ગુસ્સે થયા વિના હસતો હસતો થોડો દૂર જાય છે. થોડીક ક્ષણો પછી પાછો આવે છે. તે ધોબીનો ભેદ લેવા કહે છે, ‘‘તે ઘણાં કડવા વેણ કહયાં છતાં મેં તને કંઈ કહયું ? હું તો તને કંઈ નહીં કહું.’’ ધોબી વિચારે છે, ‘‘આ તો કોઈ ભલો માણસ લાગે છે. મારે તે પૂછે તેનો ઉતર આપવો જોઈએ.’’ અમા વિચારી લક્ષ્મણને કહે છે, ‘‘ભાઈ વટેમાર્ગુ, આ કીમતી કપડાં તો રાજા રાવણની રાણીઓનાં છે.’’ રાજા રાવણને કેટલી રાણીઓ છે ? રાણી’’ લક્ષ્મણ ધોબીનું અંતર ઉઘાડવાનો પ્રયત્ન કરતાં કહે છે, ‘‘આ રાણીઓમાં જૂની કઈ અને પટરાણી કઈ ? ધોબી કહે છે, ભાઈ, એકતો ઘણી ઘરડી છે એન બીજી તો હમણાં જ નવી લાગ્યો છે. તે તો વાડીમાં છે. હજી મહેલમાં પણ નથી આવી. ‘‘ભાઈ તેમનાં શાં નામ છે ? મોટીનું નામ મંદોદરી અને નવીનું નામ સીતા લક્ષ્મણ ગળાનો હાર બતાવતાં કહે છે, ‘‘તું મને એક જોડી કપડાં આપે તો હું તને આ

નવલખો હાર આપું ! તું આખી ઉંમર બેઠો બેઠો ખાઈશ !'' ધોબી લક્ષ્મણના વેણ સાંભળી વિચારમાં પડી જાય છે, ''આ વટેમાર્ગુ ને કપડાં આપું તો પકડાઈ જાઉં તો ભારે થાય !'' તે આગળ વિચારે છે, ''રાવણ પૂછશે તો કહીશ કપડાં તો દરિયામાં તણાઈ ગયાં જોકે કપડાં આપું તો પકડાઈ જાઉં તો ભારે થાય !'' તે આગળ વિચારે છે, ''રાવણ પૂછશે તો કહીશ કપડાં તો દરિયામાં તણાઈ ગયાં જોકે કપડાં ઘણાં છે તેથી તેને ખબર નહીં પડે. ખબર પડશે તો પણ શું ? ઘણું થશે તો મને નોકરીમાંથી છૂટો કરશે. મારી આખી પેઢી ચાલે એવો આ કિંમતી હાર તો આ વાટનો જનાર સજ્જન આપે છે. પછી રાવણની નોકરીને કોણ ગણે છે ? ધોબી વર્ષોથી પોતાના સ્વામીનું ઋણ ખાધું હતુ તે ભૂલીને  પોતાનું 'સત્' ચૂકે છે અને લક્ષ્મણ પાસેથી નવલીનો હાર લઈને પોતાની સ્વામિનીનાં એક જોડી કપડાં આપે છે. લક્ષ્મણ ધોબી પાસેથી મંદોદરીના કપડાં લેતાં કહે છે, ''વીરા, ઘણો જ કુશળ રહેજે ! અને સમય મળે તું મને મળજે.''

## ૨૦. રાવણ અને લક્ષ્મણ :

મંદોદરીનાં કપડાં જોઈને ઘણો આનંદિત થતો લક્ષ્મણ પોતાની છાવણીમાં પ્રવેશે છે અને રાવણના મૃત્યુનો ઘાટ ઘટતો  વિચારે છે,''મંદોદરીનાં કપડાં તો પ્રાપ્ત થયાં પણ રાવણ ખાય છે તે રસોઈ તો કરવી પડશે ને ? લક્ષ્મણ રાવણ માટે મંદોદરી બનાવે છે તેવાં બત્રીસ–તેત્રીસ પ્રકારના ભોજન બનાવે છે. તે દેવગરા સોનાના થાળમાં ભોજનની વાનગીઓ સજાવે છે. ત્યાર પછી બત્રીસ લક્ષણો લક્ષ્મણ હાથ–પગ ધોઈને મંદોદરી રાણી જેવા શણગાર સજવા લાગે છે. કમરે 'મંઘડાંમોર' નો ચણિયો પહેરે છે. વાળેવાળે મોતી, ગૂંથીને સેંથીમાં સિંદૂર ભરી, માથે દામણી પહેરે છે. કાન પ્રમાણે ઝૂમણાં પહેરે છે. કપાળની મધ્યમાં ટીલડી ચોડે છે. આંખે કાજળ ઘાલે છે. ગાલે માખ માંડે છે. હવે ડાબા હાથમાં દર્પણ લઈને પોતાનું રૂપ નીરખે છે, તો મુખ પૂનમના ચંદ્ર જેવું લાગે છે. નેત્રો ખાંડાની ધાર જેવાં છે. પાંપણો ભમરાની પાંખ જેથી છે. આંખે ભમરા લૂમ્બ્યા છે. દાંત દાડમના બીજ જેવા છે અને નાક દીવાની શગ જેવું છે. તે હાથમાં દેવગરો થાળ લે છે. બત્રીસ લક્ષણો લક્ષ્મણ સાચે જ મંદોદરીના અવતાર જેવો લાગે છે, અને 'રૂમઝૂમ ઠણાક' કરતો લંકાની સીમમાંથી પસાર થયા છે. પર્વતો ઉપર લીલા મોર બોલે છે. વનરાયમાં પક્ષીઓ ગાય છે. લક્ષ્મણ મારગે મારગે રાવણના મહેલ નજીક આવે છે. તે લાંબી 'લાજ' તાણે છે. અને 'ધરમર ધરમર' વાદળમહેલ ચડીને રાવણ પાસે આવે છે. રાવણને

ભોજનનો થાળ આપે છે. રાવણ ભોજન જમવા બેસે છે અને લક્ષ્મણ પોક મુકીને રડે છે, તે 'વેરાગ' કરીને રડે છે, વારંવાર ડૂસકાં ભરે છે. રાવણ આશ્ચર્યતાથી તેને પૂછે છે "રાણી તારે રડવાનું કારણ ? તારી સામે કોઈએ આંખ કાઢી હોય તો તેની આંખ ફોડું, તને સજુગનું કહયું હોય તો તેનું માથું ફોડું. તું છાતીએ ધીરજ ધર અને મન મૂકીને તારા દુઃખનું કારણ કહે." લક્ષ્મણ કહે છે, "તું નવી લાડી લાવશે તો ભલે લાવ્યો પણ લાડીની પાછળ તો લંકામાં રામનું આખું દળ ઉમટયું છે. તેઓ તને મારી નાખ્યા વિના નહીં રહે. પછી મારુ શું થશે ? હવે તું જ કહે, હું રડું નહીં તો શું કરુ ?" મંદોદરીના વેશમાં રહેલા લક્ષ્મણના વચનો સાંભળીને રાવણ આવેશમાં આવી જાય છે અને કહે છે, "રાણી, તું ઘણું બોલી ! હવે આગળ બોલતી નહીં. વાનરા અને બાવા આવ્યા છે. તેઓને તો હું મટાડી નાખીશ. તું ચિંતા કરીશ નહીં." લક્ષ્મણ રાવણના પેટમાં પ્રવેશીને રાવણના મૃત્યુનો ભેદ લેવાનો પ્રયત્ન કરતા કહે છે.' "રાજા રામના દળમાં તો લક્ષ્મણ જેવો જોરાવર યોદ્ધો છે. તે દિવસે એક જ વાનર આવ્યું અને આખી લંકા બાળી નાખીને ચાલ્યું ગયું ! આ વખતે તો સમુદ્ર ઓળંગીને રામનું સમગ્ર દળ આવ્યું છે. હવે આપણી શી ગત થશે ?" રાવણ મંદોદરીના વેશમાં છુપાયેલા લક્ષ્મણને આશ્વાસન આપતાં કહે છે, "રાણી, મને કોણ મારે ? મને કોઈ મારી શકનાર નથી. પછી મને કોણ મારી શકે ? હવે લક્ષ્મણ રાવણના હૃદયનો ઊંડો ભેદ જાણવા માટે પ્રશ્ન કરે છે, "રાજા, બધાને હોય છે તેમ તારો જીવ પણ તારી પાસે જ હશે તે ? તે થોડો આગળ વધ્યો છે, રાવણ પોતાનું મન મોકવું મૂકતાં કહે છે, "રાણી, મારી ચિંતા સદા માટે છોડી દે. મારો જીવ તો મારાથી અળગો આકાશમાં ફરતા સૂરજના રથમાં છે. સૂરજના રથમાં ભમરો છે. તેમાં મારો જીવ વિરાજે છે. હવે તું શાંત થા. સૂરજમાં રહેલા ભમરાને કોઈ નીચે પાડી પણ નહીં શકે, અને મને મારી પણ નહીં શકે !" લક્ષ્મણ છેલ્લો દાવ અજમાવવા બોર બોર જેવડાં આંસુ પાડે છે, " રામના દળમાં લક્ષ્મણ યોધ્ધો છે તે ઘણો જ જોરાવર છે. તે તો તને કંઈ નહીં કરી શકે ને ? રાવણના હૃદયનાં બધાં દ્વારા ખુલ્લાં થઈ ગયાં છે. તે કહે છે, "રાણી, દિલમાં દુઃખી શા માટે થાય છે ?લક્ષ્મણ મને કંઈ જ કરી નહીં શકે મને મારવો હોય તો કેટકેટલી કળાઓ કરવી પડે ! કેવી કેવી વસ્તુઓ મેળવવી પડે. તેમ છતાં યોગ્ય માણસ ખરો યોગ સાધી શકે તો જ મારું મૃત્યુ થાય !" લક્ષ્મણ કહે છે, "રાજા, તું ખરેખર નહીં મરી શકે ? હું તો તારા સ્નેહને રડું છું. તું ન હોય તો મારું અહીં કોણ?" રાવણ કહે, "હવે તો

તને ખાતરી થઈ હશે કે, મારું મૃત્યુ જેમ તેમ રસ્તમાં તો પડયું નથી. મારો જીવ મારા શરીરમાં નથી જ નથી ? તે તો ઊંચે આકાશમાં સૂરજના રથમાં રહેલા ભમરામાં વિચાજે છે. વળી, ભમરાને નીચે પાડયો બાર ઘાણીનું તેલ જોઈએ. લોઢાની એક મોટી કઢાઈ જોઈએ. સૂરજ એ. સૂરજ ઊગે તે પહેલાં તો કઢાઈ સૂર્ય સામે ચુલો બનાવી તેના ઉપર પગ ઠેરવી સ્થિર ઊભા રહી ધનુષ્ય ઉપર તીર ચઢાવી સૂર્ય સામે લક્ષ્ય લઈ ઊભા રહેવું પડે. જેમ જેમ સૂરજ આકાશમાં ઊંચે ચઢે તેમ તેમ તીરનું નિશાન ઊંચે ને ઊંચે લઈ જવું પડે. મધ્યાહ્ન થાય અને સૂર્ય બરોબર માથા પર આવે ત્યારે સૂર્યના રથમાં વિરાજિત ભમરાનું પ્રતિબિંબ કઢાઈના તેલમાં પડે. આ યોગ સાધીને ધનુષ્ય ઉપર તીર બરાબર ખેંચીને સૂર્યના રથમાં રહેલાં ભમરાને વીંધીને તેલમાં પાડયો પડે. આ ભમરો કઢાઈના તેલમાં પડીને બરાબર તળાઈ જાય ત્યારે મારો જીવ જાય અને તે જ સમયે ભમરાને મારનાર ને પણ મૂર્છા આવે તેની પણ મૂર્ચ્છા વળે તો વળે નહીંતર તે પણ મૃત્યુ પામે. આ સાહસ જેણે બાર વર્ષ બ્રહ્મચર્યનું પાલન કર્યુ હોય તેવો વીર યોદ્ધો જ કરી શકે. રાણી, હવે તું જ કહે, તારે રડવાનું કોઈ કારણ ખરું ? લક્ષ્મણ છાતીમાં આનંદનો મુક્કો મારે છે, અને કહે છે, ‘‘વાહ રે રાજા ! વાહ ! તને હવે બીજો તો કોણ મારી શકે ! હવે મારે રડવાનું કોઈ જ કારણ નથી ! વળી મારા સિવાય તારા મૃત્યુના ભેદને જાણે કોણ ? હવે હું પણ ભૂખી થઈ છું. તું પણ આ ભોજન આરોગ, અને મજા કર ! હવે મને બરાબર ધીરજ બંધાઈ છે. તું મને તારા મૃત્યું વિષે વાત કર્યા પછી મને ચિંતાનું કોઈ જ કારણ નથી ! લક્ષ્મણ ‘ધરમર ધરમર’ વાદળમહેલ ઉતરે છે. તે જતાં જતાં રાવણના મહેલને એક બાત મારે છે અને રાવણના મહેલના કાંગરા ધ્રુજવા લાગે છે. ભોજન કરતાં કરતાં રાવણ વિચારે છે, ‘‘મંદોદરીના મનમાંથી મારા મૃત્યુનો ભય ટળ્યો છે. આથી આનંદમાં ને આનંદમાં પગ પછાડતી અને ‘રૂમઝૂમ ઠણાક’ કરતી જઈ રહી છે.

લક્ષ્મણ મારગે મારગે લંકાની સીમ ભણી આવી રહયો છે. રાવણના મૃત્યુનો ભેદ જાણી લક્ષ્મણના મનમાં આનંદ થાય છે. આથી ઝડપથી ચાલતા તેના પગ જમીનને થોડા થોડા અડે છે. છાવણીમાં આવીને તે મંદોદરીનાં આભૂષણો એક એક કાઢીને ફેંકી દે છે, અને મનમાં આનંદ અનુભવતો વિચારે છે, ‘‘હવે તું આ લક્ષ્મણ યુધ્ધાના ખેલ જો રાવણ !

બીજી તરફ રાવણને જમવાનો સમય થતા મંદોદરી રાણી દેવગરા થાળમાં સોળૈયો

શણગાર સજીને બત્રીસ–તેત્રીસ ભાતના ભોજનની વાનગીઓ લઈને આવે છે. 'રૂમઝૂમ ઠણાક' કરતી રાવણનો મહેલ ચઢે છે. રાવણ વિચારે છે 'રાણી, તું તો ગાંડી થઈ કે બાવરી ! તું બે–વાર ભોજન લઈને કેમ આવી !'' રાણી હું તો પહેલી જ વાર જે સમયે આવું છું તેમજ આવી છું, તું ગાંડો તો નથી થયો ને ! થોડા સમય પહેલા તો તું મને જમાડીને ગઈ છે એન ફરી દેવગરો થાળ ભરીને આવી પહોંચી ?'' રાવણની વાત સાંભળી મંદોદરી વિચારમાં પડી જાય છે અને પછી કહે છે, ''આપણી સીમમાં રામના દળે આવીને પડાવ નાંખ્યો છે તેમાં સતિયો લક્ષ્મણ યુદ્ધકુશળ યોદ્ધો છે. તે લડાઈમાં જીત મેળવવા માટે જાત જાતની કળા કરી જાણે છે. રાજા, તે અહીં આવીને ભેદ તો નથી લઈ ગયો ને ? રાવણ કહે છે, લક્ષ્મણ આવ્યો હોય તો કપડાની તો મને ખબર પડે ને ? તારાં જ કપડાં હતા. એ જ સોનાના તારવાળી ચૂંદડી, ચણિયો અને કમખો પછી આ કપડાં તે આપ્યા હોય તો તું જાણે !'' મંદોદરી કહે છે, મારાં કપડાં તો મારી પાસે જ છે. મારાં કપડાં વેરી પાસે કયાંથી ?'' રાવણ કહે છે મેં જાતે જ તારા માટે હેતથી ખરીદેલાં કપડાં કેમ ઓળખી જ શકુ ? મંદોદરી રાવણને વિશ્વાસ આપતા કહે છે, રાજા તું ગમે તે કહે, પણ સોગંખથી કહું છું આજે હું આ પહેલીવાર જ આવી છું.'' મંદોદરી સાથેની વાતચીતથી રાવણના મનમાં લક્ષ્મણની કપટલીલાનું ચિત્ર સ્પષ્ટ થાય છે અને આઘાત પામીને પલંગમાં ઊંધો પટકાઈ પડે છે. તે વિચારે છે, ''હાય રે હાય ! મેં જાતે જ દુશ્મનને 'પરમોદ' (ભેખ આનંદ) આપ્યો !''

## ૨૧. રાવણ વધ (અહંકાર મરાયો) :

રાવણના મૃત્યનો ભેદ જાણીને ઘણો જ આનંદ પામેલો લક્ષ્મણ રામની છાવણીમં જાય છે, રાવણના મૃત્યુનો ભેદના પ્રસંગને માંડીને કહે છે. પછી છેલ્લે કહે છે, આપણે અત્યારે બાર ઘાણીનું તેલ લોઢાની એક કઢાઈની જરૂર પડશે. આપણે તો પ્રાતઃ કાળ (સવાર) માં ઊગતો સૂર્ય જ સાધવો પડશે.'' લક્ષ્મણ રામને શાંત થઈ બેઠેલા જોઈને વિચારે છે, ''રામ તો ઋષિ જેવા છે તેમનાથી કંઈ પણ બની શકશે નહીં. આ વસ્તુઓ પણ મારે જાતે જ મેળવવી પડશે.'' લક્ષ્મણ મારગે મારગે ઘાંચીના દામ આપે છે બદલામાં બાર ઘાણીનું તેલ જોઈએ. હવે લક્ષ્મણ ઘાંચીને દામ આપે છે બદલમાં બાર ઘાણીનું તેલ આપે છે. લક્ષ્મણ ત્યાથી મારગે મારગે જઈને લુહારના ઘેર આવે છે. અને તેને દામ આપીને એક મોટી કઢાઈ ખરીદે છે. આ વસ્તુઓ લઈને દળમાં આવે છે. અને તે રામને કહે છે ભાઈ તું ચાલતો પણ નથી  અને ચાલવા દેતો પણ નથી

મારે હજુ તો લાકડા ભેગા કરવાના છે ચૂલો બનાવવાનો છે પિળિયા પ્રભાત થવાની તૈયારી છે. દિવસ ઉગ્યા પહેલા તો કઢાઈ નીચે લાકડાં જોઈએ. આપણું કામ પુરું નહીં થાય તો દિવસ ઊગી જશે તો આપણી બધી મહેનત પાણીમાં જશે. આમ લક્ષ્મણનાં વચનો સાંભળી રામ લશ્કરને આદેશ આપે છે અને રાજાનું દળ લાકડાં એકઠાં કરીને મોટો ઢગ ખડકે છે.

બારવર્ષથી જેણે બ્રહ્મચર્યનું પાલન કર્યુ છે એવો બત્રીસ લક્ષણો લક્ષ્મણ ધરતીના માથે ચૂલો બનાવે છે એન શૂલાના માથે કઢાઈ મૂકે છે. કઢાઈમાં તેલ રડે છે અને નીચે આગ સળગાવે છે. કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. વૃક્ષો ઉપર પક્ષીઓ બોલે છે પીળિયાં પ્રભાન થયાં છે અને સૂર્યદેવ ઊગવાની તૈયારી કરે છે. લક્ષ્મણ કટકટાવીને કમર બાંધે છે. અને કઢાઈના સામસામેના કડાં પર પગ માંડીને સ્થિર ઊભો રહે છે. તે રામને કહે છે, “ભાઈ, હવે તું મને બાર મણનું ધનુષ્ય અને તેર મણનું તીર આપ.” આમ પગની મદદથી ધનુષ્ય ઉપર પણ છ ચડાવે છે અને લક્ષ્મણના હાથમાં તીર અને ધનુષ્ય આપે છે. લક્ષ્મણ ધનુષ્યની પણ છ ઉપર તીર ગોઠવે છે. સુહાવનો (હોયમણો) સૂરજ ઊગી રહયો  છે. લક્ષ્મણ કઢાઈ પર પગ ઠેરવીને સૂર્ય સામે તીરનું લક્ષ્ય તાકીને ઊભો રહેછે. રામનું દળ ‘નવલું’ જુએ છે. અને નવાઈ પામે છે. ધીમે ધીમે ધરતીનો સ્વામી સૂર્ય આકાર માર્ગે ઊંચે  આવે છે. તેમ તેમ લક્ષ્મણ પર તીરનું લક્ષ્ય ઊંચે ને ઊંચે લઈ જાય છે. કઢાઈ નીચે આગ સળગી રહી છે અને કઢાઈમાં તેલ ઊકળી રહયું છે. પૃથ્વીનો દીવો માથા પર આવવાની તૈયારીમાં છે અને લક્ષ્મણનાં ‘સત્’ પારખાં થવાની ક્ષણો નજીકમાં છે. નીચે તેલ સ્થિર થયું છે ; મધ્યાહ્ન થયો છે ; સૂર્યના રથમાં વિરાજિત ભમરાનું પ્રતિબિંબ તેલમાં પડે છે. યોગ્ય મોકો જોઈને પોરસ કરીને લક્ષ્મણ સૂર્ય સામે તીર છોડે છે. તીરની તીવ્ર ઝડપથી સૂર્યના કિરણો ની વચ્ચેથી માર્ગ કરીને મંડળમાં ફેલાય છે. વચ્ચેના માર્ગથી સૂર્યના રથમાં રહેલો ભમરો સ્પષ્ટ દેખાય છે. ભમરો તીરથી વીંધાઈને નીચે પૃથ્વી ઉપર કઢાઈમાં  પડીને તળાઈ જાય છે અને તેની સાથે રાવણનો જીવ ચાલ્યો જાય છે. તેલમાં પડેલા ભમરાના તેજ લિશોટામાંથી ઊઠેલી આગથી લક્ષ્મણની આંખોના રતન બંધ થાય છે. તેને મૂર્ચ્છા લાગે છે અને રાવણનો વધ થતાની સાથે જ લક્ષ્મણ પણ કઢાઈ પરના બંને કડાં પરથી પગ લસરી જાય છે અને ‘ભૂહ’ દઈને ધરતીના માથે ઢળી પડે છે. આ તરફ રાવણ મરવાના સમાચારથી  રામનું  દળ  આનંદ  વિભોર  બને છે, બીજી તરફ લક્ષ્મણ મૂર્છા પામે છે.  રાવણ

મરાયો પણ યોદ્ધો ઉઠયો અને અહંકાર મૃત્યુ પામ્યો આ તરફ લક્ષ્મણની સાધના સફળ થાય છે.

## ૨૨. અંજની અને હનુમાન (અમર જયોત) :

રામ દોડતા લક્ષ્મણ પાસે આવે છે. કઢાઈની બાજુમાં બંધુ લક્ષ્મણ આબુ શિખર માફક પડયો છે. લક્ષ્મણની મૂર્છા જોઈને રામ દળને આદેશ આવે છે, "તમે જલદીથી કોઈક વૈદ કે ભૂવાને બોલાવી લાવો. લક્ષ્મણ મૂર્છીત થયો છે." પૂરા લશ્કરમાં લક્ષ્મણને સાજો કરવા માટે બીડાં ફરે છે પણ કોઈ યોધ્ધો બીડાં ઝીલવા માટે શકિતમાન નથી. માતા અંજની હનુમાનને કહે છે, "પુત્ર ઊઠ ! મામા લક્ષ્મણને સૂર્યના બાણ વાગ્યાં છે. તું મેરુ–સુમેરુ પર્વત ઉપરથી અમર જયોતિ લાવવાના બીડાં ઝડપે છે. ત્યાર પછી હનુમા અંજનીને કહે છે, "માતા મે બીડાં તો ઝડપ્યાં પણ હવે મારે શું કરવું !" માતા કહે છે, "દીકરા, ઝટપટ મેરુ–સુમેરુ (મેર–સુમેર) અને ધૂનાગર પર્વત ઉપર જા અને ત્યાંથી અમર જયોત લઈ આવ. તો જ મામો સાજો થશે." માતાની વાત સાંભળીને હનુમાન મેર–સુમેર પર્વત તરફ દોટ મૂકે છે. તે મેરુ–સુમેરુ અને ધૂનાગર પર્વત ઉપર આવીને જુએ છે તો દરેક વૃક્ષના પાને પાને જયોત બળે છે. હનુમાન વિચારે છે આ દરેક જયોતમાં અમર જયોત કઈ ? અહીંથી લઈને જાઉંને રસ્તામાં હોલાવઈ જશે તો વળી પાછું અવળું પડશે. અહીંથી પાછો જાઉંને માતા અંજનીને પૂછી આવું. હનુમાન મારગે મારગે પાછો આવે છે માતા અંજનીને પૂછી છે, "માતા, હું મેરુ–સુમેરુ પર્વત ઉપર ગયો હતો ત્યાં વૃક્ષના પાને પાને જયોત બળે છે, સાચી અમર જ્યોત ઓળખી શકયો નહીં, આથી માં તને તને પૂછવા માટે પાછો આવ્યો છું, અંજની કહે છે, "પુત્ર મેરુ–સુમેરુ અને ધુનાગાર પર્વતોને ઊંચકીને સમુદ્રમાં ફેંક સાચી અમરજયોતા સમુદ્રમાં તરતી રહેશે. આ અમરજ્યોત લઈને તું પાછો આવજે, "હનુમાન કહે, "માતા, આટલી બધી શકિત મારામાં કયાંથી ?" અંજની પોતાના પુત્રમાં રહેલી શકિતીની સુમીતી કરવાવા પોતાની કાંચળી (કમખો) છાતી પર ઊંચે ચડાવે છે અને પોતાનું એક પયોધર (સ્તન)માંથી દુધની ધારાઓ પર્વતો ઉપર પડવા લાગે છે અને પર્વતો કાણા થઈને ઓગળીને દૂર પડવા લાગે છે. હનુમાન આ દૃશ્ય જુએ છે અને તેનામાં અપૂર્વ શકિત ઝણઝણી ઊઠે છે. અંજની હનુમાનને કહે છે, "પુત્ર તું જોઈ શકયો કે મારા દૂધની ધારાથી પર્વતો પર કાણા થઈ ગયા. તું આજ દૂધ પીને મોટો થયો છે. પછી તું સત્વહીન વાતો કેમ કરે છે ? ઊઠ અને દોડવા લાગ ! મેરુ–સુમેરુ પર્વતોને રત્નાગર દરિયામાં નાખ અને જીવતી

અમરજયોત લઈને પાછો આવ.'' માતાનાં વચનોથી હનુમાનમાં અપૂર્વ શકિતનો સંચાર થાય છે, આ પછી ફરીને પોરસ કરીને બંને પર્વતોને ઊંચકીને સમુદ્રમાં ફેંકે છે વૃક્ષોને પાને પાને બળતા બધા જ દીવા હોલવાઈ જાય છે. સમુદ્રમાં એક અમર જયોત જ સળગતી રહે છે. હનુમાન આ અમરજયોત પ્રાપ્ત કરે છે અને મારગે મારગે લંકામાં આવે છે. રામને અમરજયોત આપતાં કહે છે, ''મામા, રામ હનુમાન પાસેથી અમર જયોત લે છે અને લક્ષ્મણને વાગેલાં સૂર્યનાં બાણની શકિતને આ જયોતથી કાપે છે. લક્ષ્મણની મૂર્છા ધીમે ધીમે દૂર થાય છે અને લક્ષ્મણને જાગ્રત કરતાં રામ કહે છે, 'હે યોદ્ધા ! હવે તું જાગ, અહંકાર તો મૃત્યુ પામ્યો છે.'' લક્ષ્મણ જાગ્રત થાય છે અને સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. રામ હનુમાનની પીઠ થાબડે છે.

અહંકાર આ ધરતી પર ઢળી પડયો છે. રામ, લક્ષ્મણ અને હનુમાન પોતાના દળ સાથે હરિયા બાગમાં આવે છે. લક્ષ્મણ ભાભી સાથે વાતો કરે છે અને સીતાને પ્રશ્ન કરે છે, ''ભાભી, રાવણને તો મારી નાખ્યો. હવે તમારે અમારી સાથે આવવું છે ? સીતાની આંખમાંથી આસુની ધારા વહેવા લાગે છે. તેણી કહે છે, ''દિયર, આટલા દિવસ તો મેં મહામુસીબતે કાઢયા છે. હું તો તમારા વિના રહી શકતી જ નહોતી. સદાય બે ભાઈને ભજી રહી હતી.'' લક્ષ્મણ સીતાને બીજો પ્રશ્ન કરે છે, ''ભાભી, રાવણ અહીં લંકામાં કંઈ રીતે લાવ્યો ?'' ભાઈ, મને રાવણ 'ઊડણપાવરી'માં બેસાડીને લાવ્યો હતો. પૃથ્વી ઉપર મારે પગ અડયો જ નથી. વનખંડમાંથી લાવ્યા પછી અહીં આ વાડીમાં મને સીતાની આંખોમાં શ્રાવણ ઘૂરે છે અને વાત આગળ કરે છે, 'રામના કારણે તો હું નાભિ સુધી પથ્થરમાં સમાઈ ગઈ છું.'' રામ અને લક્ષ્મણ સીતાને આશ્વાસન આપે છે અને બંને ભાઈ સીતાની આજુબાજુ ગોઠવાયેલા પથ્થરો લઈ લે છે. સીતા પથ્થરમાંથી બહાર આવે છે. રામ, લક્ષ્મણ અને હનુમાન સીતાને લઈને લશ્કર સાથે દરિયાની પાળે આવે છે. લંકા અને વનખંડની વચ્ચે તો આડો દરિયો ધૂઘવે છે બધા દરિયા કિનારે ઊભા ઊભા વિચારે છે કે, ''આપણે આ દરિયા ઉપરથી કેવી રીતે પસાર થઈએ.''

રામ અને લક્ષ્મણની મુંજવણને કળી જઈને હનુમાન દરિયા ઉપર સેતુ બનાવવા વિચારે છે. હનુમાનના આદેશથી લશ્કર સેતુ બનાવવા લાગે છે. હનુમાન જેમ જેમ સેતુ બંધાવે છે તેમ તેમ દરિયાનો કોઈ યોધ્ધો (મકરધ્વજ) સેતુને તોડી નાખે છે. જળનો યોધ્ધો સેતુને સમુદ્ર ઉપર સ્થિર થવા દેતો નથી. રોજ રોજ તૂટી જતા સેતુને જોઈને હનુમાન વિચારે છે, ''મારાથી પણ

શકિતશાળી આ જળમાં કોઈ યોધ્ધો લાગે છે. સેતુનું રક્ષણ કરતા હનુમાનજી જુએ છે તો એક ઘણો જ શકિતશાળી 'મગર–માછો' સેતુ પાસે આવે છે અને પૂછડાની એક ઝાપટ મારે છે સેતુ પડી જાય છે, હનુમાન આ દૃશ્યને જુએ છે અને જળમાં રહેલા મગર–માછાને કહે છે, ''હે જળના યોદ્ધા મેં કયાં તારાં બાપને માર્યો છે ? મેં તો દુઃખ દૂર કરવા કામ કર્યુ છે. તું સારું કામ શા માટે બગાડી આપે છે ? રામને દળને સામે કિનારે લઈ જવા માટે બંધાતા સેતુને શા માટે તોડી નાખે છે, સેતુને તોડી નાખનાર તું કોણ ? આવો શકિતાશાળી તું કોનો પુત્ર છે ? હનુમાનનાં વચનોથી આવેશ અનુભવતો જળનો યોદ્ધો (મકરધ્વજ) કહે છે, ''હું વનના રાજા હનુમાનને પુત્ર છું. પણ તેનું તારે શું કામ છે ?'' યોદ્ધાની વાત સાંભળીને હનુમાન આશ્ચર્ય પામીને વિચારે છે, ''અરે આ તો પોતાનું બાણ પોતાની જ સામે આવ્યું ! જગતામાં ખોટું કામ આવી રહયું છે. હનુમાન સ્વસ્થ થઈને કહે છે, ''પુત્ર, હું જ તારો પિતા છું.'' ''તું વળી કયાં દિવસથી પિતા થાય છે ? આ વાતનું પ્રમાણ શું ?'' હવે બંને દાંતની મેખમેખને મેળવે છે. દાંતે દાંત મળે છે. હનુમાન કહે છે કે હું લંકામાં જતો હતો ત્યારે પોરસ કરીને દરિયો છલાંગતાની સાથે મારી ઈન્દ્રી ખલી કોઈ મગરીએ આ વીર્ય ઝીલ્યું અને તું ઉત્પન્ન થયો. હવે તું મારી જ સામે આવ્યો છે ! જળનો યોધ્ધો કહે છે, ''હવે તમારે સેતુ બાંધાનું શું કામ છે ? હું બેઠેલો છું ને ? રામનું દળ મારી પીઠ ઉપર બેસાડીને સામે કિનારે ઉતારું છું. તમે દળને આ બાજુ બોલાવી લાવો. હું ક્ષણમાં સામે કિનારે ઉતારી પાડું છું. હનુમાનના કહેવાથી રામનું દળ જળના યોદ્ધા ઉપર ગોઠવાઈ જાય છે અને જળનો યોદ્ધો થોડીક ક્ષણોમાં સમગ્ર દળને સામે કિનારે ઉતારે છે. રામ અને સીતા હનુમાનના પુત્ર મકરધ્વજ ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપે છે અને સમુદ્રનું રાજ સોંપે છે.

રામનું દળ મારગે મારગે વનખંડમાં આવે છે. હનુમાન રામને કહે છે, ''મામા, હું ઘણા દિવસથી બહાર છું. હવે તો હું મારા ઘેર જાઊં છું ! તમે બધા ક્ષેમકુશળ અયોધ્યા નગરીમાં જજો.'' રામ અને સીતા હનુમાન માથે હાથ મૂકીને આશીર્વાદ આપે છે અને વનનું રાજય સોંપે છે. રામ, લક્ષ્મણ અને સીતા મારગે મારગે અયોધ્યાની સીમમાં આવે છે અને અયોધ્યા નગરીમાં પ્રવેશે છે.

## ૨૪. કૌશલ્યા :

રામ, સીતા અને લક્ષ્મણ વનમાંથી પાંછા આવી ગાયં છે તેની ખબર આખી અયોધ્યા

નગરીને પડે છે. અયોધ્યાનાં લાકો રામના આગમનથી આનંદિત થઈને ઉત્સવ મનાવે છે. માતા કૌશલ્યાને તેમના આગમનની ખબર પડે છે અને કૌશલ્યા વહેલિયાને કહે છે, ‘‘વહેલિયા વીરા, વહેલ શણગાર, ઘણા દિવસ સીતા લંકામાં રહીને પાછી આવી ગઈ છે. તેણીને મળીભેટીને આવીએ છીએ.’’

કૌશલ્યાના આદેશથી વહેલિયો રૂપે ઉજળી અને સોને પીળી વહેલ શણગારે છે કૌશલ્યા વહેલમાં બેસે છે, વહેલિયો વહેલને ઘોળા બળદ જોડે છે કૌશલ્યા અધીરી થઈને વહેલિયાને કહે છે, ‘‘તું બળદોને ઉતાવળા હાંક, સીતા લંકામાંથી ઘણા દિવસે પાછી ફરી છે. મારું મન તેણીને મળવા માટે અધીરું બન્યું છે.’’ કૌશલ્યાના આદેશથી વહેલિયો ઝડપથી વહેલ હંકારે છે ‘ધૂધળી’ રેતી રેતી ઊડે છે. બંને મારગે મારગે માણેકચોકમાં આવે છે. સીતા મહેલની અગાસીમાંથી વહેલને જુએ છે અને વિચારે છે, ‘‘આજે તો સાસુજી આવે છે ! હું આગળ જઈને તેમને મળું.’’ સીતા સાથે સાળું ઓઢીને ‘ધરમર ધરમર’ વાદળમહેલનાં પગથિયાં ઉતરે છે. કૌશલ્યા મનમાં વિચારે છે, ‘‘બાપ, મારે તો ઘણા દિવસે વહુ લંકાગઢથી પાછી આવી છે !’’ સીતા આગળ આવીને કૌશલ્યાનાં ચરણમાં પડે છે અને સાસુ ‘ગણણણ દઈને’ અવળી ફરી જાય છે. સીતા ફરી સાસુના મુખ આગળ આવીને ચરણમાં પડે છે. પછી હાથ જોડીને ઊભી રહે છે અને કૌશલ્યાને કહે છે, ‘‘સાસુજી, કયાં દોષને કારણે તમે બોલતા નથી ? કૌશલ્યા કહે છે, ‘‘રાંડ ! તું મારી પાસેથી જવાબ માંગે છે ? મને આજીજી કરવાનું છોડી દે અને તારા રાવણ ધણીની વાત કર ! દુનિયા કહે છે કે, તેને દસ માથાં અને વીસ હાથ છે પણ તું તો તેને નજરોનજર જોઈને આવી છે; તેની વાત કર.’’ સીતા મનમાં વિચારે છે કે, ‘‘મારે હવે આ સાસુને સમજાવી કઈ રીતે ?’’ કૌશલ્યા આગળ પ્રશ્ન કરે છે, ‘‘રાવના મહેલમાં રહીને આવી છે. તો તુ વાત કર કે રાવણનો વાદળમહેલ કેવો છે ? સીતા કહે છે, ‘‘માતા મારે તમને કેવી રીતે સમજાવવા ? મેં તો રાવણનો મહેલ જોયો પણ નથી. તેની વાડીની આગળ ગઈ પણ નથી ? કૌશલ્યા કહે છે, ‘‘વાહ ! સાચા બોલી રાંડ વાહ ! તું મને ખરી વાત વહેંચવા માટે આવી છે ! ‘‘તમારે જે માનવું હોય તે માનો પણ હું વનમાં હતી ત્યારે પણ વાડીનાં વનફળ ખાતી હતી અને લંકાની વાડીમાં રહી ત્યારે પણ વાડીનાં ફળ જ ખાધાં છે ! રાવણના ઘરનું પાણી પણ મારે માટે તો હરામ હતું.’’ વાહ રે વાહ ! નટરી રાંડ ! તે મને ખરી વાત કરી !’’ સીતા કૌશલ્યાને શાંતિથી સમજાવતા કહે છે, ‘‘માતા,

પથ્થર ગોઠવીને બેઠી હતી. તમને મારી વાત ઉપર વિશ્વાસ આવતો ન હોય તો હનુમાન ભાણેજને પૂછો. તે તમને બધી વાત કહેશે. મેં મારુ સત પુરું સાચવ્યું છે. રામ નામની માળા રટતી વાડીમાં બેઠી હતી.'' ઠગારી તું તારી વાત રહેવા દે ! તું તો ખરા ધણીને જોઈને પાછી આવી છે. સાચાબોલી, મને શું સમજાવવા બેઠી છો ? રામ તો વાડીએ ગયો જ હતો પણ તે વળી પાછો લક્ષ્મણને વાડીમાં શા માટે મોકલ્યો હતો ? તારે રાણ સાથે જવું હતું માટે તો તેને મહેણાં મારીને રામની પાછળ વાડીમાં મોકલ્યોને ?'' ''સાસુજી હવે તમે અવળું બોલશો નહીં. તમારાં દીકરાની જ ભૂલ હતી. એકલી મૂકીને વાડીએ શા માટે ગયો ? મન સમજાવવાનું છોડી દે. તું વાડીમાંથી પાછી આવીને શું કહેતી હતી ? તું તો કહેતી હતી કે બે આદમી મૂઆ છો પણ મઢીમાંથી બહાર નીકળતા નથી. તે કાઢયા એટલે તો જાય જ ને ? બંને જાય પછી જ રાવણ તારી પાસે આવી શકે ને ?'' સાસુજી, ઘણાં દુઃખ વેઠીને વાડી સજાવી હતી મેં મારા પિતાજીના ઘેર કયારેય કામ કર્યુ ન હોતું રામજી સાથે આવી ત્યારે ઘણી મુસીબતે કૂવો ગોડીને વાડી બનાવી પછી અમારા દેખાતાં જ અમે વાડીને કઈ રીતે ભેળી નાખીએ ? તમે મને વારંવાર ઉપાલંભ કેમ આપો છો ? વારંવાર તમે મને કડવું લાગે તેવું કેમ બોલો છો ? તમે કયું ઋણ વેઠીને મને પરણાવી છે ? મારા પિતાએ તો મને બાવાઓ સાથે વળાવી હતી ! વળી પાછી તું મને કેમ દબાવે છે ? સીતાના વચનો સાસુને કડવા લાગે છે. તેણી રડતી જાય છે અને બોલતી જાય છે. આ બંનેનો ઝઘડો સાંભળી રહેલા રામ અને લક્ષ્મણ નજીક આવે છે. કૌશલ્યા કહે છે, ''નટરી રાંડ ! મને વિધવા જાણીને મહેણાં મારે છે ? મારા દીકરાની વહું ! ઘડપણમાં વેઠવી પડે તે દુઃખે મને મહેણાં મારે છે ! હવે તે રામને કહે છે, ''દીકરા, તારી વહુ મને વિધવા જાણીને કહે છે કે વૃધ્ધા સાસુ મને આ જન્મે માથે પડી છે.'' કૌશલ્યા રડતી જાય છે અને રામને આગળ કહે છે, ''તું આને પાછી વનખંડમાં મૂકી આવ. હું તને અયોધ્યાનું રાજ આપું છું આવી રાંડ આપણા ઘર નજીક પણ નહીં જોઈએ. તું મારા પેટનો પુત્ર હોય તો આ રાંડને કાઢી મૂક.'' કૌશલ્યા આવેશમાં આવીને કહે છે, ''દીકરા, તું તેણીને વનમાં લઈ જઈને મારી નાખીને આંખોના રતન કાઢી મારી પાસે લઈ આવે તો જ મારું મન મળે !'' રામ ઋષિ વિચારે છે, ''હું વનમાં એકલો જ પરણ્યો. વનમાં સીતાએ મારી પાછળ પાછળ ઘણાં દુઃખ વેઠયાં. ઘણાં દુઃખ વેઠીને તેને લંકામાંથી પાછી લાવી શકયો. હવે મારે શું કરવું ? હું તો માતાને વહાલો થાઉં કે પછી પત્નીને થાઉં ? મારે તો

હવે બે બાજુનું દુઃખ થયું.''

રામ વચ્ચે છે અને સાસુ ને વહુ બંને અવળાં ફરીને આંસુ સારે છે. સાસુ રડે છે વહુંના મહેણાને માટે અને સીતા રડે છે તેના 'સત્' માટે. સીતા મનમાં વિચારે છે, 'કરણના કિરતાર, તે લખ્યું તે ખરું ? જેવા મારા લેખ. રાવણ બળાત્કારે લઈ ગયો અને આજે હું મહેણાં સાંભળતી થઈ ! કૌશલ્યા વિચારે છે, ''હે કરણીના કિરતાર ! મારા દીકરાના કેવા લેખ ? તેને વન ભોગવવું પડયું. વનમાં જ પરણ્યો, પણ વહુ ભૂંડા કૂળની મળી. તેણી આવતાની સાથે જ મહેણા મારવા લાગી.'' સીતા છેલ્લે છેલ્લે સાસુને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહે છે, ''સાસુ, ધીરજ ધર ! મને નહીં રહેવા દે તો હું વનમાં પાછી જઈશ, પણ મારી થોડીક જ્ઞાનની વાતો સાંભળ. હું જે દેશમાં ગઈ હતી તે દેશની વાત કરું છું. તે દેશની કેવી અવળી વાતો છે તે તું ધ્યાનથી સાંભળ. તે દેશમાં એક સ્ત્રી મેં એવી જોઈ કે ઘરનો પતિ બહાર ગયો હતો તો ઘડીક થાય અને બહાર આવે અને પાછી ઘરમાં જાયે તેને ચેન પડે જ નહીં. વારંવાર પતિની રાહ જોતા જ કરે. જેવો પતિ બારણે આવે કે તરત જ પતિને અવળું બોલીને તેની સાથે કજિયો કરે. આવી સ્ત્રીનો અવતાર કૂતરીનાં ગણાય !'' સીતા આગળ કહે છે, ''સાસુજી, તમે મારી આગળ સાંભળો. વળી, મેં એક સ્ત્રી એવ જોઈ કે જે રાંધતી જાય અને ખાતી જાય; વળી વળીને વાસણના કાના ચાંટતી જાય. આવી સ્ત્રીનો અવતાર બિલાડીનો ગણાય !'' સીતા આગળ વાત કરે છે, ''વળી એક સ્ત્રી એવી દીઠી કે ઊભી ઊભી છોકરું ધવડાવે જ જાય. માણસ હોવા છતાં આવી સ્ત્રીનો અવતાર ઘોડીનો ગણાય ! તે જ્ઞાનની વાત આગળ સમજાવતા કહે છે, ''સાસુજી, આ સંસારમાં મેં જાત જાતની સ્ત્રીઓ જોઈ છે. એક સ્ત્રી એવી પણ જોઈ કે પોતાના ઘરના આદમીથી સંતોષ નહીં થાય, અને બીજો પુરુષ કરતી જાય. એવી સ્ત્રી છિનાળ ગણાય વળી, એક સ્ત્રી એવી દીઠી કે ઘરનો પતિ સરસ–સુંદર નવાંનકોર કપડાં પહેરાવે પણ આવી સ્ત્રી ધૂળ નહીં જુએ કે કચરો નહીં જુએ. આવી સ્ત્રી અવતાર ગધેડીનો ગણાય છે !'' સીતા જ્ઞાનની વાણી આગળ ઉચ્ચારતાં કહે છે, ''સ્ત્રીઓને ઘણા પ્રકાર છે. એક સ્ત્રી વળી એવી જોવામાં આવી કે ભરેલું બેડું માથે હોય અને વાતે ચડે. દિવસ સવા પહોર ચડે છતાં તેને ખબર નહીં પડે. આવી સ્ત્રીનો અવતાર ઊંટડીનો ગણાય.'' સીતા સાસુને આગળ સંભળાવે છે, ''સાસુ, તમે મારી વાત સાંભળો. એક નારી વળી એવી હતી કે માથામાં હાથ નાખેને બાતકો લીખો અને જૂ હાથમાં આવે . તે ચાલતી જાય અને

પટ્ દઈને લીખો ને જૂ ભેગી મારતી જાયે એવી સ્ત્રીનો અવતાર માંકડા (મેલા) નો ગણાય.'' સીતા કૌશલ્યાને અંતે કહે છે, ''ઘેર ઘેર ચતુર નારીઓ નથી જ નથી, હું તો સાચેજ ભગવાનની દીકરી છું. સત્યની પૂતળી મને ભગવાને જાતે પોતાના હાથે ઘડી છે. મારામાં કેટલા ગુણ એ તો શું જાણે ? એ તો મારે જ પુત્ર જાણે. તારા મનમાં મેલ ભરાયો છે. તું મને સાચે જ ઓળખી શકી નથી.'' કૌશલ્યા કહે છે, ''નટરી રાંડ ! મને ગમે તટલું સારું લગાડ, પણ તું મારી નજીકપણ નહીં જોઈએ. તું અત્યારે જ અહીંથી ચાલી જા મારા દીકરાને રાખવી હોય તો બંને સાથે જ જાઓ. બાર વરસ તો ભેગાં રહયાં હવે આ જન્મ વનમાં જ મરજો ? કૌશલ્યા સમજીને કહે છે, ''દિકરા, વિલંબ કરે મોડું થાય છે. તારી રાંડ તો પટ પટ બોલે જ જાય છે. તેણીને જટ જટ વનમાં મૂક. તેણીને લઈને વનમાં જા અને આંખનાં રતન લઈને જટજટ પાછો આવે તેની આંખો મારા હાથે મસળી નાખું તો જ મને વળે, દીકરા !'' રામ પગના અંગૂઠાની જમીન ખોતરે છે અને લક્ષ્મણને કહે છે, ''ભાઈ, ભાભીના રોટલા મેં ઘણા દિવસ ખાધા છે. રીસમાં આપ્યું કે હસીને આપ્યું પણ હું તેણીના લીધે જ વનવાસ વેઠી શકયો છું. હવે હું ગુણ ઉપર અવગુણ કઈ રીતે કરું ? ભાભીને હું મારા હાથે વનમાં નહીં મૂકી શકું. માતાના અજુગતા આદેશથી બંને ભાઈ વિચારામાં પડી જાય છે.

રામ પોતાનો ભૂતકાળ યાદ કરતાં વિચારે છે, ''છ માસ વનવાસ વેઠયા પછી સીતા સરખી ચતુર નારી મળી. તેના સહારે અમે બંને ભાઈઓએ બાર વરસ પૂરાં કર્યા. વળી તેમાં વર્ષ ફરીને દુઃખ આવ્યું. લંકામાં યુધ્ધ આદર્યુ. ઘણી જ મુશ્કેલીએ સીતાને ફરી પ્રાપ્ત કરી. હવે તેને પુનઃ વનમાં મૂકવાની વાત આવી છે, પણ હું માતાનો આદેશ પણ અવગણી શકતો નથી ?'' માતાના આદેશથી દુઃખી થયેલો લક્ષ્મણ અવળો ફરીને આંસુ સારી રહયો છે. રામ લક્ષ્મણની પાસે જઈને કહે છે, ''લક્ષ્મણ, આ વનફળ સીતાને આપીને વહેલમાં બેસાડીને વનમાં મુકી આવ.'' લક્ષ્મણ વિચારે છે, ''ભાભીના હાથનું ઘણું ખાધુ ને પીધું. વનમાં દુઃખ પડયું ત્યારે ભાભીએ અમારી સેવા કરી. હવે જયારે સુખ આવ્યું છે ત્યારે મારા જ હાથે ભાભીને વનમાં કઈ રીતે મૂકી આવું ? ભાભીને વનમાં મૂકવાની વાત માત્રથી લક્ષ્મણની આંખમાંથી આંસુની ધારા વહે છે. રામ લક્ષ્મણને કહે છે, ''ભાઈ ધીરજ ધર અને આ વનફળ સીતાને આપ.'' લક્ષ્મણ કહે છે, ''ભાઈ, હું ભાભીને વનફળ નહીં આપી શકું. તમે તમારા હાથે આપો.'' રામની

આંખોમાંથી આંસુની ધારા વહે છે અને તે સીતાની પાસે આવી ઊભા રહે છે. સીતા રામની એક પગે  રામની આંખોમાંથી આંસુની ધારા વહે છે અને તે સીતાની પાસે આવી ઊભા રહે છે. સીતા રામની એક પગે ઊભી રહે છે અને પાયે લાગીને કહે છે, "મારું હરણ થયું છતાં હું મનમાં દુઃખ લાવી નહીં, સદા તારું નામ લેતી રહી. લંકામાંથી મારું સત જાળવીને પાછી આવી. વળી, પાછી સાસુ મને વનમાં મુકાવે છે. હવે હું વનમાં એકલી જાઉં છું." રામ સાથે વાત કરતાં કરતાં સીતાની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગે છે. તેણી આગળ કહે છે, "ભલે કરણીના કિરતાર ! અમે બંને ઘણી વિપતિએ ભેગાં થયાં. પહેલાં તો અમે ત્રણ જણ હતાં એટલે હું વનમાં રહી શકી. પણ કહે તો હું એકલી જ કઈ રીને વનમાં રહી શકીશ ?" સીતાના નજીકના વિયોગથી રામની આંખોમાંથી બોરબોર જેવડાં આંસુ પડે છે. તેઓ સીતાને કહે છે, "હે સીતા ! તું ઘણી જ ક્ષેમકુશળ વનમાં જા ! ભગવાને વનમાં જ આપણી જોડી બનાવી અને તને ફરી પાછો વનવાસ આપ્યો. ભગવાન ફરીને આપણા લેખ મેળવશે તો વળી પાછા ભેગાં થઈશું."

## ૨૫. સીતા વનખંડમાં :

શોકાતુર લક્ષ્મણ ધીરજ ધરીને વાજમી વહેલ શણગારે છે. તે ભાભી પાસે આવીને કહે છે, "હવે રોવાથી રાજ મળવાનું નથી. તું ધીરજ ધર." સીતા લક્ષ્મણની પાછળ પાછળ જાય છે અને વહેલ ઉપર પગ મૂકવા જાય છે કે તરત જ કાળો કીર અને કાળો કાગડો સાથે બોલે છે. વહેલમાં બેસવા માટે સીતનો ઊંચો થયેલો પગ પાછો જમીન પર આવે છે. રામ સીતાને વનફળ આપે છે અને કહે છે, "આ ફળ તું વનમાં જઈને ખાજે. આનાથી તને મારો આધાર મળશે." સીતા વનફળ લે છે અને બંનેની આંખોમાં શ્રાવણ ઘૂરે છે. વિયોગના વસમા દુઃખને કારણે એક આંખમાંથી શ્રાવણ અને બીજી આંખમાંથી ભાદરવો વરસે છે. રામ વહેલની પાસે ઊભા છે, અને સીતા વહેલમાં બેસીને હાથ જોડીને કહે છે, "મારા રામ ! ઘણો કુશળ રહેજે જા" લક્ષ્મણ રડતી આંખે વહેલ હંકારે છે. જતાં જતાં કૌશલ્યા લક્ષ્મણને કહે છે, "રાંડ ! ભૂડાં કુળની હતી ! અહીંથી કાઢી તો ખરી. લક્ષ્મણ તેને લઈને જાય છે પણ તારા હાથે જ મારીને આંખોના રતન લઈને આવજે. મારા હાથે મસળી નાખીશ ત્યારે જ મારી રીસ હોલવાશે !" લક્ષ્મણની આંખમાંથી આંસુની ધારા વહે છે અને નીચું મુખ કરીને વહેલ હંકારે જાય છે. તે વહેલ લઈને માણેકચોકમાં આવે છે. સીતાને જતી જોઈને આખી નગરીનાં લોકો આંસુ સારે છે. સીતા વનના

મારગે આવે છે, અને વિચારે છે, “એક વખત રામથી છાના તલ ખાધા હતા ; તેનું આ પરિણામા આવ્યું !” લક્ષ્મણ સાગવન પાછળ મૂકે છે. અને કદળીવનમાં ધોળી વસ્તુ પણ દેખાતી નથી. અને પીળી વસ્તુ પણ દેખાતી નથી. સીતા મનમાં વિચારે છે, “લક્ષ્મણના મનમાં ભારે દુઃખ છે. માટે તો તે નીચું મુખ કરીને વહેલ હંકારે જાય છે. મને કયાં લઈને જઈ રહયો છે તેનો ખ્યાલ તેને રહયો નથી. મારે જ તેને સાવધ કરવો પડશે.” તેણી લક્ષ્મણને કહે છે, “દિયર, વહેલ ઊભી રાખ. મારો તો તરસે જીવ જાય છે. પાણી વિના મરી જઈશ.” લક્ષ્મણને સીતાની વાતીથી મનમાં શાંતિ થાય છે. તે વિચારે છે, “ભાભીના મનમાં મારા તરફથી કોઈ દુઃખ નથી. મારા માટે તેનું મન સાફ છે. તે કોલઈ પણ પ્રકારનું દુઃખ રાખ્યા વિના મને મુકત મને બોલે તો છે.” હવે લક્ષ્મણ વહેલને ઊભી રાખે છે અને ભાભીને જાળવીને વહેલમાંથી નીચે ઊતારે છે. સીતાને વૃક્ષની છાયામાં બેસાડે છે. “ભાભી, તમે અહીં જ બેસ જો ; પાણી લઈને થોડીક ક્ષણોમાં પાછો આવું છું.”

પાણી લેવા લક્ષ્મણ વનમાર્ગમાં આગળ વધે છે. પાણી લેવા માટે કૂવા પાસે આવે છે કે કૂવામાંથી ફર્ર્ર્ કરતા હોલા ઊડે છે. આજુબાજુના બધા કૂવા પાણી વિનાના ખાલી છે. લક્ષ્મણ વિચારે છે, “હજી કિરતારને કેટલું દુઃખ પાડવાનું બાકી હશે ? તે અવતાર આપ્યો અને વનમાં ભટકતાં જ અમારે અવતાર પૂરો થવા આવ્યો. હજી પણ મારા દુઃખનો કોઈ કિનારો આવ્યો નહીં.” કૂવામાંથી પાણી પ્રાપ્ત ન થવાથી હવે લક્ષ્મણ સરોવરમાં પાણી શોધવા જાય છે. સરોવરની પાળ આવવાની સાથે પાળ ઉપરથી જ ફર્ર્ર્ દઈને હોલા ઊડવા લાગે છે. સરોવરની નજીક આવીને જુએ છે તો આખું સરોવર કોરુંકટ છે. દિવસ નમવા આવ્યો છે. ઘણા પ્રયત્નો કરવા છતાં પણ ભાભી માટે નહીં મળવાને કારણે તેની આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વરસવા લાગે છે. અંતે થાકીને લક્ષ્મણ પાણી મેળવવા બીજા વનખંડમાં જાય છે. આ વનખંડમાં પણ પાણી મળતું નથી. વનમાં ભટકતાં ભટકતાં જ રાત પડી જાય છે. વનમાં લક્ષ્મણને સૂતે નીદ્રા આવતી નથી. અને બેસી રહેવાથી રોવ પણ પડતું નથી. વિચારે છછે, “મારી ભાભી તો કદળીવનમાં રહી ગઈ. એકલી જોઈને વાઘ–ચિતા ખાઈ જશે તો ? વનમાં મૂકવા ન આવ્યો હોત તો મારે આ દુઃખ જોવું તો ન પડત.” લક્ષ્મણ જેમ તેમ કરીને ‘અજર વજજર’ રાત કાઢે છે. સોનેરી પ્રભાત થાય છે. ચાલતો ચાલતો ગંગા ગોદાવરીના કિનારે આવે

છે. નદીમાં જુવે છે તો આખી નદી કોરીધાકોર છે અને નદીમાં ધૂળ ઊડે છે. આમ લક્ષ્મણ નિરાશ થઈને નીચે બેસી પડે છે અને માથે હાથ દઈને પોક મૂકે છે, ‘‘મારી ને ભાભીની આખી ઉંમર જંગલમાં પૂરી થઈ. વનમાં એકલી આવીને મારી નજર બહાર મરી હોત તો મને આટલું દુઃખ નહીં થાત. હે કરણીના કિરતાર ! મેં બાર વરસ ભકિત કરી છતાં નીચે કેમ જોવડાવે છે? હવે કદાચ મળે તો પર્વતો ઉપર દેવીઓનું પાણી શોધું. સાચી દેવીઓનું કોઈ જગાએ પાણ હશે તો મને મળશે.’’ લક્ષ્મણ પર્વત ઉપર જાય છે, ‘‘આ તો સાચી દેવીઓનું જ પાણી છે.’’ તે પાનાંનો પઠિયો કરીને પાસે જઈને પાણી ભરી લે છે અને મારગે મારગે કદળીવનમાં આવે છે. લક્ષ્મણને દૂરથી આવતો જોઈને સીતા સૂઈ જાય છે. પાસે આવીને સાદ દઈને બોલાવે છે પણ સીતા બોલતી નથી. લક્ષ્મણ નજીક આવીને નીરખે છે પણ તેને સમજાતું નથી કે સીતા તો જીવે છે કે સૂએલી છે. સીતા વિચારે છે, ‘‘હું આંખ ખોલીને જોઈશ તો દિયર નજરે પડશે. અહીંથી જવાનો પ્રયત્ન કરશે ત્યારે તેને હું ખુલ્લી આંખે કઈ રીતે વિદાય આપી શકીશ ?’’ તેણી આંખો બંધ રાખીને પડી રહે છે. લક્ષ્મણ પાણીનો પડિયો સીતાના માથા પાસે મૂકે છે અને વિચારે છે, ‘‘ભાભીના લેખ ભાભી પાસે અને મારું કર્મ મારી પાસે. હે શામળા, તને સીતા સોંપુ છુ !’’ તે નીચે બેસે છે અને સીતાના માથા પર હાથ ફેરવે છે. લક્ષ્મણ જતાં જતાં કહે છે, ‘‘જીવતી હોય તો કુશળ રહે જે અને મરી ગઈ હોય તો ‘નરવર ગઢ ઝોઆર’ જીવતી હશે અને પરમાત્મા વળી પછી મેળવશે તો અમે ભાભી અને દિયર વળી પાછાં ભેગાં થઈશું.’’ લક્ષ્મણની આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વરસે છે, અને મન પાછળ રહે છે. લક્ષ્મણ જતાં જતાં વિચારે છે, ‘‘ત્રણ જણ સાથે રહેતાં હતાં ત્યારે સારું હતું. ત્રણમાંથી હવે તો બે જ ભેગા રહયા. ઘેર આવતાંની સાથે માતા તો કેટલે દૂર મળવા આવશે !’’ લક્ષ્મણ આગળ વિચારે છે, ‘‘વિના કારણ હત્યા કરવાનાં ઘણો દોષ છે. પણ જો હું હરણને મારીને તેને આંખો કાઢીશ નહીં, તો માતા માગવાની નથી.’’ લક્ષ્મણ વનખંડમાં દોડતા હરણને મારે છે તેની આંખો કાઢી લે છે. તે અયોધ્યા આવી લક્ષ્મણ સીતાની આંખો માગતી માતાને હરણની આંખો આપે છે. કૌશલ્યા આંખોને હાથથી મસળીને ઢોલીયાના પાયે દબાવે છે. માતા લક્ષ્મણને આનંદ વિભોર થઈ અભિનંદન આપે છે અને કહે છે હે પુત્ર ! તે આજે ઘણું જ સારું કામ કર્યુ છે.

આ તરફ સીતા આળસ મરડીને ઊભી થાય છે. લક્ષ્મણ તેને કયાંય વનમાં દેખાતો નથી.

પડિયમાં જુએ છે તો પાણી ભરેલું છે તે રામનું સ્મરણ કરે છે અને પાણી પીએ છે. સીતા કાન માંડીને સાંભળે છે તો દૂરથી વાઘનો અવાજ કાને પડે છે. વાઘ લાંબી નજરે જુએ છે તો તેને મનુષ્ય દેવ નજરે પડે છે. તે વિચારે છે, ‘‘બાર બાર વરસ થઈ ગયાં છે પેટમાં કંઈ પડયું નથી. હું જેવું સાધન શોધતો હતો એવું મળી રહયું છે.’’ વાઘ સીતાની નજીક આવે છે અને તેણીને મારવા માટે છલાંગ ભરવાની તૈયારી કરે છે. સીતા પણ વાઘ ઉપર તરાપ મારવા માટે ચાર પગે થાય છે અને વાઘને કહે છે, ‘‘તું પણ વાઘનું લક્ષ્ય લઈને તેની સામે ઊભી રહે છે. વાઘ નવાઈ પામીને સીતાને પૂછે છે, ‘‘હે બહેન ! તે મારા સામે કેમ મોરચો માંડયો ?’’ સીતા વાઘને પૂછે છે, ‘‘તું કેટલા દિવસનો ભૂખ્યો છે તે વાત કર.’’ વાઘ કહે છે,‘‘મેં તને બહેન માની છે. તું મારી વાત ધીરજતી સાંભળ. હું બાર વરસથી ભૂખ્યો છું. હું કોઢના રોગથી પીડાતો હોવાથી જેવો ગુફાની બહાર આવતો કે તરત જ માખીઓ સતાવવા માટે મારી પાછળ પડતી હતી. આથી ભૂખ્યો જ ગુફામાં પડી રહેતો. ઘણાં વરસ થઈ ગયાં. ભૂખ વેઠી શકયો નહીં. આથી હું ગુફામાંથી બહાર આવ્યો છું. હવે એ તો વાત કરે કે તું મારી સામે કેમ થઈ ?’’ સીતા કહે છે,‘‘ ભાઈ, તું બાર વરસથી ભૂખ્યો છે તો મને તેર વરસ પૂરાં થવા આવ્યાં છે ! મને પણ આ વનમાં ઘણાં વર્ષોથી કંઈ પણ ખાવા મળ્યું નથી. ભૂખની મારી તારામાંથી તો થોડું ઘણું તોડી લઉં એમ સમજીને મેં પણ તારા ઉપર તૂટી પડવાની તૈયારી કરી. ‘‘વાઘ કહે છે, ‘‘બહેન, તું પણ સરખી અને હું પણ સરખો. હું તો વાઘ હતો આથી વનમાં રહેતો હતો પણ તું એ તો કહે કે તારે વનમાં રહેવાનું કયું પ્રયોજન છે ?’’ ચતુર સીતા કહે છે, ‘‘ભાઈ મારી વાત સાંભળ. હું રામનું નામ લઉં છું અને વનમાં રહું છું. હું ભકતાણી છું.’’ સાચે જ રામની ભકતાણી હોય અને તારામાં સત હોય તો મારું દુઃખ દૂર કર. મેં તને મારી બહેન માની છે, મારા કોઢ મટે અને મારું શરીર સારું થાય એવું કર. હું તારા ગુણ નહીં ભૂલું.’’ સીતા દેવઓના પાણીનો ભરેલો પડિયો હાથમાં લે છે અને રામનું નામ લઈને વાઘ ઉપર છાંટા નાખે છે. વાઘ ઉપર રંગ રંગનાં છાંટા પડે છે અને વાઘના શરીર ઉપરનો કોઢ મટે છે. તેના ઉપર કાબરચિતરી ભાત પડે છે. વાઘ પોતાના શરીરને નીરખે છે. તેનું શરીર સુંદર બની ગયું છે. પોતાના સુંદર શરીરને જોઈને આનંદિત બનીને વાઘ કહે છે, ‘‘હે મારી ધરમની બહેન ! તને મારી મોટી બહેન ગણું કે નાની બહેન ગણું પણ હવે તારા દુઃખની વાત કર.’’ સીતા કહે છે, ‘‘ભાઈ, મને તો ભકિત જ વહાલી છે. અહીં બેઠે બેઠે મારા

દિવસો જતા નથી. હું એકલી છું. તું વનમાં ફરે છે. તે ઘણા બધા ઋષિઓની ઘૂણિયો જોઈ હશે. મને કોઈ સારા ગુરુના આશ્રમે મૂક. ગુરુના આધારે દિવસ અને રાત ભકિતમાં જ પસાર થશે.'' વાઘ કહે છે, ''હું ઘણા ઋષિથી પરિચિત છું. દરિયાની પાળે પાનઋષિ, ધૂમઋષિ, કોરબઋષિ, ધરોઋષિ આદિ સાત ઋષિ ઋષિઓની ઘૂણિયો જોઈ હશે. મને કોઈ સારા ગુરુના આશ્રમે મૂક. ગુરુના આમ વાઘ સીતાને ઋષિના આશ્રમે મૂકે છે. વનના રાજા, મારે એવા જ ઋષિની સેવામાં જવું છે. ''બહેન, મારા ઉપર બેસી જા, તને સાત ઋષિની ઘૂણીએ લઈ જાઉં.'' સીતા વાઘ ઉપર સવાર થાય છે અને વાઘ ઋષિની ઘૂણિયે આવવા નીકળે છે. સીતા હાથમાં માળા લઈને ભકિત કરે છે અને વાઘ ઉપર સવાર થઈને મારગે મારગે આગળ વધે છે. વાઘ બોલે છે અને બાર ગાઉ સંભળાય છે. વાઘ લાંબી ફાળે અને છોટે પગલે ઋષિની ઘૂણિયે આવ છે અને ચતુર સીતા વાઘ ઉપરથી નીચે ઉતરે છે. સાતે ઋષિ તપ કરે છે. તેઓના કાને વાઘનો અવાજ આવે છે. પણ તેઓ આંખો ખોલતા જ નથી. રામનું નમા લે છે અને ભગવાનને કહે છે, ''હે ભગવાન પર્વતમાંથી વાઘ–ચિતા આવે છે. અમે તપ કરવા બેઠા છીએ. ખાવા હોય એટલા ખાય જાય અને રહેવા દેવા હોય એટલા રહેવા દે. અમારે આંખો નહીં ખોલવાની પ્રણ છે. આંખો ખોલીએ તોપછી જંગલ ઝાડી નજરમાં આવે અને ભકિતનો મારગ અટવાઈ જાય.'' વાઘ ઋષિઓની નજીક આવીને કહે છે, ''ઋષિઓ મારી વાત સાંભળો. તમે સૌથી પહેલા આંખો ખોલીને જુઓ.'' ઋષિ કહે છે, ''વનના રાજા, તારી સામે અમે જૂઠું નહીં બોલીએ ખાંડાની ધાર પણ બેઠા છીએ. આંખો નહીં ખોલવાની અમારી પ્રતિજ્ઞા છે.'' વાઘ ઋષિને કહે છે, ''તમારા જેવી જ શિષ્યા લઈને આવ્યો છું. તેની સામે તો જુઓ.'' બીજા ઋષિ તો સીતા સામે જોતા નથી, પણ પાનઋષિ બંધ આખે વાત કરે છે, ''તું નામ અને કામ કહે તો અમને ખબર પડે કે અમારી ઘૂણિયે કોણ શિષ્યા થવા માટે આવી છે. આંખો બંધ કરીને તપ કરે જઈશું અને તેણીની છાયા અમારા ઉપર પડશે તો અમારી ભકિતમાં ધૂળ પડશે.'' સીતા ઋષિ સામે હાથ જોડીને ઊભી રહે છે અને તેઓને કહે છે, ''હે ઋષિ ! તમરા જેવી જ હું છું ! ભગવાને મને વનવાસ આપ્યો મારે સ્ત્રીનો અવતાર છે. થોડી થોડી ભકિત પણ હું જાણું છું. પણ મારે સાતા ગુરુનો બોધ લેવો છે.'' સીતા સીતા અને રામ ઋષિનું નામ આવવાની સાથે જ પાનઋષિ પોતાના નેત્રો ખોલે છે. ચતુર સીતા સામે જુએ છે અને મનમાં વિચારે છે. ''તેમની ભકિત તો અમે કરીએ છીએ અને તેમને દુઃખ કયાંથી આવ્યું ? તેમના ખોળે તો અમે રહીએ છીએ અને તેઓ અમારા ખોળે

કયાંથી ? લીલા બાગમાં તો કોયલો સદા વસે, પણ આજે તો હરિયો બાગ કોયલો પાસે આવ્યો છે ? ઋષિનો કહે છે, ''તું હરિનું નામ લે. અમે તારી પાસેથી સાચી ભકિત સાંભળીએ. તારી પાસેથી ભકિત જાણીએ. અમે ઘણી ભકિત કરી છે પણ તારા જેવું દુઃખ વેઠવું નથી.

ઋષિ 'લળી લળી' ને રામનું નામ લે છે, અને સીતાની પ્રદક્ષિણા કરીને પાયે લાગે છે. ચતુર સીતા રામફળ ઋષિના હાથમાં મૂકે છે અને કહે છે, ''આપણે બધાં આ ફળ વહેંચીને ખાઈ એ.'' તેઓ રામફળનાં દર્શન કરે છે અને સીતાને કહે છે, ''સતી અમારે ખાવાલાયક આ ફળ નથી. આ ફળ તો તમારે જ આરોગવાનું છે.'' ચતુર સીતા વિચારે છે, રામે મને પૂરા દિવસે આ ફળ આપ્યું છે'' સીતા ઋષિની હાજરીમાં રામફળ આરોગે છે. આથી પેટમાં પીડા ઉપજે છે અને ઊલટી થાય છે. આંતરડમાં 'ઘોટા' વળે છે સીતા દુઃખી થાય છે. સીતાનુ દુઃખ જોઈને કોઈ ઋષિ તેના હાથ મસળે છે તો કોઈ પગ મસળે છે. સીતા રામને સ્મરે છે, ''હે વૈકુંઠના સ્વામી ! તે આ જન્મ દુઃખ જ આપ્યું હવે તું મારી ખબર રાખ.'' રામના સ્મરણથી સીતાના પેટમાં ઠંડક થાય છે. તે ઋષિને કહે છે, હવે શાંતીથી બેસો મને પણ શાંતિ થઈ છે.

## ૨૬. લવ–કુશ :

દિવસો પસાર થાય છે. સીતાને નથી તો કહેવાતું કે નથી તો સહેવાતું પોતાના પતિ સિવાય આ વાત કોને કહેવી ? દિવસો ગણાતાં માસ થાય છે. સીતાના પેટમાં ગર્ભ છે. ગર્ભને જીવ સંચરે છે. પૂરા નવ માસ અને નવ દિવસ થવા આવ્યા છે. બાળક પેટમાં લાતો મારે છે. પૂરા માસે રામે આપેલું ફળ પાકે છે. પ્રસૂતા વેદ ભણે છઅને વાંઝણી કરે ઠમકા શકિત વિના ભકિત ન થાય. તંબૂર જેવું પેટ થઈ ગયું છે. સીતાને ચાલતાં લહાવો પૂરો થતો નથી અને બેસવાથી ચેન પડયું નથી. તેને સૂવાથી ઊંઘ આવતી નથી . સતી મનમાં વિચારે છે, ''એક તો વનમાં મૂકી અને પાછું દુઃખ આવ્યું. મારી ભકિતના માથે ધૂળ વળી સીતાને નથી ચલાતું કે નથી તો ફરાતું જીવને મૂઝાંરો થાય છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહાજોગ' આવ્યો. સીતાનાં 'હીળાં હીળાં' પેટ દુઃખવા આવ્યાં છે. તેનો 'હરહર' જીવડો જાય છે. ગંગાજળમાં હંસદેવ રમવા લાગ્યો છે. વરસાદ વિના નદિઓ વહેવા લાગી છે. નદીમાં પૂરમાં હંસલો તણાતો આવે છે. લોહીની નદી તેની પાછળ આવે છે. સીતા રામને સ્મરે છે, ''હે કરણીના કરતાર ! તારું બાંધેલું

તું છોડ !'' સીતાનો જીવ જાય છે અને આવે છે. એક બાજુ 'લોઅર' પડે છે અને બીજી બાજુ કુંવરનો જન્મ થાય છે. સની મૂર્ચ્છિત થાય છે. ઋષિ તેના ઉપર કપડું ઢાંકે છે. થોડીવાર થાય છે. સીતા રામનું સ્મરણ કરી અને આળસ મરડીને ઊભા થાય છે. 'લળ લળ' કમર બાંધે છે. ઋષિ પાણી આપે છે અને સીતા કુંવરને નવડાવે છે. રામે આપેલાં કુંવરનું મૂખ ચંદ્ર જેવું છે. કુંવરને ધીમે ધીમે ધૂમરી ઘાલે છે. કુંવરને જોઈને સીતા સ્મરણ કરે છે, કે કાળિયાના જેવું જ મુખ છે. તારા જ ફળનું ફળ પાકયું. હું વનમાં એકલી જ હતી. પણ હવે મા–દીકરો બે જણ થયાં.'' સીતા કુંવરને સોડમાં લે છે. માં બાળકને પોતાનું ધાવણ પીવડાવે છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહજોગ' આવ્યો. સીતા ઋષિને કહે છે, ''તમે મારી ઘણી સેવા કરી. મારે આજે છ દિવસ થયા છે. હું નદીએ જઈ માથાબોળ નાહીને આવું છું. કુંવરને પારણમાં પોઢાડીને જાઉં છું. તમે મારા કુંવરની ખબર રાખજો.'' સીતા નદીએ જવાની તૈયારી કરે છે અને ઋષિ તપ કરવા આંખો બંધ કરે છે. સીતાને વિચારે આવે છે, કે ઋષિ તપ કરવા બેસસે તો તપના સમયે ખાવાનું–પીવાનું નહીં તેવું તેમનું પ્રણ (પ્રતિજ્ઞા) છે. આંખો નહીં ખોલે તો તેના ભરોસે કુંવરને કેમ મૂકાય. સતી કુંવરને પારણામાં પોઢાડે છે અને ત્રણભુવનના નાથનું સ્મરણ કરે છે. હે નાથ મને જે દુઃખ આપ્યું તે હું ભોગવું છું. પણ તું આ કુંવરનું ધ્યાન રાખજે.'' સીતા બળબળતા ઉનાળે કાળી–ધોળી વાદળીનું સ્મરણ કરતાં કહે છે, ''હે કાળી ધોળી વાદળી ! તમને મારી ધરમની બહેન બનાવું છું. તું આ કુંવરની ખબર રાખજે.'' સીતા કાળે ઉનાળે કાળી ધોળી વાદળનું સ્મરણ કરતાની સાથે જ પોતાના કુંવરનો માથે આછા–આછા છાંટા નાખવાથી મારો કુંવર સમજશે કે મને માતાનું ધાવણ મળ્યુ છે, ''પવનદેવને વીરાની ઉપમા આપતા સીતા કહે છે, કે પવન વીરા ! હું તને ધરમનો ભાઈ માનું છું. તું ધીમે–ધીમે વાજે. જેથી મારો કુંવર સમજશે કે, મારી માતા મને હીંચકાવે છે.'' છેવટે સીતા સૂડાને કહે છે, હે સૂડા વીરા ! તારીવાણી મને ઘણી જ મીઠી લાગે છે. તું સારા સોહમણા ગીત ગાજે મારો કુંવર સમજશે કે મારી માતા હાલરડું ગાય છે.

સીતા માતા સ્નાન કરવા જાય છે. મારગે મારગે ગંગા કિનારે આવવા લાગે છે. વનમાં રંગ રંગના પક્ષી બોલે છે. ડુંગર મોર બોલી રહયા છે. સુહાવની વનરાજિ ખીલી રહી છે. આસોપાલવ ઉપર એક વાનરી બેઠી છે. માર્ગમાં ચાલવાથી શ્રમિત થયેલી સીતા આસોપાલના શિતળ છાયડમાં વિશ્રામ કરવા બેસે છે. ઘરનું મન વળે એવી છાયા છે. સીતા થોડો આરામ કરે

છે, તેની નજર આસોપાલના વૃક્ષ પર પડે છે, તો એક વાનરી પોતાના બચ્ચાને ધવડાવે છે અને રમાડે છે. સીતા વિચારે છે, ''આ વાનરાંનો અવતાર તો જુઓ ! તેઓનો તો જનમ જ અધર આપેલો છે આ વાનરીનું બચ્ચું તો જુઓ ! પાતળી ડાળીએ ફરે છે અને અહીં મારો જીવ ધ્રુજે છે. સીતા વાનરીને કહે છે, ''વાનરી તને જણનાં દુ:ખ નથી આવ્યું ? જો તો ખરી તારો પુત્ર તો ડાળીએ ફરે છે. પડી જશે તો મરી જશે. તું પ્રસુતિની વેદના ભૂલી ગઈ ?'' વાનરી કહે છે, ''હમણાં જો હું તને એક દાખલો દઈશ તો તું નદીએ જવાનું અને નહાવાનું પણ ભૂલી જઈશ અને આવી હતી તે રસ્તે પાછી જઈશ !'' વાનરી સીતા સાથે વાતે ચડે છે અને સતીને કહે છે, ''સીતા, મારગે તો મારો દીકરો મારી નજર આગળ મરશે. પણ તું તારા દીકરાની સંભાળ રાખને તેની વાત કરને ? સીતા કહે છે, ''હું ઋષિને સોંપીને ગંગાસ્નાન કરવા જઈ રહી છું.'' વાનરી કહે છે, ''સીતા, મારી વાત ધ્યાન દઈને સાંભળ. ઋષિ તો તપ કરતી વખતે આંખો નહીં ખોલવાનું પ્રણ લઈને બેઠા છે. આ વનમાં તો વાઘ અને ચિતા ઘણા ફરે છે. તારા દીકરાને ખાઈ જશે તો ? મારી ચિંતા છોડીને પહેલાં તારી ચિંતા કરને મારી બાઈ !'' વાનરીની વાત સાંભળી સીતા બહાવરી બની ખોળો વાળી, ઋષિના આશ્રમ તરફ દોટ મૂકે છે. આવીને જુએ તો પારણમાં કુંવર પગનો અંગુઠો મોમા નાખે છે. અને રમે છે. કુંવરને જોઈ માતા તેને ખોળમાં લે છે. વાતસલ્ય ભાવ જાગે છે. પ્રિય કુંવરને જોઈ ચુંબન કરીને આસોપાલના છાયામાં આવે છે. કુંવરને ચુંબન કરીને વાનરીને કહે છે, ''કળિયુગમાં તારા જેવું કડવું પણ સાચું કહેનારા માણસો નહીં મળે.'' સતી આસોપાલની છાયામાં કુંવરને ધવડાવી અને થોડો વિરામ કરીને ગંગાના ઘાટે આવે છે. નદીના કીડીઓનાં 'નગરાં' (દર) ચારે છે. નદીમાં આવી જળના જીવોને ચારે છે અને વૃક્ષના થડ પાસે કયારા કરીને માથું ધોવાના જવારા વાવે છે. તેણી પોતાની નજર સામે રૂમાલમાં બાળકને સુવાડીને સ્નાન કરે છે.

ધૂણિયોને તપનો સમય પૂરો થાય છે. અને ઋષિ ઊઘાડે છે. તેઓને પારણમાં બાળક દેખાતું નથી. આથી તેઓ આજુબાજુ કુંવરને શોધે છે કુંવર મળતો નથી. બધા ઋષિઓ ચિંતત થઈ બધા અંદરો અંદર વાતો કરે છે, ''સતી આપણને કુંવર સોંપીને ગઈ અને આપણે તો તપમાં જ ઊંધા પડી રહયા. આપણા ઉપર તો સીતાનો મોટો આરોપ લાગે. કુંવરને વાઘ–ચિતા કે વરું કોઈ જંગલી જનાવરો ખાઈ ગયા હશે. આપણાં પર પાણી ફરી વળશે. સીતા

આવશે ત્યારે આપણે શું જવાબ આપીશું ? પાનઋષિ ધમઋષિ સાથે ચર્ચા કરે છે, ‘‘આપણે ભગવાનના ઘરના ઋષિ છીએ. સીતા માટે બીજો કુંવર ઉત્પન્ન કરીએ એટલું ‘સત્’ તો આપણામાં છે જ. જાઓ એક ઋષિ દર્ભ લઈ આવો.’’ પાનઋષિના આદેશથી જળઋષિ જળમાં ઊગેલા દર્ભ લઈ આવે છે. પાનઋષિ માણસ જેવી દર્ભની પૂતળી બનાવે છે અને ધરોઋષિ આ પૂતળીને મૂકે છે. ધૂમઋષિ પારણાં ઉપર કોરા કાપડાનો ઓછાડ નાખે છે. પાનઋષિ હાથમાં ‘અમીના હંસો’ કણિયોર ની કાંબ’ લે છે અને બોલે છે, ‘‘હે સતા ભગવાન ! અમે તારું સ્મરણ કરીએ છીએ ! અમે તારા ઉપજાવેલા ઋષિ છીએ અને આ જન્મ તપ કર્યુ છે. અમારા માથે સીતાનો આરોપ આવ્યો છે. તું અમારા ભેગો આવજે.’’ આમ બોલીને પાનઋષિ પારણા ઉપર ‘અમીના હંસો’ અને ‘કણિયોર ની કાંબ’ ફેરવે છે. ત્યાર પછી પારણા ઉપરથી ઓછાડ લઈને જોવા લાગે છે, તો પહેલાં હતો એવો કુંવર નજરે પડે છે. પારણામાં કુંવર રડવા લાગે છે અને ઋષિ રામના નામની માળા રટતા વિચારે છે, ‘‘સીતા નદીથી કયારે આવે અને આપણે આ જવાબદારીમાંથી મુકત થઈએ ?’’

આ તરફ સીતા વૃક્ષ પાસે જવારા વાવી સ્નાન કરી અને હાથમાં બાળક લઈને મારગે મારગે આવી રહી છે. ઋષિ લાંબી નજરે જુએ છે, તો સીતા કુંવરને તેડીને આવી રહી છે. ઋષિ વિચારે છે, ‘‘આપણે તો અહીં બીકના માર્યા દર્ભનો બીજો કુંવર ઉત્પન્ન કર્યો અને સીતાનો કુંવર તો તેની પાસે જ છે. આપણે તો ભયના માર્યા આપણી જાતનો કૂચો કર્યો. હવે આપણે સીતાને કઈ રીતે સમજાવીશું ? ઋષિ પારણામાં રડતા કુંવરને છાનો રાખવા માટે હાલરડું ગાય છે અને સીતા ધૂણિયોને માથે આવે છે. પારણામાં બીજો કુંવર જોઈને સીતા તેઓને પ્રશ્ન કરે છે, તમે આ કોનું બાળક હીંચોળી રહયા છો ? મારો કુંવર ઊંઘમાં આવ્યો છે અને લાંબા મારગેથી તેડીને આવી હોવાથી હાથે થાક લાગ્યો છે. મારે તેને પારણામાં સુવાડવો છે.’’ ઋષિ ધીમે ધીમે સીતાને સાચી હકીકતનો પરિચય આપવાનો પ્રયત્ન કરતાં કહે છે, ‘‘બાઈ, અમે તો સીધું કરવા ગયા અને અવળું પડયું છે. તું ગઈ અને અમે તપમાં બેઠા. અમારે આંખો નહીં ઉઘાડવાની પ્રતિજ્ઞા હતી અને તું કયા સમયે આવીને કુંવરને લઈ ગઈ તેની અમને ખબર ન રહી. તપમાંથી જાગ્યા ત્યારે પારણામાં કુંવર નહોતો. અમે તારા ઉપાલંભથી ગભરાયા અને પારણામાં દર્ભ મૂકીને ‘સત્’ નો કુંવર ઉત્પન્ન કર્યો. હવે આ કુંવરને પણ તારે જ સાચવવો પડશે. નહીં તો અમને દોષ લાગે ?’’ સીતા ઋષિની વાત ઉપર વિચારે કરે છે, ‘‘મારે એક કુંવર હતો મને બે

કુંવર થયા. બે ભાઈની રૂડી જોડી થઈ. આથી તમારો શો દોષ ? હવે તમે જ આ બંને બાળકોના નામ પાડો જળઋષિ વિચારે છે, ‘‘કે સીતા મોટાનું નામ લવ આવે છે. અને પાછળ કુશમાંથી બનાવેલ બાળકનું નામ કુશ આવે છે. સીતા રામનું સ્મરણ કરે છે, ‘‘દીકરા તમે મોટા થઈને રામની ખબર લે જો ! વનમાં પણ વૃક્ષ એકલું ન હજો. પાંચ જણનું ટોળું જ સારું લાગે રાજદરબાર માંથી રાજા એકલો આવે તો શોભે નહીં. સમૂહમાં જ સારો લાગે. સીતા કુંવરને હાથમાં લે છે અને સ્તનપાન કરાવે છે. રામનું સ્મરણ કરીને કહે છ, ‘‘રામ ! તમે આપ્યો અને મેં લીધો ! હવે ઋષિ બંને કુંવરોના માથે હાથ મૂકીને આર્શીવાદ આપે છે અને કહે છે કે ઘણા ક્ષેમકુશળ રહેજો અને કરોડ દિવાળી રાજય કરજો.’’ ઋષિ સીતાને કુંવર સોંપીને ઘૂણીના માથે આવે છે.

રાત–દિવસ પસાર થાય છે. બંને કુંવર મોટા થાય છે એક દિવસ સમય વિતતા બંને બાળકોના મનમાં વિચાર આવે છે અને લવકુશ બંને ભાઈ અંદરો અંદર વાતો કરે છે, આપણે તો માતાને એકલી જ જોઈ છે. આપણે વન અને પર્વતોમાં જ કેમ જન્મયા છીએ ? આપણે કોના પુત્ર છીએ ?’ બંને ભાઈ માતા પાસે જાય છે અને સીતાને પ્રશ્ન કરે છે, ‘‘માતા, અમે દિવસે દિવસે મોટા થયા છીએ. પણ અમે હજી સુધી અમારા પિતા કે કાકાભાઈને જોયા નથી ! કયાં છે આપણાં ગામ અને ગાંદરાં ? લવ અને કુશના પ્રશ્નોથી સીતાની છાંતી ફાટે છે અને સમુદ્ર જેવો પ્રચંડ વેગ ઊછળે છે. આંખોમાં વિના નદીએ નીર આવે છે. સીતાને ધ્રાસકો પડે છે. આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વરસવા લાગે છે. બંને દીકરા માતાની સાથે રડવા લાગે છે. અને વિચારે છે, ‘‘આપણી વાત તો માતાને અવળી પડી. માતા રડે એ સારું ન કહેવાય. આવું જાણ્યું હોય તો માતાને ન ગમતી વાત પૂછત નહીં.

## ૨૭. રામના ઘોડા :

અયોધ્યા રાજમહેલમાં બેઠાં બેઠાં રામ વિચારે છે, ‘‘વનમાં જતી હતી. તે દિવસે વનફળ આપ્યું હતું. અહીં બેઠાં બેઠા મને વનમાં બે બાળકોની જોડી દેખાય છે. તેઓ વનમાં જયાં હશે ત્યાં મોટા થયા હશે. અહીંથી ગઈ ત્યારે સીતા વનમાં ગયેલી. તે વાતને વરસ પસાર થયાં.’’ આમ વિચારીને રામ હાથમાં તાળાની ચાવી લે છે અને ઘોડારમાં જાય છે. ત્યાંથી ઘોડાની એક જોડી બહાર કાઢે છે. બંને ઘોડા ઉપર રૂપાના પલાણ માંડે છે અને મોઢામાં સોનાની લગામ ઘાલે

છે. બંને ઘોડાને તાણી તાણીને તંગ ભીડે છે. ત્યાર પછી રામ અણબોલા જાનવરો તે શિખામખ આપતાં કહે છે, મારે વનમાં નહીં જવાની પ્રતિજ્ઞા છે. વનમાં ગયાં એટલા દિવસ તો રહયો પણ, હવે વનમાં જવાનું ગમતું નથી ! તમે વનમાં જાઓ. વનમાં મારા શૂરવીર પુત્રો છે. તમને જોશે તો જરૂર પકડશે અને ઠેકાણે બાંધશે ત્યાર પછી હું તમને શોધવાના બહાને વનમાં આવી શકીશ. હે ઘોડા ! ચારખંડ અને ચૌદભુવનમાં ફરજો ! કોઈ શૂરવીર મળે તો અવશ્ય પકડશે તો ત્યાંજ રહેજો ! આમ આદેશ આપીને રામ પૃથ્વીને માથે ઘોડાને રમતા મૂકે છે. મારગે મારગે તેઓ જવા લાગે છે. પાંખે પર્વતો ઊડે છે.ઘોડાની ઝડપી ચાલને કારણે 'ધૂધળી' રેતી ઉડે છે અને ડુંગર ઉપર ધૂળની વાદળી જામે છે. તેઓ ઉપર માંડેલા ચાંદીનાં અને મુખમાં ઘાલેલાં સોનાનાં લગામ ઉપર સૂર્યના પ્રકાશ પડવાથી 'જળુકા' (તેજ લિસોટા) પડે છે. અડધી પૃથ્વીના રૂપ જેવા ઘોડા મારગે મારગે સાગવનમાં આવે છે. સાગવન પાછળ મૂકી તેઓ કદળીવનમાં મારગે સાગવનમાં આવે છે. સાગવન પાછળ મૂકી તેઓ કદળીવનમાં પ્રવેશે છે. ઘણું ચાલવાના કારણે તરસ્યા થયા છે અને મારગે મારગે દરિયા તરફ વળે છે. પાણી પીવા માટે સમુદ્રની પાળે આવે છે. ઘોડા સમુદ્રમાં પાણી પીને ઋષિની ઘૂણીઓ તરફ વળે છે.

લવ અને કુશ વનખંડમાં રમે છે. ઘોડાના શણગારથી ઊઠતા 'ઝળુકાં' બાળકોની આંખોમાં પડે છે. બંને કુંવર લાંબી નજરે જુએ છે તો રૂપાનાં પલાણ અને સોનાનાં લગામવાળા ઘોડા મારગે મારગે આવી રહયા છે. નજીક આવે છે ત્યારે બંને ભાઈ મુખથી 'બુસકારે' છે. જેથી ઘોડા 'ઠગમગ' ઊભા રહે છે. બંને વિચારે છે, ‘‘આપણે આ ઘોડા માતાને બતાવીએ બંને ભાઈ જાણે કે રાજમહેલમાંથી નીકળ્યા હોય બંને ઘોડાને દોરતા દોરતા સીતા પાસે લાવે છે. સીતા ઘોડાને ઓળખે છે અને પુત્રોને પ્રશ્ન કરે છે, ‘‘તમને આ ઘોડા કયાંથી મળ્યા ?'' લવ કહે છે, અમને તો આ ઘોડા આપણા વનખંડમાંથી મળ્યા છે.'' સીતા કહે છે, ‘‘આપણા વનખંડમાંથી મળ્યા તો ભલે મળ્યા પણ તમે વૃક્ષના થડે બાંધી દો. ઘાસ પાણી પણ બેઠી પથરીએ આપો. તેમનો જે સ્વામી હશે તે આ ઘોડાઓની વહારે આવશે.

દિવસ આથમ્યો, રાત પડી અને બીજા દિવસનો પ્રાતઃ કાળ થયો પણ ઘોડા પાછા ના ફર્યા. રામને ઘોડાની પ્રતીક્ષા કરતાં કરતાં પાંચ દિવસ પસાર થયા પણ ઘોડા પાછા ન ફર્યા. હવે રામની ધીરજનો અંત આવ્યો. સૈનિકોને ઘોડા શોધવાનો રામનો આદેશ થયો ને એકની જગ્યાએ પાંચ સૈનિકો છૂટયા. સૈનિકો ઘોડા શોધતા શોધતા વનખંડની વાટે આવે છે. સાગવન પાછળ

મૂકે છે અને કદળીવનમાં પ્રવેશ કરે છે. તેઓ મારગે મારગે સાત ઋષિની ધૂણીએ આવે છે. હાથીઓની ચિંઘાડે (હૂહવારે) રાતનાં પેટ ફાટે છે. અને પીળિયા પ્રભાત થાય છે. તેઓ જુએ છે કે, સાતે ઋષિ રાખમાં બેસી રહયા છે અને ઊંચું મસ્તક કરીને જોતા જ નથી. સૈનિકો થોડે દૂર જાય છે અને સીતાની મઢી પાસેના વૃક્ષના જાડે બાંધેલા ઘોડા નજરે પડે છે. ઘોડાને જોઈને વિચાર કરે છે, આપણા ઘોડાને બાંધનાર આ વનમાં આવો 'જબરો' વળી કોણ હશે ? આ પારકો દેશ અને પરાયી ભૂકિ છે. આપણને કોઈ પૂછે તો વટેમાર્ગુ છીએ એમ કહેવાનું. નહીંતર ઘોડાના વાટે આપણને કૂટશે !''

લવ અને કુશ સૈનિકોને જુએ છે અને વિચારે છે, ''આપણે ઘણા દિવસથી આ વનખંડમાં રહીએ છીએ. પણ અત્યાર સુધી ઋષિ સિવાય બીજો કોઈ મનુષ્યદેવ જોયો ન હતો. ઘણા વર્ષે આજે માવનદેવનાં દર્શન કરવાં મળ્યાં.'' બંને ભાઈ સૈનિકોની પાસે આવે છે. ભયના માર્યા સૈનિકો કહે છે. અમે તો વટેમાર્ગુ છીએ ; આ મારગેથી જઈ રહયા છીએ.'' લવ કહે છે, ''તમે અહીંથી નીકળ્યા તો ચોરનાં પગલાં સાચું બોલે ! મોઢા ઉપરથી ખબર પડે છે કે તે ચોર છે બંને ભાઈઓ સૈનિકોને ભીંસમાં લેતાં કહે છે, ''સૈનિકો, અમારી વાત સાંભળો અને અમને સાચી તાવ કહો નહીંતર અહીં તમારા પગે આવ્યા છો અને હવે અહીંથી અમારા પગે જવાનું છે.'' કુંવરોની વાત સાંભળીને સૈનિકો 'ઠગમગ' ઊભા રહે છે. તેઓ વિચારે છે કે, ''હવે કોના મોઢે બોલવુ ? ઘોડા તો આપણા જ છે પણ કઈ રીતે આપણે પાછા મેળવવા બંને કુંવર સૈનિકોની પાછળ પાછળ ફરે છે. અને કહે છે, ''તમે એક જ મોઢે સાચું બોલો. તમે કયાં માલિકના નોકરો છો ?'' પરાયી ભૂમિમાં સૈનિકો હાથ જોડીને ઊભા રહે છે અને નમ્રતાથી બોલે છે, હે સ્વામી ! અમે તમને નથી તો ઓળખ્યા કે નથી જાણ્યા. અમે તો રામના સૈનિક છીએ અને રામના મોકલેલા આ વનખંડમાં આવ્યા છીએ. એટલામાં તો સીતા ત્યાં આવી પહોંચે છે. અને પોતાના પુત્રને આદેશ આપે છે, પુત્રો એક પણ સૈનિક અહીંથી જવો જોઈએ નહીં. બધાને મજબૂત તાણી બાંધો અને તેમને આપણી મઢીમાં લઈ આવો. લવ અને કુશ અયોધ્યાથી આવેલા સૈનિકોને બંદીવના બનાવે છે. અને જયાં ધૂણીઓ છે ત્યાં સૈનિકોને લઈ જાય છે. ઘોડાની સાથે તેઓ તેમને પણ મઢીમાં લઈ જઈને પોતાની નજરે રાખે છે.

## ૨૮. રામ—લક્ષ્મણ વનખંડમાં :

દિવસ આથમે છે અને રામ સૈનિકોની આતુરતાથી રાહ જુએ છે. પાંચ દિવસ થવા આવ્યા છે પણ સૈનિકો પાછા ફર્યા નથી. થાકીને તેઓ લક્ષ્મણને બોલાવે છે અને કહે છે, ‘‘ભાઈ, પહેલા વનખંડમાં બે ઘોડા મોકલ્યા પણ પાછા ફર્યા નહી ત્યારે તેમની પાછળ પાંચ સૈનિકો મોકલ્યા. આજે દસ દિવસ થયા છતાં નથી ઘોડા પાછા ફર્યા કે નથી સૈનિકો પાછા ફર્યા. હવે તો આપણે શોધવા જવું જ પડશે.’’ આદેશ થતાં લક્ષ્મણ તીર અને ધનુષ્યથી સજ્જ થાય છે. અને બંને ભાઈ ઘોડા અને સૈનિકોને શોધતા વનખંડની વાટે આવે છે. વન જોઈને રામને સીતાની યાદ તીવ્ર બને છે. તેઓ વિચારે છે, ‘‘વનમાં જ પરણેલી મારી પત્ની સદા વનમાં જ રહી !’’ સીતાની યાદથી રામની છાતી ભરાઈ આવે છે. તેઓ લક્ષ્મણને સીતા વિષે પૂછે છે, ‘‘ભાઈ, સીતાને મૂકવા તું આવ્યો હતો. તને એ તો ખબર હશે જ કે, તેને કયાં વનમાં મૂકીને આવ્યો હતો. તે વન તો અહીંથી થોડે જ દૂર છે.’’ બંને ભાઈ મારગે મારગે જવા લાગે છે. અને સાગવનમાં આવે છે. તેઓ સાગવન પાછળ મૂકીને કદળીવનમાં આવે છે. લક્ષ્મણે જે સ્થળે સીતાને વહેલમાંથી ઉતારી હતી તે સ્થળ બનાવતાં કહે છે, ‘‘મેં ભાભીને આ સ્થળે ઉતારી હતી તે કઈ બાજુ ગઈ હશે, તે હું જાણતો નથી.’’ બંને ભાઈ સીતાને શોધતા શોધતા એમ જ આગળ વધે છે. ઘણા દિવસે વનમાં આવ્યાં છે. વન ઘણું જ સોહામણું લાગે છે. વૃક્ષો પર પક્ષીઓ બોલે છે. ફૂલો પર કાળી પાંખોના ભમરા ગુંજે છે. કોયલો ટહુકા કરે છે. પર્વતોમાં લીલા મોર ટહુકે છે. જેમ જેમ પ્રકૃતિને જુએ છે તેમ તેમ રામને સીતાની યાદ તીવ્રતાથી આવે છે. તેઓ વિચારે છે, ‘‘ત્રણ જણ વનમાં હતાં ત્યારે તો ઘણું જ સારું હતું, પણ અત્યારે તેણી એકલી વનમાં કઈ રીતે રહેતી હશે ? વાદળમહેલમાંથી અલગ થતાં તેને કેટકેટલું દુઃખ થયું હતું ! રાત પડે છે અને રામને વનમાં ઊંઘ આવતી નથી. સવાર પડે છે અને પાછા ફરીને ‘અરવરિયાં ખાતા’ ઊભા થાય છે અને બંને ભાઈ ફરીથી સીતાની શોધ આદરે છે. તેઓ શોધતા શોધતા સમુદ્રની પાળે આવે છે. આજુ બાજુ જુએ છે તો નજીક જ સાત ઋષિની ઘૂણી નજરે પડે છે. રામ અને લક્ષ્મણ ઋષિની પાસે આવે છે અને જુએ છે તો તેઓની આંખો બંધ છે. તેઓ માળા રટે છે, અને રામ અને સીતાનું નામ લે છે. ત્યાંથી બંને ભાઈ મઢી તરફ જાય છે. મારગમાં બે કુંવરને રમતા જુએ છે તેમને રામ પૂછે છે, ‘‘હે કુંવર, તમે કોના પુત્ર છો ? તમે આ વનમાં એકલા જ કેમ રમો છો?

અપરિચિત માણસના એકાએક પુછાયેલા પ્રશ્નોથી કુંવરોને રીસ ચડે છે 'કાળમાં' થઈને જવાબ આપે છે. "તારે તેનું શું કામ છે ? આ વનમાં તો અમે જ સ્વામી છીએ. હવે આવા કારક વગરના પ્રશ્નો કરીશ તો મારતો ભૂખ્યો નહીં રહે ! અહીંને અહીં ઝીણો થઈ જઈશ. તારે અને અમારે શું ? ભલું ઈચ્છવું હોય તો છાનો માનો આવ્યો તે રસ્ત પાછો જા ! " બાળકોના ઉતરથી રામ મનમાં વિચારે છે, "બાર વરસ મેં વનવાસ વેઠયો પણ મને ટકોર બોલવાવાળું કોઈ મળ્યું નહીં. પણ મારા જીવનના છેલ્લા ભાગમાં આવું કડવું બોલવાવાળા આ બંને પહેલા જ મળ્યા !" બાળકોના ઉતરથી રામજી ગુસ્સે ચડે છે. તેઓ આવેશમાં આવીને કહે છે, "તમે અણછાજનું કેમ બોલો છો ?" રામ કહે છે, "આપણે તો તેમને પરિચય પૂછયો છે પણ આવું કેમ બોલે છે ?" રામ આવેશમાં આવી જાય છે. તેમની સાથે બંને કુંવરો પણ આવેશમાં આવી જાય છે. હવે સતિયા, અતિયા વચ્ચે લડાઈ શરૂ થાય છે. પિતા પુત્રો વચ્ચે યુધ્ધ આરંભાય છે. સામ સામે તીર ખેંચાય છે. સીતાને મઢીએ ખબર પડે છે. વિચારે છે, "જો હું મોડી પડીશ તો જગતમાં ખોટું કામ થશે." તેણી રામને કહે છે, 'હે સ્વામી, વૃક્ષ પોતાનું થડ નહીં કાપે !" રામ અને સીતાની નજરનો મેળાવો થાય છે. બંનેની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી છે. લક્ષ્મણ બંનેને ધીરજ આપતા કહે છે, ભાઈ, ભાભી આતો વિધાતાના લેખની વાત છે." સીત રામની પ્રદક્ષિણા કરીને પાયે લાગે છે. રામ જાણે છે કે સીતા વનમાં કેટલી દુઃખી છે. સીતાનું હૃદય જાણે છે કે, રામ અયોધ્યામાં મારા વિના કેટલી દુઃખી થયા છે. ફરીને ધીરજ આપતા કહે છે હવે તમે બંને શાંત થાઓ. વિધાતાએ તમને જેટલા દિવસ જુદાં પાડવાં હતા તેટલા દિવસ જુદાં પાડયાં. તમારા બંનેનો વિયોગ પૂરો થયો છે. હવે તો આપણે બધાં અયોધ્યમાં સાથે જ જઈએ છીએ. લક્ષ્મણનાં વચનોથી બંને ધીરજ ધરીને શાંત થાય છે.

લક્ષ્મણ સીતાને કહે છે, "ભાભી, મારા ભાઈએ તને શોધવા માટે આ વનમાં બે ઘોડાં અને પાંચ સૈનિકોને મુકત કર્યા હતા. તેમની ભાળ આપ." સીતા લક્ષ્મણને કહે છે, "દિયર આવા વીરત્વનું કામ તો ભત્રીજાઓએ કર્યુ છે. બંને ઘોડા આપણી મઢીમાં સુરક્ષિત જ છે તેઓ ખાય છે, પીએ છે અને મજા કરે છે. તમે મારી મઢીએ ચાલો." હવે લક્ષ્મણ સીતાને છેલ્લો અણધાર્યો પ્રશ્ન કરે છે "ભાભી, આ બે પુત્ર કોના છે ? એક તો રામે આપેલા વનફળનો અને આ બીજો પુત્ર કોનો ?" દિયર, એ પુત્રના ઘણાં સાક્ષી છે. તું નહીં માને તો મોઢે મેળવું સામે

સમુદ્રની પાળે સાત ઋષિ તપ તપે છે. તેમને જઈને પૂછ, લક્ષ્મણ કહે છે, “હું તારી એકલીની વાત નહીં માનું. તારી વાતને સાત ચારણીએ ચારુ ત્યાર પછી જ માનું.” સીતા કહે છે, “માટે તો તને કહુછું કે થોડે દૂર ઊભી રહું છું. ઋષિ તો સત્યના પુત્રો છે અને સત્યના સાક્ષી છે અને લક્ષ્મણ તેણીની પાછળ પાછળ જાય છે ઋષિઓની ઘૂણિયે જઈને સીતા કહે છે, “હે ઋષિ, હું મુશ્કેલીમાં આવી પડી છું ! તમે થોડો સમય માળા રટવાનું છોડીને લક્ષ્મણની શંકાનું નિવારણ કરો.” ઋષિ આંખો ખોલે છે અને ઊભા થઈને લક્ષ્મણને મળે છે. લક્ષ્મણ ઋષિઓને પ્રશ્ન કરે છે, “હે સત્યના સાક્ષીઓ ! સીતાનો બીજો પુત્ર તેણીને કઈ રીતે પ્રાપ્ત થયો. તે વાત તમે માંડીને કહો અને મારો સંશય નિર્મૂળ કરો.” પાનઋષિ કહે છે, “લક્ષ્મણ આ બીજો પુત્ર કુશ પણ સીતા અને રામનો જ છે. એક દિવસે સૌથી મોટા પુત્ર લવને સોંપીને સીતા ગંગામાં સ્નાન કરવા જઈ રહી હતી. અમે તો આંખો ઢાળીને તપ કરવામાં લીન બન્યા હતા, પણ વાનરીના કહેવાથી તે પાછી આવીને કુંવરને લઈ ગઈ. આ ઘટનાની અમને ખબર પડ નહીં, અમારા તપનો સમય પૂરો થયો અને જયારે આંખો ખોલી ત્યારે પારણામાં કુંવર અમારી નજરે પડયો નહીં. સીતા અમને આવીને ઉપલંભ આપશે તેવા ભયના કારણે અમે પારણામાં દર્ભની ગૂચળી મૂકીને રામનું સ્મરણ કરીને ‘સત્’ નો બીજો કુંવર ઉત્પન્ન કર્યો. માટે આ ‘સત્’ નો ઉત્પન્ન થયેલો કુશ પણ તમારો જ છે. માટે તમે સીતાને મન દુઃખ થાય એવું બોલશો નહીં. આમ પણ તેણી દુઃખી તો છે જ. સતીની આખી ઉંમર વનમાં જ ગઈ છે.” ઋષિના વચનોથી લક્ષ્મણને મનનું સમાધાન થાય છે. તે સીતાને કહે છે, “તમારી વાત સાચી છે. ચાલો, આપણે તમારી મઢીએ જઈએ. આપણા ઘોડા અને સૈનિકોને મુકત કરીએ.” બધાં મઢીએ આવે છે અને સીતા ઘોડા અને સૈનિકોને મુકત કરે છે.” ભાભી, હવે આપણે આપણા ઘેર જઈએ.” દિયર, તમે તો વાદળમહેલમાં બેઠા બેઠા રાજ કરતા હતા પણ મારા દુઃખમાં પેલા સાત ઋષિઓ ઘણા કામ આવેલા. મારાથી ગુણ ઉપર અવગુણ નહીં થાય. હું તેમને મળીને પાછી આવું છું. તેમના આશીર્વાદ લેતી આવું.” સીતા ઋષિની ઘૂણીએ આવે છે અને તેમને નમસ્કાર કરીને કહે છે, “ઋષિ, તમે ક્ષેમકુશળ બેસજો. ખાજો, પીજો અને વનનું રાજ કરજો. હવે મારં આ વનનાં ઋણાનુ બંધ પૂરા થતાં હોય તેવું લાગે છે.” સીતાનાં વચનો સાંભળીને ઋષિ ઊભા થયા છે. તેઓ સીતાની પ્રદક્ષિણા કરીને નમસ્કાર કરે છે અને કહે છે, “સીતા, તું સત્યની દીકરી છે. આ વનની મુસીબતોમાં પણ સત્ય ચૂકી નથી. તું સાચે જ પતિની પત્ની છે. ક્ષેમકુશળ તારા ઘેર જજે

સદાય કુશળ રહે જે અને વૈકુંઠનું રાજ કરજે.'' સીતા ઋષિને છેલ્લાં નમસ્કાર કરતાં કહે છે, ''હું આ વનખંડમાં તમારી દીકરી થઈને રહીં. હવે સાસરીમાં જાઊં છું. મારા આ તમને છેલ્લા રામ ! રામ !'' સીતા પોતાની મઢીમાં આવે છે. અને મઢીની પ્રદક્ષિણા કરીને પ્રણામ કરે છે. તેણી ધરતીને નમન કરીને કહે છે, ''ધરતીમાતા, તું કુશળ રહેજે.'' છેલ્લે મઢી છોડતાં વનને કહે છે, ''રામે તેના હાથે મને વનમાં મૂકી હતી. હવે તેના હાથે જ મને લેવા માટે આવ્યો છે. વનમાં મેં દુઃખ વેઠયું. અને સુખ વેઠયું. આ વન જ મારી મા અને બાપ હતું. ભગવાનને વળી મારા તરફ દયા આવી લાગે છે માટે તો તેણે મારું મુખ ઘર તરફ કર્યુ છે.'' છેલ્લે વનને નમસ્કાર કરતાં કહે છે, ''મારું વન સદાય કુશળ રહેજો.'' હવે સીતા પોતાના કુંટુંબની પાસે આવે છે. બધાં મારગે મારગે આવે છે અને સાગવન પાછળ મૂકીને અયોધ્યાની સીમમાં પ્રવેશે છે.

## ૨૯. સીતા રાજમહેલમાં :

રામ લક્ષ્મણને આદેશ આપે છે, ''તું વાદળમહેલે જા, અને વાજમી વહેલ શણગારી લાવ.'' લક્ષ્મણ મારગે મારગે અયોધ્યા નગરીમાં આવે છે રૂપે ઉજળી અને સોને પીળી વહેલ શણગારે છે. લક્ષ્મણના આદેશથી નગરથી ઊંધું નગારું સીધું કરે છે અને નગારું વગાડે છે. આખી નગરીના લોકોને ખબર પડે છે. કે, આજે રામ સીતાને લઈને આવી રહયાં છે. હવે વાજા વાગી રહયાં છે. 'ધુસાં' દરિયાની પાળે વાગી રહયાં છે. નગરના સમગ્ર પ્રજાજનો સીતાનું સામૈયુ કરવા અયોધ્યાની સીમ ભણી આવી રહયાં છે. રામ સીતાને કહે છે, ''તેને ઘણું જ દુઃખ પડયું છે. પણ હવે તું મન વાળીને રાજયમાં પ્રવેશ કર. મેં તને આખી જિંદગી વનમાં રાખી. મારી માતાએ પણ તને અજુગતું ઘણું કહયું પણ હવે તું નીર જેવી નિર્મળ અને દૂધ જેવી ચોખ્ખી થઈને વહેલમાં બેસ.'' લક્ષ્મણ પ્રજાજનો સાથે વાજમી વહેલ લઈને આવી પહોંચે છે. રામ સીતાને ઘણા માન સાથે વહેલમાં ફૂલોના 'ઓહર (માળા) વચ્ચે બેસાડે છે. સાથે લવ અને કુશ બિરાજે છે. સોનારૂપાની વહેલ ને જોતા વાદળમહેલની નજીક આવી રહી છે, અને સૂર્ય પ્રકાશના કારણે વહેલ ઉપરથી તેજલિસોટા ઊઠી રહયા છે. ગીત ગાનારી સ્ત્રીઓ ગીતો ગાય છે. ''બધી વાડીએ ચંદનવૃક્ષ હોતા નથી ; દરેક તળાવામાં કમળ થતાં નથી ; તેવી જ રીતે ભગવાનની સત્યની દીકરી સીતા જેવી તો કોઈક સ્ત્રી જ હોય !'' વાજા વાગી રહયાં છે. ઉત્સવ ઊજવાઈ રહયો છે. અને વહેલ વાદળમહેલ નજીક આવીને ઊભી રહે છે. કૌશલ્યા માતા ઘણા

હેત અને માન સાથે સીતા અને લવ–કુશનું ચોખા અને કંકુથી સામૈયું કરે છે અને સીતાને કહે છે, “હે મારી પુત્રવધુ ! મારાં કડવા વેણ ગાદી નીચે ચાંપ અને તારાં મીઠાં વેણ મારા ઉપર વરસાવ ! હવે તો તું જ મારો આધાર છે.” સતી સીતા વનમાંથી ઘરમાં પ્રવેશે છે. પ્રજાજનો આનંદથી નાચી રહયાં છે. અને રાજમહેલમાં વાજા વાગી રહયાં છે.

સાસુ (કૌશલ્યા) સીતાને કહે છે, “વનમાં પાંચ મૂર્ખ માણસોની એક ટોળી હતી.” સીતા કહે છે, સીતા કહે છે, “સાસુજી અમે કેમ મૂર્ખ કહેવાયા ?” સીતા તું વનમાં રહી ; ભકિત કરી, વન વેઠયું પણ ઘણું જ અવળું કર્યુ. રામને છોડીને રાવણને ગઈ અને લંકાગઢનું રાજય પણ ઉજ્જડ કરાવ્યું.”

હવે તે લક્ષ્મણને કહે છે, “લક્ષ્મણ તે પણ ઘણી મુર્ખાઈ ભર્યુ કામ કર્યુ છે. સૂરજના રથમાં (રાવણનો પ્રાણ) ભમરો હતો. તેને મારીને રાવણના પ્રાણ હરી લીધા.”

કૌશલ્યા રામને કહે છે, “રામ, તને ચાર ખંડ અને ચૌદભુવનનું રાજય આપ્યું છતાં તે પણ જગતમાં ઘણું ખોટું કર્યુ. તું તો ઘણો સતિયો હતો. છતા સીતાની કંચુકી (કાચળી) કમખાં માટે મૃગ માર્યો.

હવે તે અંજનીને કહે છે, “અંજની, તે પણ મુર્ખના ભરેલું કામ કર્યુ છે કુંવારી હોવા છતાં પુત્રને જન્મ આપીશ એવા વિધાતાએ તારા લેખ લખ્યા હતા. આથી તું પથ્થરો વચ્ચે છુપાઈ ગઈ. પુરુષોનો અવાજ સાંભળી તેં કાન બહાર કાઢયો. ગુરુએ કાન ફૂંકવાના બહાને શિવનું વીર્ય તારા કાનમાં ભર્યુ. જેથી હનુમાન જેવો બળવાન યોદ્ધો જનમ્યો અને ગુરુને કલંક લાગ્યું.

છેલ્લે હનુમાનને કહે છ, “હનુમાન તેં પણ ઘણી મુર્ખાઈ કરી છે. સમુદ્ર ઓળંગતા તારી ઈન્દ્રીમાંથી વીર્ય વછૂટયું અને પાણીમાં ઘણો જ બળવાન યોધ્ધો (મકરધ્વજ) પેદા કર્યો. લંકામાં જઈને સોનું નીપજાવ્યું. લંકામાં રાવણને મારતાં લક્ષ્મણને મૂર્ચ્છા આવી. તેના માટે રત્નાગર દરિયામાં મેરુ–સુમેરુ પર્વતો નાખી અમર જયોત લઈ આવ્યો. આ રીતે તમારાં કાર્યોના જુગ જુગ સુધી પ્રમાણ છે. તમારા અમર નાખો યુગો સુધી અવિચડ પામો રહેશે.

## ૩૦. રામ–લક્ષ્મણ જગ પ્રદક્ષિણાએ :

અયોધ્યામાં આવે રામને ઘણા દિવસ થઈ ગયા છે. તેઓ વિચારે છે, “જાણવા મળ્યું છે તે પ્રમાણે પિતાજીની રાજગાદી સૂની પડી છે. તેના માટે કંઈ કરવું જોઈએ.” હવે તેઓ

લક્ષ્મણને કહે છે, "આજ તો ભાઈઓના રાજમહેલમાં જઈને તેઓની કુશળાતાના સમાચાર લઈએ."

બંને ભાઈ મારગે મારગે વાદળમહેલમાં આવે છે. ભરત અને શત્રુઘ્ન આગળ આવીને હેતથી મળે છે. પ્રદક્ષિણા કરીને બંને ભાઈઓને પ્રણામ કરે છે.

ઘણા દિવસે ભાઈઓ મળ્યા હોવાથી ભરત અને શત્રુઘ્નની છાતી ભરાઈ આવે છે. બોર બોર જેવડાં આંસુથી આંખો ઉભરાય છે. ભરત કહે છે, "તમે તો રહી ગયા વનમાં અને અહીં પિતાજીનું મૃત્યું થયું." રામ પૂછે છે, "પિતાજીનું મોત કઈ રીતે થયું ? તેઓ બિમાર પડયા હતા ? તેઓને કયો રોગ થયો હતો ? શત્રુઘ્ન કહે છે, "પિતાજીને શાપ લાગ્યો હતો. તેઓ સમુદ્રની ચોકી કરતા હતા. શ્રવણકુમાર પાણી ભરવા માટે સમુદ્રકિનારે આવ્યો. જળ ડહોળાવાનો અવાજ આવ્યો. બાપુ દૂર હતા. તેઓ સમજયા કે કોઈ જંગલી જાનવર પાણી અપવિત્ર કરવા આવ્યું લાગે છે. બાપુએ બાણ છોડયું, શ્રવણ મરાયો. તેનો શાપ બાપુને લાગ્યો. પોતાનું તીર જ પોતાની સામે આવ્યું ? તીરની નરણીએ બાપુના પ્રાણ હર્યા ! પિતાના મૃત્યુના સમાચારથી બધા ભાઈ દુઃખી થાય છે.

ભરત કહે છે, "તે દિવસથી રાજગાદી પર તમારી મોજડી (ચાખડી) મૂકીને અમે રાજય કરતા હતા. હવે આ રાજગાદી તમે સંભાળો રામ કહે છે "તમારે રાજગાદી સૂની રાખવી જોઈતી ન હોતી. હવે હું તમને રાજગાદીએ બેસાડું છું. મારે તો આ પૃથ્વીની ખબર રાખવાની છે. આમ અયોધ્યાની ગાદી તમે સંભાળો, હું અહીં બેસી રહીશ તો દુઃખીઓની ખબર કોણ રાખશે ? દુઃખીઓના દુઃખ ભાંગવા તો મેં બાર બાર વરસ વનવાસ વેઠયો છે. મારે તો આ જગતનું રાજય કરવું છે. જગત પર કોઈ પણ પ્રકારનું દુઃખ રહેવા દેવું નથી.

ભરત અને શત્રુઘ્ન રામના ચરણોમાં પડે છે, અને કહે છે, "ભાઈ, બાર વરસ સુધી તો રાજગાદી સૂની પડી છે. હવે દર્શન દઈને કયાં જાઓ છો ? તમારે અહીં શું દુઃખ છે ? રામ કહે છે, "ભાઈ, બાર વરસ વનવાસ વેઠયો ; લંકા ઉજજડ કરી ; સીતાને પાછી અયોધ્યા લાવી અને પાછી વનમાં મૂકી. મેં પ્રહલાદ જેવા ભકિતશૂરા જોયા ; હિરણ્યકશિપુ જેવા યોધ્ધા જોયા. પાંડવોનું મહાભારત પણ જોયું. આ બધા વચ્ચે મેં મારું સત્ય પારખી જોયું. મારે તો બાપુની ગાદી ભોગવે નહીં ચાલે. દુઃખીજન મારી રાહ જુએ છે. મારે સુખી લોકોને સુખ વહેંચવું છે.

નિઃસંતાન મારી માળા રટે છે. ‘નૂગરા’ મારી ભક્તિ કરે છે. ‘હુગરા’ ને સુખ આપવું છે. અમારી કોઈ ચિંતા કરશો નહીં. અમે આવતા જતા રહીશું તમે બંને ક્ષેમકુશળ બેસજો અને અયોધ્યાનું રાજય કરજો. અમે તો દુઃખીઓનાં દુઃખ દૂર કરવા ચાર ખંડ ચૌદ ભવનમાં જઈએ છીએ તેમ કહી તે ચાલ્યા જાય છે.

# સંદર્ભ સૂચી


૧. વનસ્વર – સંપાદક બળવંત જાની પૃ.૧૪૨,૧૪૩

૨. અરવલ્લી પહાડની આસ્થા : ડૉ.ભગવાનદાસ પટેલ પૃ.૯૮,૧૦૨,૧૦૪

૩. આદિજાતિ મહાકાવ્યો : ડૉ.ભગવાનદાસ પટેલ

૪. ભીલી સાહિત્ય એક અધ્યયન : ડૉ.હસુ યાજ્ઞિક પૃ.૨૩,૨૮,૪૫,૫૧

૫. રોમ સીતમાની વારતા : સંપાદક ડૉ.ભગવાનદાસ પટેલ પૃ.૧,૯,૧૧,૧૭,૯૭
૫૦,૫૨,૫૪,૫૬,૬૭

૬. લોકગીતોમાં રામચરિત અને પાંડવકથા : સંપાદક ડૉ.હસુ યાજ્ઞિક

૭. આદિવાસી, જનપદ અને શિષ્ટ મહાકાવ્યોમાં નારી

૮. પૌરાણિક ભીલ લોકમહાકાવ્યો : ડૉ.ભગવાનદાસ પટેલ પૃ.૩૩,૩૫,૩૭,૩૮